મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 9
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ ફાલ્ગુન સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR
સાપ્તાહિક
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
રવિવાર, ૧ માર્ચ ૨૦૨૬, (૨૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ (ઉત્સવ પૂર્તિ : ૭ થી૧૪)
■ www.bombaysamachar.com
■ REGD.No. MCS/121/2024-26

## અમેરિકા અને ઈઝરાયલનો ઈરાન પર મોટો હુમલો

# મહાયુદ્ધ

- અખાતના આઠ દેશ લડાઈમાં જોડાયા
- ઈરાનમાં ૫૧નાં મોત, ૪૫ ઘાયલ
- ઈરાનના સંરક્ષણ પ્રધાન હણાયા
- અમેરિકાના નાગરિકોએ પણ જાન ગુમાવ્યા
- અનેક દેશની હવાઈ-સીમા બંધ



ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 15,471/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

દુબઇઃ અમેરિકા અને ઇઝરાયલે શનિવારે ઇરાન પર મોટા પાયે હુમલા કર્યા હતા અને તહેરાને દુબઇ સહિતના સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), સઉદી અરેબિયા, કુવૈત, ઇરાક તેમ જ અન્ય કેટલીક જગ્યાએ સામા હુમલા કર્યા છે. અખાતના આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા આઠ દેશ જોડાયા છે. બાહરીન, કુવૈત અને કતારમાંના અમેરિકાના લશ્કરનાં મથકો પર ઇરાને હુમલા કર્યા હતા. ઇરાનના એક શહેરની કન્યા-શાળા પરના હુમલામાં ઓછામાં ઓછા ૫૧ જણ માર્યા ગયાં હતાં અને અન્ય ૪૫ જણ ઘાયલ થયા હતા.

ઈઝરાયલ-અમેરિકાએ મળીને ઈરાન પર કરેલા હુમલામાં ઈરાનના સેના પ્રમુખ આમીર નસીરજાદેહનું મોત થયું હોવાના અહેવાલ આવ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે લડાઇના પહેલા જ દિવસે અમેરિકાના સૈનિકો સહિતના નાગરિકો મરાયા હોવાનો ભય વ્યક્ત કર્યો હતો. ઇરાનના મિસાઇલ હુમલામાં યુએઇમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હોવાનું કહેવાય છે. બાહરીનમાંના અમેરિકાના નૌકાદળના પાંચમા કાફલાના વડા મથક પર મિસાઇલ હુમલો થયો હોવાનું કબૂલ કર્યું હતું. યુદ્ધને કારણે દુબઈનું વિમાનમથક આગામી સૂચના ન મળે ત્યાં સુધી બંધ રાખવા આદેશ અપાયો હતો. આ ઉપરાંત, અનેક દેશે પોતાની હવાઇ-સીમા બંધ કરી હોવાથી ઘણી ફ્લાઇટ રદ કરાઇ (જુઓ પાનું ૨) ▸▸

## ૫ કારણ હુમલાના

**૧ અણુશસ્ત્રોનું ઉત્પાદન રોકવું**
ઇરાનને અણુશસ્ત્રોનું ઉત્પાદન કરતું રોકવા અને તેના પર લશ્કરી દબાણ વધારવા માટે અમેરિકા અને ઇઝરાયલે લશ્કરી કાર્યવાહી હાથ ધરી.

**૨ મિસાઈલોનું જોખમ ઘટાડવું**
અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાને પોતાની આક્રમક નીતિ ચાલુ રાખી છે અને પોતાના મિસાઇલોની રૅન્જ અને તેઓની સંખ્યામાં સતત વધારો કરતું હોવાથી તેના પર નિયંત્રણ મૂકવા આ પગલું જરૂરી હતું.

**૩ પરોક્ષ હુમલા બંધ કરાવવા**
ઇરાન મધ્ય પૂર્વના દેશોમાં ઉગ્રતાવાદીઓની પ્રવૃત્તિ વધારીને હુમલા કરાવતું હોવાનું કહેવાય છે. તેને લીધે મધ્ય પૂર્વમાં વધેલી તંગદિલીને ઘટાડવા તહેરાનની સામે લશ્કરી કાર્યવાહી જરૂરી બની હતી.

**૪ ઈરાનને અંકુશમાં રાખવા**
ઇઝરાયલે દાવો કર્યો હતો કે ઇરાન બહુ જ જોખમી શસ્ત્રોનું ઉત્પાદન કરી રહ્યું છે અને તહેરાન 'અનિયંત્રિત' બને, તેની પહેલાં તેના પર હુમલા કરવા આવશ્યક હતા.

**૫ તહેરાનના શાસકોને નબળા પાડવા**
અમેરિકા અને ઇઝરાયલે તહેરાનમાંના ખામનેઇના શાસનને નબળું પાડવા અને પ્રાદેશિક જોખમ ઘટાડવા ઇરાન સામે લશ્કરી કાર્યવાહી હાથ ધરી છે.



ઈઝરાયલના હાઇફામાં ઈરાનના હુમલા પછી લોકોએ બિલ્ડિંગ ખાલી કર્યું હતું.



૫૧ વિદ્યાર્થિનીનો જીવ ઈરાનની આ શાળા પર પડેલી મિસાઈલે લીધો હતો.

ઈઝરાયલે ગઈ કાલે ઈરાનની રાજધાની તહેરાન પર મોટા પાયે હુમલો કરીને યુદ્ધની શરૂઆત કરી હતી. ઈઝરાયલના મિસાઈલ હુમલા પછી ઊઠેલો ધુમાડો જોઈ રહેલા લોકો.



તેલ અવીવમાં મિસાઈલ્સથી બચવા બન્કરમાં આશ્રય લોકોએ લીધો હતો.

## આ યુદ્ધ કેટલું લાંબું ચાલશે?

કૈરોઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે. નિષ્ણાતોનું માનવું છે કે આ યુદ્ધ ત્રણથી ચાર કે સાતથી દસ દિવસ ચાલશે. અમેરિકાએ બે વિમાનવાહક જહાજ અને ૭૦ જૅટ ગોઠવ્યા છે. ઈઝરાયલે ઈરાનના 30 સ્થળે હુમલો કર્યો હતો અને તેના જવાબમાં ઈરાને પણ મિસાઈલ હુમલો કર્યો હતો. ઈરાન જો આ જ રીતે વળતો હુમલો કરતું રહેશે તો યુદ્ધ લાંબું ચાલી શકે છે. (એજન્સી)

## કોણ છે આમને સામને

| | |
|---|---|
| અમેરિકા | ઈરાન |
| ઈઝરાયલ, કુવૈત | લેબેનોન |
| સાઉદી અરેબિયા | યમન |
| યુએઈ, બહેરિન | |

## યુદ્ધ શરૂ તમે કર્યું છે, પણ એનો અંત અમે લાવીશુંઃ ઈરાન

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇઝરાયલના હુમલાઓ પછી તહેરાને દેશમાં હુમલા કરાવનાર હુમલાખોરોને તેમના કૃત્યો બદલ પસ્તાવો કરાવશે તેમ જ યુદ્ધ શરૂ તમે કર્યું છે પણ અંત અમે લાવીશું, એમ ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

ઈરાને શનિવારે ચેતવણી આપી હતી કે તે અમેરિકા અને ઇઝરાયલ દ્વારા તેના પ્રદેશ પર કરવામાં આવેલા હુમલાઓનો જડબાતોડ જવાબ આપશે. હુમલા અંગેની પહેલી પ્રતિક્રિયા આપતા ઇરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે દેશ તેમની રક્ષા માટે તૈયાર છે (જુઓ પાનું ૨) ▸▸

## ક્યાં છે ખામનેઈ?

નવી દિલ્હીઃ ઈરાનની રાજધાની તહેરાન પર શનિવારે મોટા પાયે હુમલો કર્યો હોવાની ઈઝરાયલે જાહેરાત કરી હતી. ઈઝરાયલે કરેલા હુમલાને કારણે તહેરાન અનેક વિસ્ફોટોથી હચમચી ગયું હતું. ઈરાન તરફથી ઊભા થયેલા હુમલાના જોખમને ઘટાડવા આ હુમલા કરવામાં આવ્યા હોવાનું ઈઝરાયલે કહ્યું હતું.

ઈરાનના સુપ્રીમ નેતા આયાતોલ્લા ઈલી ખામનેઈના કાર્યાલય નજીકના વિસ્તાર સહિત સમગ્ર જિલ્લા પર ધુમાડાના વાદળ છવાયેલા જોવા મળ્યા હતા.

હુમલાને પગલે ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેના તણાવમાં તીર્વ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

ઈઝરાયલ દ્વારા કરવામાં આવી રહેલા હુમલાઓ વચ્ચે સત્તાવાર સૂત્રોએ પ્રસારમાધ્યમને (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પની ફરી ચીટિંગઃ શાંતિ મંત્રણા ચાલુ હતી ત્યારે ઈરાન પર અટૅક

તહેરાનઃ શનિવારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો ત્યારે એવું પ્રતીત થયું કે જૂન ૨૦૨૫માં થયેલા બાર દિવસના ઈરાન-ઈઝરાયલ યુદ્ધની સ્ક્રિપ્ટ ફરી વંચાઈ રહી છે. જીનિવામાં એમ બતાડવામાં આવ્યું હતું કે અમેરિકા અને ઈરાન સમજૂતીની નજીક છે, પરંતુ ડીલને બદલે ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધ છેડ્યું. હવે ટ્રમ્પ કહે છે કે ઈરાન અણુહથિયારો ન બનાવી શકે એ માટે હુમલો કરવામાં આવ્યો. ઈરાન અમેરિકા સુધી પહોંચી શકે (જુઓ પાનું ૨) ▸▸

## ખામનેઈને ખદેડો, સત્તા કબજે કરોઃ ઈરાનની પ્રજાને ટ્રમ્પ ઉશ્કેરે છે

વોશિંગ્ટનઃ અમેરિકાએ ઈઝરાયલની મદદથી ઈરાન પર હુમલો કર્યો છે. આ હુમલાને અમેરિકાએ ઓપરેશન એપિક ફ્યૂરી નામ આપ્યું છે. મધ્ય પૂર્વમાં ઈઝરાયલ અને અમેરિકાએ મળીને ઈરાન સામે મોટું સૌન્ય ઓપરેશન શરૂ કર્યું છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની પ્રજાને સીધી અપીલ કરી હતી. તેમણે કહ્યું ખામેનેઈને ખદેડીને સત્તા કબજે કરો.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ હવે તેના ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ મોટી સૈન્ય કાર્યવાહી શરૂ કરી દીધી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશ્યલ' પર એક વિડીયો સંદેશ જારી કરીને ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે આ અભિયાનનો મુખ્ય હેતુ અમેરિકી જનતાની રક્ષા કરવાનો અને ઈરાન તરફથી ઉભા થયેલા સંભવિત (જુઓ પાનું ૨) ▸▸

## દુબઈ સહિતનાં એરપોર્ટ બંધઃ મિડલ-ઈસ્ટની વિમાનીસેવા ખોરવાઈ

લંડન : અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પરના સંયુક્ત હુમલાને પગલે મિડલ ઈસ્ટ અને એની બહારની ફ્લાઈટ પણ ખોરવાઈ છે. અમીરાત અને ઈત્તિહાદ કેરિયરનું મથક જ્યાં છે એ યુનાઈટેડ આરબ અમિરાત અને ઈઝરાયલ દેશે શનિવારે તેની હવાઈસીમા બંધ કરી હતી. કતાર એરવેઝ ગ્રૂપે માહિતી આપી હતી કે કતારની હવાઈસીમા બંધ કરાઈ હોવાથી દોહાથી આવનારી અને જનારી ફ્લાઈટ રદ કરવામાં આવી છે. ઈન્ડિગો એરલાઈન્સે ઈરાન પરના અમેરિકા અને ઈઝરાયલના હુમલાને પગલે મિડલ ઈસ્ટથી (જુઓ પાનું ૨) ▸▸

## ઑઈલ, સોના-ચાંદીના ભાવમાં ભડકો થશે ને શૅરબજારમાં કડાકો

નવી દિલ્હીઃ ઇરાન સામે અમેરિકા અને ઇઝરાયલે શરૂ કરેલા યુદ્ધની અસર ભારતમાં ખનિજ તેલ, શૅરબજાર, અને સોના-ચાંદીના ભાવ પર થવાની પૂરી શક્યતા છે. ઇરાને દુબઇ, સઉદી આરબ, કુવૈત સહિત કેટલીક જગ્યાએ સામા હુમલા કર્યા છે. તેને લીધે ખનિજ તેલ અને સોના-ચાંદીના ભાવમાં મોટા પાયે ઉછાળો આવવાની ભીતિ છે, જ્યારે શૅરબજારમાં કડાકો બોલવાની શક્યતા છે. ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે. ઇઝરાયલ અને અમેરિકાએ સાથે મળીને ઇરાનમાં ૩૦થી વધારે સ્થળે હુમલા કર્યા છે, જ્યારે તેના જવાબમાં ઇરાને ઇઝરાયલ અને અમેરિકાના લશ્કરના સાત મથક પર હુમલા કર્યા છે. ઇરાને કુવૈત, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), કતાર અને બહરીન જેવા સ્થળે પણ મિસાઇલોથી હુમલા કર્યા હોવાથી હવે આ યુદ્ધમાં (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧-૩-૨૦૨૬ થી તા. ૭ -૩-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી બુધ કુંભ રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર તા. ૨જીએ મીન રાશિમાં પ્રવેશે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર કર્કમાંથી તા. ૨જીએ સિંહમાં, તા. ૪થીએ કન્યામાં, તા. ૬ઠ્ઠીએ તુલામાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું આ સપ્તાહનું કામકાજ એકંદરે લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૪, ૬, ૭ શુભ છે. નોકરીના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. નાણાં ઉઘરાણી માટેના પ્રયત્નો સફળ પુરવાર થશે. અર્થવ્યવસ્થા વધુ મજબૂત બનાવી શકશો. મહિલાઓને વડીલોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ શક્ય જણાય છે. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. તા. ૨, ૬, ૭ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાશે. વેપારના કામકાજ વધશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. : મહિલાઓ કિંમતી ચીજોની ખરીદી માટે સાનુકૂળતા અનુભવશે. મિત્રોમાં યશસ્વીપણું અનુભવશો. મુસાફરી દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક જવાબદારીના કામકાજ સંપન્ન થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કામકાજમાં પ્રગતિ જણાશે. નોકરી માટે તા. ૩, ૪ શુભ પુરવાર થશે. નોકરીના કામકાજમાં પ્રગતિ જળવાશે. સ્વાસ્થ્ય જળવાશે. અર્થવ્યવસ્થા સાનુકૂળ પુરવાર થશે. નાણાંના આવકના સાધનો વધુ સક્ષમ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કારોબાર માટે સરળતા જણાશે. પતિનો સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તક પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં પરિવર્તનો જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય જણાય છે. તા. ૧, ૩, ૫ નોકરીની પ્રવૃત્તિઓ માટે શુભ ફળદાયી જણાય છે. કારોબારમાં પરિવારના સભ્યો ઉપયોગી થશે. કારોબાર માટે નાણાંના નિર્ણયો લઈ શકશો. પ્રવાસ દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં સફળતા જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન પ્રકારના કામકાજનું જ્ઞાન મેળવી શકશો. નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરીમાં તા. ૩, ૫, ૬ શુભ જણાય છે. નોકરીના મિત્રોનો સહયોગ મેળવશો. વેપાર વિનિમય સફળ પુરવાર થશે. વેપારના કામકાજની નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પડોશ સંબંધમાં સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સરળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ માટે, નવીન કાર્યપદ્ધતિ અપનાવવા માટે સરળતા અનુભવશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. તા. ૧, ૫, ૬ શુભ જણાય છે. પ્રવાસ સફળ નીવડશે. પ્રવાસના નિર્ણયો સરળતાથી લઈ શકશો. મિલકતના નિર્ણયો સરળ બની રહેશે. મહિલાઓના આ સપ્તાહના કુટુંબના સભ્યોના મતભેદોનો ઉકેલ આવેલો જણાશે. વિદ્યાર્થીઓની સાધન સામગ્રી પ્રાપ્ત કરી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સફળતાનો અનુભવ કરશે. તા. ૨, ૩, ૭, નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા દર્શાવે છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. મિલકત, વાહન, સ્થાવર મિલકત ઈત્યાદ્દિના કામકાજમાં સફળતા મેળવશો. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સાનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવૃત્તિના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચના કામકાજમાં સફળતા જણાશે. તા. ૩, ૪, ૫ કાર્યક્ષેત્રે સફળતા દર્શાવે છે. નાણાં વ્યવસ્થાના નિર્ણયો સફળ બની રહેશે. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. મહિલાઓને નવા કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચનો વેપાર સફળ બની રહેશે. તા. ૪, ૫, ૬ નોકરીક્ષેત્રે સફળતા દર્શાવે છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાશે. વેપારના કાયદાકીય કામકાજમાં સરકારી અધિકારીનો સહયોગ મેળવશો. વેપારમાં નાણાંની પ્રવાહિતા જળવાશે. મહિલાઓને નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિત્ય અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેતા જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. તા. ૧, ૨, ૭ નોકરીમાં સફળતા દર્શાવે છે. નોકરીના જૂનાં અધૂરા કામકાજ સરળતાથી પૂર્ણ કરી શકશો. કુટુંબના સભ્યોની પ્રગતિ થશે. નાણાંની પ્રવાહિતા જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ સંબંધોમાં પ્રશ્નોનો ઉકેલ જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસમાં પ્રોત્સાહન માર્ગદર્શન મેળવશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ શક્ય છે. તા. ૨, ૩, ૪, નોકરીના અધિકારીનો સહયોગ દર્શાવે છે. નોકરી માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. કોર્પોરેટ કંપનીનો સહયોગ મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ કઠિન અભ્યાસમાં માર્ગદર્શન મેળવી શકશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચનો વેપાર સફળ પુરવાર થશે. નવું નાણારોકાણ પણ શક્ય છે. તા. ૪, ૫, ૬ નોકરીક્ષેત્રે શુભ જણાય છે. નોકરીના કઠિન કામકાજમાં સહકાર્યકરો ઉપયોગી થશે. મહિલાઓને આ સપ્તાહમાં હુન્નરના જ્ઞાન માટેની તક પ્રાપ્ત થતી જણાશે. માટે રાજકીય, સામાજિક ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સરળતા જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૧-૩-૨૦૨૬, પ્રદોષ, બુધ અસ્ત

ભારતીય દિનાંક ૧૦, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
ફાલ્ગુન સુદ-૧૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન,
તિથિ સુદ -૧૩
પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન,
માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન,
માહે ૮મો આવાં, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૬મો મેહેર,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૯મો રમજાન,
સને ૧૪૪૭, મીસરી રોજ ૧૩મો,
માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૮-૩૩ સુધી, પછી આશ્લેષા
ચંદ્ર કર્કમાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૩, સ્ટા.ટા., સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતીઃ સવારે ક. ૧૦-૩૪, રાત્રે ક. ૨૩-૨૦
ઓટઃ સાંજે ક. ૧૬-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૯ (તા. ૨)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન - શુક્લ ત્રયોદશી. પ્રદોષ, બુધનો પશ્ચિમમાં અસ્ત થાય છે. શુક્ર મીનમાં મધ્યરાત્રે ક. ૨૪-૫૮.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, વિશેષરૂપે શનિ-ગુરુ દેવતાનું પૂજન, વિદ્યારંભ, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવા વસ્રો, આભૂષણ, નૌકા બાંધવી, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ
માર્ચ -૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઊદય -અસ્તઃ તા. ૧ માર્ચ, ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૫૯, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૪૨ ચંદ્ર ઉદયઃ ક. ૧૬-૫૦, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૪ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૭-૩૨, બુધ અસ્તઃ ક. ૧૯-૨૮, શુક્ર ઉદય ક. ૦૭-૪૪, અસ્તઃ ક. ૧૯-૩૨, મંગળ ઉદયઃ ક. ૦૬-૨૬, અસ્તઃ ક. ૧૭-૪૮, ગુરુ ઉદયઃ ક. ૧૪-૩૬, અસ્તઃ ક. ૦૩-૪૨, શનિ ઉદયઃ ક. ૦૮-૧૬, અસ્તઃ ક. ૨૦-૧૧, તા. ૧ માર્ચ, સૂર્યોદયના સમયે કુંભ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે સિંહ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૫મીએ પૂર્વાભાદ્રપદા, તા. ૧૮મીએ ઉત્તરાભાદ્રપદા, તા. ૩૧મીએ રેવતી નક્ષત્રમાં પ્રવેશે છે. સૂર્ય તા. ૧૫મી કુંભમાંથી મીન રાશિમાં પ્રવેશે છે. મંગળ તા. ૩જીએ શતતારા, તા. ૨૦મીએ પૂર્વાભાદ્રપદા, મંગળ સમગ્ર માસ કુંભ રાશિમાં રહે છે. વક્રી બુધ તા. ૭મીએ પૂર્વાભાદ્રપદા, તા. ૧૦મીએ શતતારા, સમગ્ર માસમાં બુધ કુંભ રાશિમાં રહે છે. વક્રી બુધ તા. ૨૧મીએ માર્ગી થાય છે. શુક્ર તા. ૪થીએ ઉત્તરા ભાદ્રપદા, તા. ૧૫મીએ રેવતી, તા. ૨૬મીએ અશ્વિની નક્ષત્રમાં પ્રવેશે છે. તા. ૨જીએ શુક્ર મીનમાં, તા. ૨૫મીએ મેષમાં આવે છે. ગુરુ પુનર્વસુ નક્ષત્ર, મિથુન રાશિમાં રહે છે. રાહુ શતતારા નક્ષત્ર, કુંભ રાશિમાં, કેતુ મઘા નક્ષત્રમાં પ્રવેશે છે. શનિ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, મીન રાશિમાં ભ્રમણ કરે છે.
આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-શનિ અર્ધચતુષ્કોણ મતલબી
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ, ચંદ્ર-શનિ અર્ધચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ પશ્ચિમમાં અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ/મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧-૩-૨૦૨૬ થી તા. ૭ -૩-૨૦૨૬

રવિવાર, ફાલ્ગુન સુદ-૧૩, વિ. સં. ૨૦૮૨, તા. ૧ માર્ચ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૮-૩૩ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, બુધનો પશ્ચિમમાં અસ્ત થાય છે. શુક્ર મીનમાં મધ્યરાત્રે ક. ૨૪-૫૮. (રવિ પુષ્યામૃત યોગ સવારે ક. ૦૮-૩૩ સુધી.) શુભ દિવસ

સોમવાર, ફાલ્ગુન સુદ-૧૪, તા. ૨જી. નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકાદહન, માઘી માસમ (દક્ષિણ ભારત), ભદ્રા સાંજે ક. ૧૭-૫૫ થી ક. ૨૯-૨૭. (તા.૪થી) શુભ કાર્યો વર્જ્ય છે.

મંગળવાર, ફાલ્ગુન સુદ-૧૫, તા. ૩જી, નક્ષત્ર મઘા સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી પૂર્વાફાલ્ગુની ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ધુળેટી, ધૂલીવંદના, હોલાષ્ટક સમાપ્તિ, અભ્યંગ સ્નાન, અન્વાધાન, મન્વાદિ, કરિદિન, શ્રી ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં, મુંબઈ આંશિક દેખાશે)ઃ ધાર્મિક દૃષ્ટિએ પાળવાનું રહેશે. આ ગ્રહણ, સિંહ રાશિ, પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં થાય છે. દેખાવાના સ્થળોઃ ઈસ્ટ યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, નોર્થ અમેરિકા, દક્ષિણ અમેરિકા, એટલાન્ટિક, હિન્દ મહાસાગર, આર્કટિક એટલાન્ટિકમાં દેખાવાનું છે. ગ્રહણ સ્પર્શઃ ક. ૧૫-૨૦, ગ્રહણ મધ્યઃ ૧૭-૦૩, ગ્રહણ મોક્ષઃ ક. ૧૮-૪૮. શુભ કાર્યો વર્જ્ય છે.

બુધવાર, ફાલ્ગુન વદ-૧, તા. ૪થી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સવારે ક. ૦૭-૩૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં બપોરે ક. ૧૩-૪૫ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વસંતોત્સવારંભ, આમ્રકુસુમપ્રાશન, ગ્રહણ - કરિદિન, સૂર્ય પૂર્વાભાદ્રપદામાં મધ્યરાત્રે ક. ૨૪-૫૫. શુભ કાર્યો વર્જ્ય છે.

ગુરુવાર, ફાલ્ગુન વદ-૨, તા. ૫મી, ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૦૮-૧૭ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સંત તુકારામ બીજ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૩ (તા.૬ઠ્ઠી). લગ્ન, વાસ્તુ કળશ, ખાત, ઉપનયન, પ્રતિષ્ઠા શુભ દિવસ.

શુક્રવાર, ફાલ્ગુન વદ-૩, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૯-૨૯ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૨-૧૮ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. કલ્પાદિ, શ્રી શિવાજી મહારાજ જયંતી (તિથિ પ્રમાણે), સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૧૮. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૭-૫૩. લગ્ન, શુભ દિવસ.

શનિવાર, ફાલ્ગુન વદ-૪, તા. ૭મી, નક્ષત્ર ચિત્રા સવારે ક. ૧૧-૧૫ સુધી, પછી સ્વાતિ.ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શુભ કાર્યો વર્જ્ય છે. ■

# ઈરાનને અણુશસ્ત્રો બનાવવા નહીં દેવાયઃ નેતાન્યાહુ

નવી દિલ્હીઃ ઈઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નેતાન્યાહુએ 'ઑપરેશન લાયન્સ રૉર'ની એમ કહીને પ્રશંસા કરી હતી કે ઈરાનના આતંકવાદી શાસનને અણુશસ્ત્રોની પરવાનગી ન આપવી જોઈએ.

ઈરાન તરફથી ઊભા થઈ રહેલા અણુશસ્ત્રોના જોખમનું જોખમ ટાળવા ઈઝરાયલ અને અમેરિકા દ્વારા આ સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

ઐતિહાસિક નેતૃત્વ પૂરું પાડવા બદલ અમેરિકાના પ્રમુખ અને ઈઝરાયલના ખાસ મિત્ર ડૉનલ્ડ ટ્રમ્પનો હું આભાર માનું છું.

૪૭ વર્ષથી ઈરાનનું નેતૃત્વ 'ડૅથ ટુ ઈઝરાયલ ઍન્ડ ડૅથ ટુ અમેરિકા'ના નારાનું રટણ કરી રહ્યું છે તેમ જ પોતાના નાગરિકોનું દમન કરી રહ્યું છે. ઈરાન ઈઝરાયલીઓનું લોહી વહાવી રહ્યું છે તેમ જ અમેરિકનોની હત્યા કરી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

માનવતા સામે જોખમ ઊભું કરી શકે તેવા ઈરાનના આતંકવાદી શાસનને અણુશસ્ત્રોથી સજ્જ થવાની પરવાનગી ન આપવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ ટ્રમ્પે કહ્યું હતું એ જ રીતે નેતાન્યાહુએ પણ ઈરાનમાં સત્તા પરિવર્તનની શક્યતાના સંકેત આપ્યા હતા.

અમારી સંયુક્ત કાર્યવાહી ઈરાનના નાગરિકો માટે એવી પરિસ્થિતિ ઊભી કરશે જેથી કરીને તેઓ પોતાનાં ભાવિનો નિર્ણય જાતે લઈ શકશે. ઈરાનમાં વસતા પર્શિયન, કુર્દ, અઝેરિસ, બલોચ અને અહવાઝી સહિતના લોકો માટે ઈરાનમાં સ્વતંત્રતા લાવવાનો અને શાંતિ તેમ જ પ્રેમના મૂલ્યોને સ્થાપવાનો સમય આવી ગયો છે, એમ તેમણે કહ્યું હતું.

'ઑપરેશન લાયન્સ રૉર' ચાલી રહ્યું હોવા વચ્ચે નેતાન્યાહુએ નાગરિકોને ધીરજ રાખવાની તેમ જ આવનારાં દિવસોમાં ધૈર્ય જાળવી રાખવાની વિનંતી કરી હતી.

આપણે એકજૂટ થઈને રહેવાનું, લડવાનું અને ઈઝરાયલની એકતા અને અખંડિતતા જાળવવાની છે, એમ તેમણે કહ્યું હતું.

દરમિયાન, અમેરિકાએ ઈરાન સાથે અણુ વાટાઘાટના બે રાઉન્ડ કર્યા હતા, પરંતુ અણુ કાર્યક્રમને મામલે ઈરાન સાથે કરાર અંગે સહમતી સાધવામાં નિષ્ફળ રહ્યું હતું. (એજન્સી) ■

# ઈરાનને બચાવશે રશિયા?

તહેરાનઃ રશિયાની સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેડવેડેવે ટ્રમ્પ પર ચુટકી લેતા કહ્યું છે કે પોતાને 'શાંતિનિર્માતા' બતાડનાર અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી લશ્કરનો માર્ગ પસંદ કર્યો છે. મેડવેદેવનું નિવેદન એવા સમયે આવ્યું છે ત્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હવાઈ હુમલા કર્યા છે અને ઈરાને આના જવાબમાં ઈઝરાયલ અને અમેરિકના ગલ્ફમાંનાં લશ્કરી મથકો પર મિસાઈલ હુમલા કર્યા છે. ઈઝરાયલે ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા અલી ખામનેઈના ઘર અને ઑફિસ પર હુમલા કર્યા છે. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર તહેરાન ઉપરાંત અનેક શહેરો પર હુમલા કરવામાં આવ્યા હતા. તહેરાનમાં ધુમાડાના ગોટા જોવા મળ્યા હતા. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર મૂકેલી પોસ્ટમાં કહ્યું છે અમેરિકાના સૈન્યે ઈરાનમાં મોટું લશ્કરી અભિયાન શરૂ કર્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ઈરાન અણુ કાર્યક્રમ આગળ વધારી રહ્યું છે અને અમેરિકા સુધી પહોંચે એવી મિસાઈલ વિકસાવી રહ્યું છે. અમેરિકાની જનતાની સુરક્ષા માટે લશ્કરી કાર્યવાહી જરૂરી છે. જોકે રશિયાએ આ કાર્યવાહીને ખતરનાક અને અસ્થિર કરાવનારું પગલું ગણાવ્યું હતું. મેડવેડેવએ એક નિવેદન બહાર પાડીને અમેરિકાને મોટી ચેતવણી આપી હતી. ■

# ભારતની અબજોની નિકાસ સામે સંકટ

કૈરોઃ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યા બાદ ઈરાને પણ અમેરિકાના ઍરબેઝ સહિતના સ્થળોને નિશાન બનાવ્યા છે. આ હુમલાઓ સાથે જ વિશ્વભરમાં તેલની કિંમતમાં વધારો થવાની શક્યતા છે. જળમાર્ગમાં અવરોધ ઊભો થવાની પણ શંકા સેવાઈ રહી છે જે વેપાર માટે મોટું જોખમ ઊભું કરી શકે છે. આ યુદ્ધ કેટલું લાંબું ચાલશે અને કેટલું વકરશે તેનો અંદાજ લગાડવો મુશ્કેલ છે.

ઈરાન હોર્મુઝનો જળમાર્ગ પણ બંધ કરી શકે છે. ભારત આ માર્ગે ૪૭.૬ અબજ ડૉલરની કિંમતની વસ્તુઓની નિકાસ કરે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### મહાયુદ્ધ

છે. હોર્મઝ સામુદ્રધુનીમાં માલવાહક સહિતનાં જહાજોની અવરજવર પણ લગભગ અટકી ગઇ છે. રાતા સમુદ્રમાં પણ ભારે તંગદિલી ફેલાઇ છે. ઇરાનનું પીઠબળ ધરાવતા કાતૈબ હેઝબોલ્લાહના ઉગ્રતાવાદીઓએ ઇરાકમાં કરેલા હુમલામાં બે જણ માર્યા ગયાં હતાં અને અન્ય ત્રણ જણ ઘાયલ થયા હતા. કુવૈતમાં અમેરિકી લશ્કરનું મથક હોવાથી ત્યાં પણ હુમલા થયા હતા અને ઘણી જગ્યાએ સંભવિત હુમલાની ચેતવણી આપતી સાઇરન વાગતી હતી. અખાતના દેશોમાંની અમેરિકાની અનેક એલચી કચેરી પણ બંધ કરી દેવાઇ હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનની જનતાને તહેરાનની ઇસ્લામિક નેતાગીરીવાળી સરકાર પાસેથી સત્તા કબજે કરવા અનુરોધ કર્યો હતો.

ઇરાનના સર્વોચ્ચ વડા અયાતોલ્લાહ અલી ખામનેઇની ઑફિસની નજીક હુમલા થયા હતા અને બાદમાં આખા ઇરાનમાં અનેક સ્થળે ધડાકા સંભળાયા હતા. ઇરાનના ૮૬ વર્ષીય વડાની ઑફિસ પાસે હુમલો થયો ત્યારે ખામનેઇ ત્યાં હતા કે નહિ, તે જાહેર નથી કરાયું.

દક્ષિણ ઇરાનની કન્યા-શાળા પરના હુમલામાં ઓછામાં ઓછા ૪૦ જણ, ખાસ કરીને વિદ્યાર્થિનીઓ મૃત્યુ પામી હતી અને અન્ય ૪૫ ઘાયલ થઇ હતી. આ હુમલો ઇરાનના હોર્મઝગાન પ્રાંતમાંના મિનાબ નગર ખાતે થયો હતો. આ નગરમાં જ ઇરાનના અર્ધલશ્કરી દળ - રિવૉલ્યુશનરી ગાર્ડનું મથક છે.

ટ્રમ્પે ઇરાનની જનતાને હાકલ કરી હતી કે અમે જ્યારે કામ પૂરું કરીશું, તે પછી તમે સત્તા સંભાળી લેજો. ઇરાનની જનતા ઘણાં સમયથી અમેરિકાની મદદ માગતી હતી, પરંતુ અગાઉ ક્યારેય નહોતી મળી પણ હવે તેઓને તક છે.

ઇરાનના વિદેશ મંત્રાલયે સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે અમે દુશ્મનોનો સામનો કરવા કોઇ પણ પગલું ભરતા નહિ અચકાઇએ. શત્રુઓના લશ્કરી હુમલા સામે દેશનું રક્ષણ કરવાનો અને વળતો જવાબ આપવાનો સમય આવી ગયો છે.

ઇરાનમાં તાજેતરમાં જ સરકાર-વિરોધી દેખાવમાં ઓછામાં ઓછા પાંચ હજાર લોકો માર્યા ગયાં હતાં.

હુતી અને અન્ય ઉગ્રતાવાદી સંગઠનો ઇરાનના ટેકાથી અખાતના દેશોમાં અનેક ઠેકાણે હુમલા કરતા હોવાનું મનાય છે.

ઇરાન અણુ-કાર્યક્રમના બહાના હેઠળ અણુશસ્ત્રો વિકસાવતું હોવાનું કારણ આપીને અમેરિકા અને ઇઝરાયલે તેની સામે લડાઇ શરૂ કરી છે. અગાઉ, અમેરિકાએ પોતાના વિમાનવાહક જહાજ સાથેનો મોટો કાફલો ઇરાનની નજીક મોકલ્યો હતો. (એજન્સી) ■

### યુદ્ધ શરૂ

અને જવાબદારોને પરિણામ ભોગવવા પડે તે સુનિશ્ચિત કરશે.

મંત્રાલયે આ કાર્યવાહીને ગેરકાયદે ગણાવતા વોશિંગ્ટન અને તેલ અવીવ પર આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. આ હુમલો યુનાઇટેડ નેશન્સ ચાર્ટરનું ઉલ્લંઘન છે અને વૈશ્વિક સ્થિરતાને નબળી પાડે છે, એમ તેમાં જણાવાયું હતું.

નિવેદનમાં જણાવ્યા અનુસાર ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઝિયોનિસ્ટ શાસન દ્વારા ફરીથી કરવામાં આવેલું લશ્કરી આક્રમણ આંતરરાષ્ટ્રીય કાયદા અને યુનાઇટેડ નેશન્સ ચાર્ટરના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. તેમાં વધુમાં જણાવાયું છે કે ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન આ હુમલાને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાનું સ્પષ્ટ ઉલ્લંઘન માને છે. તેમજ તે આનો જવાબ આપવાનો કાનૂની અધિકાર ધરાવે છે. ■

### ટ્રમ્પની

એવી મિસાઈલ બનાવી રહ્યું છે.

બાર દિવસના યુદ્ધ અને હાલના યુદ્ધમાં કોઈ ફરક નથી ફક્ત તારીખ બદલાઈ છે. જૂન ૨૦૨૫ને યાદ કરો. ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે અણુ સમજૂતીની વાત ચાલતી હતી. બધા કહેતા હતા બધુ નક્કી થઈ ગયું છે અને ફક્ત સહી બાકી છે. આ જ સમયે ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો. એવું જીનિવામાં થયું. અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા ચાલી રહી હતી ત્યારે ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ એક મુલાકાતમાં કહ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાત ચાલે છે અને અમે દરેક મુદ્દા પર વાત કરવા તૈયાર છીએ, પરંતુ અમારા પર હુમલો થયો તો જવાબ આપીશું. ■

### દુબઈ સહિતના

આવતી અને ત્યાં જતી ફ્લાઈટ સસ્પેન્ડ કરી હતી. ઈન્ડિગોએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે ઈરાન અને મિડલ ઈસ્ટની હવાઈસીમામાં નિયંત્રણો હોવાથી રાતના બાર વાગ્યા સુધી મિડલ ઈસ્ટ જતી અને ત્યાંથી આવતી ફ્લાઈટ સ્થગિત કરાઈ છે. દુબઈ, જેદ્દાહ, દોહા, અબુધાબી, દમ્મામ, બાહરિન, શાર્જાહ, કુવૈત અને રસ અલ-ખામૈઆથી આવતી અને ત્યાં જતી ફ્લાઈટ સસ્પેન્ડ કરાઈ હતી. એરલાઈને કહ્યું હતું કે ગ્રાહકો અને કર્મચારીના સુરક્ષા અને સલામતી અમારી ટોચની પ્રાથમિકતા હોવાથી અમે આ પગલાં લીધાં છે. અમારી ટીમ સતત બદલાતી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. દરમિયાન ઍર ઈન્ડિયા એક્સપ્રેસે કહ્યું હતું કે ગલ્ફ વિસ્તારના ભાગોમાં આકાર લઈ રહેલી પરિસ્થિતિને લીધે અમે વેસ્ટ જતી ઈન્ટરનેશનલ ફ્લાઈટને સસ્પેન્ડ કરી છે. ઍર ઈન્ડિયાએ એક નિવેદનમાં કહ્યું હતું કે અમે વેસ્ટ એશિયા જતી ફ્લાઈટ સસ્પેન્ડ કરી છે. એર ઈન્ડિયાએ અગાઉ કહ્યું હતું કે તેની દિલ્હી-તેલ અવીવ ફ્લાઈટ ભારત પાછી ફરી રહી છે કારણ કે ઈઝરાયલની હવાઈસીમા બંધ કરવામાં આવી છે. ફ્લાઈટ મુંબઈમાં ઊતરશે.

ઈઝરાયલ થઈને બીજે જનારી ફ્લાઈટને બીજે હવાઈમથકે વાળવામાં આવી છે. બેન ગુરિયન ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર ફ્લાઈટની રાહ જોઈ રહેલા પેસેન્જરને પાછા મોકલવામાં આવ્યા હતા. અમીરાત એરલાઈને કહ્યું હતું કે સંયુક્ત આરબ અમીરાતની હવાઈસીમા બંધ થઈ હોવાથી અમારી ફ્લાઈટ પર માઠી અસર પડી છે. આ એરલાઈને પેસેન્જરને ફ્લાઈટની સ્થિતિ ઓનલાઈન તપાસવાનો અનુરોધ આપ્યો હતો. આ કરિયર દુબઈ ઈન્ટરનેશનલ ઍરપર્ટ સ્થિત છે અને દુબઈ આંતરરાષ્ટ્રીય મુસાફરી માટેનું સૌથી વ્યસ્ત હવાઈમથક છે.

ડચ ઍરલાઈન કેએલએમે અઠવાડિયાની શરૂઆતમાં રવિવારથી તેલ અવિવ જતી અને ત્યાંથી આવતી ફ્લાઈટ સસ્પેન્ડ કરાશે. વર્જિન ઍરલાઈને હિથ્રો ઍરપોર્ટે લંડનની દુબઈ જતી ફ્લાઈટ રદ કરી છે. ઍરલાઈને ઈરાક પર વિમાન ન ઉડાડવાનું નક્કી કર્યું હોવાથી ભારત આવતા અને જતા વિમાનને વધુ સમય લાગશે. તુર્કી ઍરલાઈન્સે લેબનોન, સીરિયા, ઈરાક, ઈરાન અને જોર્ડન જતી ફ્લાઈટ સોમવાર સુધી સસ્પેન્ડ કરાઈ છે તથા કતાર, કુવૈક, બાહેરિન સંયુક્ત આરબ અમિરાત અને ઓમાન જતી ફ્લાઈટ શનિવારે સ્થગિત કરાઈ હતી. (એજન્સી) ■

### ઑઈલ, સોના-ચાંદીના

સાતથી આઠ દેશ જોડાયા છે.

ઇરાન દ્વારા મધ્ય પૂર્વમાંના અમેરિકાનાં મથકોને લક્ષ્ય બનાવાઇ રહ્યા છે.

હુતી અને અન્ય કેટલાક ઉગ્રતાવાદી સંગઠન પણ ઇરાન વતી હુમલા કરતા હોવાનું કહેવાય છે. ઇઝરાયલ પણ અનેક દેશ સામે યુદ્ધ લડી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં દુનિયાભરમાં ભયનું વાતાવરણ ફેલાયું છે. આ લડાઇ કેટલી લાંબી ચાલશે, તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે.

શૅરબજારમાંના રોકાણકારોમાં પણ ભય ફેલાયો છે. ખનિજ તેલના ભાવમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે અને તેને લીધે મોંઘવારી વધી શકે છે. ભારત સહિતના અનેક દેશ હોર્મઝ સામુદ્રધુનીના વિસ્તારમાંથી ખનિજ તેલની આયાત કરે છે. યુદ્ધને કારણે આ વિસ્તારમાંથી માલવાહક અને અન્ય જહાજોની અવરજવર બંધ રહેશે અને તેને કારણે ખનિજ તેલના ભાવમાં વધારો થશે. ખનિજ તેલના ભાવ શુક્રવારે ૨.૭૮ ટકા વધીને બૅરલ-દીઠ ૬૭.૦૨ ડૉલર થયો હતો. સોમવારે દેશની કૉમૉડિટી માર્કેટ ખૂલશે ત્યારે તેલના ભાવમાં ઉછાળો જોવા મળી શકે છે. યુદ્ધની અસરને લીધે ભારત સહિતના દેશોના શૅરબજારમાં મોટો કડાકો બોલવાની શક્યતા છે. શૅરબજાર કેટલું ઘટશે, તેનો આધાર રોકાણકારોના સૅન્ટિમૅન્ટ પર રહેલો છે.

દુનિયામાં જ્યારે પણ યુદ્ધ થાય ત્યારે સોના-ચાંદી અને તાંબાનો ભાવ વધે છે. અખાતમાંના યુદ્ધને કારણે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. ■

### ખામનેઈને ખદેડો

ખતરાઓને જડમૂળથી ઉખેડી નાખવાનો છે. ટ્રમ્પના આ નિવેદને વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે.

ટ્રમ્પે ઈરાની શાસનને અત્યંત ઘાતક અને ખતરનાક ગણાવતા કહ્યું કે અમેરિકા કોઈ પણ સંજોગોમાં ઈરાનને અણુશસ્ત્રો મેળવવા દેશે નહીં. તેમણે આરોપ લગાવ્યો કે ઈરાન ફરીથી પોતાના અણુકાર્યક્રમને વેગ આપ્યો છે અને તે એવી લોંગ રેન્જ મિસાઈલો બનાવી રહ્યું છે જે અમેરિકા અને તેના મિત્ર દેશો માટે મોટો ખતરો છે. ટ્રમ્પે અત્યંત આક્રમક શબ્દોમાં ચેતવણી આપી છે કે અમેરિકી સેના ઈરાનની મિસાઈલ ઈન્ડસ્ટ્રી અને તેની નૌસેનાને સંપૂર્ણપણે તબાહ કરી દેશે. આ સાથે જ તેમણે ઈરાની સેના આઈઆરજીસીને આત્મસમર્પણ કરી દેવા પણ આદેશ આપ્યો છે.

ટ્રમ્પે કહ્યું, અમારો ઉદ્દેશ ઈરાનના શાસનથી પેદા થનારા ખતરાને સમાપ્ત કરીને અમેરિકાના લોકોની રક્ષા કરવાનો છે. આ શાસક ખૂબ ક્રૂર છે, તેને ખદેડીને સત્તા કબજે કરો. તેની ખતરનાક ગતિવિધિ સીધી રીતે અમેરિકા, અમારી સેના, વિદેશમાં આવેલા અમારા સૈન્ય અડ્ડા અને વિશ્વભરના અમારા સહયોગીઓ માટે ખતરો છે.

આ ઉપરાંત તેમણે કહ્યું, ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડના સભ્યો, આર્મ્ડ ફોર્સ અને તમામ પોલીસને હું આજે રાત સુધીમાં સરેન્ડર કરવાની અપીલ કરું છું. ઈરાન તેના હથિયાર નાખી દે નહીંતર અમારી મિસાઈલો તેને માટીમાં મેળવી દેશે. હું ઈરાનના લોકોને કહેવા માગુ છું કે તમારી આઝાદીનો સમય આવી ગયો છે, સુરક્ષિત રહો. તમારું ઘર ન છોડો. બહાર ખતરો છે. દરેક જગ્યાએ બોમ્બ પડશે. જ્યારે અમારું કામ ખતમ થઈ જાય ત્યારે તમારી સરકાર સંભાળી લેજો. તમારે જ સંભાળવી પડશે. અનેક વર્ષોથી તમે અમેરિકા પાસે મદદ માંગતા હતા પરંતુ મળતી નથી. કોઈપણ રાષ્ટ્રપ્રમુખ આમ કરવા તૈયાર નહોતા.

આ ઉપરાંત ટ્રમ્પે કહ્યું, અમારી પહેલાથી જ એક પોલિસી રહી છે. જે મુજબ આતંકવાદી સરકાર પાસે ક્યારેય ન્યૂક્લિયર હથિયાર ન હોવા જોઈએ. અમે તેમને ન્યૂક્લિયર હથિયાર બનાવવાની કોશિશ ફરી શરૂ ન કરવા ચેતવણી આપી હતી પરંતુ તેમણે વારંવાર ડીલ કરવાની કોશિશ કરી હતી. અમે આમ નહોતા ઈચ્છતા, ઈરાને દાયકાથી ચાલ્યું આવે છે તેમ ના પાડી દીધી. ઈરાને ન્યૂક્લિયર પ્રોગ્રામ ફરીથી શરૂ કરવાની અને લાંબા અંતરની મિસાઈલો બનાવવાની કોશિશ કરી હતી. જે યુરોપમાં અમારા મિત્રો દેશો, વિદેશમાં તૈનાત અમારા સૈનિકો માટે ખતરો બની શકતા હતા. ■

### ક્યાં છે ખામનેઈ?

ટાંકીને જણાવ્યું હતું કે ઈરાનના સુપ્રીમ નેતા આયાતોલ્લા ખામનેઈ તહેરાનમાં નથી.

૮૬ વર્ષના ખામનેઈને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.

ખામૈની ક્યાં છે અને તેમની તબિયત કેવી છે એ અંગે વધુ માહિતી આપવાનું ઈરાનના સત્તાધારકોએ ટાળ્યું હતું જેને કારણે ઈરાનની સત્તા પરની તેમની પકડ ઢીલી થઈ રહી હોવા અંગે સવાલો ઊઠી રહ્યા છે.

શનિવારે સવારે 'ઑપરેશન લાયન રૉર' હાથ ધરવામાં આવ્યું હોવાનાં અહેવાલને ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન કાટ્ઝે સમર્થન આપ્યું હતું. ઈઝરાયલ સામે ઊભા થયેલા જોખમને ટાળવા આ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાને કારણે ઈરાનને થયેલા નુકસાનની વિગતો આપવાનું તેમણે ટાળ્યું હતું.

દરમિયાન ઈઝરાયલે ઈમર્જન્સી અલર્ટ જાહેર કર્યું હતું અને નાગરિકોને સુરક્ષિત વિસ્તારમાં રહેવાનું તેમ જ ઈરાનના સંભવિત મિસાઈલ હુમલા માટે તૈયાર રહેવાની વિનંતી કરી હતી.

આંતરરાષ્ટ્રીય અહેવાલો દર્શાવે છે કે અમેરિકાએ પણ આ હુમલામાં ભાગ લીધો હતો. એ વિસ્તારમાં ઉપસ્થિત અમેરિકાના નૌકાદળ અને હવાઈ દળે આ ઑપરેશનમાં સહાય કરી હોવાનું માનવામાં આવે છે. જોકે હુમલામાં અમેરિકાની સંડોવણીના કોઈ સત્તાવાર અહેવાલ નથી. ■

**Statement about ownership and other particulars relating to MUMBAI SAMACHAR (SUNDAY EDITION) published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956**

**FORM IV**

1. Place of Publication — "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
2. Periodicity of its Publication .. Weekly (On Sundays)
3. Printer's Name .. Mr. Meherwanji R. Cama
   Nationality .. Indian
   Address .. B-12, Darbhanga Mansion, Carmichael Road, Mumbai-400 026.
4. Publisher's Name .. Mr. Meherwanji R. Cama for The Bombay Samachar Pvt. Ltd.
   Nationality .. Indian
   Address .. "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
5. Editor's Name .. Mr. Nilesh Mahendra Dave
   Nationality .. Indian
   Address .. B-201, Sorai Apt., Bldg. No. 9, 90 Feet Road, Near Siddhivinayak Temple, Pantnagar, Ghatkopar (East), Mumbai-400077.
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.

| | Address: |
|---|---|
| -- Mr. Meherwanji R. Cama,<br>-- Mr. Hormusji N. Cama,<br>-- Mrs. Avi B. Dastoor | Cama, Norton & Co. Cama Chambers, 23, Meadows Street, Mumbai-400 023. |
| -- The Bombay Chronicle Co. P. Ltd. | "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Mumbai-400 001. |

I, M. R. Cama, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For THE BOMBAY SAMACHAR PVT. LTD.
M. R. Cama
PUBLISHER

Dated: 1st March 2026




# બારમાની પરીક્ષામાં લાઉડ સ્પીકર પર જવાબો લખાવ્યા

## નાંદેડમાં બનેલી ઘટનાની તપાસ શરૂ થઇ

નાંદેડ: નાંદેડ જિલ્લાના કિનવત તાલુકાના દહેલી ટાંડામાં ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષા દરમિયાન સ્પીકર દ્વારા જવાબ જાહેર કરવામાં આવ્યા હોવાના ખુલાસા બાદ હંગામો મચી ગયો હતો. ૧૨મા ધોરણની બોર્ડની બાયોલોજી અને ઇતિહાસની પરીક્ષા દરમિયાન પ્રશ્નોના જવાબો સીધા સ્પીકર દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. આ ઘટના બુધવારે પ્રકાશમાં આવી હતી. સ્વ. સંગીતાદેવી ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય આશ્રમશાળા ખાતેના પરીક્ષા કેન્દ્ર ક્રમાંક ૨૦૭ માં આ ઘટના બની હતી. આ મામલે સિંદખેડ પોલીસ સ્ટેશનમાં અજ્ઞાત વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. લાતુર શિક્ષણ બોર્ડે આ કેસમાં સંસ્થા પાસેથી લેખિત ખુલાસો માંગ્યો છે. આ પરીક્ષા કેન્દ્રની દિવાલની બાજુમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જૂની ઇમારત છે. આ ઇમારતમાંથી લાઉડસ્પીકર દ્વારા કોઈ અજાણ્યા વ્યક્તિએ વિદ્યાર્થીઓને જવાબો લખાવ્યા હતા. ■




# બદલાપુરના ઍગ ડૉનેટ રૅકેટનો રેલો નાશિક સુધી પહોંચ્યો

## આઈવીએફ સેન્ટર પર કાર્યવાહી કરી મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કરાયા

થાણે: થાણે જિલ્લાના બદલાપુરમાં ગરીબ મહિલાઓ પાસે અનધિકૃત રીતે વારંવાર ઍગ ડૉનેટ કરાવવાના રૅકેટનો પર્દાફાશ થયા બાદ હવે તેનો રેલો નાશિક સુધી પહોંચ્યો છે. તપાસ દરમિયાન નાશિકના આઇવીએફ સેન્ટર સંબંધી સર્ટિફિકેટ તથા કેટલાક દસ્તાવેજો મળી આવ્યા બાદ નાશિક મહાપાલિકાના આરોગ્ય વિભાગે મુંબઈ નાકા વિસ્તારમાંના એ આઇવીએફ સેન્ટર પર કાર્યવાહી કરી મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા હતા. ઉપરાંત બદલાપુરથી મળેલા દસ્તાવેજો સાથે આ સેન્ટરનો શું સંબંધ છે તેનો ખુલાસો કરવા નોટિસ ફટકારાઇ છે.

બદલાપુર પૂર્વમાં જોવેલી ખાતે રહેણાક અપાર્ટમેન્ટ અને સોનોગ્રાફી સેન્ટલમાં ચલાવવામાં આવી રહેલું અનધિકૃત ઍગ ડૉનેટનું રૅકેટ પોલીસે પકડી પાડીને ચાર મહિલાની ધરપકડ કરી હતી, જેમની ઓળખ સુલક્ષણા ગાડેકર, અશ્વિની ચાબુકસ્વાર, મંજૂષા વાનખેડે અને સોનલ ગરેવાર તરીકે થઇ હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે સોનલ ગરેવાલ ગેરકાયદે સોનોગ્રાફીમાં મદદ કરતી હતી અને તેણે કોઇ પણ તબીબી ડિગ્રી વિના પોતાના ઘરમાં ઑવ્યુલેશન-સ્ટિમ્યુલેટિંગ ઉપકરણોનો સંગ્રહ કરી રાખ્યો હતો.

પોલીસે ત્રણ સ્થળેથી યોગ્ય પંચનામાં કર્યાં બાદ ૯.૫૦ લાખ રૂપિયાના ગેરકાયદે ઇન્જેક્શન્સ જપ્ત કર્યાં હતાં. પોલીસની ચાર ટીમ આવા વધુ અનધિકૃત કેન્દ્રો અને તેમાં સામેલ આરોપીઓની શોધ ચલાવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થાણે સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના પ્રમુખ તબીબી અધિકારી ડૉ. જ્યોત્સ્ના સાવંતને એક પીડિતાએ ઍગ ડૉનેટના રૅકેટ અંગે માહિતી આપી હતી, જેને પગલે પોલીસને જાણ કરાઇ હતી અને બાદમાં નેનો સિટી બિલ્ડિંગમાં સુલક્ષણા ગાડેકરના નિવાસસ્થાને દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યાં હોર્મોનલ ઇન્જેક્શન્સ મળી આવ્યાં હતાં. ■



ROC-6236

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કોરોનામાં મૃત્યુ પામેલા એસટી કર્મચારીનાં પત્નીને પાંચ નહીં, પણ ૫૦ લાખનું વળતર આપો : હાઈ કોર્ટ

મુંબઈઃ કોરોના કાળ દરમિયાન ફરજ બજાવતી વખતે કોરોના સંક્રમણને કારણે મૃત્યુ પામેલા એસટી કર્મચારીના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ હાઈ કોર્ટે તાજેતરમાં રાજ્ય સરકારને આપ્યો હતો. કોરોના દરમિયાન એમએસઆરટીસી માટે કામ કરતા ડ્રાઈવર અને કંડક્ટર સહિત સુપરવાઈઝર કર્મચારીઓને પણ સંક્રમણનું ગંભીર જોખમ હતું. તેથી, અરજદારનો પરિવાર પાંચ લાખ નહીં, પરંતુ ૫૦ લાખ રૂપિયાના વળતર માટે પાત્ર છે, તેમ અદાલતે ઉપરોક્ત આદેશ આપતી વખતે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મૃતકના પત્નીએ ૫૦ લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી. પરંતુ મૃતક વ્યક્તિ આંતરરાજ્ય પરિવહનમાં સામેલ નહોતા અથવા અત્યાવશ્યક સેવાઓ પૂરી પાડનારાઓમાં તેમનો સમાવેશ થતો ન હોવાનું કારણ આપીને, એમએસઆરટીસી દ્વારા તેમની પત્નીને માત્ર પાંચ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું. આ નિર્ણયને અરજદારે હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. ન્યાયાધીશ મકરંદ કર્ણિક અને ન્યાયાધીશ શ્રીરામ મોડકની બેન્ચે તેમની અરજીનો નિર્ણય લેતા તેમની અરજીને માન્ય ગણાવી હતી.

કોરોના દરમિયાન વડાલા ડેપોમાં ટ્રાફિકની દેખરેખ માટે અરજદારના પતિની નિમણૂક કરવામાં આવી હતી. તેથી ભલે તે ડ્રાઇવર ન હતો, પરંતુ ફરજ બજાવતી વખતે તે ડ્રાઇવર અને કંડક્ટરના સંપર્કમાં આવ્યો. કોરોના સમયગાળા દરમિયાન, પરિવહન સહિતની જાહેર સેવાઓ ગંભીર અવરોધો હેઠળ કામ કરી રહી હતી અને આવા ક્ષેત્રમાં ફરજ બજાવતા દરેક કર્મચારીને ચેપનું જોખમ વધારે હતું. તેથી કોર્ટે એસટી વહીવટીતંત્રને અરજદારની પત્નીને બાકી રહેલ ૪૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. ■

# ખોટમાં ચાલી રહેલી મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની નવી ડીઝલ ખરીદી નીતિને પડકાર

## ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને હાઈ કોર્ટના દરવાજા ખખડાવ્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ માટેની નવી ડીઝલ ખરીદી નીતિ વિરુદ્ધ જાહેર ક્ષેત્રની ઇંધણ કંપની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને હાઈ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની અરજી પર મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી ખંડપીઠ સમક્ષ તાજેતરમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તે સમયે, ખંડપીઠે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમને નોટિસ પાઠવી હતી અને ૨૪ માર્ચ સુધીમાં અરજી પર જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે જ અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે એમએસઆરટીસી દ્વારા નવી નીતિ મુજબ લેવાયેલ કોઈપણ નિર્ણય અરજીના અંતિમ ચુકાદાને આધીન રહેશે.

રાજ્ય પરિવહન બસ માટે ડીઝલ ખરીદવાની પદ્ધતિ બદલવાની નીતિને કારણે, ખોટમાં ચાલતા નિગમને દર વર્ષે ૨૦૦ કરોડ રૂપિયા સુધીની બચત થઈ શકે છે. બદલાયેલી નીતિ મુજબ એમએસઆરટીસી એ જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓ પાસેથી સીધું ડીઝલ ખરીદવાને બદલે તેમની ૧૬,૭૦૦ એસટી બસો માટે પાંચ વર્ષના સપ્લાય કોન્ટ્રાક્ટ માટે સ્પર્ધાત્મક ટેન્ડર મગાવવાનો નિર્ણય લીધો છે. જેને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પડકારવામાં આવ્યો છે.

અત્યાર સુધી નિગમ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવી જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસેથી મોટા જથ્થામાં સીધી ખરીદી કરતું હતું. જોકે નવી નીતિ મુજબ હવે કોઈપણ પક્ષપાત વગર નવા ઈ-ટેન્ડર કોન્ટ્રાક્ટ સ્પર્ધાત્મક બોલી માટે ખુલ્લા મૂકવામાં આવશે. ■

# ફડણવીસે વિકાસનો રોડમેપ રજૂ કર્યો

મુંબઈઃ રાજ્યનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. ગુરુવારે વિધાનસભામાં બોલતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આગવા મિજાજ સાથે વિપક્ષો પર પ્રહારો કાર્ય અને સાથે રાજ્યના વિકાસ માટેનો રોડમેપ રજૂ કર્યો.

તેમણે કહ્યું કે જ્યારે મેં વિરોધી પક્ષનો સૂર સાંભળ્યો, ત્યારે મને લાગ્યું કે તેઓ ભ્રમમાં પણ છે અને ભ્રમિત કરવા પણ માગે છે. કેટલાક મુદ્દાઓ લોકોને મૂંઝવણમાં મૂકવા માટે ઉભા કરવામાં આવ્યા હતા. ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર વિશે વાત થઈ. પણ અમને તેમાં કોઈ શંકા નથી. ભાસ્કર જાધવે ઘણી બધી બાબતો ઉઠાવી. તેમણે શિવાજી અને ટીપુ સુલતાનનો મુદ્દો ઉઠાવ્યો. ટીપુ સુલતાન સારો છે કે ખરાબ, તે મુદ્દો જ નથી. ફડણવીસે આ બાબત વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું છે કે અમારો વાંધો ટીપુ સુલતાનની મહારાજ સાથે સરખામણી સામે છે.

આગળ બોલતા, તેમણે કહ્યું, ''જીડીપીની સરખામણીમાં કેટલું દેવું હોવું જોઈએ? આ સંદર્ભમાં આપણી પાસે દેશમાં શ્રેષ્ઠ પેરામીટર્સ છે. એવું કહેવામાં આવ્યું હતું કે જીડીપીમાં હિસ્સો ઘટ્યો છે, વગેરે, પરંતુ તે સાપેક્ષ છે.

દેશના જીડીપીમાં આપણો હિસ્સો ૨૦૨૧-૨૨ માં ૧૩.૧ ટકા, ૨૦૨૨-૨૩ માં ૧૩.૫ ટકા, ૨૦૨૩-૨૪ માં ૧૩.૮ ટકા અને ૨૦૨૪-૨૫ માં ૧૪ ટકા હતો. જીડીપીમાં આપણો હિસ્સો વધી રહ્યો છે. મહારાષ્ટ્રે જીડીપી દેવાના તમામ માપદંડો પૂરા કર્યા છે. અર્થતંત્ર સમજતા નેતાને આંકડાઓ આપીને સમજાવવાની જરૂર ન પડે, એમ કહીને તેમણે આ પ્રસંગે જયંત પાટિલ પર પણ કટાક્ષ કર્યો હતો. મણે કહ્યું કે ભલે હવે દસ ઔદ્યોગિક રાજ્યો છે, પણ જીડીપીમાં આપણો હિસ્સો વધી રહ્યો છે. અમે મરાઠા બિરુદ મેળવવા અને મહારાષ્ટ્ર ધર્મ બજાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

વિપક્ષની કેસેટ ગુજરાત પર અટકી ગઈ છે. ૨૦૨૨ થી વિપક્ષ ઉદ્યોગો રાજ્યની બહાર જઈ રહ્યા છે એ ગાણું ગાઈ રહ્યા છે. જો તેઓ આ મુદ્દાનો અભ્યાસ કરીને રજૂ કરે તો સારું રહેશે. વિપક્ષ ગોબેલ્સ સિદ્ધાંતનું પાલન કરી રહ્યું છે. આ સરકાર ૨૦૨૯ સુધી કાર્યરત છે, એમ ફડણવીસે કહ્યું હતું. દરમિયાન, ૨૦૩૪, ૨૦૪૭ માટે વિકસિત મહારાષ્ટ્રના દસ્તાવેજ જુઓ, દરેક જિલ્લા માટે એક યોજના તૈયાર કરવામાં આવી છે. આ માટે ૨૫ ટકા ભંડોળ ઉર્ડઉઈ ને આપવું પડશે. અમે ખરેખર તેનો અમલ કરી રહ્યા છીએ. અમે ૨૦૪૭ સુધીમાં અર્થતંત્રને પાંચ ટ્રિલિયનનું બનાવવા માંગીએ છીએ. અમે દર વર્ષે ૧૦ લાખ નોકરીઓનું સર્જન કરવા માંગીએ છીએ. અમે અદ્યતન ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા, નાણાકીય શિસ્ત અને કાયમી વિકાસ દ્વારા રાજકોષીય ખાધને ૨.૫ ટકાથી નીચે લાવવા માંગીએ છીએ, અને અમે આવકના વૈકલ્પિક સ્રોતો શોધી રહ્યા છીએ. અમે એક વિઝન મેનેજમેન્ટ યુનિટ બનાવ્યું છે, એમ ફડણવીસે આ પ્રસંગે જણાવ્યું હતું. ■

# સગીરાનું જાતીય શોષણ 'જઘન્ય'

## થાણેની વિશેષ કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદ ફટકારી

થાણેઃ થાણેની વિશેષ પોક્સો કોર્ટે ૨૦૨૧માં સગીરાનું જાતીય શોષણ કરવા બદલ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે ગુનો 'જઘન્ય' હતો અને તેમાં કોઇ દયા દાખવવી નહીં જોઇએ.

જોકે આરોપીનો ડીએનએ રિપોર્ટ પીડિતાના શીશુ સાથે મૅચ થતો નહોતો. આમ છતાં તેની વિરુદ્ધ પૂરતા મૌખિત અને દસ્તાવેજી પુરાવાઓને જોતાં એવું કહીં શકાય નહીં કે તેણે પીડિતાનું જાતીય શોષણ કર્યું નથી, એમ એડિશનલ સેશન્સ જજ ડી.એસ. દેશમુખે જણાવ્યું હતું.

જજ દેશમુખે આરોપી સદ્દામ અક્કાચ મોલ્લાને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની વિવિધ કલમો હેઠળ દોષી ઠેરવ્યો હતો. આરોપીને સજા ઉપરાંત પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને આ રકમ વસૂલીને પીડિતાને આપવાનો આદેશ આપ્યો હતો.

તપાસકર્તા પક્ષ અનુસાર મે, ૨૦૨૧માં આ ઘટના બની હતી. કાશીમીરા વિસ્તારના રહેવાસી સદ્દામે ટ્યૂશન ક્લાસીસમાં જઇ રહેલી પીડિતાને માર્ગમાં આંતરી હતી.

હિન્દીમાં પત્ર લખવા માટે મદદ જોઇતી હોવાનું બહાનું કરીને તે પીડિતાને પોતાના ઘરે લઇ ગયો હતો, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

ઑગસ્ટ, ૨૦૨૧માં સગીરાના પેટમાં દુખાવો ઊપડ્યો હતો અને તે ગર્ભવતી હોવાનું જાણવા મળ્યા બાદ ઘટના પ્રકાશમાં આવી હતી. ટ્રાયલ દરમિયાન એ પણ સામે આવ્યું હતું કે પીડિતા પર અલગ અલગ ઘટનાઓમાં બે વ્યક્તિએ જાતીય શોષણ કર્યું હતું અને પોલીસે બે કેસ નોંધ્યા હતા.

બચાવ પક્ષે આરોપીના છુટકારા માટે દલીલ કરી હતી અને કહ્યું હતું કે ડીએનએ રિપોર્ટ પીડિતાના શીશુ સાથે મૅચ થતો નથી. જોકે જજે પીડિતાની જુબાની અને તબીબી પુરાવાને આધારે દલીલને ફગાવી દીધી હતી. (પીટીઆઇ) ■

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈગરાએ

હતી. છતાં મુંબઈમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ મધ્યમ શ્રેણીમાં જ નોંધાઈ રહ્યો હતો. જોકે મંગળવારથી મુંબઈમાં હવાની ગુણવત્તામાં હળવો સુધારો જણાઈ રહ્યો હતો. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી એર ક્વોલિટી ઈન્ડેક્સ સમાધાનકારક શ્રેણીમાં નોંધાઈ રહ્યો હતો.

નિષ્ણાતોના કહેવા મુજબ હાલ મુંબઈમાં દરિયામાંથી ઝડપી ગતિએ પશ્ચિમી પવનો જમીન તરફ ફૂંકાઈ રહ્યા છે અને ઝડપી પવનો ધૂળના કણોને આગળ ખેંચી જતા હોય છે. તેને કારણે તાત્પૂરતા સમય માટે હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસા બાદ પવનોની દિશા બદલાતી હોય છે. પવન ધીમા પડી જતા હોય છે અને તેને કારણે વાતાવરણમાં રહેલી ધૂળ અને પ્રદૂષણ હવામાં જ તરતી રહે છે. નૈસર્ગિક અને માનવનિર્મિત કારણથી મુંબઈમાં પ્રદૂષણનું સ્તર વધતું હોય છે. જોકે હાલ મુંબઈમાં પવનની ઝડપ વધી છે, તેથી હવાની ગુણવત્તામાં પણ સુધારો થવામાં મદદ મળી છે.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ મુજબ મુંબઈમાં હાલ કલાકના ૪૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યા છે. શહેર અને ઉપનગરમાં ૨૭ હવાની ગુણવત્તા માપવાના સાધન બેસાડવામાં આવ્યા છે, જેમાંથી સાત સેન્ટરમાં નવ સ્ટેશન્માં સૌથી ઓછું પ્રદૂષણ નોંધાયું હતું અને એક્યુઆઈ પચાસથી નીચે નોંધાયો હતો. સૌથી ચોખ્ખી હવા બોરીવલીમાં રહી હતી. અહીં એર ક્વોલિટી ઈન્ડેકસ ૧૯ નોંધાયો હતો. એ બાદ મુલુંડમાં એક્યુઆઈ ૨૨ નોંધાયો હતો.

'સમીર' ઍપના આંકડા મુજબ જાન્યુઆરી મહિનામાં ફક્ત આઠ વખત એક્યુઆઈ સમાધાનકારણ શ્રેણીમાં નોંધાયો હતો. જાન્યુઆરી મહિનામાં સૌથી વધુ પ્રદૂષિત હવા ચાર જાન્યુઆરીના નોંધાઈ હતી. એ દિવસે એક્યુઆઈ ૧૪૦ નોંધાયો હતો. ફેબ્રુઆરીમાં અત્યાર સુધી ફક્ત છ વખત હવા સમાધાનકારક શ્રેણીમાં નોંધાઈ છે, જેમાં સૌથી વધુ પ્રદૂષિત હવા ૨૧ ફેબ્રુઆરીના નોંધાઈ હતી અને એક્યુઆઈ ૧૪૫ નોંધાયો હતો. ■

### ચેમ્બુરમાં અંડરકન્સ્ટ્રકશન

થયું હોવાનું હૉસ્પિટલના ડૉકટરે જણાવ્યું હતું. તો બાકીના પાંચમાંથી બાવીસ વર્ષના ગુણધર રાયન હાલત ક્રિટીકલ છે.

**આ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું.**

આ દુર્ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓએ એવો આરોપ કર્યો હતો કે મજૂરોની સુરક્ષાને લગતા કોઈ પણ સાધન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નહોતા. પોલીસ આ બાબતે વધુ તપાસ કરી રહી છે.

આ દુર્ઘટના બાદ મેયર રીતુ તાવડે સહિત પાલિકાના વિરોધપક્ષ નેતા ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મેયરે બાંધકામમાં બેદરકારી દાખવવા બદલ જવાબદાર ડેવલપર અને કૉન્ટ્રેક્ટર સામે આકરા પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ જ જવાબદાર સામે સદોષ મનુષ્યવધ ગુનો નોંધવા પર પણ તેમણે ભાર આપ્યો હતો. એ સાથે જ તેમણે પાલિકા અને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ને ભવિષ્યમાં આવા અકસ્માત ન બને તે માટે તમામ આવશ્યક પગલાં અમલમાં મૂકવાનો નિર્દેશ પણ આપ્યો હતો. ■

### પ્રદૂષણ માટે

સાઈટ પર સતત ઈન્સ્પેકશન કરવામાં આવે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ બીજી ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન મુંબઈમાં જુદા જુદા ૧,૦૮૨ સ્થળો પર ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું એ દરમ્યાન નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાઈ આવતા તો ૧૩૫ બાંધકામને કારણ દર્શાવો નોટિસ ફટકારવામાં આવી છે. તો ૯૩ કન્સ્ટ્રકશન સાઈટને સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી છે. એ સાથે જ અગાઉ જેમને કારણ દર્શાવો નોટિસ આપી હતી તેમાંથી અમુક લોકોએ આપેલી સમયમર્યાદામાં ગાઈડલાઈનને અમલમાં મૂકતા ૪૮ લોકોને આપેલી સ્ટોપ વર્કની નોટિસ પાછી ખેંચવામાં આવી હતી.

નોંધનીય છે કે મુંબઈમાં છેલ્લા થોડા વર્ષોમાં વાતાવરણમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. હવાની ગુણવત્તા કથળી જવાને કારણે એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ સતત ઊંચો નોંધાઈ રહ્યો હતો. હાઈ કોર્ટે પણ મુંબઈમાં વધી રહેલા પ્રદૂષણને મુદ્દે પાલિકાને ઠપકો આપ્યો હતો. તેથી પાલિકા દ્વારા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈન અમલમાં મૂકી હતી.

આ દરમ્યાન વાતાવરણમાં રહેળા ધૂળનું પ્રમાણ ઘટાડવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા રસ્તા સહિત અનેક સાર્વજનિક સ્થળે સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકી રહી છે. એ દરમ્યાન પાણીના ટેન્કર દ્વારા ૧,૫૪૫.૦૯ કિલોમીટર અંતરના રસ્તા સાફ કરવામાં આવ્યા હતા. તો ૬૮૪.૮ કિલોમીટરના રસ્તાને સાફ કરવા માટે રસ્તા પર મિસ્ટિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ■

### શિવડી-વરલી

આસપાસ આચાર્ય ડોંડે રોડ પર શિવડી-વરલી એલિવેટેડ બ્રિજનું કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન ઉપરથી લોખંડનો સળિયો નીચેથી પસાર થઈ રહેલા યુવક પર પડતા તે ગંભીર રીતે જખમી થયો હતો. સ્થાનિક રહેવાસીઓએ જખમી થયેલા ગણેશ વિષ્ણુ બુધલેને પરેલની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો. હૉસ્પિટલના જણાવ્યા અનુસા ગણેશની હાલત સ્થિર છે અને તે સારવારને પ્રતિસાદ આપી રહ્યો છે.

આ દુર્ઘટના બાબતે એમએમઆરડીએએ જણાવ્યું હતું કે વરલી-શિવડી એલિવેટેડ બ્રિજ પ્રોજેક્ટના કામ દરમ્યાન કૉન્ટ્રેક્ટર દ્વારા થાંભલા (પીઅર)નો લોખંડનો સળિયો બેસાડવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના બની હતી. આ કામ દરમ્યાન સ્ટીલનો એક સળિયો નીચે પડયો હતો અને તે બૅરિકેડ્સ પર પડયા બાદ એક રાહદારીને વાગ્યો હતો. યુવકને માથા પર ઈજા પહોંચી હતી. તે તાત્કાલિક પરેલમાં આવેલી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. યુવકને માથા પર ચાર ટાંકા આવ્યા હોઈ તેની તબિયત સ્થિર છે.

આ દુર્ઘટનાની જાણ થતા જ એમએમઆરડીએના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને લોખંડનો સળિયો કેવી રીતે પડયો તેની તપાસ કરવામાં આવ્યા બાદ તેનો અહેવાલ જાહેર કરવામાં આવશે એવું કહ્યું હતું.

એમએમઆરડીએના અધિકારીઓએ જખમી યુવકની હૉસ્પિટલમાં મુલાકાત લીધી હતા અને તેની પૂરી સારવારનો ખર્ચ એમએમઆરડીએ દ્વારા ઉપાડવામાં આવશે એવું જાહેર કર્યું હતું.

તેની પૂરી સારવારનો ખર્ચ એમએમઆરડીએના અધિકારીએ આ દુર્ઘટના બાબતે કહ્યું હતું કે સાર્વજનિક સુરક્ષા તેમને પ્રાધાન્ય આપે છે. આ પ્રકરણમાં એમએમઆરડીએ દ્વારા પ્રોજેક્ટ મેમેજમેન્ટ કન્સલ્ટન્ટ (મેસર્સ એસટીયુપી) અને પ્રોજેક્ટ કૉન્ટ્રેક્ટર (મેસર્સ જે. કુમાર પ્રોજેક્ટ લિમિટિડે) આ બંનેને કારણ દર્શાવો નોટિસ (શો-કોઝ) ફટકારી છે. આ બેદરકારી બદલ જવાબદાર રહેલા સામે કડક પગલા લેવામાં આવશે એવું પણ તેમણે કહ્યું હતું.

પ્રોજેક્ટની સાઈટ પર સુરક્ષાને લગતી તમામ ઉપાયયોજના અને નિયમોનું પાલન કરવા બાબતે તાત્કાલિક સમીક્ષા શરૂ કરવામાં આવી છે. આવી ઘટનાનું પુનરાવર્તન ટાળવા માટે સલામતી વધારવા અને નિર્ધારિત નિયમોનું કડક પાલક કરવાની સૂચના આપવામાં આવી હોવાનું પણ એમએમઆરડીએ કહ્યું હતું. ■

### મરીન ડ્રાઈવ પર

ચારકોપનો રહેવાસી છે અને એ જ વિસ્તારમાં કામ કરે છે. ચંદ્રેશ ૨૬ ફેબ્રુઆરીએ મરીન ડ્રાઇવ ખાતે ફરવા માટે આવ્યો હતો, જ્યાં તેણે વીડિયો બનાવ્યો હતો, જેમાં ગોળીબારની ધમકી અપાઇ હતી અને વીડિયો બાદમાં અપલોડ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર અપલોડ થયેલા વીડિયો પર પોલીસનું ધ્યાન જતાં તપાસ હાથ ધરાઇ હતી અને ત્યાર બાદ ચંદ્રેશને તાબામાં લેવાયો હતો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ચંદ્રેશના પિતાની ઑગસ્ટ, ૨૦૨૫માં જમીનના વિવાદને લઇ હત્યા કરવામાં આવી હતી. પોલીસને શંકા છે કે આરોપીએ આ વીડિયો બદલો લેવાને ઇરાદે અથવા તેના સંબંધીઓને ડરાવવા બનાવ્યો હશે, જેમને તે હત્યામાં સામેલ હોવાનું માને છે.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીનો મોબાઇલ તપાસવામાં આવ્યો હતો, જેમાં પિસ્તોલની અનેક તસવીરો મળી આવી હતી. આથી પોલીસને શંકા છે કે તે હથિયાર ખરીદવાની યોજના બનાવી રહ્યો હશે. ચંદ્રેશની ધરપકડ કરાયા બાદ તેને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. ■

### આજે રેલવેની

કારણે લોકલ ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી પડશે.

હાર્બર લાઈન પર સવારે ૧૧:૧૦ વાગ્યાથી બપોરે ૪:૧૦ વાગ્યા સુધી પનવેલ-વાશી વચ્ચે અપ અને ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે સીએસએમટી- બેલાપુર, પનવેલ વચ્ચે અને પનવેલ, બેલાપુર-સીએસએમટી વચ્ચે ટ્રેનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. પ્રવાસીઓની સુવિધા માટે સીએસએમટી-વાશી અને થાણે-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેની વાત કરીએ તો પશ્ચિમ રેલવેમાં સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી બોરીવલી અને ભાયંદર સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોક દરમિયાન તમામ ફાસ્ટ ટ્રેનો સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ કારણે પશ્ચિમ રેલવેની ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડશે. ■

# જૈન મરણ

**વેરાવળ દશા શ્રીમાળી જૈન**

સ્વ. કાન્તાબેન કાન્તિલાલ શાહના સુપુત્ર સેવંતીભાઇ તે સરલાબેનના પતિ. સોના (નીવા) અને જૈમિનના પિતાશ્રી. કશીન અને ફિયોનાના દાદા. કેહાન વોરાના નાના. ભાવેશ વોરા અને ચિ. હેમાલીના સસરા. સ્વ. સુભાષચંદ્ર, સ્વ. રમેશભાઇ, હર્ષવદન, બીના બિપીન શેઠ, જયશ્રી શરદ શેઠ, ચંદ્રા (નેહા) અશ્વિન શાહના ભાઇનું અવસાન તા. ૨૦-૨-૨૬ના દિવસે થયેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેવગણા નિવાસી હાલ મલાડ આશાબેન હરીશભાઇ લાલચંદ શાહના સુપુત્ર હર્ષિત (ઉં. વ. ૩૯) શનિવાર, તા. ૨૮-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કૃપાના પતિ. ખ્વાઇશના પિતા. રોહનના ભાઇ. આકાંક્ષાના જેઠ. અરવિંદકુમાર મગનલાલ શાહ મઢડાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. નિ. બી/૬૦૩, માઇ ભુવન, ચંદન ડ્રેસવાલાની સામે, દાદી શેઠ રોડ, મલાડ (વેસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી મુ. પૂ. જૈન**

સુદામડા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શારદાબેન ભાઇલાલ શાહના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૩) ૨૭/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ. શ્રેણિક તથા શ્વેતાના પિતા. ધીરેન તથા દીપલના સસરા. સ્વ. જસુમતિ સવાઈલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિગંબર જૈન**

જામનગર નિવાસી હાલ બોરીવલી, પ્રતાપરાય જગજીવનદાસ મહેતા (ઉં. વ. ૭૬) ૨૬/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કોકિલાબેનના પતિ. રૂચિતા તથા દીપનના પિતા. સ્વ. જગદીશભાઈ, દિનુબેન જસવંતરાયના ભાઈ. ફ્રાનસીસ તથા ચૈતાલીના સસરા. મુકુંદભાઈ હેમાણીના સાળા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

હાલ નિવાસી બોરીવલી, સ્વ. જયાબેન ગુલાબચંદ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ.૭૮) ૨૭/૨/૨૦૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે તે શિલાબેનના પતિ. કેતકી અને મેહુલના પિતા. કેયુર અને શ્વેતાના સસરા. રાહીલ અને હાવીના દાદા. સ્વ. અમૃતલાલ ફૂલચંદના જમાઈ. તેમની ભાવયાત્રા રવિવાર, તા. ૧/૩/૨૬ના રોજ ૩:૦૦ થી ૫:૦૦. સર્વોદય હોલ, ડાયમંડ ટૉકીઝની સામે, એલ. ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**શ્રી જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

પડધરી નિવાસી હાલ બોરીવલી, વનીતાબેન રતિલાલ જેચંદ પટેલના પુત્ર દલિચંદ (દિનેશ) પટેલ (ઉં. વ. ૮૨) તા. ૨૬/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. રંજનબેનના પતિ. મયુર-રેખા, પૂર્વી-પરેશના પિતા. લલિત, નવીન, કિરીટ, ઉષાબેન, સરોજબેનના ભાઈ. સાસરાપક્ષ મોણસી શેઠ ઉમરગામના જમાઈ. પ્રાર્થનાસભા ૨/૩/૨૬ મંગળવારના સમય ૧૦ થી ૧૨. શ્રીવર્ધમાન સ્થા જૈન સંઘ, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**કઠોર વીસા શ્રીમાળી જૈન**

માલેગામ નિવાસી, હાલ મુંબઈ, મોતીલાલ વીરચંદ શાહના દીકરી ઉષાબેન (ઉં. વ. ૯૨) તે સ્વ. કાંતિલાલ અંબાલાલ શાહના ધર્મપત્ની, અશ્વિન, પ્રજ્ઞાના માતુશ્રી. શિલ્પા, શિશિરભાઈના સાસુજી, અનુજ, અંશના દાદી, પારુલના નાની, શ્રદ્ધા, રાજીવના દાદી-સાસુ. ૨૮-૨-૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભોજાયના અ.સૌ. હર્ષા મણીલાલ સાવલા (ઉં. વ. ૬૦) તા. ૨૭-૨-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ. રતનબાઈ તલકશી જેવત સાવલાના પુત્રવધૂ. મણીલાલ તલકશીના પત્ની. નીરવ, ધવલના માતુશ્રી. ગોધરાના ખેતબાઈ પાસુભાઈ હીરજી છેડાના પુત્રી. કાંતિલાલ, ખુશાલ, મુકેશ, કોટડા-રોહાના ઝવેરબેન વિસનજી, બાડાના ભાનુબેન ધીરજ, ગોધરાના સંગીતા શિલ્પેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીરવ મણીલાલ સાવલા : એ-૯, બીજો માળો, અનંત સ્મૃતિ સોસાયટી, ટાટા પાવર લેન, અંબિકા હોટલની સામે, રામ નગર, ડોંબીવલી (ઈસ્ટ).

ફરાદીના અ. સૌ. કુસુમ મુલચંદ વીરા (ઉં. વ. ૮૫) શુક્રવાર તા. ૨૭-૦૨-૨૬ ના દેહ પરિવર્તન થયેલ છે. કસ્તુરબેન લખમશીના પુત્રવધુ, મૂલચંદ લખમશીના ધર્મપત્ની, નયન, મનોજ, જયેશ ના મમ્મી, કાંડાગરાના લક્ષ્મીબેન નાનજી છેડાના સુપુત્રી, ભવાનજી, હરખચંદ (જાપાન), દેવચંદ, કપાયાના નેણબાઈ કેશવજી, ફરાદીના વિમળા શાંતિલાલના બેન, પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : મુલચંદ વીરા, એ - ૧૦૧, વિષ્ણુ સ્મૃતિ બિલ્ડીંગ નં ૧, જૂની વીવા કોલેજ સામે વિરાર (વેસ્ટ).

ટોડા હાલે વાપીના ચુનીલાલ કેશવજી નરશી સોની (ઉં. વ. ૮૬) ૨૬-૦૨-૨૬ અરિહંત શરણ થયેલ છે. માતુશ્રી રતનબાઇ કેશવજી સોનીના સુપુત્ર. ઝવેરબેનના પતિ. અનિલ, ભરત, કલ્પનાના પિતા. ઝવેર, કસ્તુર, હેમકુંવર, કાંતી, પ્રવિણ, ધનસુખના ભાઇ. કપાયાના ઉમરબાઇ હીરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત સોની, સી-૧૦૨, સુ શાંતિ સોસાયટી, અંબા માતા મંદિરની સામે, ચિંતન સોસાયટીની ગલીમાં, કોપરલી રોડ, વાપી, ગુજરાત. પી. ૩૯૬૧૯૫.

ભુજપુર-બેંગ્લોરના હિરેન ભેદા (ઉં.વ. ૭૨) તા. ૨૫-૨ના રાજકોટ મધે પ્રભુ શરણ થયા છે. મંજુલાબેન મણીલાલના પુત્ર. ઉર્મિલાના પતિ. શીતલના પિતા. મીના, હરિશચંદ્ર, દિલાના ભાઈ. ગંગાબેન મોરારજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરીશચંદ્ર મણીલાલ ભેદા, ૧૯૧/૧૩, પેતરીકોર પાર્શ્વ, ૪થે માળે, ગુરૂથામણ પાર્ક, જયણા નગર, બીજો બ્લોક, બેંગ્લોર-૫૬૦૦૦૪.

સાભરાઇ હાલે સોલાપુરના હેમલતા લક્ષ્મીચંદ ગડા (ઉં. વ. ૮૧) તા. ૨૬-૨-૨૬નાં અવસાન પામ્યા છે. તે નાથબાઇ રતનશી શીવજીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. બીપીન, પ્રફુલા, સ્વ. ગીતા, શીતલના માતુશ્રી. સાભરાઇના ખેતબાઇ વલભજી ભાણજીના પુત્રી. પ્રદીપ, ગોધરાના મંજુલા શાંતીલાલ, મેરાઉના જયા અશ્વિન, ડુમરાના આશા લલીત, ના. રતડીયાના દક્ષા મહેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બીપીન, બી/૩, પ્રિયંકા રેસીડેન્સી, ૩૮, રેલ્વે લાઇન, સોલાપુર-૪૧૩૦૦૧.

ટુંડાના નિતિન વેલજી ગોગરી (ઉં. વ. ૬૩) તા. ૨૭/૨/૨૬ના અવસાન પામેલ છે. વનિતાબેન વેલજી મોણશીના પુત્ર. ગીતાના પતિ. અવની, સૃષ્ટીના પિતા. રશીલા, મહેન્દ્ર, જયા, પંકજના ભાઈ. ગુજરાતના મંગીબેન ભગુભાઈ પટેલના જમાઈ.પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિતિન ગોગરી, અવિનાશ હા.સો. બી/૩૨ બેંક ઓફ ઈન્ડીયાની સામે, અમૃત નગર, ઘાટકોપર (વે) મુંબઇ.

બિદડા (ચાપાણી ફરીયો) હાલે વાપીના અરવિંદ નાથાલાલ ગડા (ઉં. વ. ૭૪) તા. ૨૭-૨-૨૬ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન નાથાલાલના સુપુત્ર. કુસુમના પતિ. હેમીનના પિતા. મુલચંદ, નવિનચંદ્રના ભાઈ. સમાઘોઘાના પ્રભાબેન અમૃતલાલ ધરમશીના જમાઈ. પ્રાર્થના : ચંદ્રલીલા હોલ, મહાવીર નગર, એન.એચ.૪૮, વાપી. ટા. ૩ થી ૪.

# પારસી મરણ

રોશન જાહાંગીર નેતરવાલા તે મરહુમો મેહર દારબશા અદાજનીયાના દીકરી. તે કમલ ને બીનાઇફરના માતાજી. તે મરહુમ જાહાંગીરના ધન્યાની. તે ઝરીર ને મરહુમ અસપીના બહેન. તે માલકમના સાસુજી. તે દાયના, પરીઝાદ, શીરીન ને મથીયસના મમઇજી. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૩૨૪, પીનેકલ એપાર્ટમેન્ટ, ૫૦૧ સી.એચ.એસ. લિમિટેડ, આંબેડકર રોડ ને ૩૩મા રોડના જંકશન પર, બાંદ્રા-મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા ૨-૩-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

# હિન્દુ મરણ

**નવગામ ભાટિયા**

મોરબી નિવાસી હાલ માટુંગા કૃષ્ણકાંત (ટિનક) વેદ (ઉં. વ. ૭૧) તે સ્વ. વિજયાબેન નરોત્તમદાસ વેદના સુપુત્ર. તે શીલાબેનના પતિ. ચી. જાનવીના પિતાશ્રી. તે હસમુખભાઇ, મિનાક્ષી ભરત સંપટ, જયશ્રી રાજેશ સંપટના ભાઇ. તે સ્વ. હીરાબેન મથુરાદાસ સંપટના જમાઇ. તે શરદભાઇ, મહેશભાઇ, સ્વ. પ્રફુલભાઇના બનેવી તા. ૨૭-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧-૩-૨૬ના રવિવારે સાંજે વેલબાઇ માતુશ્રી હોલ, નપુ હોલની બાજુમાં, ૩૧૦-૩૧૧, ચંદાવરકર રોડ, માટુંગા-ઇસ્ટ, સાંજે ૪.૩૦થી ૬.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ સુજાપુર હાલ મુલુંડ સૌ. દીપા હિતેશ આઇયા (ઉં. વ.૪૫) તે જયશ્રીબેન હંસરાજભાઇ આઇયાની પુત્રવધુ તા. ૨૬-૨-૨૬ના ગુરુવારના રામશરણ પામેલ છે. કેનીયની માતા. સૌ. આશાબેન યોગેશની દેરાણી. યુવલની કાકી તથા જયશ્રીબેન વિજયભાઇ ઠક્કર, ગામ ભદ્રેશ્વર હાલ ચેમ્બુરની દીકરી. સૌ. આશાબેન દીપકભાઇની ભત્રીજી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા સોરઠીયા વણિક જ્ઞાતી**

જામનગરના વતની હાલ વિરાર ગં. સ્વ. સરોજબેન બળવંતરાય સાંગાણી (ઉં.વ.૮૦) તા. ૨૬-૨-૨૬ને ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બળવંતરાય ગોકળદાસ સાંગાણીના ધર્મપત્ની. ભાવેશભાઇ તથા મનીષભાઇના માતુશ્રી. પિયર પક્ષે ધીરજબેન ભગવાનદાસ માંડવીયાના દીકરી. જયેન્દ્રભાઇ, પરેશભાઇ માંડવીયા તથા પન્નાબેન દિનેશચંદ્ર વૈધના બેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ઝારોળા વણિક**

સ્વ. બાલકિશનદાસ પ. શાહ તથા સ્વ. ગીતા બા. શાહના પુત્રી ચિ. મીના (ઉં. વ. ૬૬) તે સ્વ. ભરત, વિજય, જગદીશ, શૈલેષના બહેન અને પ્રતિભા, ચારૂ તથા માયાના નણંદ બુધવાર, તા. ૨૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ અમરેલીવાળા હાલ મલાડ, સ્વ. કમળાબેન તથા સ્વ. નારણભાઈ ગોકળભાઈ ડોડીયાના પુત્ર રાજેશભાઈ (ઉં. વ. ૫૫) ૨૭/૨/૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે તૃપ્તિબેનના પતિ. પ્રિયાંક તથા વિષ્ણુના પિતા. ઇન્દુબેન, સ્વ. ઉમેશભાઈ, જાગૃતિબેનના ભાઈ. બાલુભાઇ અરજણભાઈ પરમાર કાંધીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨/૩/૨૬ના રોજ ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

મહુવા નિવાસી હાલ ચારકોપ, ચંપાબેન શાંતિભાઈ ચુડાસમા (ઉં. વ. ૭૬) ૨૬/૨/૨૬ના રોજ અવસાન પામેલ છે. તે યતીન તથા જાગૃતિ અનીલકુમાર વાઘેલાના માતુશ્રી. હર્ષાબેનના સાસુ. પરષોત્તમભાઇ, ધનજીભાઈ, સ્વ. જમનાબેન બચુભાઈ, સ્વ. સવિતાબેન નાનજીભાઈ, પ્રભાબેન બટુકભાઈ, વિમળાબેન ચુનીલાલના ભાઈના પત્ની. ખાંભાનિવાસી હાલ બોરીવલી હિંમતભાઇ લવજીભાઈ ગોહિલના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૧/૩/૨૬ના રોજ ૪ થી ૬. દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ, અશોક ચક્રવર્તી રોડ, સ્વયંભુ ગણપતિમંદિર સામે, કાંદિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ મેંદરડા, હાલ કાંદિવલી, દિપક દેસાઈ (ઉં. વ. ૬૫) તા. ૨૭-૦૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રતિલાલ પોપટલાલ દેસાઈ તથા સ્વ. નિર્મલાબેન દેસાઈના સુપુત્ર. અરુણાબેનના પતિ. શ્રેણિક તથા દેવાંગના પિતાશ્રી. સ્વ. ડાહ્યાભાઈ ભાણાભાઈ પટેલ તથા સ્વ. રેવાબેન ડાહ્યાભાઈ પટેલના જમાઈ. સ્વ. વર્ષાબેન બાબુલાલ મહેતા, સંજયભાઈ રતિલાલ દેસાઈ તથા ધર્મિષ્ઠાબેન વિનોદકુમાર ગાંધીના ભાઈ. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયાસે બ્રાહ્મણ**

ત્રાપજ નિવાસી હાલ મુંબઈ, હરિશ શિવશંકર ભટ્ટના ધર્મપત્ની અ.સૌ. વીણા તા. ૨૫.૨.૨૬ના કૈલાસવાસી થયેલ છે. તે ઉસરડ નિવાસી સ્વ. અનસુયાબેન જયંતિલાલ જાનીના મોટાપુત્રી. સ્વ. કિશોર અને અ.સૌ. પ્રજ્ઞાબેન સુરેશ ભટકલના ભાભી. જ્યોતિ રસિકલાલ રાવળ, સ્વ. હિતેન્દ્ર જાની અને રાજેન્દ્ર જાનીના મોટાબેન. ગં.સ્વ. પ્રતિભા કિશોરના જેઠાણી. અ.સૌ. મિત્તલ સ્વપ્નિલ અને હિમાંશુ ભટ્ટના કાકી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧.૩.૨૬ના રોજ સાંજે ૪ થી ૬. સરનામુ સ્વાતંત્રવીર સાવરકર સેવા કેન્દ્ર, મહાત્મા ગાંધી રોડ, સન સીટી નજીક, વિલેપાર્લા પૂર્વ,

**દસા પોરવાડ વણિક**

પારડી સમાજના મુકુંદચંદ્ર ગંગાદાસ મપારા (ઉં. વ. ૮૧) તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ શુક્રવારના સ્વર્ગવાસ પામ્યા છે. તે શ્રીમતી રશ્મિબેન (રીટહ) ના પતિ. મેહાબેન અને દીપાબેનના પિતા. દેવાંશભાઈ અને અનંતભાઈના સસરા તથા મન્થન, આદિત્યના નાનાજી અને ધરાના નાનાસસરા. પ્રાર્થનાસભા સોમવાર તા. ૦૨/૦૩/૨૬ના રોજ ૪:૦૦ થી ૬:૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૫ ચમો માળ, પારેખ લેન નજીક,એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામજોધપુર હાલ નાલાસોપારા, સ્વ. દિપકભાઈ દલસુખલાલ રાજા (ઉં. વ. ૬૭) તે સ્વ. અમૃતલાલ કક્કડના જમાઈ, હર્ષાબેન રાજાના પતિ. તુષાર, સપના, ભાવનાના પિતા. સૃષ્ટિના દાદા. હિમવ, યુગ, યુતીના નાના. જીગ્નેશ, મેહુલના સસરા. તા.૨૮-૦૨-૨૬ના શ્રીજીચરણ પામેલા છે. પ્રાર્થનાસભા તા. ૦૧-૦૩-૨૦૨૬ રવિવારના સાંજે ૪ થી ૬. સ્થળઃ- શ્રી ક.વિ.ઓ જૈન દેરાસર રામદેવ ઝેરોક્ષની ઉપર, તુલિંજ રોડ નાલાસોપારા ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સાપ કરડવા છતાં દસમા ધોરણનો વિદ્યાર્થી પરીક્ષા આપવા પહોંચ્યો

અહમદપુરઃ લાતુર જિલ્લાના અહમદપુર તાલુકામાંથી એક ચોંકાવનારી અને પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. અહીં એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીને સાપે કરડ્યો હતો, તેમ છતાં તેણે દસમા ધોરણની બોર્ડની પરીક્ષા આપી. અંગ્રેજીના પેપરની આગલી રાતે તેને સાપ કરડ્યો હતો, જેના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેની તબિયત સંપૂર્ણપણે સારી ન હોવા છતાં, આ વિદ્યાર્થીએ પરીક્ષા કેન્દ્ર પર જઈને અંગ્રેજીનું પેપર લખ્યું હતું. આ ઘટનાની બધે પ્રશંસા થઈ રહી છે. આ વિદ્યાર્થીનું નામ શ્રવણ જગન્નાથ ખાકરે છે અને તે લાતુરના અહમદપુર તાલુકાના માલેગાંવ ખુર્દનો રહેવાસી છે. સામે મૃત્યુ દેખાતું હોવા છતાં અને શરીરમાં ઝેરની અસર હોવા છતાં, માત્ર આખું વર્ષ બગડે નહીં તે ચિંતાથી શ્રવણે હોસ્પિટલમાંથી પરીક્ષા કેન્દ્ર પહોંચીને અંગ્રેજીની પરીક્ષા આપી હતી.

બુધવારે રાતે શ્રવણને અચાનક સાપે ડંખ માર્યો હતો. શ્રવણને તાત્કાલિક અહમદપુરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આખી રાત તેની સારવાર ચાલી હતી અને સવાર સુધીમાં તેની હાલતમાં થોડો સુધારો થયો, પરંતુ ઝેરની સંપૂર્ણ અસર હજુ ઓછી થઈ ન હતી. તેની તબિયત સંપૂર્ણપણે સ્થિર ન હોવા છતાં, તે પરીક્ષા આપવા પહોંચ્યો હતો. પરીક્ષા આપ્યા બાદ તેને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલમાં તેની હાલત સ્થિર છે અને તે ડોક્ટરની દેખરેખ હેઠળ સારવાર હેઠળ છે. ■

# નાશિકમાં ઍર હોસ્ટેસની તબિયત લથડતાં ફ્લાઇટ પાંચ કલાક મોડી પડી

નાશિકઃ નાશિકના ઓઝર એરપોર્ટ પરથી શુક્રવારે બપોરે બેંગલુરુ જનારી ફ્લાઇટ ટૅક ઑફ કરે એ પહેલા ઍર હોસ્ટેસની તબિયત અચાનક લથડી હતી. ઍર હોસ્ટેસની સારવાર અને આરામ કરવા પાછળ સમય લાગવાથી ફ્લાઇટ પાંચ કલાક મોડી પડી હતી અને રાતે નવ વાગ્યે બેંગલુરુ જવા માટે ઊપડી હતી.

નાશિક ખાતેના ઓઝર એરપોર્ટ પર ઇન્ડિગો એરલાઇન્સની વિમાનસેવા શરૂ હોઇ શુક્રવારે બપોરે એરપોર્ટ પર બનેલી ઘટનાથી પ્રવાસીઓને હાલાકી ભોગવવી પડી હતી. બપોરના બેંગલુરુ જનારી ફ્લાઇટમાં પ્રવાસીઓ બેઠા હતા અને ફ્લાઇટ ઊપડે એ પહેલા ઍર હોસ્ટેસની તબિયત અચાનક લથડી હતી. મેડિકલ ઇમર્જન્સી હોવાનું જણાવી ફ્લાઇટમાંના પ્રવાસીઓને ફરી ટર્મિનલ બિલ્ડિંગમાં લઇ જવામાં આવ્યા હતા.

દરમિયાન તબિયત લથડવાથી ઍર હોસ્ટેસને સારવાર આપવામાં આવી હતી અને આરામ કરવા પાછળ ઘણો સમય વીતી ગયો હતો, જેને કારણે ફ્લાઇટ પાંચ કલાક મોડી પડી હતી. ફ્લાઇટ ક્યારે ઊપડશે તેની સૂચના આપવામાં આવી રહી નહોતી, એવું પ્રવાસીઓએ જણાવ્યું હતું. આખરે રાતે નવ વાગ્યે ફ્લાઇટ બેંગલુરુ જવા માટે ઊપડી હતી. ■


**ગુજરાતી ચલચિત્ર પારિતોષિક : વર્ષ-૨૦૨૫ માટે નિર્માતાઓ પાસેથી નામાંકન મેળવવા અંગે**

ગુજરાતી ચલચિત્ર પારિતોષિક : કેલેન્ડર વર્ષ-૨૦૨૫ માટે તા.૧ જાન્યુઆરી-૨૦૨૫થી તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૫ના સમયગાળા દરમિયાન ગુજરાત રાજયમાં લાયસન્સ ધરાવતા સિનેમાગૃહોમાં પ્રથમ વખત રિલિઝ થયા હોય તેવા ગુજરાતી ભાષામાં નિર્માણ પામેલા ગુજરાતી ચલચિત્રો, બાળ ચલચિત્રો, દસ્તાવેજી ચિત્રો અને ટી.વી દસ્તાવેજી ચિત્રોના નિર્માતાઓ પાસેથી નિયત પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

ગુજરાત સરકારના વર્ષ-૨૦૨૫ના શ્રેષ્ઠ ચલચિત્રો અને કલાકાર કસબીઓ માટેના પારિતોષિક અંગેનું નિયત નમૂનાનું અરજીપત્રક અને વિગતો આપને નાયબ માહિતી નિયામક, ફિલ્મ પ્રોડકશન શાખા, બ્લોક નં.-૧૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી કચેરી કામકાજના દિવસો દરમિયાન ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધીમાં આ જાહેરખબર પ્રસિદ્ધ થયેથી તા.૩૦-૩-૨૦૨૬ સુધી મેળવી શકાશે. અરજીપત્રક અને જરૂરી વિગતો માહિતી ખાતાની વેબસાઇટ https://gujaratinformation.gujarat.gov.in અથવા નીચેના ક્યુઆર કોડ સ્કેન કરી તેના પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

સંપૂર્ણ વિગતો સાથેના અરજીપત્રકો માહિતી કમિશનરની કચેરીને મોડામાં મોડા તા.૩૦-૦૩-૨૦૨૬ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ મોકલી આપવાના રહેશે. ત્યાર પછી મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

માહિતી કમિશનર

માહિતી/૨૬૮૮/૨૦૨૫-૨૬


# અદાણી ગ્રૂપે ધારાવીને સન્માનજનક શહેરી જીવનના મોડેલમાં રૂપાંતરિત કરવાની પ્રતિબદ્ધતા ફરીથી દોહરાવી



મુંબઈઃ અદાણી ગ્રુપે ધારાવીને સમાવેશી અને સન્માનજનક શહેરી જીવનના મોડેલમાં ફેરવવાની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર દૃઢ કરી છે. આ એવો પ્રોજેક્ટ છે જે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ જ નહીં કરે, પરંતુ લાખો રહેવાસીઓને તકો, કૌશલ્ય અને નવી ઓળખ આપીને તેમને સશક્ત પણ બનાવશે.

તાજેતરના એક કાર્યક્રમમાં, પ્રણવ અદાણીએ સાંસદ શશિ થરૂર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માત્ર રિયલ એસ્ટેટનું કામ નથી, પરંતુ એક સામાજિક-આર્થિક અભિયાન છે, જેનો ઉદ્દેશ્ય લાખો રહેવાસીઓના જીવનધોરણને સુધારવાનો છે. તેમણે ભાર મૂક્યો કે ગ્રુપનો અભિગમ ધારાવીવાસીઓની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા પર કેન્દ્રિત છે. આધુનિક આવાસ, વધુ સારી સ્વચ્છતા અને આવશ્યક સેવાઓની પહોંચ પૂરી પાડીને સાથે સાથે સમુદાયની ઉદ્યમશીલતાને જાળવી રાખીને.

ધારાવીના રહેવાસીઓની સ્થિતિસ્થાપકતાની પ્રશંસા કરતાં અદાણીએ કહ્યું કે આ વિસ્તાર લાંબા સમયથી માઈક્રો-ઉદ્યોગો અને અનૌપચારિક વ્યવસાયોનું કેન્દ્ર રહ્યો છે, જે મુંબઈની અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપે છે. અમારું વિઝન આ ઇકોસિસ્ટમને સ્થાનાંતરિત કરવાનું નથી, પરંતુ તેને ઔપચારિક અને મજબૂત બનાવવાનું છે, એમ તેમણે કહ્યું હતું. આ માટે સંરચિત અપસ્કિલિંગ પહેલ અને વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે, જેથી રહેવાસીઓ વધુ ટકાઉ અને ઉચ્ચ આવકવાળી જીવિકા તરફ આગળ વધી શકે. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર રૅસિંગ માટેની બાઈકને નડ્યો અકસ્માતઃ ત્રણનાં મોત

વસઇઃ મુંબઈ-અમદાવાદ હાઇવે પર રૅસિંગ માટે વપરાતી બાઇકને અકસ્માત નડતાં ત્રણ યુવકનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં. નાયગાંવ પૂર્વમાં ચિંચોટી ખાતે શુક્રવારે મોડી રાતે આ અકસ્માત થયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી તપાસ આદરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બે યુવક સુઝુકી હાયાબુસા ટૂ-વ્હીલર પર મુંબઈથી નાલાસોપારા તરફ જઇ રહ્યા હતા. ચિંચોટી વિસ્તારમાં તેઓ હોટેલ નજીકથી પૂરપાટ વેગે બાઇક પર જઇ રહ્યા હતા ત્યારે માર્ગ ઓળંગી રહેલા ઇશ્વર સાવ (૧૯) નામના યુવકને બાઇકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઇશ્વરનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે બાઇક હંકારી રહેલા શાહરુખ ખાન અને પાછળ બેઠેલા અર્જુન શેટ્ટીનું પણ મૃત્યુ થયું હતું.

દરમિયાન અકસ્માતની જાણ થતાં નાયગાંવ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ત્રણેય જણના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયા બાદ નાયગાં પોલીસે શાહરુખ ખાન વિરુદ્ધ પૂરપાટ વેગે અને બેદરકારીપૂર્વક વાહન હંકારવા બદલ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# અમિતાભ બચ્ચન અને ‘દીવાર’નો અનોખો ક્રેઝઃ દુબઈના ગુજરાતી ફેન સાથેની મુલાકાતે મચાવી ધૂમ




મુંબઈઃ ભારતીય સિનેમાના ઈતિહાસમાં અમિતાભ બચ્ચનની ફિલ્મ ‘દીવાર’ એક સીમાચિહ્ન રૂપ ગણાય છે. આ ફિલ્મથી જ બચ્ચન સાહેબને બોલીવુડના ‘એન્ગ્રી યંગ મેન’ તરીકે છાપ છોડી હતી. તાજેતરમાં આ આઈકોનિક ફિલ્મના ૫૧ વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે દુબઈના એક મોટા ગજાના બિઝનેસમેન અને અમિતાભ બચ્ચનના પરમ પ્રશંસકે મુંબઈમાં તેમને રૂબરૂ મળીને પોતાની વર્ષો જૂની ઈચ્છા પૂરી કરી છે. આ મુલાકાત માત્ર એક ફેન મોમેન્ટ નથી, પરંતુ સિનેમા પ્રત્યેના અખૂટ પ્રેમનું પ્રતીક બની રહી છે.

દુબઈ સ્થિત ગોલ્ડ બિઝનેસ ડાયકૂન અનિલ ધનક તાજેતરમાં મુંબઈમાં અમિતાભ બચ્ચનના નિવાસસ્થાન જલસા ખાતે મળ્યા હતા. આ પ્રસંગે તેમણે અમિતાભ બચ્ચનને ફિલ્મ દિવારના તેમના આઈકોનિક લૂકવાળું એક આર્ટવર્ક કેનવાસ ભેટમાં આપ્યુ હતું. અમિતાભ બચ્ચને પણ ખૂબ જ સહજતાથી આ કેનવાસ પર પોતાના હસ્તાક્ષર કરી આપ્યા હતા. અનિલ ધનકે જણાવ્યું કે, આટલા મોટા કદના સુપરસ્ટાર હોવા છતાં અમિતાભ બચ્ચન સમયના ખૂબ પાબંદ છે અને તેમનો સ્વભાવ અત્યંત નમ્ર છે.

મુલાકાત દરમિયાન અનિલ ધનકે જૂની યાદો તાજી કરતા જણાવ્યું કે ૭૦ના દાયકામાં જ્યારે અમિતાભ બચ્ચનની કોઈ ફિલ્મ રિલીઝ થતી, ત્યારે આખું શહેર જાણે થિયેટર પર ઉમટી પડતું હતું. ‘દીવાર’ જેવી ફિલ્મો માટે લોકો વહેલી સવારથી જ ટિકિટ મેળવવા કતારો લગાવતા હતા. તે સમયે ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નહીં, પરંતુ એક ઉત્સવ સમાન ગણાતી હતી. આજે પણ ૫૧ વર્ષ બાદ ‘દીવાર’ના એ ડાયલોગ અને અમિતાભ બચ્ચનનો જોશ એટલો જ પ્રભાવશાળી લાગે છે.

પાંચ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવતા અમિતાભ બચ્ચન આજે એક બ્રાન્ડ જેવા છે. તેમની વ્યાવસાયિક શિસ્ત અને કામ પ્રત્યેનું સમર્પણ નવી પેઢીના કલાકારો માટે માર્ગદર્શક છે. ૧૯૭૫માં આવેલી ‘દીવાર’ એ માત્ર એક એક્શન ફિલ્મ નહોતી, પરંતુ તે સમયના સમાજમાં વ્યાપ્ત અન્યાય અને અસમાનતા સામેનો એક બળવો હતો. આ ફિલ્મે જ અમિતાભને માત્ર સ્ટાર નહીં પણ લિજેન્ડ બનાવ્યા છે, જેનો જાદુ આજે આખી દુનિયામાં ખાસ કરીને દુબઈ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોમાં પણ જોવા મળે છે.

# ભિવંડીના ડાઇંગ યુનિટમાં ભીષણ આગઃ જાનહાનિ નહીં

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલા ડાઇંગ યુનિટમાં મધરાતે ભીષણ આગ લાગી હતી. જોકે આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી.

પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે ભિવંડીમાં કલ્યાણ નાકા નજીક ખોખા કંપાઉન્ડના પરિસરમાં આવેલા ડાઇંગ યુનિટમાં ગુરુવારે મોડી રાતે આગ લાગી હતી.

આગની જાણ થતાં ભિવંડી અને કલ્યાણથી અગ્નિશમન દળના જવાનો ચાર ફાયર એન્જિન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું અને આ ઑપરેશન આખી રાત ચાલ્યું હતું. શનિવારે સવારે આગ પર કાબૂ મેળવવવામાં જવાનોને સફળતા મળી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે આગમાં કોઇ જાનહાનિ થઇ નહોતી. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

# વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડી બાવીસ લાખ રૂપિયાની ઠગાઈઃ બે યુવક ઝડપાયા

મુંબઈઃ કફ પરેડમાં રહેતી ૭૩ વર્ષની વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને ૨૨ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં સાઉથ રિજન સાયબર પોલીસે બે યુવકની ધરપકડ કરી હતી. બંને યુવકની ઓળખ યશવંત જાધવ (૨૭) અને અક્ષય કસ્તુરે (૨૨) તરીકે થઇ હોઇ તેઓ છત્રપતિ સંભાજીનગરના રહેવાસી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી વૃદ્ધાને ડિસેમ્બર, ૨૦૨૫માં શિવા નામના શખસે કૉલ કર્યો હતો અને જણાવ્યું હતું કે તમારી સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ થયો હોઇ તમારી સાથે અન્ય લોકોને ઇડી, પોલીસ તથા અન્ય એજન્સીઓ શોધી રહી છે. શિવાએ પોતાની ઓળખ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી તરીકે આપી હતી અને કેસમાંથી નામ કાઢી નાખવામાં મદદ કરવાનું આશ્વાસન વૃદ્ધાને આપ્યું હતું. શિવાએ ત્યાર બાદ અરેસ્ટ ઓર્ડરની નકલ વ્હૉટ્સઍપ પર મોકલી હતી, જેને કારણે વૃદ્ધા ગભરાઇ ગઇ હતી.

દરમિયાન વૃદ્ધાને વારંવાર કૉલ કરીને તેમ જ ડિજિટલ અરેસ્ટનો ડર દેખાવીને વિવિધ બૅંકખાતામાં ૨૧.૮૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવા ફરજ પાડવામાં આવી હતી. આરોપીઓએ બાદમાં વૃદ્ધા પાસે વધુ રૂપિયાની માગણી કરી હતી, જેને પગલે તેણે પરિવારજનોને આની જાણ કરી હતી. ત્યાર બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. ■

**મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પરના ૩૨ કલાકના ટ્રાફિક જૅમથી શીખ લીધી**

# સરકારને ૧૨,૦૦૦ કરોડનો નવો મહામાર્ગ બનાવવાનો પ્લાન

પુણેઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર તાજેતરમાં થયેલા ૩૨ કલાકના ભીષણ ટ્રાફિક જામને કારણે વહીવટીતંત્રની આંખો ખુલી ગઈ છે. લોનાવલા ઘાટમાં ટેન્કર પલટી જવાને કારણે સર્જાયેલા આ અવરોધ બાદ હાઈવે પરનું ભારણ ઘટાડવા માટે આખરે રાજ્ય સરકારે ૧૨ હજાર કરોડના ‘ઉરણ-કર્જત-શિરુર’ હાઈવે પ્રોજેક્ટને ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા ઘણા વર્ષોથી મંત્રાલયમાં ધૂળ ખાઈ રહેલા આ પ્રસ્તાવને હવે બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર ધોરણે અમલમાં મૂકવાની હિલચાલ તેજ બની છે.

આ નવો હાઇવે મહત્ત્વનો છે, કારણ કે સહ્યાદ્રિની ભૌગોલિક રચનાને લીધે માલશેજ ઘાટથી લઈને સીધા લોનાવાલાના બોરઘાટ સુધીના ૭૦ થી ૮૦ કિલોમીટરના પટ્ટામાં બીજો કોઈ સક્ષમ વિકલ્પ ઉપલબ્ધ નથી. જો પ્રસ્તાવિત ઉરણ-કર્જત-શિરુર હાઇવે પૂર્ણ થાય તો આ ભારે ટ્રાફિક અને કન્ટેનરને સીધા વૈકલ્પિક માર્ગ પર વાળવામાં આવશે. આનાથી લોનાવલા અને ખંડાલા ઘાટ પર ટ્રાફિક જામમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો થશે.

આ પ્રોજેક્ટ માટે ૧૨,૦૦૦ કરોડનો ખર્ચ અપેક્ષિત છે, જેનાથી માત્ર મુંબઈ-પુણે વચ્ચેનું અંતર જ ઘટશે નહીં, પરંતુ ભવિષ્યમાં સર્જાતા મોટા ટ્રાફિક જામને પણ કાયમી ધોરણે ટાળી શકાશે. ■

**ૐ શાંતિ**



**ઘોઘારી મોઢ વણિક (ચુડા નિવાસી, હાલ મુંબઈ)**
**રેણુકા** (ઉં. વ. ૭૭), સ્વ. શ્રેણિક બટુક મહેતા ના ધર્મ પત્ની, હંજલ, પ્રકલ્પ ના માતુશ્રી, સ્વ. મુક્તા અને સ્વ. બટુક કસ્તુરચંદ મહેતા ના પુત્રવધુ, પરિમલ યોગેશ ગોળવાળા, ધીષત ના ભાભી, કિન્નરી ના જેઠાણી, જિનય ના કાકી, સ્વ. વિમળાબેન અને સ્વ. મનોહરદાસ દુર્લભદાસ શાહના પુત્રી, પિયુષભાઈ, શૈલેષભાઈ, કલ્પેશભાઈ, મૃદુલાબેન, કૌશલ્યાબેન ના બેન, જયશ્રીબેન, કલ્પનાબેન, અલ્પનાબેન ના નણંદ, બુધવાર, ફાગણ સુદ ૯, તા. ૨૫/૦૨/૨૦૨૬ ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પ્રથમ પુણ્યતિથિ**



**શ્રી સમીર કડકિયા**
(૧૫/૦૬/૧૯૬૦ - ૦૧/૦૩/૨૦૨૫)
આંખો છે નમ, તમારા સ્મરણમાં, દરેક ક્ષણમાં તમારું નામ છે અમારા હૃદયમાં...
પીના સમીર કડકિયા, પ્રણયભાઈ - લેશા દેસાઈ, યશ - મિતાલી કડકિયા ક્રિશ પ્રણયભાઈ દેસાઈ, સ્વ. મધુસુદન કડકિયા પરિવારના
જય શ્રી કૃષ્ણ

**પંદરમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ**



**શ્રી નગીનદાસ નેમચંદ દોશી**
મોટા ખુટવડા - કિંગ સર્કલ - મુંબઈ
અરિહંત શરણ ફાગણ સુદ તેરસ
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેમની ભક્તિ હતી,
તમારો કર્તવ્ય પરાયણ નો સ્વભાવ અમારા માટે
હંમેશા પ્રેરણારૂપ રહેશે
ધર્મ પત્નીઃ રસીલાબેન દોશી
સંતાનોઃ જયશ્રી, અલ્કા,નિકેતા, પરેશ
પુત્રવધૂઃ જાગૃતિ • પૌત્રઃ ઉર્વિશ













# વડા પ્રધાન મોદીના હસ્તે સાણંદમાં સેમિકન્ડક્ટર ચિપ્સના 'મેડ ઈન ઈન્ડિયા' યુગનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ બનાવવાની દિશામાં આગળ વધારવાના પ્રયાસના ભાગરૂપે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સાણંદ ખાતે 'માઈક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ'ની એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ (એટીએમપી) ફેસિલિટીનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે જ ભારતમાં સેમિકન્ડક્ટર ચિપ્સના વ્યાપારી ઉત્પાદનનો મંગલ પ્રારંભ થયો છે, જે વૈશ્વિક વેલ્યુ ચેઈનમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે. આ પૂર્વે વડા પ્રધાન મોદીએ રોડ શો કર્યો હતો. લોકોએ પુષ્પાવર્ષાથી વડા પ્રધાનને આવકાર્યા હતા. વડા પ્રધાન મોદીએ પણ લોકોના અભિવાદનને ઝીલ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કરતા વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં યોજાયેલી વિશ્વની સૌથી મોટી એઆઈ સમિટે ભારતની ક્ષમતાનો પરિચય વિશ્વને કરાવ્યો છે અને આજનું આ ઉદ્ઘાટન ટેક્નોલોજી ક્ષેત્રે ભારતની નેતૃત્વ લેવાની કટિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતું કે, ૧૦-૧૧ વર્ષ પહેલાં ભારતમાં ડેટા અને ચિપ્સની ચર્ચાઓ માત્ર મર્યાદિત વર્તુળોમાં થતી હતી, પરંતુ આજે સોફ્ટવેર ક્ષેત્રે ડંકો વગાડનાર ભારત હાર્ડવેર સેક્ટરમાં પણ પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું છે.

સાણંદમાં થયેલા વિકાસને યાદ કરતા વડા પ્રધાને ભાવુકતા સાથે કહ્યું હતું કે, મેં મારી નજરે સાણંદને માત્ર એક કાર ફેક્ટરીમાંથી દેશના મુખ્ય ઓટોમોબાઈલ હબમાં બદલાતું જોયું છે. એક મોટી કંપનીના આગમનથી આખું ઇકોસિસ્ટમ વિકસ્યું, સપ્લાયર નેટવર્ક બન્યું અને રોજગારીમાં ધરખમ વધારો થયો. આજે સાણંદ વૈશ્વિક નકશા પર સ્થાન પામ્યું છે. તેમણે વિશ્વાસ અપાવ્યો હતો કે, ગુજરાત એવું જીવનધોરણ અને સામાજિક વાતાવરણ પૂરું પાડશે જેની આજે દરેક વ્યક્તિ અપેક્ષા રાખે છે. માઈક્રોનની આ ફેસિલિટી ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના ગાઢ સહયોગનું પ્રતીક છે. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે એઆઈ અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં ભારત-યુએસ ભાગીદારી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એઆઈ સમિટ દરમિયાન થયેલી સમજૂતીઓ અને 'પેક સિલિકોન' પહેલ આ દિશામાં મોટું પગલું છે. આ સંયુક્ત પ્રયાસોથી ક્રિટિકલ મિનરલ્સ અને નવી ટેકનોલોજીની વૈશ્વિક સપ્લાય ચેઈન વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે સ્વનિર્ભરતા તરફ કદમ માંડતા વડા પ્રધાને કહ્યું હતું કે, માઈક્રોનના આ પ્લાન્ટમાં વ્યાપારી ઉત્પાદન શરૂ થવાથી ગ્લોબલ સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનમાં ભારતનો હિસ્સો વધશે. વિશ્વ આજે માનવતાના બહેતર ભવિષ્ય માટે નવી ટેકનોલોજીની સુરક્ષિત સપ્લાય ચેઈન ઈચ્છે છે અને વિશ્વની બે સૌથી મોટી લોકશાહી - ભારત અને અમેરિકા - સતત આ લક્ષ્ય તરફ કામ કરી રહ્યા છે.

સાણંદમાં આજે એક નવા ભવિષ્યનો ઉદય થઈ રહ્યો છે. માઈક્રોન જેવી દિગ્ગજ કંપનીઓના આગમનથી સ્થાનિક ઉદ્યોગોને બળ મળશે અને ભારતની ઓળખ હવે માત્ર 'આઈટી સર્વિસિસ' પૂરતી મર્યાદિત ન રહેતા 'હાઈ-ટેક હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ' દેશ તરીકે પણ થશે. આ પ્લાન્ટ આગામી સમયમાં હજારો યુવાનો માટે રોજગારીની નવી તકો સર્જશે અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે.



ઉદ્ઘાટનઃ સાણંદમાં માઈક્રોન ટેક્નોલોજીના એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઈ)



ગુજરાતના સાણંદમાં ટેકેદારોનું અભિવાદન ઝીલતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

## ગુજરાતમાં ૧.૨૪ લાખ કરોડના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ, હજારોને રોજગારી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલમાં ૧.૨૪ લાખ કરોડ રૂપિયાના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ વિકાસની પ્રક્રિયા હેઠળ છે અને આ પ્રોજેક્ટસના કારણે ગુજરાતમાં હજારો લોકોને રોજગારી મળશે એવો વિશ્વાસ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાએ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમાં સેમિકન્ડક્ટર સેક્ટરના વિકાસ અને તકો સહિતના મુદ્દે ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ગાંધીનગરમાં ૧ અને ૨ માર્ચના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાવાની છે. આ કાર્યક્રમ દરમિયાન ગુજરાતના સેમિકંડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં નવાં રોકાણો અને કૌશલ્ય વિકાસ પહેલ અંગે જાહેરાતો થશે તેમ પણ મોઢવાડિયાએ જણાવ્યું છે. આ કોન્ફરન્સમાં દેશભરમાંથી સેમિકન્ડક્ટર સેક્ટર સાથે સંકળાયેલી કંપનીઓના ટોચના અધિકારીઓ હાજર રહેવાના છે. આ કોન્ફરન્સ પહેલાં વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગુજરાતમાં સેમિકન્ડક્ટર સેક્ટરના વિકાસ અંગે માહિતી આપતાં કહ્યું કે, ૧.૨૪ લાખ કરોડ રૂપિયાના ગુજરાત સેમિકનેક્ટ પ્રોજેક્ટ્સના વિકાસ સાથે ગુજરાત દેશના સેમિકનેક્ટ હબ તરીકે ઉભરી રહ્યું છે. આ પ્રોજેક્ટ્સ પૂરા થતાં ગુજરાત વિશ્વના સેમિકન્ડક્ટર નકશામાં આવી જશે.

ગુજરાત સેમિકનેક્ટ-૨૦૨૬નું આયોજન વૈશ્વિક અને સ્થાનિક સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ હિસ્સેદારોને એકસાથે લાવવા માટે કરાયું છે.

# બે દાયકામાં રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન વધીને ૮.૩ ટકા થયુંઃ નાણાપ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ખાતે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું હતું. નાણાપ્રધાનએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬-૨૭નું આ બજેટ માત્ર આંકડાઓનો દસ્તાવેજ નહિ, પરંતુ રાજ્યના ચાર મુખ્ય સ્તંભો - ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગી ઉત્કર્ષ તથા વિકાસ માટેનો એક સર્વગ્રાહી રોડમેપ છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ- એસડીજીએસ ઇન્ડિયા ઇન્ડેક્સ મુજબ, ગુજરાત 'સારા સ્વાસ્થ્ય અને સુખાકારી'માં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સ્કોર વર્ષ ૨૦૧૮માં ૫૨ (બાવન) હતો, તે આજે વધીને ૯૦ થયો છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ હેતુ માટે રાજ્ય સરકારે રૂ. ૩૫,૭૮૦ કરોડ જેટલી માતબર જોગવાઈ કરી છે, જે આદિવાસી ભાઈ-બંધુઓના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. રાજ્યની અર્થવ્યવસ્થાની મજબૂતી વર્ણવતા નાણાપ્રધાનએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર છે. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયું છે. રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧.૪ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતાં વધારે છે. પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૬૦ ટકાથી વધુ નોંધાઈ છે. ચાલુ વર્ષના બજેટમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે 'ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે રાજ્યના વેપારીઓને વૈશ્વિક બજારમાં પ્લેટફોર્મ પૂરું પાડશે.તેમણે ગૌરવભેર જણાવ્યું હતું કે, ૧૬માં નાણાપંચે ગુજરાતની વીજ વ્યવસ્થાને સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ ગણાવી છે. ચારેય ડિસ્કોમ કંપનીઓ સતત ટોચનું સ્થાન જાળવી રહી છે. છેલ્લા ૨૨ વર્ષથી એટલે કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજરાતે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી. આ સાથે જ, કોવિડના વર્ષ સિવાય છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકાર સતત મહેસૂલી પુરાંત જાળવી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩,૭૨૫ કરોડની મહેસૂલી પુરાંત અંદાજવામાં આવી છે. જાહેર દેવા અંગે તેમણે કહ્યું હતું કે, રાજ્યના જીએસડીપીના સાપેક્ષમાં દેવાની મર્યાદા ૨૭.૧૦ ટકા સુધી રાખવાની મર્યાદા છે. અંદાજપત્રના કદમાં ૧૦.૨૧ ટકાના વધારા છતાં, રાજ્યનું દેવું વર્ષ ૨૦૨૬-૨૭માં માત્ર ૧૪.૬૫ ટકા જ રાખવામાં આવશે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૬-૨૭માં રાજવિત્તીય ખાધ એટલે કે, ફિસ્કલ ડેફિસીટને પણ ૩ ટકાની મર્યાદા સામે ૨ ટકાથી ઓછી રાખવામાં આવશે. કુશળ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ઘટાડીને ૨૦ ટકાની મર્યાદામાં લાવવામાં સફળતા મળી છે. હવે વર્ષ ૨૦૨૬-૨૭માં વ્યાજનો આ ખર્ચ માત્ર ૧૦.૮૬ ટકા સુધી જ સીમિત રાખવાનો સરકારનો મક્કમ નિર્ધાર છે.જીએસટી દરના સુધારાના પરિણામે ગુજરાતની જનતાને વાર્ષિક અંદાજે રૂ. ૧૧,૦૦૦ કરોડની વેરા બચતનો લાભ મળશે.

# ગુજરાતમાં નાની વયના લોકોમાં વધતા હૃદયરોગનો મુદ્દો વિધાનસભામાં ગાજ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પોલીસ ભરતી દોડ, લગ્ન પ્રસંગે દાંડિયા રાસ સહિતની અનેક ઘટનામાં યુવાનોના હૃદયરોગથી મોતની ઘટના સામે આવી ચૂકી છે. કોરોના પછી નાની વયના લોકોમાં હૃદયરોગનું પ્રમાણ વધ્યું છે. યુવાનોમાં વધી રહેલા હૃદયરોગનો પ્રશ્ન ગુજરાત વિધાનસભામાં ગાજ્યો હતો. અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પૂછ્યું હતું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ નાની વયના લોકોમાં હૃદયરોગમાં વધારો થયો છે તે હકીકત સાચી છે? જો હા તો તેને નિયંત્રિત કરવા રાજ્ય સરકાર દ્વારા સંશોધન-પરીક્ષણનું આયોજન છે કે કેમ અને જો હા, તો આ સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે શું કાર્યવાહી હાથ ધરી છે?

જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે, ઉપલબ્ધ તબીબી સંશોધન મુજબ રાજ્યમાં નાની વયના લોકોમાં હૃદયરોગમાં વધારો થયો છે તે હકીકત સાચી છે. રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં ફ્રી હેલ્થ ચેકઅપ, દર્દીના સગાની જાગૃતતા માટે નિરુજહૃદયમ કાર્યક્રમ અંતર્ગત ખાનપાન વિશે, કસરત તથા અન્ય ગતિવિધિની માહિતી આપી છે. ઉપરાંત સાવચેતી રાખવાના પગલાં વિષે માહિતી પત્રની વહેંચણી કરી છે.

# ગાંધીધામના ૧૮૨ કરોડના સાયબર ફ્રોડના કૌભાંડમાં સંડોવાયેલા બૅંકના ત્રણ કર્મચારીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ શહેરમાં તાજેતરમાં બહાર આવેલા સાયબર ફ્રોડના પ્રકરણમાં સામેલ એક બૅંકના ત્રણ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરતાં રાજ્યભરના બૅન્કિંગ આલમમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, પૂર્વ કચ્છના વિસ્તારના કેટલાક ગરીબ-અભણ વ્યક્તિઓને લોભ-લાલચ આપી, તેમના દસ્તાવેજો વડે સોફા ભાડે આપવાની બોગસ પેઢીઓ બનાવીને તેના બૅંક ખાતાંઓ દેશભરમાં સાયબર ઠગાઇ આચરતા રહેતા સાયબર ક્રિમિનલોને કમિશનથી ભાડે આપી દેવાનું આ કૌભાંડ બહાર આવ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું હતું કે, કુલ ૮૧ જેટલા બૅંક ખાતા ખોલાવી તેમાં



(તસવીરઃ- ઉત્સવ વૈદ્ય, ભૂજ)

સાયબર ઠગી દ્વારા મેળવાયેલા રૂ. ૧૮૨ કરોડ જમા કરાવવામાં આવ્યા હતા. ૭૪ જેટલા ખાતાધારક સામે જુદા-જુદા રાજ્યોમાં સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઇ હતી. આ પ્રકરણમાં પૂર્વ કચ્છ સાયબર ક્રાઇમ પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી યશ મૂલચંદ ભાટિયા, સિદ્ધાર્થ સુનીલ સોની, સાહિલ દિનેશ શર્મા, અલ્પેશ સુરેશ લુહાર નામના આરોપીઓની ધરપકડ કરી હતી.

ત્યારબાદ રાપરના ઇલુભા મંગુભા જાડેજા નામના શખ્સને પણ ઝડપી લેવાયો હતો. મોટી રવનો વિશ્વરાજસિંહ ઉર્ફે વિસુભા બાલુભા જાડેજા અને મુખ્ય આરોપી વિજય રાણા નામના શખ્સો હજુ પોલીસ પકડથી દૂર છે, જ્યારે હાર્દિક હરેશ રાજગોર અગાઉના ગુનામાં જેલમાં છે. પકડાયેલા શખ્સોની પૂછપરછ દરમ્યાન એચ.ડી.એફ.સી. બૅંકની કાસેઝ શાખાના ચંદન કપિલ પંડયા, એજન્સી મેનેજર યાસિન રમજુ સાયચા, જના બૅંક ગાંધીધામના હિતેશ કિશન કપ્તાના નામ તપાસમાં બહાર આવ્યા હતા તેમજ અગાઉ બૅંકમાં કામ કરી ગયેલા દીપક જેઠાલાલ શર્માનું નામ પણ છતું થયું હતું. આ બૅંક કર્મીઓએ ખોટી પેઢીઓના નામે કરાર તથા સેવિંગ ખાતા ખોલવામાં મદદ કરી, આરોપીઓ પાસેથી પૈસા મેળવ્યા હતા. ટાર્ગેટ પૂરા કરવા આ ખાતા ખોલવાની લાલચે કમિશન મેળવી, ઇન્સેન્ટીવના લાભ લીધા હતા તેમજ પેઢીઓના નામે ઇન્વોઇસની ચકાસણી કર્યા વગર આરોપીઓએ બીજાના નામે ખોલવામાં આવેલાં ખાતાઓમાં આચરાયેલી સાયબર ક્રાઇમની ફરિયાદથી ફ્રીઝ થયેલા ખાતાઓ અનફ્રીઝ કરવામાં પણ બૅંકના કર્મીઓએ મદદ કરી હતી.

ચંદન પંડ્યા, હિતેશ કપ્ટા, યાસિન સાયચાની પોલીસે ધરપકડ કરી તેમના આગામી તા.૩-૩ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. જ્યારે દીપક શર્માને પકડી પાડવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સાયબર ક્રાઇમના પી.આઇ. ડી.જી. પટેલે જણાવ્યું હતું.

# બટાકાના ભાવ ગગડતા ખેડૂતો આર્થિક સંકટમાં, વિશેષ પેકેજ અથવા ટેકાના ભાવે ખરીદીની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બટાકાના હબ ગણાતા અરવલ્લી જિલ્લાના ખેડૂતો અત્યારે ભારે આર્થિક સંકટમાં મુકાયા છે. બટાકાના બજાર ભાવમાં આવેલા જંગી ઘટાડાને કારણે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. ગત વર્ષે ૨૦ કિલો બટાકાનો ભાવ રૂપિયા ૩૦૦ હતો, જે આ વર્ષે ઘટીને માત્ર રૂપિયા ૧૦૦ થી રૂપિયા ૧૫૦ સુધી આવી જતા ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી છે. ઉત્પાદન ઓછું થવા અને ભાવમાં ભારે ઘટાડો થવાને કારણે ખેડૂતો માટે તેમનો પ્રાથમિક ખર્ચ પણ કાઢવો મુશ્કેલ બની ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં ધારાસભ્યએ ખેડૂતો માટે વિશેષ પેકેજ અથવા ટેકાના ભાવે ખરીદી કરવાની માગણી કરી છે. ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પત્રમાં જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આ વર્ષે ખેડૂતોએ મોટા પાયે બટાકાનું વાવેતર કર્યું હતું. ખેડૂતોએ મોંઘા બીજ, ખાતર, મજૂરી અને સિંચાઈ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કર્યો છે. જોકે, હવે જ્યારે પાક તૈયાર થઈને બજારમાં આવ્યો છે, ત્યારે ભાવ એટલા નીચે ગયા છે કે ખેડૂતોને પડતર કિંમત પણ મળી રહી નથી. બજારમાં બટાકાના ભાવ તળિયે બેસી જતાં ખેડૂતો મજબૂરીવશ ઓછી કિંમતે પાક વેચી રહ્યા છે. વધતા ખર્ચ અને સામે મળતા નજીવા ભાવને કારણે જિલ્લાના હજારો ખેડૂત પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ સ્થિતિ જો લાંબી ચાલશે તો ખેડૂતો દેવાના ડુંગર નીચે દબાઈ શકે છે તેવી ભીતિ પણ સેવાઈ રહી છે. ખેડૂતોના હિતમાં મુખ્ય બે માગણીઓ કરવામાં આવી છે, જેમાં પ્રથમ માગણી એ છે કે જે ખેડૂતોને આ વર્ષે બટાકાના પાકમાં મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, તેમને સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય વળતર અથવા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે. બીજી મહત્ત્વની માગણી ટેકાના ભાવે ખરીદી અંગેની છે, જ્યાં સુધી બજારમાં બટાકાના ભાવમાં સુધારો ન થાય ત્યાં સુધી સરકાર પોતે ટેકાના ભાવે (એમએસપી) બટાકાની ખરીદી કરવાની યોગ્ય વ્યવસ્થા ઊભી કરે, જેથી ખેડૂતોને પાકના પોષણક્ષમ મળી રહે અને તેઓ પાયમાલીથી બચી શકે.

# ગુજરાત સરકારે સર્વાઈકલ કૅન્સર અટકાવવા ₹ ૧૫૦ કરોડ ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સોલા સિવિલ હૉસ્પિટલ ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી રસીકરણ મહાઅભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનસેરિયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત ૨૦૦૭થી પોલિયો મુક્ત બન્યું છે અને હવે રસીકરણની પ્રક્રિયા વધુ સરળ અને અસરકારક બની છે. અગાઉ જે રોગો માટે વિદેશથી રસી મંગાવવી પડતી હતી, આજે ભારત સ્વદેશી રસી બનાવી વિશ્વને મદદ કરવાની ક્ષમતા કેળવી ચૂક્યું છે, જે 'આત્મનિર્ભર ભારત'નું પ્રતીક છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સરકારની પ્રાથમિકતા છે કે છેવાડાનો માનવી પણ દવા કે પૈસાના અભાવે મૃત્યુ ન પામે. આ માટે આયુષ્માન કાર્ડની સારવાર મર્યાદા રૂ. ૦૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. પાનસેરિયાએ અંધશ્રદ્ધા અને અફવાઓથી દૂર રહેવા અનુરોધ કરતા જણાવ્યું કે, આ રસી વૈજ્ઞાનિક પદ્ધતિથી અને ડોક્ટરોની દેખરેખ હેઠળ તૈયાર થયેલી છે. ખોરાકમાં ભેળસેળને કારણે કેન્સર જેવા રોગો વધી રહ્યા છે, ત્યારે 'પહેલું સુખ તે જાતે નર્યા'ના સૂત્રને સાર્થક કરવા અને આપણી દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ રસીકરણ અભિયાનમાં ભાગ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ દર વર્ષે બાળકોના રસીકરણ પાછળ રૂ. ૨૪૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવે છે અને હવે આ કડીમાં એચપીવી રસીનો પણ સમાવેશ કરાયો છે.

બજારમાં આ વેક્સિનના એક ડોઝની કિંમત અંદાજે ૩૦૦૦ રૂપિયા છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા ૧૫૦ કરોડ રૂ. રસીકરણ માટે ફાળવીને આ રસી તદ્દન વિનામૂલ્યે આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મહાત્ત્વાકાંક્ષી અભિયાન અંતર્ગત ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સરની અટકાયત માટે ૧૪ વર્ષ પૂર્ણ કરેલી અને ૧૫મો જન્મદિવસ બાકી હોય તેવી રાજ્યની અંદાજે ૫.૫૦ લાખ કિશોરીઓને રસીકરણથી સુરક્ષિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભારતમાં મહિલાઓમાં નોંધાતા કુલ કેન્સરમાં સર્વાઇકલ કેન્સર બીજા સ્થાને છે, જેમાં મુખ્યત્વે એચપીવી-૧૬ અને એચપીવી-૧૮ પ્રકારના વાયરસ જવાબદાર છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને અત્યંત અસરકારક અને સુરક્ષિત એવી ક્વાડ્રિવેલેન્ટ એચપીવી વેક્સિન હવે ગુજરાતની કિશોરીઓને પૂરી પાડવામાં આવશે.

# મિડલ-ઈસ્ટ ઈફેક્ટઃ અમદાવાદ એરપોર્ટે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મિડલ-ઈસ્ટ તણાવના પગલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટે એડવાઈઝરી બહાર પાડી હતી. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, પ્રવર્તમાન નિયંત્રણોને કારણે અમદાવાદથી આવતી-જતી કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં વિલંબ, રૂટમાં ફેરફાર અથવા રદ થવાની શક્યતા છે. મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા પોતપોતાની એરલાઇન્સ પાસેથી ફ્લાઈટનું લેટેસ્ટ સ્ટેટસ ચેક કરવાની સલાહ છે. મુસાફરોને અસુવિધા ટાળવા માટે તે મુજબ મુસાફરીનું આયોજન કરવાની સલાહ પણ આપવામાં આવી છે. એરપોર્ટ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, આ પગલાંનો ઉદ્દેશ્ય વિક્ષેપના સમયગાળા દરમિયાન સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને મુસાફરીની કામગીરી સુગમ રાખવાનો છે.

મિડલ ઈસ્ટની સ્થિતિને પગલે એર ઈન્ડિયાએ તમામ ફ્લાઈટ્સ પર રોક લગાવી દીધી છે. સાવચેતીના કારણોસર આ પગલું લેવામાં આવ્યું છે. એર ઈન્ડિયાએ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું, મિડલ ઈસ્ટ જતી તમામ ફ્લાઈટ્સ સસ્પેન્ડ કરવામાં આવી છે. અમે અમારા મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ. અમે ફ્લાઈટ ઓપરેશન્સ માટે સુરક્ષા સ્થિતિનું સતત મોનિટરિંગ કરીશું અને જરૂર મુજબ બદલાવ કરીશું. અમારી ટીમો મુસાફરોને શક્ય તમામ સહાયતા આપશે.

# રાજકોટના બે મોટા વેપારીની ૫૪૫ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયરેક્ટર જનરલ ઑફ ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટૅક્સ ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ)ના અમદાવાદ ઝોને ૫૪૫ કરોડ રૂપિયાના બોગસ બિલિંગ કૌભાંડના રાજકોટના બે મોટા વેપારીની ધરપકડ કરી હતી. રાજકોટના વેપારીઓ જતીન સાકરિયા અને વૈભવ બોરિચાએ ૧૦૦થી વધારે વેપારીઓને કોઈપણ પ્રકારનો માલ આપ્યા વગર માત્ર બોગસ બિલિંગ કરીને ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની ઈનપુટ ટૅક્સ ક્રેડિટ (આઈટીસી) લીધી હોવાનું તપાસમાં બહાર આવતાં બંનેને જેલભેગા કરી દેવાયા છે. બંનેએ કુલ ૫૪૫ કરોડ રૂપિયાના બોગસ બિલો બનાવીને ૧૦૨.૨૫ કરોડ રૂપિયાની આઈટીસી અત્યાર સુધીમાં મેળવી છે.

અમદાવાદ ડીજીજીઆઈના અમદાવાદ ઝોનલ યુનિટના અધિકારીઓની કરચોરીને લગતા એક કેસની તપાસમાં એવી માહિતી બહાર આવી હતી કે, ૨૩ જેટલી બોગસ પેઢીઓ ખોલીને કોઈ પણ માલ સપ્લાય કર્યા વગર માત્ર બોગસ બિલિંગ કરીને મોટા પ્રમાણમાં કરચોરી કરાઈ રહી છે. અધિકારીઓ દ્વારા આ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવતાં બહાર આવ્યું કે ૨૩ પેઢી પૈકી ૧૪ પેઢી દ્વારા બોગસ બિલિંગ કરીને ૧૦૨.૨૫ કરોડની આઈટીસી મેળવી લેવામાં આવી છે. આ પેઢીઓએ માત્ર કાગળ ઉપર માલ સપ્લાય કર્યો હોવાનું બતાવીને ૪૫ કરોડ રૂપિયાના બોગસ બિલો બનાવી દીધાં હતાં. વધુ તપાસ કરતાં બહાર આવ્યું હતું કે, કેસ જતીન સાકરિયા અને વૈભવ બોરિચા આ કૌભાંડના સૂત્રધારો છે. બંને દ્વારા છેલ્લાં દોઢ વર્ષમાં ૫૪૫ કરોડ રૂપિયાનાં બોગસ બિલ બનાવીને કૌભાંડ આચરાયું હતું.

જતીન સાકરિયા અને વૈભવ બોરિચાની રાજકોટમાં આવેલી ભાડાની ઑફિસોમાં દરોડા પડાતાં મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો, બોગસ ઇનવોઈસ, મોબાઈલ, કોમ્પ્યુટર અને ડિજિટલ ડિવાઇસ મળી હતી કે જેમાં તેમના કૌભાંડના પુરાવા છે.

ડીજીજીઆઈનાં ટોચના સૂત્રોએ જણાવ્યું કે, જતીન સાકરિયા દ્વારા જીએસટી વિભાગના અધિકારીઓ સાથે સેટિંગ કરીને વહીવટ કરવામાં આવતો હતો અને બોગસ કંપનીઓના જીએસટીના નોંધણી નંબરો મેળવવામાં આવતા હતા. આ ઉપરાંત જીએસટી રિટર્નનું પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સાથે મળીને સંકલન કરવામાં આવતું હતું કે જે બોગસ ઇનવોઈસ બનાવવામાં મદદગારી કરતા હતા. આ રીતે બોગસ ઇનવોઈસ તૈયાર કરીને અન્ય વેપારીઓને આપવામાં આવતા હતા અને પછી ઈનપુટ ટૅક્સ ક્રેડિટ મેળવી લેવાતી હતી.

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં ૫.૮૩ લાખ યુવાનને રોજગારી મળીઃ કુંવરજી બાવળિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી મળી? તે અંગે કુંવરજીભાઈ બાવળિયા દ્વારા સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો હતો. કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું કે, ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓમાં ૬,૯૨,૬૨૧ ઉમેદવારની નોંધણી કરાવી હતી. આ સંખ્યામાં ૬,૨૮,૭૨૯ ઉમેદવાર શિક્ષિત અને ૬૩,૮૯૨ અર્ધશિક્ષિત હોવાનું પણ પ્રધાને જણાવ્યું હતું. ૬,૯૨,૬૨૧ ઉમેદવારમાંથી કુલ ૫,૮૩,૪૯૫ યુવાનને વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક રોજગારી પૂરી આપવામાં આવી હોવાનું કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રોજગાર વિનિમય કચેરીઓ માત્ર બેરોજગારો માટે જ નહીં, પરંતુ ઉચ્ચ અભ્યાસ અને સારી કારકિર્દીના માર્ગદર્શન માટે પણ યુવાનો માટે એક મહત્ત્વનું કેન્દ્ર બની છે, જેના પરિણામે રાજ્યના યુવાનોને રોજગારી મળી રહી છે. મહત્ત્વની વાત એ છે કે, આ તમામ નોકરીઓ મુખ્યત્વે મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, આઈટી, બૅંકિંગ અને વીમા ક્ષેત્ર જેવા ખાનગી એકમોમાંથી આપવામાં આવી છે. બાવળિયાએ વધુમાં જણાવ્યુ હતું કે,સરકાર દ્વારા ખાનગી ક્ષેત્રની સાથે સાથે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત જાહેર સેવા આયોગ અને પોલીસ ભરતી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી પારદર્શક રીતે ભરતીઓ પણ કરાઈ રહી છે. આ સાથે 'અનુબંધમ' પોર્ટલ દ્વારા હવે નોકરીદાતા અને નોકરી વાંચ્છુઓ એકબીજાના સંપર્કમાં આવી શકે છે.



કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ભારતનું ન્યાયતંત્ર ખુદ દૂધે ધોયેલું છે ખરું ...?

**રાજકારણ, વહીવટી તંત્ર કે જાહેર જીવનના ભ્રષ્ટાચારનો ઉલ્લેખ જ નથી કરાયો ને માત્ર ન્યાયતંત્રના ભ્રષ્ટાચારની જ વાત કરવામાં આવી છે એવા મુદ્દાને લઈને એક પાઠ્ય પુસ્તક સામે દેશની સર્વોચ્ચ અદાલતે આંખ લાલ કરીને એની સામે કામ ચલાવવાનો કડક આદેશ આપ્યો છે, પણ ન્યાયતંત્ર સાથે સંકળાયેલા અનેક લોકો ભૂતકાળની સંખ્યાબંધ ઘટનાઓ ટાંકીને ભારતીય ન્યાયતંત્રમાં ભારોભાર ભ્રષ્ટાચાર વ્યાપેલો છે એ દિશામાં આંગળી ચીંધે છે.**

ભારતમાં સ્કૂલોનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરતી 'નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ જ્યુડિશિયલ કરપ્શન-ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેના મુદ્દાને સ્પર્શ કર્યો તેમાં તો બબાલ થઈ ગઈ છે. ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં 'ન્યાયિક ભ્રષ્ટાચાર-જ્યુડિશિયલ કરપ્શન'નું પ્રકરણ સમાવામાં આવ્યું તેમાં તો લાલચોળ થઈ ગયેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતે 'ન્યાયતંત્રને ખોટું બદનામ કરવામાં આવે છે.' એવો આક્ષેપ કરીને કડક તપાસના આદેશ આપી દીધા. એની સાથે સુપ્રીમ કોર્ટે જ્યુડિશિયલ કરપ્શન ચેપ્ટરવાળા પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો કે તરત જ તપાસના આદેશથી ફફડેલા NCERT ના કારભારીઓએ તમામ પુસ્તક બજારમાંથી પાછાં મંગાવી લીધાં છે. એમના કહેવા પ્રમાણે ઈ-બુક અપલોડ થઈ નહોતી અને પુસ્તકની ૩૨ જ નકલો વેચાઈ હતી ને બધી નકલો પાછી ખેંચી લેવાઈ છે. ઉપરાંત નિષ્ણાતોની સલાહને આધારે આખું પ્રકરણ નવેસરથી લખવાની જાહેરાત પણ કરી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્કૂલમાં ભણતાં છોકરાંને ન્યાયતંત્રના ભ્રષ્ટાચારના પાઠ ભણાવાય તેની સામે નારાજગી વ્યક્ત કરી હોવાનું કહેવાય છે. સામાન્ય રીતે NCERT સહિતની સંસ્થાઓ આવી ચાંપલાશ સરકારના ઈશારે જ કરતી હોય છે. આ કિસ્સામાં આ સંસ્થા NCERT એ જાતે જ દોઢ ડહાપણ કરેલું, પણ પછી સુપ્રીમ કોર્ટના આકરા તેવર જોઈને સરકાર ફફડી ગઈ એ ખબર નથી પણ મોદીની નારાજગી પછી શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને પણ બિનશરતી માફી માગી લીધી. સરકારે પુસ્તક લખનારા બે લેખકોને આ અક્ષમ્ય ભૂલ બદલ પાઠ્યપુસ્તકો લખવા પર આજીવન પ્રતિબંધ જાહેર કરી દીધા છે.

આ પછી પણ સુપ્રીમ કોર્ટ ઠંડી પડી નથી એ જોતાં NCERT ટીમાંથી હજુ બીજા બે-ચારને બલિના બકરા બની જશે એવું લાગે છે.

સુપ્રીમ કોર્ટને આ પ્રકરણમાં બે મુદ્દે વાંધો પડ્યો છે. પહેલો વાંધો એ છે કે, રાજકારણ, વહીવટી તંત્ર કે જાહેર જીવનના ભ્રષ્ટાચારનો ઉલ્લેખ જ નથી કરાયો ને માત્ર ન્યાયતંત્રના ભ્રષ્ટાચારની જ વાત કરવામાં આવી છે.

બીજો વાંધો એ છે કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારની વાત પાયાવિહોણી હોવા છતાં છોકરાંને આ વાતો ભણાવીને તેમના માનસમાં ન્યાયતંત્ર વિરુધ્ધ ઝેર ભરવામાં આવી રહ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે તો તેની પાછળ કોઈ કાવતરું હોવાની આશંકા પણ વ્યક્ત કરી છે અને આ કેસની તપાસ પોતે જ કરશે એવું એલાન પણ કર્યું છે.

ચીફ જસ્ટિસની તપાસમાં શું બહાર આવશે એ ખબર નથી પણ સુપ્રીમ કોર્ટ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના મુદ્દે વણજોઈતી આક્રમકતા બતાવી રહી હોય એવું લાગે છે. ચીફ જસ્ટિસે આક્રોશ ઠાલવ્યો છે કે, આ દેશના ન્યાયતંત્રને ભ્રષ્ટ ગણાવીને બદનામ કરવાનો કોઈને અધિકાર નથી. વાસ્તવમાં ન્યાયતંત્ર સાથે સંકળાયેલા સંખ્યાબંધ લોકો જ પહેલાં કહી ચૂક્યા છે કે, ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે.

સંખ્યાબંધ ઘટનાઓ એવી બની છે કે, જેના કારણે ન્યાયતંત્ર ભ્રષ્ટ હોવાનું સાબિત થાય. આમ છતાં દેશની સુપ્રીમ કોર્ટ પોતે એ ઘટનાઓને ધ્યાનમાં લેવા પણ તૈયાર નથી એ જોઈને આઘાત લાગે છે. સુપ્રીમ કોર્ટ વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરીને ન્યાયતંત્રનાં પાપો પર પડદો ઢાંકવા મથી રહી હોય એવું લાગી રહ્યું છે.

આપણા ચીફ જસ્ટિસને ભલે લાગતું હોય કે, ન્યાયતંત્ર દૂધે ધોયેલું છે પણ કેટલીક ઘટનાઓ પર નજર નાંખશો તો સમજાશે આ વાત વાસ્તવિકતાથી સાવ વેગળી છે. ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર પ્રવર્તે છે તેનો સૌથી મોટો પુરાવો જસ્ટિસ રામાસ્વામી સામેની ઈમ્પિચમેન્ટ મોશન છે. સુપ્રીમ કોર્ટના જજ વી. રામાસ્વામી સામે ભ્રષ્ટાચાર મુદ્દે ૧૯૯૩માં મહાભિયોગની કાર્યવાહી કરવામાં આવી હતી. ભારતમાં ઈમ્પીચમેન્ટ મોશન લાવીને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હોય તેવા રામાસ્વામી પહેલા જજ હતા. જસ્ટિસ રામાસ્વામીએ પંજાબ અને હરિયાણા (ચંદીગઢ) હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે બેફામ ભ્રષ્ટાચાર કર્યો હોવાથી તેમની સામે ઈમ્પિચમેન્ટ મોશન દાખલ થયેલી. જોકે આ દરખાસ્ત પસાર ના થતાં રામાસ્વામી બચી ગયેલા પણ તેમની સામેનો ભ્રષ્ટાચારનો કેસ હોવાનું સંસદીય સમિતીએ સ્વીકારેલું તેથી એ દૂધે ધોયેલા તો નહોતા.

આ જ રીતે કોલકાતા હાઈકોર્ટના જજ જસ્ટિસ સૌમિત્ર સેન સામે ૨૦૧૧માં નાણાકીય ગેરરીતિઓનો આક્ષેપ લાગ્યો હતો.

રાજ્યસભામાં તેમની વિરુદ્ધ મહાભિયોગ ચલાવવા બહુમતીથી મતદાન થયું હતું પણ લોકસભામાં કાર્યવાહી એ પહેલાં જસ્ટિસ સેને રાજીનામું આપી દીધું હતું. સિક્કિમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પી. ડી. દિનાકરન સામે પણ ઈમ્પિચમેન્ટની કાર્યવાહી શરૂ થવાની હતી પણ તેમણે પણ રાજીનામું ધરીને બેશરમીથી બચવાનું પસંદ કરેલું. ૨૦૧૬માં આંધ્ર પ્રદેશ અને તેલંગણા હાઇ કોર્ટના જસ્ટિસ નાગાર્જુન રેડ્ડીએ એક દલિત જજ સામે કિન્નાખોરી રાખવા બદલ રાજ્યસભાના ૬૧ સભ્યે મહાભિયોગની અરજી કરી હતી. બાદમાં ૫૪ સભ્યે અરજી પાછી ખેંચતાં જસ્ટિસ રેડ્ડી આબાદ ઉગરી ગયા હતા.

આ તો હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજોની વાત કરી, બાકી નીચલી અદાલતોમાં તો આવા ખરડાયેલા જજોનો તોટો નથી. શાંતિ ભૂષણે ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આક્ષેપ કરેલો કે, સુપ્રીમ કોર્ટના આઠ ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ભ્રષ્ટ હતા. સુપ્રીમ કોર્ટે ભૂષણની અરજીને સ્વીકારીને તપાસના આદેશ નહોતા આપ્યા પણ જસ્ટિસ રાજેન્દ્રમલ લોઢા ભારતના ચીફ જસ્ટિસ બન્યા ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે, ભારતીય ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે અને આ ગંભીર સમસ્યા છે.

હવે ચીફ જસ્ટિસ લોઢા જે વાત સ્વીકારી ચૂક્યા છે એ વાત જસ્ટિસ સૂર્યકાંતને આકરી લાગે છે. સુપ્રીમ કોર્ટનાં જજ જસ્ટિસ રૂમા પાલે સાથીઓના અન્યાય વર્તન સામે ચૂપ રહેવું, ન્યાયતંત્રની સ્વતંત્રના નિયમોના ધજાગરા ઉડાડવા, જજોની નિમણૂકમાં ભ્રષ્ટાચાર,સગાવાદ,અહંકાર વગેરે સાત પાપ ઉચ્ચ ન્યાયતંત્રમાં ઘૂસી ગયાં છે એવું નિવેદન કરીને સૌને ઉઘાડા પાડી દીધેલા.

જજો ભ્રષ્ટાચારના કેસમાં સામેલ હોય એવી ઘટનાઓ પણ બની છે. હજુ થોડા સમય પહેલાં જ દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે લાગેલી આગ બુઝાવવા ગયેલા ફાયર બ્રિગેડના જવાનોને કરોડો રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. આ ઘટનામાં લાગતા-વળગતાએ ભીનું સંકેલવા બહુ મથામણ કરી હતી.

આમ ભારતના ન્યાયતંત્રમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારનું આ ટ્રેલર છે ને આવા ઢગલાબંધ કિસ્સા છે તેમ છતાં સુપ્રીમ કોર્ટને લાગતું હોય કે, ન્યાયતંત્ર દૂધે ધોયેલું છે તો કોઈ શું કરી શકે? પણ શાહમૃગ રેતીમાં મોં છૂપાવી લે તેના કારણે તોફાન નથી એવું થોડું સાબિત થાય? ■

## ૫.૪ કરોડ પેન્ડિંગ કોર્ટ કેસ નિકાલ કરતાં ૩૦૦ વર્ષ લાગે !

ભારતીય અદાલતોમાં અત્યારે ૫.૪ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે. આ પૈકી ૪.૭ કરોડથી વધુ કેસ જિલ્લા અને નીચલી અદાલતોમાં છે. આમાં સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટો પણ પાછળ નથી. હાઈ કોર્ટોમાં લગભગ ૬૩ લાખથી વધુ જ્યારે સુપ્રીમ કોર્ટમાં ૮૭ હજારથી વધુ કેસ પેન્ડિંગ છે. હવે કોઈ નવા કેસ ના આવે તો પણ આ કેસોનો નિકાલ કરવામાં ૩૦૦ વર્ષથી વધુ સમય લાગી શકે છે !

મોટા ભાગના કેસો પેન્ડિંગ હોવાનું કારણ ન્યાયતંત્રમાં પ્રવર્તતો ભ્રષ્ટાચાર છે. વકીલો -ન્યાયાધીશોની સાંઠગાંઠમાં કેસો લંબાવ્યા કરે છે અને અસીલોને ખંખેર્યા કરે છે. વકીલો સાથેની સાંઠગાંઠમાં ન્યાયાધીશો તારીખ પર તારીખ આપ્યા કરે તેમાં ઘણા કેસો તો ૪૦-૪૦ વર્ષથી પેન્ડિંગ છે. લગભગ ૧.૮૦ લાખથી વધુ કેસ ૩૦ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે.

આ કેસોમાં ૬૬ ટકાથી વધુ પેન્ડિંગ સિવિલ કેસ છે ને મોટા ભાગના જમીન અને મિલકતના વિવાદોને લગતા છે.

આ બધા વચ્ચે અદાલતો આકરું વલણ અપનાવીને અસીલોને સમાધાન કરવાની સૂચના આપે તો તરત નિવેડો આવી જાય,પણ તેના કારણે વકીલો અને ન્યાયાધીશોની દુકાન બંધ થઈ જાય તેથી અનેક કેસ અવિરત ચાલ્યા જ કરે છે.

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# AI પાસેથી બરાબર કામ લેવું છે?

## એના માટે શીખવા જેવું છે પર્ફેક્ટ પ્રોમ્પ્ટિંગ...




દિલ્હીના ભારત મંડપમમાં યોજાયેલી વૈશ્વિક સમિટ AI ગ્લોબલ મિટમાં અને ટેક્નોલોજીની દુનિયામાં સૌથી વધુ જેની ચર્ચા થાય છે એનું નામ AI છે.

સમિટ શરૂ થઈ એના એક મહિના પહેલા જ ભારતીય સર્જન સર્વમ AIની જોરશોરથી ચર્ચા થઈ હતી. એપ્રિલ ૨૦૨૪માં જ્યારે પહેલીવાર વોટ્સએપ પર ચેટબોટ મેટા શરૂ થયું એ સમયે મોટાભાગના લોકોનું માનવું હતું કે, આ પ્રિડિફાઈન ચેટબોટ છે. મેટા ફીચર જ્યારે વોટ્સઅપમાં આવ્યું ત્યારે લોકો એમની સાથે રીતસર પોતાના મિત્રની જેમ વાતચીત કરતા થયા. મેટાથી નાની- મોટી વસ્તુઓનું સર્ચ હવે આંગળીના ટેરવે સરળ બન્યું. ચેટ જીપીટી હોય, પરપ્લેક્સસિટી હોય, ડીપએઆઈ હોય કે પછી જેમિની ... આ તમામ AI મોડેલ પાસે માહિતીનો ભંડાર છે, ઓડિયો વીડિયો અને ફોટોની ભરમાર છે. હજુય એવા લોકો છે જે આ વિશાળ ડિજિટલ ખજાના સુધી પહોંચી શકતા નથી. આ પાછળનું કારણ 'પ્રોમ્પ્ટ' નામની ચાવી છે. આ ચાવી મારતા કે વાપરતા જેને આવડી ગયું સમજો AI એના કંટ્રોલમાં આવી ગયું.

### પ્રોમ્પ્ટ એટલે?

સીધી અને સરળ વ્યાખ્યા કરીએ તો એવી લાઈન્સ, કિવર્ડ અને પ્રશ્ન, જે AI પાસેથી કામ લેવા માટે પહેલા ઈનપુટ કરીને તેના ચેટ બોક્સમાં નાખવામાં આવે છે. એક પ્રકારના આદેશ, કમાન્ડ, ઓર્ડર કે રીક્વેસ્ટ, ઈત્યાદિને AIની પરિભાષામાં પ્રોમ્પ્ટ કહેવાય. આ પ્રોમ્પ્ટ AI ને કહે છે કે, જે તે યુઝર્સને શું જોઈએ છે? ટેક્નોક્રેટના મત અનુસાર આ પ્રોમ્પ્ટ જેટલા ચોક્કસ એટલું જ પરિણામ પર્ફેક્ટ. થોડું અમથું સાચું-ખોટું હશે તો એ સમજી જશે. એક જ પ્રકારનું કામ લેવા માટે વારંવાર એને કહેવાનું નથી, જેમકે ઈન્સ્ટાગ્રામ પર ક્લિક કરેલા ફોટો માટે મસ્ત હેશટેગ, જે ટ્રેન્ડી હોય જે તે સમયે સૌથી વધુ લોકોએ યુઝ કરેલા હોય એ ટેગ એકથી વધુ ફોટો માટે જોઈએ તો વારંવાર ફોટ છે, ફોટો છે. એવું કહેવાની જરૂર નથી.

### કેમ ખબર પડે સાચું-ખોટું?

AI એ કોઈ ભગવાન નથી અને નથી કોઈ જાદુગર. AI એ એક માનવનિર્મિત સર્વર છે, જેમાં વ્યવસ્થિત રીતે ડેટાનો મર્જ કરીને જે રીતે લાઇબ્રેરીમાં વિષયવાઈસ પુસ્તક ગોઠવવામાં આવે છે એમ એ ડેટાને ગોઠવવામાં આવ્યો છે. ચેટજીપીટીની સર્જક કંપની ઓપન AIના સહસ્થાપક ગ્રેગરી બ્રોકમેન ત્યાં સુધી કહે છે કે, એક્યુરેટ પરિણામ જોઈતું હોય તો પર્ફેક્ટ પ્રોમ્પ્ટ નાખો, જેવો કોડવર્ડ એવી ભાષા. હવે આટલું જાણ્યા બાદ સ્વાભાવિક રીતે સવાલ થાય કે, ઈનપુટ સાચું કે ખોટું એની ખબર કેમ પડે? સરળ પણ થોડું નિરીક્ષણ માગી લે એવી પદ્ધતિ છે. AIને જ્યારે પણ ઈનપુટ આપવામાં આવે છે ત્યારે એની પાસે કોઈ સિટી, દેશ, રાજ્ય કે ગામની કોઈ જ મર્યાદા નથી હોતી. આવા સમયે જે જવાબ આવે છે એ યુનિવર્સિલ આપે છે. દાખલા તરીકે: પ્રોમ્પ્ટ આપ્યો- દુનિયામાં શિપના પ્રકાર કેટલા? આ શિપની ઉંમર કેટલી? અહીંયા એ મુંઝાઈ જશે શિપ એટલે વિશાળ ક્રૂઝ કે ઘેટું? આને કહેવાય અધૂરો પ્રોમ્પ્ટ અથવા મલ્ટિઆન્સર કિવર્ડ. દુનિયામાં શિપ-ક્રૂઝના પ્રકાર કેટલા? અને ઈન્ડિયામાં કઈ જગ્યા એ તૈયાર થાય છે? એની કિંમત કેટલી? આ વિશે વિગતવાર માહિતી આપો. આ માહિતી શિપ પર તૈયાર થતા એક રિસર્ચ માટે જોઈએ છે. આ છે પર્ફેક્ટ પ્રોમ્ટ.

બીજા શબ્દોમાં હેતુ સ્પષ્ટ હશે તો પરિણામ ઝડપથી આપશે. ૮૯% યુઝર જ્યારે કોઈ પણ માહિતી વિશે સર્ચ કરે છે ત્યારે એને વિષયલક્ષી વિવિધતામાંથી એ વસ્તુ મળી જાય છે જે એના મૂળ પ્રશ્ન કરતાં સાવ જુદી જ હોય છે. વિષયાંતર ભલે ન થાય પણ મૂળ પ્રશ્નથી યુઝર ફંટાય છે. આવું ગૂગલ ખુદ કહે છે. AI પ્રોમ્પટમાં જ્યારે હેતુ જ AIને કહી દેવામાં આવશે તો એ વિષયાંતર નહીં કરે અને જવાબ પર એ જ મૂળ મુદ્દાને સંબંધિત આપી દેશે. પર્ફેક્ટ પ્રોમ્પ્ટ લખવા માટે હેતુ, વિષય કે મુદ્દો સ્પષ્ટ રાખો. એક્ઝેટ લોકેશન કહેવાની જરૂર નથી પણ દેશમાં, રાજ્યમાં, દુનિયામાં, જે તે ક્ષેત્રનું નામ લખી એ ક્ષેત્રમાં, આવા શબ્દનો ઉપયોગ કરો. જે ભાષામાં ઈનપુટ આપશો એ જ ભાષામાં એ જવાબ આપશે. આ સાથે જે પરિણામ જોઈએ છે એનું ફોર્મેટ કહી દો. જેમ કે, આંકડાનું ટેબલ બનાવજો, વિગતવાર પોઈન્ટ રૂપે આપજો, સ્ક્રિપ્ટ જોઈએ છે કે નિબંધ, ટૂંકું કે લાંબું, શબ્દ મર્યાદા હોય તો એ પણ મૂકો કે, ૩૦૦ શબ્દોમાં. હા, ડેટામાં હિંસા, પોર્નોગ્રાફી, પોર્ન મોડેલ, લિંક, વિવાદ જેમાં ક્રૂર હિંસા હોય અને ચિતરી ચડે એવા ડેટા હશે તો જાણ બહાર આઈપી એડ્રેસ પણ ફોકસમાં રાખશે. સો બી કેરફૂલ.

રેફરન્સ આપવાનું રાખો. દુનિયાના કોઈપણ વિષય સાથે એના કેટલાક નિષ્ણાતો જોડાયેલા હોય છે. પ્રોમ્પ્ટ આપતી વખતે જે તે વિષય સંબંધિત દેશ કે દુનિયામાં એ વ્યક્તિએ આપેલું યોગદાન, રિસર્ચ કે ક્વોટ અંકિત કરી દો. પરિણામ આવ્યા બાદ તેને ક્રોસ વેરિફાઈ કરો. આનાથી પરિણામ ઓથેંટિકેટ થશે અને તમારા રીઝલ્ટ પર શંકાની સોય ક્યારેય નહીં ઊઠે. આમ AI પ્રોમ્પ્ટિંગ એ AI પ્રોગ્રામિંગ અને ટુલ્સ વેરિએશન વિષયનો એક ભાગ છે. આ વિષય પર ઘણુંય લખી શકાય છે. એના શોર્ટકટ શીખી શકાય એમ છે. ફોટો કે વીડિયો જનરેટ કરવા હોય તો ૫થી ૧૦ વારથી વધુ રીજનરેટના ઈનપુટ ન આપશો. આવું કરવાથી AI જે તે આઈડી કે આઈપી એડ્રેસ બ્લોક કરી દેશે અને ખબર પણ નહીં પડવા દે. બને ત્યાં સુધી અંગ્રેજીમાં પ્રોમ્પ્ટ આપવાનું રાખો. સ્માર્ટવર્ક એ પણ કે પ્રોમ્પ્ટ કેમ અને શું નાખવો એનું પણ ગૂગલ કરી દો. એની પણ વેબસાઈટ છે જ. તૈયાર પ્રોમ્પ્ટમાં ધાર્યું પરિણામ ન પણ આવે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*મેટાને સૌથી વધુ પ્રોમ્પ્ટ ક્યા મળ્યા?*
*જવાબથી આશ્ચર્ય થશે ;*
*'મને બાયો લખી આપો, જેમાં ઈમ્પેક્ટ પડે એવા શબ્દો હોય!'*

---

સૉલ ઓફ ટૂર

# ચીન અહીંનો પ્રવાસ માત્ર સ્થળ નહી, પરંતુ અનુભવ, વિશ્વાસ અને નવી દ્રષ્ટિની સફર છે



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

*આજના સમયમાં ઇન્ટરનેશનલ ટ્રાવેલ માત્ર ફોટોગ્રાફ્સ અને સાઇટસીઇંગ સુધી સીમિત નથી રહ્યો. ટ્રાવેલિંગ હવે અનુભવ, સમજ અને આત્મવિશ્વાસ વધારતો સફર બની ગયો છે. ચીન મોટા ભાગનાં લોકો માટે ખૂબ દૂર, વિશાળ અને અજાણ્યો દેશ લાગે એવું ડેસ્ટિનેશન છે, પરંતુ યોગ્ય પ્લાનિંગ, માર્ગદર્શન અને કમ્ફર્ટ સાથે એ જીવનમાં એકવાર જરૂર કરવો જોઈએ એવો અનુભવ બની શકે છે. ઑરોરા ટ્રાવેલ્સની આ વિશેષ ચીન ટૂર પાછળની વિચાર-ધારા, આયોજન અને પ્રવાસીઓ માટે રચાયેલ આ અનુભવ અંગે અમે વાત કરી ધવલ જાંગલા સાથે.*





**★ પ્રશ્ન: ધવલભાઈ, ઑરોરા ટ્રાવેલ્સ માટે ચીનને ફ્લેગશિપ ઇન્ટરનેશનલ એક્સપિરીયન્સ તરીકે પસંદ કરવાની પ્રેરણા શું હતી?**

ધવલભાઈ - ચીન એવી જગ્યા છે જે તમારી માન્યતાઓ અને ધારણાઓને ચેલેન્જ આપે છે. ઘણા લોકો તેને વિશાળ, કોમ્પ્લિકેટેડ અથવા અજાણ્યું માને છે અને તેનાંથી દૂર રહે છે. હું ખાસ કરીને આ માન્યતા બદલવા માગતો હતો. ચીન માત્ર એક ડેસ્ટિનેશન નથી તે એક લાગણી છે, એક એવી વાર્તા છે જે ધીમે ધીમે, લેવલ પ્રમાણે ખૂલે છે. યોગ્ય પ્લાનિંગ, યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય કમ્ફર્ટ સાથે અનુભવવામાં આવે તો આ સફર પ્રવાસીઓ માટે સૌથી સમૃદ્ધ અને જીવનભર યાદ રહે તેવો પ્રવાસ બની શકે છે.

**★ પ્રશ્ન: પ્રવાસીઓ ચીન પહોંચે ત્યારે તમે તેમની અંદર કઈ પહેલી લાગણી જોવા માંગો છો?**

ધવલભાઈ - વિશ્વાસ, નિશ્ચિંત અને શાંતિ. હું ઇચ્છું છું કે તેઓ ચીન પહોંચતા જ શાંત અને સુરક્ષિત અનુભવે. અમે લેન્ડ થતાં જ અમારા મહેમાનોને સમજાય છે કે તેઓ અજાણી ધરતી પર એકલા નથી. ટ્રાન્સફરથી લઈને હોટૅલ, ભોજન, સાઇટસીઇંગ અને દૈનિક આયોજન તેમ જ દરેક વિગત ખૂબ વિચારપૂર્વક અને કાળજીપૂર્વક વ્યવસ્થા કરવામાં આવે છે. એકવાર આ સહજતા અને વિશ્વાસની લાગણી સ્થાપિત થાય પછી પ્રવાસીઓ સાચા અર્થમાં ખુલ્લા મને પ્રવાસ કરે છે અને અનુભવ વધુ ઊંડો બને છે.

**★ પ્રશ્ન: ચીનનો ઈતિહાસ અત્યંત ઊંડો છે. ટૂર તેને કેવી રીતે જીવંત બનાવે છે?**

ધવલભાઈ - ચીનમાં ઇતિહાસ માત્ર મ્યુઝિયમમાં બંધ નથી. તે દરેક રસ્તા, ઇમારત અને સ્થળમાં જીવંત છે, જ્યારે અમારા પ્રવાસીઓ તિયાનઆનમેન સ્ક્વેર પર ઊભા રહે છે ત્યારે તેઓ માત્ર સ્થળ નથી જોતા, પરંતુ રાષ્ટ્રની ધબકાર અનુભવે છે. ફોર્બિડન સિટીમાંથી પસાર થતાં તેઓ માત્ર આર્કિટેક્ચર નથી જોતા, પણ સદીઓની સંસ્કૃતિ, શિસ્ત, મહત્ત્વાકાંક્ષા અને પરંપરા અનુભવે છે અને ગ્રેટ વોલ ઓફ ચાઇના પર પહોંચતા જ કંઈક બદલાઈ જાય છે . અહીં માનવ દ્રષ્ટિ, સંકલ્પ અને ધીરજ શું સર્જી શકે તેની ઊંડી અનુભૂતિ થાય છે.

**★ પ્રશ્ન: ધવલભાઈ હવે ચીનનાં પ્રવાસમાં ભારતીય અને ખાસ વેજિટેરિયન પ્રવાસીઓ માટેનો સૌથી મોટો પ્રશ્ન એટલે ફુડ. એનું તમારી પાસે શું સોલ્યુશન છે?**

ધવલભાઈ - સારું ભોજન માત્ર શરીરની જરૂરિયાત નથી એ ઈમોશનલી આરામ આપે છે અને સુરક્ષાની લાગણી છે. તેથી અમે ખાસ કરીને સાથે રાજસ્થાની મહારાજ લઈ જઈએ છીએ, જે રોજ તાજું શાકાહારી ભોજન બનાવે છે. લાંબા સાઇટસીઇંગનાં દિવસ પછી જ્યારે પ્રવાસીઓ ઓળખીતા સ્વાદ સાથે જમવા બેસે છે ત્યારે તેમનામાં ઘર જેવી લાગણી અને સાથે શાંતિ અને એનર્જી પાછી આવે છે. એકવાર ભોજન અંગેની ચિંતા દૂર થાય પછી પ્રવાસીઓ ડેસ્ટિનેશનને વધુ મુક્તપણે અને આનંદથી માણી શકે છે.

**★ પ્રશ્ન: આ પ્રવાસમાં કયો ભાગ પ્રવાસીઓને સૌથી વધુ આશ્ચર્યચકિત કરે છે?**

ધવલભાઈ - નિઃસંદેહ ચોંગકિંગ. આ શહેરના લોકો શહેર કેવું હોવું જોઈએ એ અંગેની કલ્પના જ સંપૂર્ણપણે બદલાવી દે છે. લિઝિબા મેટ્રો સ્ટેશન પર બિલ્ડિંગમાંથી પસાર થતી મેટ્રો જોઈને દરેક પ્રવાસી આશ્ચર્યચકિત થઈ જાય છે. સાંજનાં સમયે હોંગયાડોંગ કેવ કોમ્પ્લેક્સ પ્રકાશિત થાય ત્યારે ઘણા પ્રવાસીઓ કહે છે કે તેમણે જાણે ફિલ્મના દૃશ્યમાં પ્રવેશ કર્યો હોય એવું લાગે છે અને એ અનુભવ ખૂબ જ અનોખો હોય છે.

**★ પ્રશ્ન: અને જે લોકોને કુદરત અને સિનિક બ્યુટી ગમે છે એમની માટે અહીં શું છે?**

ધવલભાઈ - ત્યારે ઝાંગજિયાજી પ્રવાસનો આત્મા બની જાય છે. ઝાંગજિયાજી નેશનલ ફોરેસ્ટ પાર્કના ઊંચા પિલર્સ તરત જ જોનારને નમ્ર બનાવી દે છે અને કુદરતની ભવ્યતા શીખવે છે. ઝાંગજિયાજી ગ્રાન્ડ કેન્યન ગ્લાસ બ્રિજ પર ચાલવું ભયને પાર કરવાની અનુભૂતિ આપે છે અને તિયાનમેન માઉન્ટનના હેવન્સ ગેટ સુધી પહોંચવું ઘણા માટે ભાવનાત્મક અને આધ્યાત્મિક ક્ષણ બની જાય છે. ઘણા પ્રવાસીઓ કહે છે કે ત્યાં તેઓ માનસિક રીતે હળવાશ અને અંદરથી શાંતિ અનુભવે છે.

**★ પ્રશ્ન: આ ટૂર મોડર્ન ચીનને કેવી રીતે રજૂ કરે છે?**

ધવલભાઈ - આધુનિક ચીન સ્પીડ, કાર્યક્ષમતા અને દ્રષ્ટિનું ઉત્તમ ઉદાહરણ છે. હાઇ સ્પીડ ટ્રેન્સ શહેરોને સહજ રીતે જોડે છે અને લાંબા અંતર જાણે ખૂબ પાસે હોય એવા લાગે છે. શાંઘાઈ ટાવર પરથી શહેર જોતા પ્રવાસીઓને ભવિષ્ય તરફ દોડતી એક નગરી દેખાય છે. છતાં જેડ બુદ્ધા ટેમ્પલની મુલાકાત યાદ અપાવે છે કે આધુનિકતા વચ્ચે આધ્યાત્મિક સંતુલન હજુ મહત્ત્વપૂર્ણ છે.

**★ પ્રશ્ન: આ ચીન ટૂર કોના માટે સૌથી યોગ્ય છે?**

ધવલભાઈ - જેણે પણ ક્યારેક એક વાર વિચાર્યું હોય કે "એક દિવસ હું વિદેશ પ્રવાસ કરીશ" તેમના માટે આ ટૂર આદર્શ છે. પરિવાર, સિનિયર સિટિઝન્સ, કપલ્સ, પ્રથમ વખત ઇન્ટરનેશનલ પ્રવાસ કરતા લોકો અને ખાસ કરીને એવા લોકો જેઓ કમ્ફર્ટ, ભોજન અને માર્ગદર્શન સાથે વૈશ્વિક અનુભવ ઈચ્છે છે. ચીન દૂર લાગે છે, પરંતુ યોગ્ય સપોર્ટ હોય તો સહજ અને આત્મવિશ્વાસ આપતું બને છે.

**★ પ્રશ્ન: આ પ્રવાસમાં ઇન્ડિયન ટૂર મેનેજરની ભૂમિકા કેટલી મહત્ત્વપૂર્ણ છે?**

ધવલભાઈ - ખૂબ જ મહત્ત્વની. ઇન્ડિયન ટૂર મેનેજર માત્ર ગાઇડનું કામ નથી કરતા. તેઓ સતત વિશ્વાસ, સહાય અને માર્ગદર્શન ભર્યો આધાર આપે છે. ભાષામાં આવતો અવરોધ, લોકલ કો-ઓર્ડિનેશન, રોજ-બરોજનું આયોજન- બધું તેઓ સંભાળે છે. પરિણામે પ્રવાસીઓ નિરાંતે એક્સપિરીયન્સ, એક્સપ્લોરેશન અને આનંદ પર ધ્યાન આપી શકે છે.

**★ પ્રશ્ન: પ્રવાસ લોકોમાં બદલાવ લાવે છે. આ ટૂર પછી તમે કેવો બદલાવ જુઓ છો?**

ધવલભાઈ - આત્મવિશ્વાસમાં વધારો. હું પ્રવાસીઓને વિશાળ દ્રષ્ટિકોણ, નવી સમજ અને શાંતિપૂર્ણ ગૌરવ સાથે પરત ફરતા જોઉં છું. તેમને સમજાય છે કે વિશ્વ તેમની કલ્પના કરતાં વધુ સહજ છે. ચીનનું વૈવિધ્ય અને વિશાળતા તેમને આ વિશ્વાસ આપે છે.

**★ પ્રશ્ન: અંતે, હજીએ બુકિંગ કરાવતા અચકાતા અને શંકા ધરાવતા લોકોને તમે શું કહેશો?**

ધવલભાઈ- હું કહીશ કે, "યોગ્ય ક્ષણની રાહ ન જુઓ". પ્રવાસ માત્ર વિશ્વ નથી બતાવતો, તમને પોતાની જાત સાથે પણ જોડે છે. જો તમે એક જ પ્રવાસમાં ઇતિહાસ, કુદરત અને ભવિષ્ય અનુભવવા માગતા હો તો ચીન તમને બોલાવી રહ્યું છે. અને ઑરોરા ટ્રાવેલ્સ દરેક પગલે તમારી સાથે ચાલવા માટે તૈયાર છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# હું તો એમ કે' તો તો કે આ ખાનસર તો...


એના ન હોવાના અમારા કારણોમાંથી મુખ્ય એ જ કે એણે જ જો બધું બનાવ્યું હોય...

*સબ્ઝ-ઓ-ગુલ કહાં સે આતેં હૈ*
*અબ્ર ક્યા ચીઝ હૈ ! હવા ક્યા હૈ !*

ગાલિબ આટલો મોટો કવિ અમસ્તો નથી બન્યો. છેલ્લાં ૨૦૦ વર્ષમાં જેણે પણ આ શેર કે આ ગઝલમાં પ્રશ્નાર્થ ટાઇપ કર્યું હોય એણે ગઝલ અને ગાલિબનું બહું મોટું અહિત કર્યું છે. આખીય ગઝલમાં ફકત ઉદ્‌ગારચિહ્‌નો જ છે, પ્રશ્નાર્થ છે જ નહીં. હોવા અને ન હોવાનો કૂટપ્રશ્ન સહેલાઇથી ઉકેલવો હોય તો જોઇ જ જજો આ ગઝલ.

દા. ત. અય નાદાના દિલ! તને શું થયું છે! આ સનાતન નિરંતર, અહર્નિશ, સતત ચાલતા દર્દની દવા ખરી!

એક તો એ નિષ્ફળ છે પૂરેપૂરો... કારણમાં ૧ કે ૫ કે ૧૦ ટકા લોકો દેશોના દેશ હડપ કરી જાય, બાકી બધાના જોતા રહી જવાની સામે. ૨. રંગ અને રૂપમાં આભજમીન જેવડા ફરક આપીને ૩. ન હોવા છતાં મીડલમેનનાં જડબેસલાક નેટવર્ક ઊભા કરીને કે જેથી INTANGIBLE ASSETના ભાવ કાયમ વધ્યા કરે. પાણી બધે સરખા, હવા બધે સરખી, વાદળ, જમીન અને આગનું પણ એવું જ. તો પછી હૃદય લાખ વરસ પહેલાં જેવાં જ રાખ્યાં તો દિમાગને કેમ આટલી બધી ઝડપ આપી?!


નિદા ફાઝલી


મિર્ઝા ગાલિબ


બહાદુરશાહ ઝફર


ખાનસર

*उठ के कपडे बदल घर से बाहर निकल जो हुआ सो हुआ*
*रात के बा'द दिन आज के बा'द कल जो हुआ सो हुआ*

*जब तलक साँस है भूक है प्यास है ये ही इतिहास है*
*रख के काँधे पे हल खेत की ओर चल जो हुआ सो हुआ*

*खून से तर-ब-तर कर के हर रहगुजर थक चुके जानवर*
*लकडियों की तरह फिर से चूल्हे में जल जो हुआ सो हुआ*

*जो मरा क्यूँ मरा जो लुटा क्यूँ लुटा जो जला क्यूँ जला*
*मुद्‌तों से हैं गुम इन सवालों के हल जो हुआ सो हुआ*

*मंदिरोंमें भजन मस्जिदोंमें अजाँ आदमी है कहाँ*
*आदमी के लिए एक ताजा गजल जो हुआ सो हुआ.*

*નિદા ફાઝલી*

મને ખાનસરમાં એટલે જ એક કિરણ દેખાઇ રહ્યું છે. સચોટ વાત છે ખાનની કે ધર્મની વાત કોઇ ધર્મગુરુ કરે તો ધ્યાન દઇને સાંભળજો. કોઈ શંકરાચાર્ય, આચાર્ય, પૂજારી, મોલવી, પાદરી કરે તો સાંભળવી તો ખરી જ. ધર્મની વાત જે દિવસે નેતા બોલે-સમજી જજો એ બેરોજગારી છુપાવે છે, મોંઘવારીને ટલ્લે ચઢાવે છે, સરકારી હૉસ્પિટલનો નીચલી કક્ષાનો ઇલાજ છુપાવી રહ્યો છે, સરકારી સ્કૂલના બિલકુલ ગુણવત્તા વગરના શિક્ષણને છુપાવી રહ્યો છે. અને ધર્મના નામે કૈં પણ કરી શકાય લોકો સાથે કારણકે ધર્મ એ સવાલ છે જ નહીં. ધર્મ તો બહુ મોટી આસ્થા છે. બોલો... મારા વાચક બોલો... આ ખાન એ છોકરડો છે જેની બોલવાની લઢણની મજાક ઉડાવાતી, આજે એ ખાનસર કરોડો વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રેરણામૂર્તિ બની ગયા છે. સાવ સાધારણ હાલત ઘરની. બાપા આર્મીમાં, અને દિકરાએ કોલેજ સુધી ભણતાં ભણતાં ટયુશન પણ શરૂ કર્યાં, અને મજાકો તો ચાલુ જ. આ કોણ છે? આટલું બધું બોલે છે કેમ ભણાવતી વખતે? ખાનનું એક જ મીશન. શિક્ષણને હર ગરીબ સુધી પહોંચતું કરવું. પછી આવી એની યુ ટયૂબ ચેનલ જેમાં જનરલ સાયન્સને પણ ખાન સ્ટેન્ડ અપ કોમેડી માફક ભણાવે. અને ભાઇ ખાન તો જામી ગયો!!! આઇકૉન ને સબ્સક્રીપ્શન અધધધની સંખ્યામાં વધવા માંડયા. અને ખાનસર ભારતના હજી હરામખોર મેકોલેની અસરવાળા શિક્ષણ ક્ષેત્રની એક અત્યંત આવકારદાયક ક્રાંતિ તરીકે પૂજાવા માંડ્યા છે. આગળ જણાવ્યું તેમ આ એક વખતની સર્વની હાંસીપાત્ર વ્યક્તિ આજે અદ્યતન શિક્ષણ પ્રથાના પ્રણેતા તરીકે પૂજાય છે. ખાનસર ભારતનું સૌથી મોટું ઇન્ટરનેટ સ્ટુડન્ટ ઓડિયન્સ બનાવી ચૂકયા છે. જે મજાકમાં હસવાનો ઠઠ્ઠો સહી લે છે, આગળ જઇને એ જ બહુ મોટા પરિવર્તનનો જન્મદાતા બને છે.

ઇબ્રાહીમ ઝૌક, બહાદુરશાહ ઝફરના રાજકવિ, ગાલિબની પ્રતિભાની ખૂબ ઇર્ષ્યા કરતા, ઝૌકના ચમચા ગાલિબને ઉતારી પાડવાનો એક પણ મોકો જતો ના કરે. આજે ગાલિબ કાલીદાસ, ગટે, રિલ્કે ઇ. સાથે મુકાય છે. અને ઝૌક એક બે શેર પૂરતા યાદ કરાય છે.

*હૈ ઔર ભી દુનિયા મેં સુખનવર બહોત અચ્છે*
*કહતે હૈં કી ગાલિબકા હૈ અંદાઝ-એ-બયાં ઔર*

આજે આટલું જ ■

---

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# સત્તા પાસે શાણપણનું ઉત્તમ ઉદાહરણ...

પોર્ટુગીઝોના જુલમોને જડબેસલાક વિરોધ કરીને નાબૂદ કરાવી દીધી, આજે દીવના બસ સ્ટેશનનું નામ તો જેઠીબાઈના નામે છે પરંતુ કચ્છમાં? આપણે સૌ જાણીએ છીએ કે ભારતનો દરિયાઈ માર્ગ પ્રથમ શોધનાર ફિરંગીઓ હતા. ૧૪૯૮માં વાસ્કો-દ-ગામા કાલિકટ બંદરે ઉતર્યો ત્યારથી ફિરંગીઓનો ભારત સાથેનો વેપાર શરૂ થયો. તેમણે ભારત સાથે આશરે એકાદ સદી સુધી ઇજારો રાખ્યો, પરંતુ પછી અન્ય યુરોપિય સત્તાઓના પડકારોને લીધે તેમની આ પદ્ધતિ તૂટી પડી. આમેય ગુલામીના તળે ભારતને ઘણું ભોગવવાનું થયું છે, તેમાં પણ ભાષાકીય, રાજકીય સામાજિક પીડાનું મુખ્ય કારણ બની; ગુલામીની સદંતર પ્રવાહિતા લોકોના ધર્માંતર સુધી અસર પામેલી. દીવમાં આવું જ કઈક હતું. જેમાં અહિંસાના સંગાથી જેઠીબાઈ ખત્રી જે મૂળ કચ્છના હતા અને કચ્છના શૌર્ય, નીડરતાનો ડંકો દીવની ધરતી પર ફિરંગીઓની સામે વગાડયો હતો અને પોર્ટુગીઝો દ્વારા થતી વટાળપ્રવૃત્તિની પ્રથાને જડબેશલાક વિરોધ કરીને નાબૂદ કરાવી દીધી.

કચ્છ જિલ્લાના માંડવીમા જેઠીબાઈનો જન્મ એક બ્રહ્મક્ષત્રિય (ખત્રી) પરિવારમાં થયો હતો અને તેના પિતાનું નામ વલેરા સવજી હતું. જેઠીબાઈ અને તેના પતિ પુંજા પોતાના પરંપરાગત ધંધાના સહારે રોજગારી અર્થે દીવમાં આવીને વસ્યા અને દીવમાં તેનો રંગરેજનો ધંધો ધમધોકાર ચાલતો હતો, પરંતુ જેઠીબાઈના પતિનું નાની વયે અવસાન થતાં ધંધાની સંપૂર્ણ જવાબદારી જેઠીબાઈના શિરે આવી. જેઠીબાઈ રંગાટકલાના ઉત્તમ જાણકાર હતાં અને એના હાથના રંગેલા પાનેતરનું શુકન પણ મોટું. એટલે તેમના હાથથી રંગેલા પાનેતરની માગ પણ લગ્નોત્સુક કન્યાઓ દ્વારા બહોળા પ્રમાણમાં રહેતી.


જેઠીબાઈ

પોર્ટુગીઝોએ ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે ફરમાન બહાર પાડ્યું હતું કે ખ્રિસ્તી ધર્મ સિવાયના અન્ય કોઈ બાળકને પરણાવ્યાં પહેલા જો તેના માતા -પિતા અવસાન પામે તો તે અનાથ બાળકનો કબજો પોર્ટુગીઝ સરકાર લઈ લેશે અને તેને ખ્રિસ્તી બનાવી દેવામાં આવશે. આવો જ એક કિસ્સો જેઠીબાઈના કારખાનામાં બન્યો, ત્યારે બાળકને ધર્માંતર કરતાં જેઠીબાઈએ બચાવી લીધેલા પણ નક્કી કર્યું કે આ કાળા કાયદાને તે નેસ્તોનાબૂદ કરાવીને રહેશે. તેમણે એક ઓઢણી રંગી તેમાં પોર્ટુગીઝ ભાષામાં ભારતીયોને થતા અન્યાયની વાત લખી. તેમણે પોર્ટુગલ જઈને ત્યાંની રાણી 'દોનો લુઇઝા દે ગુસમાના'ને મળીને ફરિયાદ કરી. મહારાણીએ ઓઢણીમાં લખેલી વિગત વાંચી પરાણે ખ્રિસ્તી બનાવી દેવાનો કાયદો રદ કર્યો. ત્યારથી પાન દ જેઠી (જેઠીબાઈની ઓઢણી) શબ્દ પ્રચલિત બન્યો. મહારાણીએ ફરમાન કર્યું હતું કે, દરેક અમલદારે જેઠીબાઈના નિવાસસ્થાન પાસેથી પસાર થાય ત્યારે તેમનાં વાહન કે ઘોડા પરથી ઊતરી જઈ, અદબપૂર્વક ચાલવાનું. આવું માન મેળવનાર દીવમાં તે પ્રથમ ભારતીય સન્નારી તો બની રહ્યાં, પરંતુ ભારતભરમાં આવું સન્માન મેળવનાર એક માત્ર કચ્છી મહિલા તરીકેનું સ્થાન અવિચળ રાખ્યું. કહેવાય છે કે જીવનના સાત દાયકા ગાળ્યા પછી ક્ષયરોગના કારણે તેમનું અવસાન થયું. (જેઠીબાઈ અને દીવ વિશે વાંચેલી નોંધોમાંથી સાભાર.)

જેઠીબાઈ એક એવું ઉદાહરણ છે જેને દરેક સંદર્ભમાં લઈ શકાય તેમ છે. આજની આધુનિક નારીની છબી જોઈએ તો તે સ્વતંત્ર હોય, કસબી હોય, નીડર હોય, સાહસિક હોય વગેરે. આજથી ત્રણસો વર્ષ પહેલા એક સ્ત્રી જે બાંધણીકળાની બેનમૂન કારીગર હતી, ઉદ્યોગ સાહસિક હતી, ક્રાંતિકારી વીરાંગના હતી. ગાંધીજીએ જે અહિંસાના પગલે સ્વાતંત્ર્ય ચળવળ લડી એ અહિંસાના મૂળ કચ્છી જેઠીબાઈએ સદીઓ પહેલા વાવી દીધેલાં અને જુલમી કાયદાને રદ કરાવીને નારીશક્તિની ઓળખાણ આપી હતી. તે નીડર તો હતાં જ પણ એક નારી તરીકે જુલમોની વેદનાની તમામ હદોને સાર્થક કરી શક્યાં. તેણે પરંપરાગત કળાનો ઉપયોગ કર્યો, જે વિદેશી ધરતી પર તેમની બાંધણીકળાના કામણ પથરાતા હતા ત્યાં જઈને અત્યાચાર સામે અવાજ ઉઠાવવાની હિંમત તેમણે કરી.


એ મહિલાએ વીરાંગના બનીને પોર્ટુગલ સરકાર સામે ટક્કર ઝીલી કચ્છનું નામ રોશન કર્યું છે. ૧૮૯૩ની ૧૫ ઑગસ્ટે તે કચ્છી વીર મહિલાની સ્મૃતિમાં દીવમાં એક બસ-સ્ટેશનને તેમનું નામ પણ આપવામાં આવ્યું. પોર્ટુગીઝ શાસિત પૂર્વ આફ્રિકામાં જ્યારે પ્રમુખ માર્શલ કર્મોન લિસ્બનથી ત્યાં ૧૮૩૯માં ગયા હતા ત્યારે ત્યાં એક વિશાળ સભાખંડને 'જેઠીબાઈ સભાખંડ' નામ પણ આપ્યું હતું. એ સિવાય લિસ્બનમાં રાષ્ટ્રીય તૈલચિત્ર મ્યુઝિયમમાં જેઠીબાઈની ઓઢણી હજી પણ અકબંધ સાચવી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દીવમાં ઝાંપા રોડને 'જેઠીબાઈ માર્ગ' એવું નામ આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, શહેરમાં દોડતી બસો પર પણ જેઠીબાઈ ટ્રાન્સપોર્ટ એવું વાંચવા મળે છે, પરંતુ દુઃખની વાત એ છે કે તે અભૂતપૂર્વ મહિલા જેઠીબાઈની યાદગીરીરૂપે તે મહિલાનો જ્યાં જન્મ થયો હતો એ કચ્છના માંડવી શહેરમાં તેમની સ્મૃતિમાં કોઈ માર્ગને નામ આપવાનું તો બાજુએ રહ્યું, પણ તેમના સ્મૃતિ સ્મારકના કોઈ અવશેષ જોવા નથી મળતા. બીજી બાજુ દીવમાંના તેમના નિવાસસ્થાનને 'સ્મારક' બનાવવાનું તેમ જ તેમની જન્મ અને મૃત્યુની તિથિઓ ઊજવવાનું પણ ત્યાંની નગરપાલિકાએ ઠરાવ કર્યો છે. પણ અફસોસની વાત એ છે કે તે પ્રતિભાની તિથિઓ કે તારીખો ક્યાંય ઉપલબ્ધ નથી. વિસ્મૃતિનો અભિશાપ આપણાં સમાજની આદત બની ગઈ છે અને દસ્તાવેજીકરણના મહત્ત્વને સમજણમાં લઈએ તે પહેલા જ પાત્ર ઐતિહાસિક બની જાય જેના કારણે કચ્છની 'જેઠી' જેવી અનેક બાઈયું ગુમનામ હશે, છે કે થશે. (પ્રસ્તુત તસવીર અમદાવાદના પ્રખ્યાત ઇજનેર રામચંદ્ર નરશીના પુત્ર ખૂમચંદના ધર્મપત્ની દેવકોરબાઈ દ્વારા એક સંદર્ભમાં રજૂ થયેલી મેળવી શકાઈ છે.) ■

---

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




યુવતી દર્શન કરીને બજાર ચોક પહોંચી. દર્શન બાદ પુરોહિતની ચાના ચાહકો કુલ્હડમાં ફુદીના અને મસાલાવાળી ચાની જલ્દી જલ્દી ચૂસ્કી મારી રહ્યા હતા. બટાટા પૌઆ, ફાફડા જલેબી, ખસ્તા કચોરી ફટાફટ ઝાપટતા હતા. એમની ઝાપટવાની ઝડપમાં નરી ઉતાવળ હતી. આસપાસ ભમતા ભિખારીઓ નાસ્તો કે ચા અપાવી દેવાની કાકલૂદી કરતા હતા. એવામાં એક ભાવિકનો અવાજ સંભળાયોઃ 'જલદી કરો, બીજા દર્શન અડધો કલાકમાં ખુલશે.' શ્રદ્ધાળુઓની ઝાપટવાની ઝડપ વધી. યુવતીએ ચા લીધી. એ ઝીણી નજરે આસપાસના લોકોની ભાગદોડનો નજારો જોતી ચા પીતી રહી.

દર્શન ખુલ ગયે હૈ ની હાકલ પડી. ભક્તો દોડ્યા. યુવતીએ દોટ ન મૂકી. એના મનની ઉતાવળ કઇંક બીજી હતી. એણે ચાવાળા પુરોહિતને પૂછ્યુંઃ 'ચિત્રકાર દેવીપ્રસાદ શર્માજીનું ઘર કયાં છે?' ચાવાળાએ અજીબ નજરે એની સામે જોતા કહ્યુંઃ 'બજાર ચોકની સામેની ગલીમાં ગોપાલ ભુવન...કોઇને પણ પૂછજો....'

**************

યુવતીએ ગોપાલ ભુવનની સાંકળથી દરવાજો ખખડાવ્યો. થોડીવારે એક મહિલાએ દરવાજો ખોલ્યો.

'દેવીપ્રસાદજી છે?' એણે પૂછ્યું.

'હા, ઉપર સ્ટુડિયોમાં છે.' દેવીપ્રસાદજીના પત્નીએ કહ્યું. એ દાદર ચડીને ઉપર ગઇ. દેવીપ્રસાદ ચિત્ર દોરવામાં વ્યસ્ત હતા. એણે ધીમેથી કહ્યુંઃ 'દેવીપ્રસાદજી?'

'જય ગોપાલા, આવો....બેસો.' દેવીપ્રસાદજીએ એની સામે જોયા વિના બ્રશ કલર ડિશમાં મૂકતાં કહ્યું.

'હું રાધા......'યુવતી બોલી ને દેવીપ્રસાદજીએ રિવોલ્વિંગ ચેર ફેરવીને એની સામે જોયું.

**************

'મૈં અપની એક એજન્ટ કો વહાં ભેજતા હું....વો રાધા બન કર વહાં રહેગી...' આઇબી ચીફ અભયસિંહ રાઠૌડે નેશનલ સિક્યોરિટી એડ્‌વાઇઝરના ઘરે મધરાતે ચાલતી ગંભીર બેઠકમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો.

**************

રાધા અને દેવીપ્રસાદજીની આંખો મળી. રાધા ચારેક ફૂટના સ્ટેન્ડ પર ગોઠવેલા કેનવાસમાં ગોપાલાનાં અધૂરાં ચિત્રને જોવા લાગી.

'સુંદર ચિત્ર છે, પણ કોઇક તો છે જે ગોપાલાનું, આસ્થા અને શ્રદ્ધાના આ ગામનું, આખા દેશનું ચિત્ર બગાડવા માગે છે. ધર્મ અને સંસ્કૃતિને કલંકિત કરીને ધાર્મિક અંધાધૂંધી ફેલાવવાનો ઇરાદો ધરાવે છે. દેશ વિદેશમાં હાહાકાર મચાવવા માગે છે......દેશને અંદરથી ખોખલો કરીને ખડખડાટ હસવા માગે છે.' રાધાએ ચિત્ર પરથી નજર હટાવીને દેવીપ્રસાદની સામે જોયું.

દેવીપ્રસાદજીના ચહેરાનો રંગ ઊતરી ગયો. એમણે પોતાની પિસ્તાળીસ વર્ષની ઉંમરમાં ગોપાલેશ્વર મંદિર પરના ખતરાની વાત પહેલીવાર સાંભળી હતી.

એમણે ગોપાલાના ચિત્ર પર નજર કરી. આ જગવિખ્યાત મંદિરને ઉની આંચ પણ નહીં આવે. દેવીપ્રસાદજીના શબ્દોમાં શ્રદ્ધાનો ટમટમતો દીપક હતો, પરંતુ સામે બેઠેલી એક અવ્વલ દરજ્જાની ઇન્ટેલિજન્સ ઓફિસરની ચિંતાને અવગણી શકાય એમ પણ નહતું.

'મંદિરની પોતાની સિક્યોરિટી છે....સીસીટીવી કેમેરાઓ છે....ને સૌથી મોટી સિક્યોરિટી તો ગોપાલાની ખુદની છે પછી કઇ વાતનો ખતરો, શેનો ખતરો...' દેવીપ્રસાદજીએ કહ્યું.

'શેનો ખતરો એ તો મનેય ખબર નથી....ત્રાસવાદીને શોધવાનો છે....હજારો શ્રદ્ધાળુઓમાંથી પકડવાનો છે. એ જ વખતે દર્શન કરીને બહાર નીકળી રહેલા શ્રદ્ધાળુઓમાંથી એક ઘેઘૂર અવાજ આવ્યોઃ 'રાધે રાધે....'

**************

'રાધે રાધે'....'રાધે રાધે...' ભીડમાંથી ઓસરતો જતો અવાજ ચાવાળા પુરોહિત પાસે જઇને અટક્યો.

'ચા પીવડાવો મારાજ.....' મેલાં અને કધોણા સફેદ ઝભ્ભો-લેંઘો...માથે ઝાંખું કેસરી ફાળિયું....ચૌડી છાતી...પહોળા ખભ્ભા...એની પર ઝુલતા લાંબા વાળ, તપખીરી તેજ આંખોવાળા હટ્ટાકટ્ટા માણસનો અવાજ પુરોહિત ચાવાળાનો પરિચિત હતો.

એણે માથે બાંધેલું ફાળિયું કાઢીને માથું ઝકઝોળીને વાળ છુટ્ટા મૂક્યા ને ફાળિયું કમરે બાંધ્યું. રાઘવ હમણાં હમણાં રોજ આવતો. પુરોહિત મોટા ભાગે ઉકળતા ચાના તપેલાંમાં કડછો ફેરવતો રહેતો, જગમાં ચા ગાળતો રહેતો...કુલ્લડમાં ભરતો રહેતો....ભાગ્યે જ ઘરાકની સામે જોતો....અજાણ્યો અવાજ હોય તો અછડતી નજરે જોઇ લેતો...એણે કુલ્હડ ધર્યું. રાઘવે ગરમાગરમ ચા ઘટઘટ પીને ઝભ્ભાનું ખિસ્સું ફંફોસ્યું. વીસનો સિક્કો કાઢીને આપ્યો ને જય ગોપાલા બોલીને ચાલતો થયો.

'કલ કા પૈસા.....?' પુરોહિતે યાદ કરાવ્યું....

'યે કલ કા હૈ....આજ કા ઉધાર રહા....' માથા પર ફાળિયું બાંધી લેતા બોલ્યો.

'છોરો બિચારો ગૌપાલક હૈ.....કઠે જવાનો...આપી દેશે......' પુરોહિતે મનોમન બબડીને પિત્તળના તપેલાની ધાર પર બેવાર કડછો ઠોક્યો.

************

મીટિંગ પૂરી થયા પછી બધા જવા લાગ્યા ત્યારે નેશનલ સિક્યોરિટી એડવાઇઝરે રોના ચીફ રવિ જયસ્વાલને બેસવાનું કહ્યું.

'જયસ્વાલ, બાંગ્લાદેશ મેં હમારે બંદો કો એક્ટિવ કરો.....ઇસકા રૂટ્સ પાકિસ્તાનમેં હૈ ઔર લિન્ક વેસ્ટ બંગાલ મેં....'

'સર, યે કામ બાંગ્લાદેશ કા આતંકવાદી અન્સારૂલ બાંગલા ટીમ ઔર અલ-કાયદા કા હી હૈ.....ઉસને બાંગ્લાદેશ ઔર પશ્ચિમ બંગાલ કે માલદા કી બોર્ડર પર ટેરરિસ્ટ કેમ્પ જો ખોલ કે રખે હૈ.' રોના ચીફે કહ્યું.

'આપ કે પાકિસ્તાન કે બંદે સે અપડેટ લેતે રહો....' નેશનલ સિક્યોરિટી એડ્‌વાઇઝરે કહ્યું. ને રોના ચીફ રવિ જયસ્વાલના મોબાઇલની રીંગ વાગી.

'સર, એક આદમી માલદા કી બોર્ડર પાર કર ચુકા હૈ...કબ યે પતા નહીં ચલા...ગોપાલેશ્વર મંદિર ટાર્ગેટ પર હૈ...યે પક્કા હૈ...જયહિન્દ.' ફોન કટ થયો.

'ખબર પક્કી હૈ...માલદા બોર્ડર સે ઘૂસા હૈ....' જયસ્વાલે મોબાઇલ બતાવતાં કહ્યું.

'બીએસએફ કો સતર્ક કરો...' નેશનલ સિક્યોરિટી એડવાઇઝરે કહ્યું.

****************

બરાબર એ જ વખતે માલદાની મહાનંદ નદીમાંથી તરતો તરતો એક જણ બહાર આવ્યો.....પાણીથી નીતરતો...ચાલતો...ચાલતો નજીકની એક ઝૂપડીમાં ગયો. કપડાં બદલીને આવ્યો....એક જુદા જ વેશમાં...

***************

'હું રાધા અહુજા. ગુડગાંવથી આવું છું.' રાધાએ મંદિર ટ્રસ્ટ દ્વારા ચાલતી જમુના ધરમશાળાના કાઉન્ટર પર જઇને કહ્યું.

'હાં દેવીપ્રસાદજીનો ફોન આવી ગયો.' ક્લાર્કે લાંબું રજિસ્ટર એની તરફ ફેરવ્યું. તમારું નામઠામ...સરનામું ને બીજી વિગતો લખો. રાધાએ ડિટેલ ભરીને રજિસ્ટર એની તરફ ફેરવ્યું.

**'મંદિર હૈ....ગન મત લે કર જાના....ખૂન નહીં બહાના હૈ...' રોના ચીફે કહ્યું.**

'દેવીપ્રસાદએ મને કહ્યું કે તમે એમની પાસે પેન્ટિંગ શીખવા આવ્યાં છો.'

'હા, એમની પાસેથી ગોપાલાજીના ચિત્રો દોરવાની તાલીમ લેવી છે.'

ક્લાર્કે એના હાથમાં ચાવી આપતાં પૂછ્યુંઃ 'તમારી પાસે કોઇ સામાન નથી.'

'ના, કંઇજ નથી લાવી. બધું અહીંથી ખરીદીશ......પરંપરાગત કપડાં...ચપ્પલ....પેન્ટિંગ માટેના રંગ...બ્રશ....કેનવાસ...બધું જ અહીંનું જ. તાલીમ પૂરી થાય ત્યાં સુધી ગોપાલાજીના રંગે રંગાયેલી રહીશ.' રાધાએ સ્મિત કર્યું.

રાધાના મોહક સ્મિતથી રંગાઇ ગયેલો ક્લાર્ક બોલ્યોઃ 'બરાબર છે મેડમ, તમારું નામ પણ રાધા જ છે.'

'તમારું નામ શું છે....?' રાધાએ પૂછ્યું.

'જગદીશ....' ક્લાર્કનું નામ સાંભળીને એ બોલીઃ 'જય જગદીશ હરે.'

રાધાએ ત્રીજા માળે જઇને આસપાસ નજર કરીને તાળું ખોલ્યું. એને હતું કે કોઇ દેશી જૂના જમાનાની ધરમશાળા હશે...જગ્યા ડિસેન્ટ લાગી. એણે રૂમની બારી ખોલી...એક કુદરતી કેનવાસ એની આંખોમાં સમાઇ ગયું. ગોપાલા મંદિરની ટોચે ફરફરતી ધજા....મંદિરની પાછળ મલકતા નાના-મોટા પર્વતોની ગિરીમાળાનું અલૌકિક સૌન્દર્ય....દૂર સુધી ફેલાયેલું ભૂરું અફાટ આકાશ...સફેદ રૂની પુણીઓ જેવાં વાદળોની નાની મોટી ઢગલીઓ....નિસર્ગની નજાકત જોઇને એને એક પળ માટે બ્રશ અને રંગ લઇને પેન્ટિંગ કરવાની ઇચ્છા સળવળી ને એના સ્મૃતિપટ પર ગુલાબી ઝાંય ઊતરી આવી.

***************

મોડી રાતે અચાનક એના મોબાઇલની રીંગ વાગી હતી. નાઇટ લેમ્પ ઓન કર્યા વિના જ એણે માથું ડાબેથી જમણે ઝાટકીને ફોન લીધો. આ રીતે અચાનક ફોન આવવા એના માટે કોઇ નવી વાત નહતી.

'દસ મિનિટ મેં કાર લેને આયેગી. તુમ્હે ચાર્ટર્ડ પ્લેન સે ઉદયપુર જાના હૈ...વહાં સે બસ મેં બેજલમેડ જાઓગી. બાકી બાતેં રાસ્તે મેં...ગુડલક રાધા અહુજા...' આઇબી ચીફ અભય રાઠૌડે ફોન કટ કર્યો. મિત્સુ આનંદ બેડ પરથી ઉછળીને ઊભી થઇ. કમઓન રાધા અહુજા, નવી ઓળખ...તાજી અસાઇન્મેન્ટ માટે તૈયાર હો જા. આઇબીમાં અભયસિંહ રાઠૌડની ખાસ વિશ્વાસુ ઇન્ટેલિજન્સ ઓફિસર મિત્સુ આનંદ જેટની ઝડપે તૈયાર થઇ. કબાટના લોકર પર ઝડપથી આંગળીઓ ફેરવીને કોડ નંબર નાખ્યો....લોકર ખુલ્યું કે તરત જ એક નાનકડો બર્નર મોબાઇલ કાઢીને બેગમાં મૂક્યો. એણે ગન લેવા હાથ લંબાવ્યો પણ ચીફે કહેલી વાત યાદ આવીઃ 'મંદિર હૈ....ગન મત લે કર જાના....ખૂન નહીં બહાના હૈ...' રાધાએ લોકર બંધ કરીને કાંડા ઘડિયાળમાં જોયું. દસ મિનિટ પૂરી થવામાં હજી બે મિનિટ બાકી હતી. એણે સ્ટેન્ડ પર મૂકેલા અધૂરા પેન્ટિંગ પર નજર કરી. 'સોરી બેબી, તારું ચિત્ર અધૂરું રહી ગયું.....આવીને પૂરું કરીશ. મારે બીજું એક ચિત્ર પૂરું કરવા જવું પડે એમ છે.' મિત્સુએ અધૂરાં ચિત્રમાં પોતાના બોયફ્રેન્ડ ડો.અજય બંસલના હોઠ ચૂમીને બાજુમાં પડેલા સફેદ કપડાથી ચિત્રને ઢાંકી દીધું.

****************

કારમાં બેસતાની સાથે મિત્સુએ અજયને મેસેજ કર્યોઃ 'એક અરજન્ટ કામે જાઉં છું. ખબર નહીં ક્યારે પાછી ફરીશ. મારા પરનો વિશ્વાસ બરકરાર રાખજે. બાય બેબી.' સેન્ડનું બટન દબાવ્યું. અજયે મેસેજ વાંચ્યો.

'આમાં નવું શું છે યાર.....એક જ ટાઇપનો મેસેજ દર વખતે મૂકે છે...ટેમ્પલેટ મેસેજ......ક્યારેક તો તારી સચ્ચાઇ સામે આવી જશે....ગૂડલક ડાર્લિંગ.'

***************

ગૌપાલક છોરા રાઘવે બેજલમેડ ગામ નજીકથી લગભગ અડધો-પોણો કિલોમીટર દૂર આવેલી ગૌશાળામાં પહોંચીને માથા પરથી ફેટો કાઢ્યો.....વાળ છુટ્ટા મૂક્યા...પાણી ભરેલાં તગારાંમાંથી પાણીની છાલકો મોં પર મારી. ગમાણના ખૂંટે લટકતા ગમછાથી મોં લૂછતાં લૂછતાં ગાયોની પીઠ પર હાથ ફેરવતો આસપાસ નજર કરીને ઝૂંપડીમાં ગયો. ઘાસની ગંજીમાં છૂપાડેલી ટોકરીમાંથી બર્નર મોબાઇલ કાઢીને કોલ લગાડ્યોઃ 'કામ હો જાયેગા...સબર સે કામ લેના હોગા...મંદિરમેં ભીડ બહુત રહેતી હૈ....' (ક્રમશઃ)■



Neil Patil
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# નોર્ધર્ન પઝલ

એક વખતે હેલ્સિંકીથી ફ્લાઈટમાં પાછા આવી રહ્યા હતા ત્યારે અમારું જૂથ એક આશ્ચર્યજનક સરળ પ્રશ્ન: સ્કેન્ડિનેવિયા ખરેખર શું છે?પર ઊંડી ચર્ચામાં પરોવાઈ ગયું. આપણે બધા દુનિયાના ખંડોને જાણીએ છીએ. જોકે સ્કેન્ડિનેવિયા? આ શબ્દ ક્યાંથી આવ્યો? તે કયા દેશમાં છે? અને તમે જેમને પૂછો તને આધારે તેનો ઉત્તર બદલાય એવું કેમ લાગે છે? આ ફ્લાઈટની અંદરની ચર્ચા મારી સાથે રહી. આથી આજે ચાલો,નોર્ધર્ન યુરોપમાં આ અદભુત પ્રદેશ આપણે યોગ્ય રીતે ખોજ કરીએ, જે નાટકીય લેન્ડસ્કેપ્સ, લેયર્ડ ઈતિહાસ અને આધુનિક મનોહરતાને સંમિશ્રિત કરે છે, જે બહુ ઓછાં સ્થળો કરી શકે છે.

તો ચાલો, શબ્દ "સ્કેન્ડિનેવિયા"થી શરૂઆત કરીએ. આ શબ્દ વાઈકિંગ યુગમાં બોલાતી નોર્થ જર્મનિક ભાષા ઓલ્ડ નોર્સમાં મૂળિયાં ધરાવે છે.આ શબ્દ "સ્કેની"માંથી આવ્યો હોવાનું માનવામાં આવે છે, જે સ્વીડનનો સધર્ન પ્રદેશ છે, જે પછી તેનું સ્કેન્ડિનેવિયા થઈ ગયું, જેનો અર્થ "પેનિનસુલાની ધરતી" છે. ભૌગોલિક રીતે આ અર્થપૂર્ણ છે. પ્રદેશ સ્કેન્ડિનેવિયન પેનિનસુલા દ્વારા વ્યાખ્યા કરાય છે, જે બાલ્ટિક સી,નોર્થ સી અને આર્કટિક ઓશન દ્વારા ઘેરાયેલું હોઈ સુંદર દરિયાકાંઠો અને અસંખ્ય ટાપુઓથી ભરચક છે. પારંપરિક રીતે સ્કેન્ડિનેવિયા નોર્વે, સ્વીડન અને ડેન્માર્કનો સંદર્ભ છે. જોકે તમે મોટે ભાગે તેમાં ફિનલેન્ડ અને આઈસલેન્ડનો પણ સમાવેશ કરાયો હોવાનું સાંભળો છો. આ મૂંઝવણનું કારણ ભૂગોળ અને સાંસ્કૃતિક ઓળખ વચ્ચેના ભેદમાં રહેલી છે. ભૌગોલિક રીતે ફિનલેન્ડ અને આઈસલેન્ડ સ્કેન્ડિનેવિયન પેનિનસુલાનો હિસ્સો નથી. જોકે સાંસ્કૃતિક અને રાજકીય રીતે તેઓ મજબૂત નોર્ડિક જોડાણ ધરાવે છે. વાસ્તવમાં અમારી વીણા વર્લ્ડ ટુર મેનેજરની તાલીમ દરમિયાનઅમે મોટે ભાગે સમજવામાં આસાની રહે તે માટે સ્કેન્ડિનેવિયા વિશે વાત કરીએ ત્યારે સ્વીજન, નોર્વે, ડેન્માર્ક, ફિનલેન્ડ અને આઈસલેન્ડનો એકત્રિત રીતે સમાવેશ કરીએ છીએ. આ વાટાઘાટ ચાલુ જ છે, પરંતુ નોર્થનો સમાન જોશ તેમને નજીકથી જોડે છે.

હવે સ્કેન્ડિનેવિયા શું છે તે આપણે સમજી ગયા હોવાથી ચાલો આપણે તેને આટલું વિશેષ શું બનાવે છે તે વિશે જાણીએ. નોર્વે તેના અદભુત રષજ્ઞમિત માટે જાણીતું છે. શબ્દ નરષજ્ઞમિસ્ર જૂના નોર્સ નરષશ્વિસ્રિમાંથી આવ્યો છે, જેનો અર્થ તમે પ્રવાસ કરો તે સ્થળ. આ ઊંડા, હિમનદીથી કોતરાયેલું સમુદ્રિ પ્રવેશદ્વાર એક સમયે વાઈકિંગ હાઈવે તરીકે કામ કરતું હતું. આજે તેમના થકી ક્રુઝિંગ કરતી વખતે ઊંચા ઊંચા ખડકો, પાણીના ધોધ અને અરીસા જેવાં પાણીનો નજારો મંત્રમુગ્ધ કરે છે. આ સ્તર ખરેખર અદભુત છે. અહીં નિસર્ગ ડેકોરેટિવ નથી. તે વર્ચસ છે. નોર્વેથી આપણે ઈસ્ટમાં સ્વીડનમાં જઈએ છીએ. સ્વીડન શહેરી આધુનિકતા અને હિંસ્રતા વચ્ચે ઉત્તમ સંતુલન પ્રદાન કરે છે. નોર્થનું વેનિસ તરીકે મોટે ભાગે ઓળખાતું સ્કોટહોમ પુલો દ્વારા જોડાયેલા ચૌર ટાપુઓમાં ફેલાયેલું છે. શહેર સ્વચ્છ, અપ્રતિમ અને બહુ જ મનોહર મહેસૂસ થાય છે. અહીં એક સૌથી અસાધારણ આકર્ષણ વાસા મ્યુઝિયમ છે, જે તેના આરંભિક પ્રવાસમાં જ ડૂબી ગયેલા અને પછી સદીઓ બાદ અદભુત સ્થિતિમાં મળી આવેલા 17મી સદીના યુદ્ધજહાજનું ઘર છે. સ્વીડનના સમુદ્રિ વારસાની શક્તિશાળી યાદગીરી તરીકે તે ઊભું છે. નોર્થમાં સ્વીડિશ લેપલેન્ડ તરફ પ્રવાસ કરતાં વાતાવરણ નાટકીય રીતે બદલાઈ જાય છે. શિયાળામાં નોર્ધર્ન લાઈટ્સ અંધારિયા આકાશમાં નૃત્યુ કરે છે. ઉનાળામાં સૂર્ય ભાગ્યે જ આથમે છે. સ્વીડનનો દરિયાકાંઠો પણ એટલો જ અદભુત છે. 260,000 ટાપુઓ સાથે તેનું આર્કિપેલેગો યુરોપમાં અત્યંત નાજુક દરિયાકાંઠાની લેન્ડસ્કેપ્સમાંથી એક નિર્માણ કરે છે. આ સમુદ્રિ સેર કરવા, ટાપુઓ પર ફરવા અને ધીમા પડવા માટે સ્વર્ગ માનવામાં આવે છે.

આ પછી ડેન્માર્ક આવે છે, જ્યાં ઈતિહાસનો ડિઝાઈન સાથે સંગમ થાય છે અનેનવુલલયસ્રની ફિલોસોફી રોજિંદી જીવનને આકાર આપે છે.ઉષ્મા, આરામ અને સંતોષ આલેખિત કરે છે. કોપનહેગન મનોહર નહેરો, શાહ રજવાડાઓ અને સાઈકલ અનુકૂળ ગલીઓ થકી આ જોશને આલેખિત કરે છે. ડેન્માર્ક એમેલિયનબોર્જ પેલેસ ખાતે રહેતા શાહી પરિવાર સાથે દુનિયામાં સૌથી જૂની રાજાશાહીમાંથી એકનું ઘર છે. તેના આકાર છતાં ડેન્માર્ક શાંતિથી શહેરી નિયોજન, સક્ષમતા અને પુરાતત્વ નાવીન્યતામાં આગેવાની કરે છે. તે નાજુક છતાં ભાવિ વિચાર કરનાર તરીકે મહેસૂસ થાય છે.

હવે ફિનલેન્ડ અને આઈસલેન્ડ વિશે જાણીએ. આ ટેક્નિકલ દ્રષ્ટિથી હંમેશાં સ્કેન્ડિનેવિયામાં સમાવિષ્ટ કરાતા નથી છતાં તેઓ ગુણમાં નિર્વિવાદ રીતે નોર્ડિક છે. ફિનલેન્ડમાં 180,000થી વધુ સરોવરો હોવા છતાં મોટે ભાગે લેન્ડ ઓફ થાઉઝન્ડ લેક્સ તરીકે ઓળખવામાં આવે છે. હેલ્સિંકી આધુનિક નોર્ડિક ડિઝાઈન, સ્વચ્છ રેખાઓ, કાર્યશીલતા અને મનોહરતા પ્રદર્શિત કરે છે. ફિનિશ સંસ્કૃતિ શિક્ષણ, સમાનતા અને નિસર્ગ સાથે ઊંડા જોડાણની કદર કરે છે. બીજી બાજુ આઈસલેન્ડ લગભગ ચમત્કારી જેનું ભાસે છે. જ્વાળામુખીઓ, ગ્લેશિયર્સ, ગિઝર્સ અને જિયોથર્મલ એનર્જીની આ ધરતી છે. દુનિયામાં સૌથી ઉત્તરીય રાજધાની રેકજાવિક તેના અંતરિયાળ સ્થળ છતાં સ્વર્ણિમ છે. મોટા ભાગની આઈસલેન્ડની ઊર્જા જિયોથર્મલ સ્રોતોમાંથી આવે છે, જે નૈસર્ગિક બળો અને આધુનિક જીવન વચ્ચે અનન્ય સૌહાર્દ દર્શાવે છે.

આ દેશોને ભૂગોળ નહીં પણ વિચારધારા જોડે છે. સ્કેન્ડિનેવિયન સમાજો સામાજિક ભરોસો, પર્યાવરણીય જાગૃતિ, ડિઝાઈનમાં ઉત્કૃષ્ટતા અને સંતુલિત જીવન માટે જ્ઞાત છે. જાહેર પ્રણાલીઓ કાર્યક્ષમ રીતે કામ કરે છે. શહેરો ક્રમબદ્ધ દેખાય છે. નિસર્ગનો બહુ આદર કરાય છે. આ સાદગી તાજા સીફૂડ, બેરી, બ્રેડ્સ અને સુંદર રીતે તૈયાર કરાયેલા ડેઝર્ટસ હળવા છતાં અત્યંત સ્વાદિષ્ટતામાં પ્રદર્શિત થાય છે. તો ખરેખર સ્કેન્ડિનેવિયા શું છે? આ ભગોળ છે, હા. તે સંસ્કૃતિ છે, નિશ્ચિત જ. આ રષજ્ઞમિત, જંગલો, સાઈકલો, સૌનાઝ અને નોર્ધર્ન લાઈટ્સ છે. આધુનિક લોકશાહીની ભીતર છુપાયેલો આ વાઈકિંગ ઈતિહાસ છે. આ ભવ્ય પ્રદર્શનને બદલે શાંત આત્મવિશ્વાસ છે. હેલ્સિંકીમાં ફ્લાઈટ પર આ ચર્ચા નનામી ઉત્તર વિના પૂરી થઈ, પરંતુ દેખીતી રીતે જ તેનું આ જ સૌંદર્ય છે. સ્કેન્ડિનેવિયા કઠોર વ્યાખ્યામાં બંધાયેલું નથી. આ પ્રદેશ અનુભવ થકી ખુદ વ્યાખ્યા કરે છે. બહેતર પ્રશ્ન સ્કેન્ડિનેવિયા શું છે તે નથી, પરંતુ તમે ત્યાં ક્યારે જશો અને પોતાને માટે તેની ખોજ કરશો તે છે.

# સ્કેન્ડિનેવિયા

## મધરાત્રિનો સૂર્ય અને નોર્ધર્ન લાઈટ્સની ધરતી વીણા વર્લ્ડ સંગાથે



સ્કેન્ડિનેવિયા એ ધરતી છે જ્યાં ઉનાળામાં સૂર્ય આથમતો નથી... અને શિયાળામાં આકાશ નોર્ધર્ન લાઈટ્સથી ઝળહળી ઊઠે છે. રષજ્ઞમિત અને આર્કટિક સર્કલ્સથી ડિઝાઈન પ્રેરિત શહેરો સુધી આ સર્વ બાર મહિના માટેનું સ્થળ છે. વીણા વર્લ્ડ સાથે વધુ ને વધુ ભારતીય પ્રવાસીઓ સીઝન દર સીઝન આ ચમત્કારી નોર્થની ખોજ કરી રહ્યા છે.

## દૂરસુદૂર. શાંતિથી જોડાયેલું.

સ્કેન્ડિનેવિયા દૂર જણાઈ શકે છે, પરંતુ તમારી રોજબરોજની દુનિયાને તેણે શાંતિથી આકાર આપ્યો છે. ઈઊંઊઅ તમારા ઘરને ડિઝાઈન કરે છે. સ્પોટિફાઈ તમારી પ્લેલિસ્ટ ભરી દે છે. વોલ્વો તમારા રસ્તાઓ પર ફરે છે. કઊત્રૠઘ તમારા બાળપણની કલ્પનાઓને નિર્માણ કરે છે અને તમારા પ્રથમ મોબાઈલ વાર્તાલાપને જોડનાર નોકિયાને ભૂલી નહીં શકાય. ઘણા બધા ભારતીયો હેન્સ ક્રિશ્ચિયન એન્ડરસેનના ધ અગ્લી ડકલિંગ તેના ડેનિશ મૂળનો ખ્યાલ કર્યા વિના ઊછર્યા છે. આજે નોર્ડિક સ્વચ્છ ઊર્જા ભાગીદારીઓ, ચેન્નાઈમાં સંશોધન પ્રયોગશાળાઓ અને વિદ્યાર્થી આદાનપ્રદાન જોડાણનેવધુ મજબૂત બનાવે છે. અલગ અલગ લેન્ડસ્કેપ્સ, સમાન ઈનોવેશન.તમે સ્કેન્ડિનેવિયન જીવ્યા છો. હવે તેનો અનુભવ કરો.

### શોધો અને વર્તુળ કરો
**સ્કેન્ડિનેવિયાનાં છૂપા પ્રતીકો**

- નોર્ધર્ન લાઈટ્સ સ્વર્લ
- વાઈકિંગ લોંગશિપ
- ગ્લાસ ઈગ્લૂ
- ઋષજ્ઞમિ ક્રુઝ બોટ ડાલા હોર્સ
- ડેનિશ વિંડમિલ
- આઈસલેન્ડિક વોટરફોલ
- આર્કટિક હસ્તી સ્લેડ
- મિડનાઈટ સન હોરાઈઝન
- સાંતા ક્લોઝ વિલેજ કેબિન
- સ્વીડિશ ફ્લેગ



## પૃથ્વીપરના સૌથી સુખી દેશ. તેઓ જીવન વિશે શું સમજે છે?



વર્ષ દર વર્ષ નોર્ડિક રાષ્ટ્રો વૈશ્વિક હેપ્પીનેસ રેન્કિંગમાં અગ્રક્રમે છે. તેમની પાસે વધુ છે તેથી નહીં, પરંતુ તેઓ સારું જીવન જીવે છે એટલે. સ્વચ્છ ડિઝાઈન. સ્વચ્છ હવા. ઊંડો સામાજિક વિશ્વાસ, સમય જે ફક્ત કામનો નહીં પણ પરિવારનો પણ છે. થેરપી તરીકે નિસર્ગ. શિસ્ત તરીકે સંતુલન. સ્કેન્ડિનેવિયામાં ખુશી હેતુપૂર્વકની છે અને દેખીતી રીતે જ તે અનુભવવું એ ફક્ત પ્રવાસ નથી,પરંતુ પરિપ્રેક્ષ્ય છે.

## નોર્ડિક ભવ્યતા. વીણા વર્લ્ડ દ્વારા હસતારમતા પ્રદાન કરે છે.

મધરાત્રિના સૂર્યના ઝળહળાટથી શિયાળાનું ઓરોરા આકાશ સુધી સ્કેન્ડિનેવિયા હવે ભારતીય પ્રવાસીઓ માટે આખા વર્ષનો અનુભવ બની ગયું છે. મહત્તમ રુટિંગ, વિઝા સહાય અને પરિપૂર્ણ નિયોજન સાથેતમારો નોર્ડિક પ્રવાસ પ્રસ્થાનથી આગમન સુધી સહજ છે.

**ગ્રુપ ટુર્સ 9થી 17 દિવસ**
વિવિધ મોસમમાં ઘણાં બધાં પ્રસ્થાન- મિડનાઈટ સન ટુર્સ, નોર્થર્ન લાઈટ્સ પ્રોગ્રામ્સ, આઈસલેન્ડ એક્સટેન્શન્સ અને કોમ્પ્રીહેન્સિવ નોર્ડિક સરકિટ્સ. સર્વ સમાવિષ્ટ પ્રાઈસિંગ, સંતુલિત આઈટિનરીઅને અનુભવી ટુર મેનેજરો સંપૂર્ણ મનની શાંતિની ખાતરી રાખે છે.

**વુમન્સ સ્પેશિયલ અને સિનિયર્સ સ્પેશિયલ**
સમર્પિત પ્રસ્થન શિડ્યુલ અને વધારાના આરામ સાથે કાળજીપૂર્વક ઘડાયાં છે.

**કસ્ટમાઈઝ્ડ હોલીડિઝ અને એફઆઈટી**
પ્રાઈવેટ ઓરોરા ચેસીસ, લેપલેન્ડ મુકામ, આઈસલેન્ડ સેલ્ફ- ડ્રાઈવ, ઋષજ્ઞમિ ક્રુઝીસ.અનુકૂળ આઈટિનરીઓ, તમને ધ્યાનમાં રાખીને તૈયાર કરાય છે.

**અલ્ટ્રા લક્ઝરી અને ખઈઈઊ**
વિશિષ્ટ આર્કટિક મુકામ, મિડનાઈટ સન હેઠળ લીડરશિપ રિટ્રીટ્સ,કોર્પોરેટ્સ અને માઈલસ્ટોનની ઉજવણી માટે ક્યુરેટેડ નોર્ડિક અનુભવો.



## સાંતા ક્લોઝ જ્યાં તમારા પરિવારની વાર્તા પર સહી કરે

ફિનિશ લેપલેન્ડમાં આર્કટિક સર્કલ પર સાંતા ક્લોઝના ગામમાં પધારો, જે થીમ પાર્ક નહીં, પરંતુ તેનું અસલી વિંટર હોમ છે. બરફાચ્છિત જંગલોમાંથી હસ્કીઝ પર સવારી કરો, આર્કટિકથી સ્ટેમ્પ્ડ કરેલાં પોસ્ટકાર્ડસ મોકલો, સાંતા સાથે અંગત અવસરો આદાનપ્રદાન કરો અને આકાશમાંથી ઝળહળતી નોર્ધર્ન લાઈટ્સ જુઓ.આ ફક્ત હોલીડે નથી. આ બાળપણ છે, જે વીણા વર્લ્ડ સાથે અપગ્રેડેડ કરાયું છે.




## ઓહ! મને એ ખબર જ નહોતી

1. નોર્વેના અમુક ભાગોમાં ઉનાળામાં સૂર્ય સડસડાટ 70 દિવસ સુધી આથમતો નથી.
2. તમે ફક્ત એક નહીં પરંતુ ઘણા બધા નોર્ડિક દેશોમાંથી નોર્થર્ન લાઈટ્સ જોવા મળી શકે છે.
3. ફિનલેન્ડમાં કાર કરતાં પણ સોનાઝ વધુ છે, જે દરેક બે જણ પાછળ એક છે.
4. આઈસલેન્ડમાં લશ્કર નથી, છતાં દુનિયાનાં સૌથી સુરક્ષિત રાષ્ટ્રમાં તેનું સ્થાન છે.
5. સ્વીડન ક્યાંયથી પણ માથા દીઠ સૌથી વધુ વૈશ્વિક પોપ મ્યુઝિક હિટ્સ આપે છે.
6. ડેન્માર્ક પૃથ્વી પરના સૌથી સુખી દેશમાંથીએક તરીકે સતત અગ્રક્રમે છે.
7. અમુક નોર્વેજિયન ઋષજ્ઞમિત તેમની બાજુનામહાસાગર કરતાં પણ ઊંડા છે.
8. લેપલેન્ડમાં તમે ગરમ કાચના ઈગ્લૂમાં ઓરોરા હેઠળ સૂઈ શકો છો.
9. આઈસલેન્ડ મોટે ભાગે તેની માટીની ભીતર જ્વાળામુખીમાંથી મેળવવામાં આવતી ઊર્જા પર ચાલે છે.
10. સ્કેન્ડિનેવિયાનાં નળનું પાણી એટલું શુદ્ધ છેકે બોટલ્ડ વોટર લગભગ બિનજરૂરી છે.



### વીણા વર્લ્ડ ટ્રાવેલ ક્રોસવર્ડ
**આમાંથી 10 વિખ્યાત સ્કેન્ડિનેવિયન સ્થળો શોધો**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| B | L | U | L | R | Y | A | B | C | S |
| G | A | L | Q | E | P | L | E | O | T |
| E | K | A | V | Y | H | O | R | P | O |
| I | O | P | J | K | E | F | G | E | C |
| R | S | L | T | J | L | O | E | N | K |
| A | L | A | R | A | S | T | N | H | H |
| N | O | N | O | V | I | E | O | A | O |
| G | K | D | M | I | N | N | D | G | L |
| E | P | O | S | K | K | S | T | E | M |
| R | Z | F | O | E | I | S | Q | N | G |

## ચાલો, બેગ ભરો, નીકળી પડો!
### વીણા વર્લ્ડ સંગાથે સ્કેન્ડિનેવિયા



સ્કેન્ડિનેવિયાના નોર્થર્ન લાઇટ્સના આકાશ નીચે, જ્યાં આકાશ નિ:શબ્દ પોતાની જાદૂઈ રજૂઆત કરે છે ત્યાં ઉભા છે વીણા વર્લ્ડ ટૂર મેનેજર મેહુલ ઘોસાળકર. ૭૨ દેશોની સફર બાદ પણ, કેટલાક ક્ષણો આજે પણ શબ્દો વિના મૂકી દે છે.

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

www.veenaworld.com | Email: travel@veenaworld.com | Toll-Free: 1800 313 5555

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

**અમારી જિંદગીનો આ સરળ સીધો પરિચય છે**
***રૂદનમાં વાસ્તવિક્તા છે ને હસવામાં અભિનય છે***

# ગઝલના રૂપરંગની નજાકતનો શાયર સૈફ પાલનપુરી



ગયા સપ્તાહે આપણે ગુજરાતીના બહુઆયામી ગઝલકાર સૈફ પાલનપુરીની સર્જનલીલાની વાત શરૂ કરી હતી. શયદા સાહેબની હાજરીમાં શૂન્ય, બેફામ, હરીન્દ્ર દવે અને સૈફ જેવા માતબર કવિઓ ગઝલને નવા રૂપ રંગ આપી રહ્યા હતા અને મરીઝ ગઝલના નવા માહોલમાં ગઝલને ગુજરાતણ બનાવી રહ્યા હતા ત્યારે ગઝલની મુખ્ય સર્જનભૂમિ મુંબઈ હતું. સૈફ, બદરી કાચવાલા શયદાને અનુસરીને પોતાના સામયિકોમાં પણ ગઝલને ચાર ચાંદ લગાવી રહ્યા હતા.

સૈફભાઈએ જીવન-મૃત્યુની મીમાંસા ગઝલના રૂપ-રંગને અબાધિત રાખીને કરી છે અને દરેક શેરને યાદગાર બનાવ્યો છે, જેમ કે એમનો આ પ્રખ્યાત શેરઃ

જીવનની હકીકત પૂછો છો? તો મોત સુધીની રાહ જુઓ

જીવન તો અઘરું પુસ્તક છે, જીવનનું વિવેચન કોણ કરે?

જીવનનું વિવેચન કોણ કરે? કહેવું ખૂબ જ મુશ્કેલ છે. માનવીનું જીવન જિવાતું હોય ત્યારે એના વિશે કંઈ પણ મત બાંધવો એ અધૂરાં પુસ્તક વિશે કહેવા જેવું છે. આપણો અનુભવ છે કે જીવનનો પ્રવાહ ક્યારેક એકધાર કે એક દિશામાં હોતો નથી. એના વહેણ ક્યારે બદલાય તે પણ કહી શકાતું નથી. આથી જીવનનું આ પ્રકારનું સચોટ દર્શન વિચારના એકમાત્ર ઝબકારામાં શેરની ફક્ત બે પંક્તિમાં કરાવી આપનાર શાયરની પ્રતિભા કેટલી પ્રબળ હશે એનો ખ્યાલ આવે છે.

સૈફ સૅન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણતા ત્યારે આપણા વિદ્વાન પ્રોફેસર અને કવિ ભાનુ શંકર વ્યાસ 'બાદરાયણ'ના વિદ્યાર્થી હતા. ભાનુભાઈએ એમને ગુજરાતીનો નાદ લગાડ્યો નહીંતર સૈફ ઉર્દૂમાં જ ગઝલ લખતા હતા. અને હજારો ઉર્દૂ શેર એમને હૈયે અને હોઠે હતાં. પછી તો સૈફભાઈએ ગુજરાતી મુખ્ય અને પર્સિયન ગૌણ વિષય લઈને બી.એ. પાસ કર્યું. આ ૧૯૪૫ની સાલ હતી.

સૈફભાઈએ ગુજરાતી ગઝલ ત્યારે આટલી હદે સ્વીકારાઈ ન હતી એટલે મહાભારતનું રૂપ આપીને કહ્યું હતું કેઃ 'ગુજરાતી ગઝલની સ્થિતિ દ્રૌપદી જેવી છે. એના ચીર ખેંચાયા જ કરે છે, છતાં એનું સતીત્વ કાયમ જ રહે છે અને રહેવાનું જ છે.'

સૈફને કોઈ શાયર મિત્રે એવું ઠસાવ્યું કે તમે નઝમો સારી લખો છો. સૈફે ઘણી જ સારી નઝમો લખી અને આ રીતે એક નવું પરિશીલન જન્મ્યું. આમ છતાં ભલું થજો 'બેગમ'ના તંત્રી અમીરીનું કે એમણે સૈફને પાછા ગઝલો લખતા કરી દીધા.

ગીત અને ગઝલ વચ્ચે ઘણો ભેદ છે. ગઝલમાં કાફિયા-રદીફ (પ્રાસ-અનુપ્રાસ) અને છંદો હોવા અનિવાર્ય છે તેવી રીતે ગીતમાં લય, પ્રાસ, અનુપ્રાસના વાઘા હોય છે. હવે ધીરે ધીરે ગીતમાં ટેક કે ગઝલમાં એક જ રદીફ કાફિયાનો પ્રબંધ અનિવાર્ય નથી. હવે સળંગ ગઝલ જેવા ગીત અને ગીતનુમા ગઝલો સર્વમાન્ય થતી જાય છે. બન્નેના નિજી લ્હેજા પણ અલગ રહ્યા નથી. ગીત અને ગઝલમાં ગેયતા અને ઊર્મિમયતા તો જરૂરી છે, પણ બન્નેમાં 'તગઝ્ઝુલ' એટલે રંગીનતા જરૂરી બન્યાં છે. લયથી અધિક ભાવ અને વિચારનું સંગીત, ધ્વનિ, વર્ણન, છટા, કોમળતા એ બન્ને કાવ્યપ્રકારોની વિશેષતા છે જેની શાસ્ત્રીય ચર્ચા શહાબ સહમદી જેવા લેખકોએ સવિસ્તાર કરી છે. સૈફ પાલનપુરી પાસે ગઝલ અને નઝમ આ બધી વિશેષતાઓનો સાથ હતો એટલે એમની રચનાઓ લોક જીભે અને લોક હૈયે વસી ગઈ હતી. જેમ કે સૂનો ઝરૂખોઃ

શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી જોઈ હતી
મેં એક શાહજાદી જોઈ હતી.
એના હાથની મ્હેંદી હસતી'તી
એની આંખનું કાજલ હસતું'તું
એક નાનું સરખું ઉપવન જાણે,
મોસમ જોઈ વિક્સતું'તું.
એને યૌવનની આશિષ હતી
એની સર્વ બલાઓ દૂર હતી
એના પ્રેમમાં ભાગીદાર થવા
ખુદ કુદરત પણ આતુર હતી.

આમ એક અજાણી શાહજાદીના રૂપનું વર્ણન કરીને સૈફ નઝમના અંતમાં એક વળાંક આપે છે તે પણ કવિકર્મની કસોટી માગી લે છે.

વર્ષો બાદ ફરીથી આજે એ જ ઝરૂખો જોયો છે ત્યાં ગીત નથી-સંગીત નથી- ત્યાં પગરવ સાથે પ્રીત નથી - ત્યાં સ્વપ્નાંઓના મહેલ નથી- ને ઊર્મિઓના ખેલ નથી.

બહુ સૂનું સૂનું લાગે છે
બહુ વસમું વસમું લાગે છે
એ નો'તી મારી પ્રેમિકા કે નો'તી મારી દુલ્હન
મેં તો એને માત્ર ઝરૂખે વાટ નીરખતી જોઈ હતી.

ગઝલમાં વિચારની અથવા ચિંતનની ઝાંખી હોય છે. કવિ જે જીવન જીવે છે, જે જુએ છે, વાંચે છે, અનુભવે છે અને એમાંથી એક રસાયણ બનીને અનુભૂતિરૂપે શબ્દોમાં વ્યક્ત પણ થાય છે જેને આપણે 'તસવ્વુફ' એટલે કે અધ્યાત્મનો રંગ કહીએ છીએ. સૈફભાઈ જીવન-મૃત્યુ વિશે ચિંતનનો સ્પર્શ પામેલી ગઝલો અને નઝમો આપે છે. એમાં વિચારનો તંતુ ક્યારેક બોલકો, ક્યારેક બારીક તો ક્યારેક પાતળો હોય છે. થોડાંક ઉદાહરણ જોઈએઃ

હોય કડવાશ ભલે ઘૂંટ ભરી તો લઈએ
આંસુઓ માફ કરો-સહેજ હસી તો લઈએ
કાલ જે નામ લઈ આંખ થવાની જ છે બંધ
આજ એ નામ લઈ સહેજ જીવી તો લઈએ.

***

અને ગમતાં બધાં અરમાન પણ સાથે જ હશે
ને મનસ્વી એના ફરમાન પણ સાથે જ હશે
મારા જીવનની શરૂઆતથી સંગાથમાં છે
હું મરી જઈશ તો ભગવાન પણ સાથે જ હશે.

***

હતો એક સમય જ્યારે જીવનની સાથે
મને પણ હતી 'સૈફ' બહુ સારાસારી
હવે પારકો એને લાગી રહ્યો છું
મને પણ હવે એની ક્યા કંઈ પડી છે

***

જિંદગીએ હસીને કહ્યું મોતને
આપણી વચ્ચે કેવી રમત થઈ ગઈ.

***

'સૈફ' જીવનનો સાથ તો છે પ્રસંગ પૂરતો શિષ્ટાચાર
વાત અલગ છે મૃત્યુની હંમેશનો એ સથવારો છે.

***

અમારી જિંદગીનો આ સરળ સીધો પરિચય છે
રૂદનમાં વાસ્તવિકતા છે ને હસવામાં અભિનય છે.

***

'સૈફ' કબર પર આ ચોમાસે લીલું ઘાસ છવાયું
મોડે મોડે પણ તમને થઈ કેવી લીલાલહેર.

***

કોઈ પારકા ઘરે જઈ ચઢીશ
એવો ડર હતો મને સૈફ પણ
મારી જિંદગી મને લઈ ગઈ,
બહુ સાચવીને મરણ સુધી.

જીવન-મૃત્યુના ચિંતનનો ચિતાર આપતા સૈફના આ શેરોમાં વ્યથા, પીડા કે વ્યગ્રતા નથી. જીવનની હળવાશ છે એવી મૃત્યુની અનિવાર્યતાનો સ્વીકાર પણ છે.

ગઝલનો સૌથી પ્રાણદાન વિષય પ્રેમની વાત ગઝલમાં આવવાની અને પ્રેમ સાથે પગ દબાવી ને આવતા વિરહના પગલે આંસુઓનું આગમન પણ કાયમ રહેવાનું. સૈફ પ્રિયતમા સાથે સીધી વાત કરે છે. સૌંદર્યનું વર્ણન કરે છે પણ ગઝલની સાથે જોડાયેલી શબ્દોની નજાકત સૈફની વિશેષતા છે. થોડાંક ઉદાહરણ જોઈએઃ

નશીલી આ રાતો, મધુરાં આ સ્વપ્નાં
અને આ ચમકતા નભે ચાંદતારા
તમારા જ દર્શનની ફરમાઈશો છે-
છે બેચેન કુદરતના મોઘમ ઈશારા

***

હવે જાણી જોઈને પાલવ સરકશે
હવે જાણી જોઈ લટો પણ વિખરશે
હવે મોસમો વિણ વસંતો પ્રગટશે
કે વહેતી થઈ છે જવાનીની ધારા

***

કોઈ જો સહેજ છેડે છે તો એ શરમાઈ જાએ છે
તમે દિલમાં વસ્યા તો થઈ ગયું દિલ પણ દુલ્હન જેવું

***

પ્રેમ કેટલો છે કે કેવો છે એ જાણવાની કોઈ પારાશીશી નથી હોતી, પણ વિરહની માત્રા, શબ્દોની તીવ્રતા અને વેધકતાથી નક્કી થઈ જાય છે. જેમ કેઃ

તમે આવી શકો એ તો વિષય આસ્થાનો છે
તમે આવી ગયા એ તો પ્રસંગ એક વાર્તાનો છે

***

સમયનું કોઈ બંધન હોય ના એવું વચન આપો
મને હંમેશ બસ લાગે કે અવસર આવવાનો છે.

***

ખુશીની ગુફતગૂ દિલ સાથે કરતાં પણ ડરું છું હું
એ દાઝેલું છે ખુદ મારા પર વહેમાઈ જાએ છે.

***

ક્યારેક રૂપનું અને પ્રકૃતિનું વર્ણન એકબીજાના પૂરક થઈ જાય છે. સાયુજ્ય સધાય છે જેમકેઃ

વિખરાઈ હશે કોઈની લટો એથી જ તો ખુશ્બૂ છે ચોગમ
આ બાગ-બગીચા મસ્ત પવન ચિઠ્ઠીના ચાકર લાગે છે.

***

એક હવામાં લહેરાતી ચૂંદડી મને જોઈ ડાહી બની ગઈ
મને પહેલાં લાગ્યું વિવેક છે પછી જાણ્યું કે આ તો પ્યાર છે.

***

દિવસ સમજીને હસવાનો અભિનય તો કરો છો પણ
નજર સામે કોઈની ઝુલ્ફ લહેરાશે તો શું કરશો?

***

રહેવા દે પવન તું રહેવા દે
વિખરાયેલ લટોને ગાલો પર
પાગલ આ ગુલાબી મોસમમાં,
વાદળનું વિસર્જન કોણ કરે.

*** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# શરત સાથેના સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દો...

'હું મારા ભત્રીજાના લગ્નમાં જઈશ તો મારી બહેન મારી સાથે બોલવાનું બંધ કરી દેશે અને મારી સાથે જિંદગીભર માટે સંબંધ તોડી નાખશે અને હું ભત્રીજાના લગ્નમાં નહીં જાઉં તો મારા ભાઈ સાથે મારો સંબંધ બગડી જશે.' એક યુવતીએ થોડા સમય અગાઉ રડતાં-રડતાં મને કહ્યું.

મેં તેને કહ્યું, 'તારે તારા ભત્રીજાના લગ્નમાં જવું હોય તો એ નિર્ણય તારે તારી ઇચ્છા પ્રમાણે કરવો જોઈએ. તારી બહેનને ન ગમે એટલે તારે તારા ભાઈના દીકરાના લગ્નમાં જવાનું શા માટે ટાળવું જોઈએ?'

પેલી યુવતીએ કહ્યું, 'મારી બહેન અને મારા ભાઈ વચ્ચે ઘણા વર્ષોથી અબોલા છે અને મારી બહેને મને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે તું નક્કી કરી લે કે તારે મારી સાથે સંબંધ રાખવો છે કે ભાઈ સાથે? તેણે એવી ધમકી આપી છે કે 'તારે ભાઈના દીકરાના લગ્નમાં જવું હોય તો મને વાંધો નથી, પણ પછી મને ભૂલી જજે...' હવે હું ભયંકર મૂંઝવણમાં મુકાઈ ગઈ છું. શું કરું એ મને સમજાતું નથી.' એટલું કહીને તે ફરી રડવા માંડી.

મેં તેને કહ્યું, 'આમાં મૂંઝવણની કોઈ વાત જ નથી. તારી બહેન સદંતર ખોટી છે. તારે તારા ભાઈના દીકરાના લગ્નમાં જવું કે ન જવું એનો નિર્ણય તારી બહેન કઈ રીતે કરી શકે? માની લો કે તું તારા ભાઈ સાથે ન બોલતી હોત અને તારી બહેનને તારા ભાઈના દીકરાના લગ્નમાં જવું હોત તો તેં તેને ના પાડી હોત? તું એવું કરત તો હું કહેત કે 'તું ખોટી છે.' એમ અત્યારે આ મુદ્દે તારી બહેન સંપૂર્ણપણે ખોટી છે. એ તને ઈમોશનલી બ્લેકમેલ કરી રહી છે એટલે તારે એ બ્લેકમેલિંગને વશ ન થવું જોઈએ.'

તે યુવતીએ કહ્યું. 'આ વાત તમે કહો છો એટલી મારા માટે સરળ નથી. જે બહેનની સાથે હું હસતાં-રમતાં મોટી થઈ તે બહેનમારી સાથે સંબંધ તોડી નાખે તો મારા પર જે વીતશે એ તમને નહીં સમજાય.'

મેં તેને કહ્યું, 'તો તારી બહેને પણ આ વાત સમજવી જોઈએ કે જેની સાથે હું હસતાંરમતાં મોટી થઈ એ બહેનને મારા અહંકારને કારણે હું મુશ્કેલીમાં મૂકી રહી છું!'

જોકે, તે યુવતી એક જ વાતનું રટણ કરતી રહી કે 'મારી બહેન સાથે સંબંધ તોડવાની હું કલ્પના પણ કરી શકતી નથી. હું રાતે ઊંઘી નથી શકતી.'

છેવટે તે યુવતીએ તેની બહેન સાથે સંબંધ જાળવી રાખવા માટે સગા ભાઈના દીકરાના લગ્નમાં જવાનું ટાળ્યું. એ ભાઈની સાથે પણ તે બાળપણથી રમીને મોટી થઈ હતી! અને વળી તેની બહેને તેના ભાઈ સાથે જે મુદ્દે સંબંધ તોડ્યો હતો એમાં તે ખોટી હતી!

આપણા સમાજમાં આવી સંખ્યાબંધ ઘટનાઓ બનતી રહે છે. ઘણી વ્યક્તિઓ લાગણી




નામના શસ્ત્રનો ઉપયોગ નજીકની વ્યક્તિને બ્લેકમેલ કરવા માટે કરે છે અને લાગણીશીલ વ્યક્તિઓ બ્લેકમેલ થતી રહે છે.

કુટુંબના સભ્યો અથવા અંગત મિત્રો કે પાડોશીઓ વચ્ચે આપસમાં ઝઘડો થાય ત્યારે એ બધા નફ્ફટાઈપૂર્વક કહી દેતા હોય છે કે 'તારે ફલાણી વ્યક્તિ સાથે સંબંધ રાખવો હોય તો હું તારી સાથે સંબંધ તોડી નાખીશ.' એવી વ્યક્તિઓ સાથે સંબંધ શા માટે રાખવો જ જોઈએ કે જે જાહેરાતોમાં આવતી પેલી ખતરનાક ફૂદડીઓ જેવી (જેની બાજુમાં લખ્યું હોયઃ કન્ડિશન્ડ અપ્લાય) શરતો સાથે સંબંધો રાખતા હોય અને સંબંધોમાં પરીક્ષા લેતા હોય? જે સંબંધમાં કોઈ એક વ્યક્તિ પરીક્ષા લેતી રહેતી હોય અને બીજી વ્યક્તિએ સતત ખુલાસાઓ આપવા પડતા હોય એવા સંબંધ પર વહેલી તકે પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ.

હવે તો સોશ્યલ મીડિયા પર પણ આ નફ્ફટાઈ, વિકૃતિ વધી રહી છે. સોશ્યલ મીડિયા પર કોઈ બે વ્યક્તિ વચ્ચે ઝઘડો થાય એ પછી મોટેભાગે એમાંથી એક વ્યક્તિ (અને ક્યારેક તો તે બંને વ્યક્તિઓ) 'વોચ' રાખતી હોય છે કે મારી કોઈ નજીકની વ્યક્તિ કે મારા મિત્રએ મારો જેની સાથે ઝઘડો થયો છે એની પોસ્ટસને લાઇક નથી કરી ને? અને જો કોઈએ લાઇક કમેન્ટ કરી હોય તો તો જાણે આભ ફાટી પડ્યું હોય, ધરતી રસાતાળ થઈ ગઈ હોય, મહેરામણે માઝા મૂકી દીધી હોય કે સૂરજ પશ્ચિમમાં ઊગ્યો હોય એવી પ્રતિક્રિયા એ ઝઘડાખોર વ્યક્તિ તરફથી આવી જાય! એ પોતાનો જેની સાથે ઝઘડો થયો હોય એવી વ્યક્તિની પોસ્ટ્સ લાઈક કરવા માટે તે લાઈક કરનાર મિત્રો કે સગાંવહાલાં સાથે ઝઘડો કરે અને કહે કે 'જો તું હવે તેની પોસ્ટ લાઈક કરીશ તો આપણા સંબંધ પૂરા થઈ ગયા એમ સમજી લેજે!'

આવું કહે એવી વ્યક્તિ સાથેના સંબંધો પર એ જ ક્ષણે પૂર્ણવિરામ મૂકી દેવું જોઈએ. કારણ કે સંબંધો શરતોને આધીન ન હોવા જોઈએ.

જે સંબંધોમાં કોઈ એક વ્યક્તિ સતત પરીક્ષા લેતી રહેતી હોય એ સંબંધ તંદુરસ્ત સંબંધ ન હોઈ શકે. ઝઘડાખોર વ્યક્તિઓ ઝઘડાઓ માટે કારણો શોધતી હોય છે અને પોતે ઝઘડો કરે એ વ્યક્તિ સાથે બીજાઓએ પણ નહીં બોલવાનું ફરમાન જાહેર કરે તો એ વિકૃત માનસિકતા ગણાય. અને આપણા સમાજમાં આવી વિકૃતિ વધી રહી છે.

આપણે કોની સાથે સંબંધ રાખવો એ આપણે નક્કી કરવું જોઈએ. એ માટે કોઈ વ્યક્તિ આપણને ફરજ ન પાડી શકે. અને એવી ફરજ પાડનારી વ્યક્તિઓથી દૂર થઈ જવું જોઈએ. હા, કોઈ વ્યક્તિ આપણું હિત ઈચ્છતી હોય અને કોઈ એવી વ્યક્તિ સાથે સંબંધ રાખતા અટકાવવા ઈચ્છતી હોય કે જે કશુંક ગેરકાનૂની કૃત્ય કરતી હોય, દેશને નુકસાન પહોંચે, સમાજને નુકસાન પહોંચે એવી પ્રવૃત્તિ કરતી હોય એ વિષે તેને ખબર હોય અને આપણું હિત ન જોખમાય એ માટે તે આપણને કહે કે 'આ વ્યક્તિ સાથે સંબંધ ન રાખશો' તો જુદી વાત છે, પરંતુ માત્ર પોતાના અહમને કારણે, પોતાના કોઈ સાથેના ઝઘડાને કારણે આપણને ગમતી વ્યક્તિ સાથે સંબંધ તોડી નાખવા ફરજ પાડે તો એ ખોટું છે. કોઈ વ્યક્તિ આવી ધૃષ્ટતા કરે તો તેને આપણી સાથે સંબંધ રાખવા માટે નાલાયક ગણીને તેને આપણા જીવનમાંથી તગેડી મૂકવી જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# મેમરીની માયાજાળઃ સ્મૃતિ-વિસ્મૃતિની સંતાકૂકડી



***ટાઈટલ્સઃ***
***'શું ભૂલવું' એ બરોબર યાદ રાખવું. (છેલવાણી)***

પ્રેમિકાએ પ્રેમીને કહ્યું, 'તેં હીરાનો હાર આપવાનું વચન આપેલું. ભૂલી ગયોને?'

ભૂલક્કડ પ્રેમીએ તરત કહ્યું ; 'શું છે કે હું તારી સાથે હોઉં છું ત્યારે બીજું બધું જ ભૂલી જાઉં છું!'

'ઓહ, સાચ્ચે?' પ્રેમિકાએ શરમાઈને કહ્યું.

'હા, પ્રિયા!'

'હું 'પ્રિયા' નહીં, 'રીયા' છું! ભૂલક્કડ!' છોકરીએ થપ્પડ મારી.

ભૂલી જવું સહજ છે, ભૂલવા વિશે બહુ ચિંતા કરવી નહીં. ખરી ચિંતા તો તમારી યાદશક્તિ સુધારનારા ડોક્ટરે કરવાની, જેને પૈસા આપવાનું તમે ભૂલી જાવ ને ડો. બિચારો યાદ અપાવી અપાવીને થાકી જાય! જો કે આજે આપણે સૌ ભૂલવામાં એક્સપર્ટ થઈ ગયા છીએ. નેતાઓ વચનો ભૂલી જાય છે, પ્રજા નેતાઓનાં જૂઠ્ઠાણાં ભૂલી જાય છે. કવિઓ-લેખકો સામાજિક આક્રોશ ભૂલી ગયા છે, શિક્ષકો નૈતિકતા શીખવવાનું ભૂલી ગયાં છે, વિદ્યાર્થીઓ માર્કશિટનાં આકડાં સિવાય બધું જ ભૂલવા માગે છે, મા-બાપો માતૃભાષા શીખવવાનું ભૂલી રહ્યાં છે, બાળકો ખુદ મા-બાપોને ભૂલી રહ્યાં છે. આખો સમાજ જાણે ધીમેધીમે ભૂલક્કડોની ભૂલભૂલૈયા બની રહ્યો છે. ઉંમર, અનુભવો, આઘાતો પછી સ્મૃતિઓ સંતાકૂકડી રમવા માંડે છે. ૩૫-૩૫ ભાષાઓ જાણનારા હિંદીનાં મહાપંડિત લેખક રાહુલ સંસ્કૃત્યાયન, અંતિમ દિવસોમાં પોતાનું નામ પણ ભૂલી ગયેલા. એવી જ રીતે ભુવનેશ્વર નામના હિંદી વિદ્વાન, યાદશક્તિ ગુમાવતા કંતાનની ફાટેલ ગૂણી પહેરીને લખનૌની બજારોમાં ૧૧-૧૧ વરસ ભટકતા રહ્યા. મહાન મોપાંસા ગુપ્તરોગથી પીડાઇને બધું જ વિસરીને મોતના કાલ્પનિક ભયથી પીડાતા રહ્યા. આધુનિક હિંદી લેખક સ્વદેશ દીપક યાદદાશ્ત ભૂલીને ભટકતા રહ્યા અને ૨૦૦૮થી આજ સુધી ગાયબ છે.

વરસો આગાઉ કર્ણાટકની એક સ્ત્રીને ખબર પડી કે એના પતિએ બીજાં લગ્ન કરી લીધાં એટલે એ માનસિક રીતે હલી ગઇ. પતિનું ઘર છોડીને બહેન સાથે રહેવાં લાગી. પછી એક દિવસ ત્યાંથીયે ભાગી નીકળીને રખડતાં રખડતાં, છેક મહારાષ્ટ્રનાં રાયગઢ જિલ્લામાં જઇ પહોંચી.



લગભગ ૭૮ વર્ષ સુધી એ જંગલમાં ભટકી, કચરામાં પડેલું ખાવાનું વીણીને ખાઇને ભિખારીની જેમ જીવ્યે રાખ્યું.

પછી થોડા મહિના અગાઉ કોઈએ એ સ્ત્રીની દયનીય હાલતની જાણકારી રાયગઢનાં 'સોશ્યલ એન્ડ ઇવેન્જેલિકલ એસોસિએશન ફોર લવ (સીલ)ને આપી. 'સીલ'ના કાર્યકરો એને આશ્રમમાં લઈ આવ્યા ત્યારે એનો દેખાવ એટલો ભયાનક હતો કે એ 'પુરુષ' છે કે 'સ્ત્રી' એ પણ ઓળખાય એમ નહોતું! ધીમે ધીમે હાલતમાં સુધારો થતાં, એક દિવસ પેલીએ પોતાનું નામ 'કસ્તુરી' જણાવ્યું. એ સિવાય એને કશું જ યાદ નહોતું અને પછી એક દિવસ અચાનક એ બીજો શબ્દ બોલીઃ 'બદામી'!

'સીલ'માં કોઇ જાણતું હતું કે કર્ણાટકમાં 'બદામી' નામે કોઇ શહેર છે. પછી ત્યાં પોલીસને ફોન કરી, વોટ્સએપ પર કસ્તુરીનાં ફોટા મોકલાયા અને બે જ કલાકમાં, પોલીસે શોધી કાઢ્યું કે કસ્તુરીની પુત્રીએ એની માની ગુમ થયાની ફરિયાદ લખાવેલી. આખરે કસ્તૂરીનું દીકરી સાથે મિલન થયું અને હેપ્પી એંડિંગ! જો કે ખરી ટ્રેજેડી તો ત્યારે થતી હોય છે કે ઘણીવાર પોતાના સ્વજનને ઓળખી ગયેલ માણસ, જાણી જોઇને ભૂલવાનું નાટક કરે ને ફરી ગુમનામ જિંદગી જીવવા માંડે!

***ઇન્ટરવલઃ***
***વો જબ યાદ આયે,***
***બહુત યાદ આયે (અસદ ભોપાલી)***

આપણને તો 'ગઇકાલે શું ખાધું?' એ યાદ નથી હોતું ને ઘણાં લોકોને ગયા જનમની ડિટેલ્સ પણ યાદ હોય છે. વિજ્ઞાન મુજબ માનવ મગજમાં માહિતીઓ અને યાદોનો એટલો બધો કચરો હોય છે કે નવું યાદ રાખવાની જગ્યા જ નથી બચતી. હમણાં મધ્ય પ્રદેશનાં નાગરખેડી ગામમાં માત્ર સાડા ૩ વરસની ધ્રુવીને ૧૮૦ દેશોની રાજધાની, ભારતનાં ૨૮ રાજ્યોની રાજધાની, મહાદ્વીપોનાં નામ, રાષ્ટ્રીય પ્રતીકો વગેરે મોઢે છે! આપણને ત્રણ વરસે નાક લૂછવાનું યે યાદ નહોતું રહેતું ને મોંમાં અંગૂઠો ચૂસતા ચૂસતા ચોકલેટ સિવાય કશું યાદ આવતું જ નહોતું , પણ 'લિટલ ગૂગલ' તરીકે જાણીતી ધ્રુવી 'વર્લ્ડવાઇડ બુક ઓફ રેકોર્ડ્સ'માં સ્થાન પામી છે. વળી ધ્રુવી હજૂ તો સ્કૂલમાંયે ગઇ નથી ને મોબાઇલ, ઇન્ટરનેટના કે ગૂગલ વિના એના પપ્પાએ પુસ્તકો વાંચીને જે સંભળાવ્યું એમાંથી જ આટલું યાદ કર્યું છે!

અમને તો આ 'ફાની' ને 'ફની' દુનિયામાં આતંકવાદીઓ કે ઇન્કમટેક્સ ડિપાર્ટમેંટથી જેટલો ડર નથી લાગતો, એટલો ગણિતના આંકડાઓથી લાગે છે. શાળા- કોલેજ છૂટ્યાનાં આટલાં વરસો પછી પણ નીંદરમાં ગણિતનાં પેપરનો રાક્ષસ દેખાતા ઝબકીને જાગી જવાય છે. માટે જ ગણિતના મહારથીઓ અમને અલગ જ દુનિયાનાં 'એલિયન' અવતારી આત્માઓ લાગે છે. એમાંયે જેમને અનેક આંકડાઓ યાદ રહે છે એમના માટે તો ભયસભર આદર છે.

હમણાં ૨૦ વર્ષીય કોલેજીઅન વિશ્વા રાજકુમારે માત્ર ૧૩.૫૦ સેકન્ડમાં આડાઅવળા ૮૦ આંકડા યાદ કરીને 'મેમરી લીગ વર્લ્ડ ચેમ્પિયનશિપ' જીતી છે. 'મેમરી લીગ ' મુજબ રાજકુમાર હાલમાં ૫,૦૦૦ના સ્કોર સાથે નંબર ૧ પર છે!

રાજકુમારે આ સ્પર્ધા માટે 'હાઇડ્રેશન' પદ્ધતિથી એટલે કે ખૂબ પાણી પીને યાદશક્તિ વધારેલી...જ્યારે તમે વસ્તુઓ યાદ રાખવાનો પ્રયત્ન કરતાં હોવ ત્યારે સામાન્ય રીતે અવાજ ઓછો કરો છો ને 'હાઇડ્રેશન' ગળાને સાફ રાખવામાં મદદ કરે છે માટે જો તમે ઘણું બધુ પાણી પીતા હશો, તો તમે તેને ઝડપથી વાંચી શકો છો. આ જાણ્યું ત્યારથી અમે ખૂબ પાણી પીએ છીંએ, પણ બાટલી ક્યાં મૂકાઇ જાય છે એ જ યાદ નથી રહેતું. અહીં વાત 'પાણીની બાટલી'ની જ થાય છે હોં!

***એંડટાઇટલ્સઃ***
***આદમઃ હાં, તો હું શું કહેતો હતો કે...***
***ઇવઃ હા હા યાદ છે, હવે!***

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# AIના યુગમાં માતૃભાષાનું ભવિષ્ય: સંકટનાં એંધાણ કે સંભાવનાનો સંકેત?

હમણાં થોડા સમય પહેલાં, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે,આર્ટિ ફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)ના જમાનામાં માતૃભાષા સાથે શું થશે તેના પર વાર્તાલાપ કરવાનો મોકો મળ્યો હતો. કેવું કહેવાય! આપણે હજુ ગઈકાલ સુધી અંગ્રેજીના ચલણમાં માતૃભાષાનું શું થશે તેની ચિંતા કરતા હતા, ત્યાં આ અ AIની નવી 'મોંકાણ' આવી પડી છે.

AI, જેણે ઘણું બધું ઉપરતળે કરી નાખ્યું છે, તે આપણી જેમ જ મશીનોને બોલતાં અને વિચારતાં કરી દેશે તો આવનારી પેઢીની ભાષાનું શું થશે તે ચિંતા સમયસરની તો જ છે, કદાચ આવનારા દાયકાઓમાં તેની વધુને વધુ ચર્ચા પણ થતી રહેશે.

એક તો, AI એ તો હજુ પાશેરામાં પૂણી મૂકી છે. તે જે ઝડપે વિકસી રહી છે તે જોતાં તેના સ્વરૂપ અને પ્રભાવ વિષે કશું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. AIની દુનિયામાં રોજેરોજ ઇનોવેશન-સંશોધન સુધારા થઇ રહ્યાં છે એટલે તે કેવી ક્ષમતાઓ વિકસાવાશે એ પણ ખબર નથી અને તેનાથી કેવા પ્રશ્નો ઉભા થશે તે પણ, છતાં ભાષાને સંબંધ છે ત્યાં સુધી એક વાત સ્પષ્ટ છે- માતૃભાષા આપણી ઈમોશનલ ઓપરેટિંગ સિસ્ટમ છે, અને AI તેનું નવું હાર્ડવેર છે. ભવિષ્ય ત્યારે સૌથી સુંદર સ્વરૂપ ધારણ કરશે, જ્યારે બંને સાથે-સાથે ચાલશે.

**કેવી રીતે? સમજીએ.**

આપણે લખવા-વાંચવાનું બહુ પાછળથી શીખ્યા. સૌથી પહેલાં આપણે માતાનો અવાજ સાંભળ્યો હતો. એ પહેલી

ભાષા હતી. આપણને હાલરડાંમાં પહેલી દુનિયા 'દેખાઈ' હતી. ઘરમાં બોલાતી કહેવતો મારફતે આપણને 'જ્ઞાન' મળતું હતું.

માતૃભાષા એટલે જન્મથી જ પરિવાર અને આસપાસના સમાજ દ્વારા સહજ રીતે શીખાતી પ્રથમ ભાષા, જે ભાષામાં આપણે બોલતાં શીખીએ, વિચારીએ, લાગણીઓ વ્યક્ત કરીએ અને સપનાઓ જોઈએ તે. અમેરિકાસ્થિત કવિયત્રી પન્ના નાયકે એક કવિતા લખી હતી:

*આપણને*
*જે ભાષામાં સપનાં આવે*
*એ*
*આપણી માતૃભાષા*
*મને*
*હજીય ફિલાડેલ્ફિઆમાં*
*સપનાં ગુજરાતીમાં આવે છે.*
*પણ*
*મારી આસપાસના*
*કેટલાક ગુજરાતીઓ*
*ઉમાશંકરની છબિ જોઈને*
*સતત પૂછ્યા કરે છે :*
*'આ કોની છબિ છે?'*
*'આ કોની છબિ છે?'*
*અને*
*મારું સપનું નંદવાઈ જાય છે.'*

(સપનાંનાં હૈયાંને નંદવામાં વાર શી?)

માતૃભાષા માત્ર વ્યાકરણ કે શબ્દભંડોળ નથી. તે હૃદયની ભાષા છે. તેમાં માતા હાલરડું ગાય, દાદી વાર્તા કહે, પિતા



સમજણ આપે, અને આપણે પહેલી વાર હું કહીએ તે માતૃભાષા.

માતૃભાષા એટલે ઓળખ. માતૃભાષા એટલે સ્મૃતિ. માતૃભાષા એટલે સંસ્કૃતિ. માતૃભાષા એટલે આપણી અંદરનો

અવાજ. વિશ્વની કોઈપણ બીજી ભાષા આપણે શીખી શકીએ, પરંતુ જે ભાષામાં આપણે રડી શકીએ, હસી શકીએ,

ગુસ્સે થઈ શકીએ અને નિ:શબ્દ રહી શકીએ, એ માતૃભાષા હોય છે.

માણસ તરીકે આપણી ઊંડી અનુભૂતિઓ, ભય, પ્રેમ અને એકલતા સૌથી પહેલાં માતૃભાષામાં આકાર લે છે. જો એ ભાષા ક્ષીણ થઇ જાય, તો વિચારવાનો એક ઢંગ પણ ક્ષીણ થઇ જાય છે. જ્યારે કોઈ ભાષા મરે છે, ત્યારે તેની સાથે દુનિયાને જોવાની એક દ્રષ્ટિ પણ મરી જાય છે. ભાષાઓ સાંસ્કૃતિક ધરોહરની વાહક હોય છે; તે ખાલી સંવાદનું સાધન નહીં, સભ્યતાનો જીવિત અભિલેખ છે.

એવા ઘણા શબ્દો છે જેનો અનુવાદ તો સંભવ છે, પણ અર્થનો વિસ્તાર નહીં, જેમ કે 'લાગણી'ને ઈમોશન કહી દેવાથી તેની આત્મીયતા નથી આવતી. 'આબરુ' માત્ર રેપ્યુટેશન નથી, તેમાં પરિવાર અને વંશનું ગૌરવ પણ સામેલ છે.

સંબંધોની ઓળખ માટેના શબ્દો- જેમ કે સાળો, જીજાજી, દિયર, સાળી, નણંદ- અંગ્રેજીમાં બ્રધર-ઇન-લો અથવા

સિસ્ટર-ઇન-લો બનીને તેની વિશિષ્ટતા ગુમાવી દે છે. એટલા માટે માતૃભાષા આપણી ભાવનાઓનો સુક્ષ્મ નકશો છે.

હવે એમાં AIનો પ્રવેશ થયો છે. આ પ્રિન્ટિંગ પ્રેસ, રેડિયો કે ટેલિવિઝન જેવું સાધારણ માધ્યમ નથી- તે એક સ્વતંત્ર સત્તા છે. AI શીખી શકે છે, લખી શકે છે અને વિચારી પણ શકે છે, પણ તે ફીલ કરી શકતું નથી. તેની પાસે ચેતના નથી, એટલે અનુભૂતિ પણ નથી. તેના માટે માનવીય ભાષાનો કોઈ વિકલ્પ નથી. એટલે AI ભાષાને નહીં મારે, ભાષા પ્રત્યેની આપણી ઉદાસી તેને મારશે. AI ડેટા પર કામ કરે છે. જે ભાષા (અત્યારે અંગ્રેજી)માં વધુને વધુ ડેટા સર્જાશે, તેટલી તે ભાષા AI માં મજબૂત થશે. આ શબ્દકોશ જેવું છે. એમાં નવા નવા શબ્દો ઉમેરાતા જાય, તેમ તમે તે સમૃદ્ધ થતી જાય અને ભાવી પેઢીઓ તે વાંચીને ભાષા લખતી-બોલતી રહે. અર્થાત, ડિજિટલ દુનિયામાં ગુજરાતી ભાષા જેટલી વધુ ઉપયોગમાં લેવાશે, AIનો 'શબ્દકોશ' એટલો તગડો થશે.

AI વાસ્તવમાં નાની ભાષાઓ માટે વરદાન છે. તે તેને પ્રાદેશિક સ્તરેથી વૈશ્વિક સ્તરે લઇ જશે. આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે AI આપણી ભાષા શીખે- પણ આપણે તેને ભૂલવાની નથી.

આપણે નવી કવિતાઓ, હાલરડાં, ભજનો રચતા રહીશું, તો તે નવી પેઢી સુધી જશે અને તો જ નવું હાર્ડવેર અને આપણી ઈમોશનલ ઓપરેટિંગ સિસ્ટમ સાથે- સાથે, સંતુલિત અને સશક્ત બનીને ચાલી શકશે. ■




# ધ્યાન રાખો કે એડવર્ટાઈઝમેન્ટના આધારે ક્યારેય ઈન્વેસ્ટમેન્ટનો નિર્ણય લેવો નહીં...

## સોશ્યલ મીડિયા ઉપરાંત અન્ય પ્રસાર-પ્રચાર માધ્યમો મારફત રોકાણ આકર્ષવાના થતા પ્રયાસો સામે સજાગ રહો

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

સોશ્યલ મીડિયા જયારથી સક્રિય થયું છે ત્યારથી સામાજિક જીવન પર તો છવાયું જ છે, પરંતુ આર્થિક-ફાઈનાન્સિયલ જગતમાં પણ સતત છવાઈ રહ્યું છે. આજે આ મંચનો ઉપયોગ ઈન્વેસ્ટમેન્ટના પાઠ સમજાવવા માટે થઈ રહ્યો છે, જેમાં સટ્ટાની વાત પણ આવે, માર્ગદર્શનની વાત પણ આવે. જોકે માર્ગદર્શનના નામે ગેરમાર્ગદર્શન થાય અને તાલીમના નામે આપણા દિમાગને તાળાં મારવાની વાત પણ થાય.

'આમ કરાય- આમ ન કરાય- આમ કમાશો તો આમ ગુમાવશો...અમારી પાસે શીખો- અમારા કલાસ જોઈન કરો, અમે લાભ કરાવીશું- અમે કમાણી કરાવીશું, વગેરે' ઓફરો આપી અનેક સાચા-ખોટા લેભાગુઓ દુકાન ખોલી બેસી ગયા છે અને રોજેરોજ સતત માથા પર ભમ્યા કરે છે. વર્તમાન ઈન્ફોર્મેશન-ટેકનોલોજીના યુગમાં એડવર્ટાઈઝમેન્ટ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ, એ આપણા જીવનનો બહુ મોટો ભાગ બની ગયા છે.

પાંચ રૂપિયાથી લઈ પચાસ હજાર કે પાંચ લાખની ચીજ-વસ્તુઓની જાહેરખબર અને માર્કેટિંગ સતત આપણી સમક્ષ થયા કરે છે. આ ખરીદો- પેલું ખરીદો- આ સારું, પેલું બેસ્ટ...આનાથી ફલાણો ઉપાય થાય - પેલાથી ઢિકણો ઉકેલ આવે... આમ દવાથી દારૂ સુધી- બાળકથી વૃદ્ધ સુધી આપણા જીવનના દરેક તબક્કે આપણી સમક્ષ જાહેર ખબરો અને માર્કેટિંગનો મારો સતત ચાલ્યા કરે છે. હાથમાં રહેલો મોબાઈલ હોય કે રેડિયો-ટીવી હોય, રસ્તામાં ચાલતી ગાડી હોય કે બાજુએ મુકાયેલાં હોર્ડિંગ્સ હોય, રેલ્વેના પ્લેટફોર્મ હોય કે એરપોર્ટની લોન્જ હોય, ભાગ્યે જ કોઈ એવી જગ્યા મળશે, જ્યાં જાહેરખબર આપણી આંખ સામે ટીકટીક ન કરતી હોય. આ જાહેરખબરો-પ્રચાર એટલી હદ સુધી આકર્ષક અને અસરકારક બનાવાય છે કે ગ્રાહકો તેને અનુસર્યા વિના રહી શકતા નથી.

આપ ફિલ્મ જોવા અવારનવાર થિયેટરમાં જતા હશો, શું આપ ફિલ્મ શરૂ થાય એ પહેલા બતાવાતી જાહેરખબર ધ્યાનથી જુઓ છો? એ જાહેરખબરો હંમેશાં આકર્ષક તો હોય જ છે, પણ તેમાં કરાતી વાતો કે તેમાં અપાતા મેસેજ એથી પણ વધુ આકર્ષક હોય છે. શું આપ એ જાહેરખબર જોઈને તેનું તરત અનુકરણ કરો છો? ધારો કે આપે ઈન્સ્યુરન્સ કે પેન્શન પ્લાનની જાહેરખબર જોઈ તો શું તેનાથી પ્રભાવિત થઈને થોડા દિવસોમાં જ આપ પણ એ જ ઈન્સ્યુરન્સ પૉલિસી કે પેન્શન પ્લાન લઈ લો છો ખરા? તેમાં પણ વળી કેટલીય જાહેરખબરોમાં તો આપણા ફેવરિટ ફિલ્મસ્ટાર, ક્રિકેટ સ્ટાર વગેરે જેવા સેલિબ્રિટી હોય છે, જે જે -તે ઈન્વેસ્ટમેન્ટને એન્ડોર્સ કરતા હોય છે પરિણામે આપણી પોતાની વેલ્થનાં તંદુરસ્ત સ્વાસ્થ્ય સામે આનું આંધળું અનુકરણ મોંઘું પડી શકે છે.

### પ્લસ-માઈનસ પોઈન્ટસ સમજવાની જરૂર

આવી જ જાહેરખબરો આપને ટીવી ચેનલ્સ અને હવે તો એ કરતા પણ વધુ સોશ્યલ મીડિયાના વિવિધ મંચ પર પણ જોવા મળતી હોય છે, લોકોને સતત હેમરિંગ કરતી રહે છે.

આ દરેક જાહેરખબર ખોટી જ છે કે છેતરનારી છે એવું કહેવાનો હેતુ નથી, પરંતુ આ જાહેરખબર સાથે દરેક વ્યકિતએ પોતાની જીવનજરૂરિયાત, જીવનનાં લક્ષ્યોને મેચ કરવા જોઈએ. આ જાહેરખબરો માત્ર માર્કેટિંગ કે પ્રમોશન ટેક્નિક છે, જેના દાવા કે ખાતરીઓ ચાલાકીપૂર્વકના હોય છે. આ જાહેરખબરો, પ્રચાર, બ્રાન્ડિંગ, કોમેન્ટરી તમને આકર્ષતી હોય તો પણ તેમાં સીધું રોકાણ કરવા દોડી જવાને બદલે તેને સમજવાની કોશિશ કરવી જોઈએ. તેનો અભ્યાસ કરવો જોઈએ. જે-તે પૉલિસી, પેન્શન કે ઈન્વેસ્ટમેન્ટ પ્લાન કે રોકાણ સાધન-રોકાણ યોજના, સ્ટ્રેટજી, તમારા માટે કે તમારા પરિવાર માટે ખરા અર્થમાં કેટલા ઉપયોગી છે એ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ વિષયમાં તમારા ફાઈનાન્સિયલ એડવાઈઝર સાથે વાતચીત કરી તેના પ્લસ-માઈનસ પોઈન્ટસ સમજવા જોઈએ. પ્લાન કોઈપણ ઈન્વેસ્ટમેન્ટનો હોઈ શકે. લોકોનું ઈન્વેસ્ટમેન્ટ આકર્ષવા ટીવી, અખબારો, વેબસાઈટ, રેડિયો સહિત અનેકવિધ પ્રસારમાધ્યમોનો ઉપયોગ થતો રહે છે, કારણ કે આ મારફત વ્યાપક (માસ ) વર્ગ સુધી પહોંચી શકાય છે . જોકે આ જાહેરખબરોની સત્યતા કે સાર્થકતા ચકાસવાની કોશિશ કોઈ કરતું નથી કે જો એમ કરીને તેના માઈનસ પોઈન્ટસ જાણી લેવાયા હોય તો કોઈ તેની વાત કરતું નથી, પરંતુ આવા સમજુ માણસો કેટલા? મોટાભાગના લોકો તો આ જાહેરખબરોની જાળમાં આવી જાય છે. માર્કેટિંગ- બ્રાન્ડિંગનું આપણા જીવનમાં ખાસ્સું મહત્ત્વ રહયું છે. આની રચના માટે એટલે જ કંપનીઓના કરોડો રૂપિયાના બજેટ હોય છે કેમ કે એના દ્વારા જ તેમણે વરસો સુધી કરોડોની કમાણી કરવાની હોય છે. આમાં રોકાણ કરતા પહેલાં તેમાં રહેલા સંભવિત રિસ્ક અને રિટર્નને સમજવા જરૂરી હોય છે. જેની સચ્ચાઈ જાહેરખબરમાં જાહેર થતી નથી.

### ઝીણા અક્ષરોમાં કે બોલીમાં ચેતવણી

યાદ રહે, દરેક જાહેરખબર બાદ ઝીણા અક્ષરોમાં કે ધીમા અવાજમાં તેના સંભવિત જોખમ વિશે સૂચના અથવા ચેતવણી કે સ્પષ્ટતા પણ અપાતી હોય છે, જેના પર બહુ ઓછા લોકોનું ધ્યાન જાય છે (તેમનો ઈરાદો પણ એજ હોય છે કે લોકો તેના પર ધ્યાન ન આપે). આને ટેકનિકલ ભાષામાં ડિસ્કલેઈમર પણ કહે છે. આવી રોકાણ યોજના ભલે કેટલી પણ આકર્ષક લાગે કે પછી તેમાં તમારા મિત્ર કે સગાં પણ રોકાણ કરતા હોય તો પણ તમારે એ કરતા પહેલા એ વાસ્તવમાં તમારી માટે કેટલું ઉપયોગી અને સાર્થક છે તે સમજવું આવશ્યક છે.

ફાઈનાન્સિયલ કે ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડમાં દરેક વ્યકિતએ જાહેરખબરથી અંજાઈને નિર્ણય લેવાનું ટાળવું જોઈએ, કારણ કે જાહેરખબર સાથે મોટેભાગે ઊંચા અને ખોટા દાવાઓનું જોખમ, અજ્ઞાનતાનું જોખમ અને ફસાઇ જવાનું જોખમ સંકળાયેલું હોય છે. જાહેરખબર સતત સામે આવ્યા કરે છે ત્યારે આકર્ષણ જમાવે છે, વિચારવા દબાણ લાવે છે, આપણને નિર્ણય લેવા સુધીના માર્ગે લઈ જાય છે. આમ છતાં, આ માર્ગ પર આવ્યા બાદ દિમાગની બત્તી ખોલીને તેનો નિર્ણય લેવો મહત્ત્વનો હોય છે. હા, જે આ પ્રવાહમાં તણાઈ જાય એના ડૂબી જવાની શકયતા ઊંચી રહે છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# જુલિયટના હ્યુગો સાથેના સંબંધમાં પ્રેમ કાયમ રહ્યો પણ સ્વીકૃતિ ન મળી

જુલિયટ ડ્રુએના અફાટ સ્નેહ, ગજબ દરકાર અને જોખમ લેવાની હિમ્મતને પ્રતાપે પ્રગટ થઈ શકેલી વિક્ટર હ્યુગોની અમર રચના 'લે મિઝેરેબલ્સ' પ્રગટ થઈ.

આ ચમત્કારને શક્ય બનાવનારાં જુલિયટ ડ્રુએ વિશે વધુ જાણવું પડે. આમાંથી કદાચ તેમનાં વ્યક્તિત્વ ઘડતનો મહદ અંશે અણસાર મળી શકે.

મૂળ નામ જુલિયટ જોઝેફિન ગોવેન.

જન્મ ૧૦ એપ્રિલ ૧૮૦૬ અને મૃત્યુ ૧૧ મે ૧૮૮૩ (વય ૭૭ વર્ષ). પિતા ગોવેન દરજી અને માતા મેરી માશડિ ઘરગથ્થુ નોકરીમાં. બે મોટી બહેનો રેની અને થેરેસ અને એક ભાઈ આર્માંદ. જુલિયટના જન્મના થોડા જ મહિનામાં માતાનું અવસાન અને પછીના વર્ષે પિતા પણ કાયમ માટે છોડી ગયા.


હવે જુલિયટ ગોવેનની લાલનપાલનની જવાબદારી કાકા રેને ડ્રુએએ સંભાળી લીધી. આ અનાથે પેરિસની ધાર્મિક બોર્ડિંગ શાળામાં શિક્ષણ લીધું. અતિ પ્રતિભાશાળી બાળકી હોવાથી ફક્ત પાંચ વર્ષની ઉંમરે જ વાંચતા-લખતાં આવડી ગયું. દસ વર્ષે તો સાહિત્ય અને કાવ્યમાં એમનું નામ થવા માંડ્યું.

યુવાનીમાં પગ મૂકવા સાથે એટલે કે ૧૮૨૫માં જુલિયટ શિલ્પકાર જેમ્સ પ્રાડિયરની પ્રેમિકા બની. પ્રાડિયરે પેરિસના પ્લાસ દ લા કોન્કોર્ડ ખાતે સ્ટ્રાસબર્ગના પ્રતિકરૂપ એક પ્રતિમામાં તેમનો આકાર આપ્યો હતો. પ્રાડિયરની સલાહથી તેમણે ૧૮૨૯માં અભિનય કારકિર્દી શરૂ કરી. આરંભ કર્યો બ્રસેલ્સમાં અને પછી ગયાં પેરિસમાં. એ જ સમયગાળા દરમિયાન જુલિયટે પોતાના કાકાની અટક(સરનેમ) 'ડ્રુએ' વાપરવાનું શરૂ કર્યું.

જુલિયટને ઓળખનારા તેમને સ્વતંત્ર, ઉતાવળિયા અને ગુસ્સાવાળા સ્વભાવની વ્યક્તિ ગણાવતા હતા. પેરિસના સમાજમાં તેમની છાપ એક વિશિષ્ટ દરબારી સ્ત્રીની હતી, જે ભવ્ય વસ્ત્રો પહેરતી, ઉડાઉ ખર્ચ કરતી અને દેખાવમાં સુંદર હતી. હા, નિર્મળ અને તેજસ્વી આંખો, સુંદર નાક અને મોઢું નાનું. એમનો અંડાકાર ચહેરો વાદળી-કાળા વાળોથી શોભતો હતો.

આગળ જોયું એમ ૧૮૩૩માં મંચ પ્રસ્તુતિ 'લુક્રેશિયા બોર્જિયા' માં રાજકુમારી નેગ્રોનીની ભૂમિકા ભજવતી વખતે તેમની મુલાકાત વિખ્યાત લેખક વિક્ટર હ્યુગો સાથે થઈ. તે સમયે હ્યુગોની પત્ની એડેલનો સમીક્ષક સૈંત-બેવ સાથે પ્રેમસંબંધ હતો. ૧૮૩૩માં હ્યુગોના નાટક 'મેરી ટ્યુડર'માં લેડી જેન ગ્રેની ભૂમિકા અંતિમ રહી. ત્યારબાદ તેમણે નાટ્યકારકિર્દીનો ત્યાગ કર્યો અને પોતાનું સર્વસ્વ એટલે કે બાકીનું જીવન પ્રેમી વિક્ટર હ્યુગોને


જુલિયટ જોઝેફિન ગોવેન


વિક્ટર હ્યુગો

સમર્પિત રહ્યાં. તેઓ હ્યુગોના સચિવ અને પ્રવાસસાથી બની ગયા. વર્ષોના એકાંત જીવન દરમિયાનમાં માત્ર પ્રેમીની સાથે જ બહાર જતાં. ૧૬ ફેબ્રુઆરી, ૧૮૩૪થી ૧૮૮૩ સુધી દર વર્ષે તેઓ વિક્ટર સાથે વિતાવેલી પ્રથમ રાતની વર્ષગાંઠ ઉજવતા રહ્યા. વિક્ટર હ્યુગોએ આ અંગત પ્રસંગને પોતાની પ્રસિદ્ધ કૃતિ 'લે મિઝેરેબલ્સ'ના કથાવસ્તુમાં પણ સમાવ્યો છે. આમાં મહત્ત્વપૂર્ણ પાત્રો મારિયસ અને કોસેટના લગ્નની રાત એ જ તારીખે દર્શાવવામાં આવી હતી.

અંતે ૧૮૭૦માં હ્યુગો અને જ્યુલિયટ રાષ્ટ્રીય નાયકો તરીકે વતન ફ્રાન્સ પરત ફર્યા. તે અગાઉ ૧૮૬૮માં હ્યુગોની પત્ની અવસાન પામ્યાં. જીવનના અંતિમ મહિનાઓમાં તેઓ જ્યુલિયટને સ્વીકારી લે છે તે સ્ત્રીને જેણે પાંત્રીસ વર્ષ તેમના પતિને બધી રીતે સાથ આપ્યો હતો. એ રીતે પહેલીવાર જ્યુલિયટને જાહેર માન્યતા મળી હતી. પણ એક મરતી મહિલાની સ્વીકૃતિને સમાજ કે પરીવારજન માને? જવાબ માત્ર સમય પાસે હતો.

વિક્ટર હ્યુગોના અંતિમ વર્ષો યાદગાર હતા. તેમના ૮૧મા જન્મદિવસે છ કલાકની શોભાયાત્રા તેમના ઘર પાસેથી પસાર થાય છે. સન્માનમાં રસ્તાને તેમનું નામ આપવામાં આવ્યું. આ બધા સમયે જ્યુલિયટ તેમની બાજુમાં, સાથેને સાથે હતાં.

બન્ને જાણતાં નહોતાં કે આ લાંબા સમયનો સથવારો હવે છૂટવાનો હતો. ૧૮૮૩માં વર્ષો સુધી પેટના કેન્સરથી પીડાયા. જ્યુલિયટે સત્તોતેર વર્ષની ઉંમરે દુનિયાને, પ્રેમને અને પ્રેમીને આખરી અલવિદા કહી દીધી. હ્યુગોના પરીવારજન તેને અંતિમવિધિમાં જવા પ્રોત્સાહિત કરતા નથી. હ્યુગો તૂટી પડ્યા પણ લોકો શું કહેશે તેની ચિંતા કરતાં પરિવારે તેમને જુલિયટના અંતિમ સંસ્કારમાં ધરાર જવા જ ન દીધા!

એ પછી હ્યુગો માત્ર બે વર્ષ જીવ્યા. અનેક કાવ્યો, નાટકો ને નવલકથા લખનારા આ માણસ જુલિયટ વિહોણા સમય દરમિયાન કંઈ જ લખી શક્યા નહીં. પ્રેમિકા, સખી ને સંગીની વગર સર્જકની કલમ સાવ મૌન થઈ ગઈ.

હ્યુગોનાં મરણ પહેલાં તેમના સંતાનોને પિતાએ લખેલી એક નોંધ મળી આવી. એ તેમણે પેરિસની ઘેરાબંધી દરમિયાન લખી હતી. એ વખતે તેમને લાગ્યું હતું કે હવે કદાચ પોતે બચવાના નથી. લોહી, આંસુ અને વેદના ટપકતા હતા એ નોંધમાં: જુલિયટે ડિસેમ્બર ૧૮૫૧માં મારું જીવન બચાવ્યું. મારા માટે તે નિર્વાસનમાં ગઈ. તેના આત્માએ ક્યારેય મારા આત્માનો સાથ છોડ્યો નથી. જેણે મને પ્રેમ કર્યો છે, તે તેને પણ પ્રેમ કરે. જેણે મને માન આપ્યું છે, તે તેને પણ માન આપે. તે મારી વિધવા છે.

૧૮૮૫માં હ્યુગોનું અવસાન થયુ. વીસ લાખની મેદની અંતિમયાત્રામાં જોડાઈ હતી. તેમને ફ્રાન્સના મહાન નાયકો વચ્ચે પેન્થેઓનમાં દફનાવવામાં આવ્યા પણ જીવનભર સંભાળનારી પ્રેમિકા જુલિયટ ક્યાંય નહોતી.

૫૦ વર્ષનો નામ વગરનો સંબંધ અને એક શાંત ઓરડામાં લખાયેલા ૨૦,૦૦૦ પત્રો અમર થઈ ગયા.

(સંપૂર્ણ)■



ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# સુપર શ્રીમંતો વધુ ટેક્સ આપે તો જગતભરની ગરીબી નાબૂદ થઈ શકે ખરી...?

## પ્રત્યેક વર્ષે વિશ્વમાં વધતી જતી અમીરી-ગરીબી વચ્ચેની ખાઈ પર અંકુશ મેળવવા કેટલાક શ્રીમંતો સ્વેચ્છાએ વધુ કરવેરા આપવા તૈયાર થયા છે, પણ આર્થિક નિષ્ણાતો કહે છે કે ધનિકો પરનો અધિક ટેક્સ નુકસાનકારક પુરવાર થઈ શકે!

**ધારી લો** કે કલાસના તોફાની ટપુડાઓ અચાનક ડાહ્યા-ડમરા થઈ જાય - 'નો તોફાન-મસ્તી' સાથે નિયમિત હોમ વર્ક કરીને આવે. એટલું જ નહીં, શિક્ષકને સામેથી વધુ ને વધુ નવું શીખવાડવા કહે ત્યારે તો શિક્ષકો સુધ્ધાંને આશ્ચર્યના ચોરસ ચોરસ ચક્કર આવવા માંડે. એમને સમજાય નહીં કે આ તોફાનીઓમાં આવો હૃદયપલટો આવ્યો ક્યાંથી?

આવો જ સિનારિયો આજકાલ સરકાર અને શ્રીમંતો વચ્ચે સર્જાયો છે. આમ તો કોઈ પણ દેશની સરકાર હોય,એની ફરજ છે કમાણી કરતા નાગરિકો પાસેથી કર ઉઘરાવી દેશનું કામકાજ ચલાવવું- સુશાસન કરવું. બીજી તરફ, નાગરિકનો જન્મસિદ્ધ અધિકાર છે કે કમાણીનું સુનિયોજન કરીને ટેકસ બચાવવો બન્ને પક્ષ આ જાણે છે, છતાં બન્નેને એક યા બીજી રીતે આ રમતના નિયમોનું પાલન કરવાનું ટાળે છે. સરકાર વધુ કરવેરા ઝીંકે છે અને સામે વેપારી-ઉદ્યોગપતિ-ઓ કરચોરી કરે છે. સરકાર અને ખાસ કરીને ખમતીધર વેપારીઓની આ વર્ષો જૂની રમત છે-ટક્કર છે.

હમણાં આમાં એક નવું પરિમાણ ઉમેરાયું છે. જગતના વિભિન્ન રાષ્ટ્રોમાં ફેલાયેલી ભૂખમરાની સમસ્યા તથા જગતના ધનકૂબેરો-ગરીબો વચ્ચે વધતી જતી આવકની ખાઈના ખબર-અંતર રાખતી જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થા

'ઑક્સફામ' છેલ્લાં આંકડા-અહેવાલ લઈને આવી છે, જે ચોંકાવનારા છે.

'ઑક્સફામ' અનુસાર, વિશ્વના ૧૦ ધનિક એવાં છે, જે રોજના ૧૧ હજાર કરોડ રૂપિયા કમાય છે. આ જો રોજ આડેધડ ૭.૫ કરોડ પણ વાપરે તો પણ એમની સંપત્તિ આગામી ૮૪ વર્ષ સુધી ખતમ ન થાય !

બીજી તરફ, ભારત જેવા દેશમાં રોજના ૭૦૦૦ને હિસાબે દર વર્ષે ૨૫ લાખથી વધુ લોકો ભીષણ ગરીબી અને ભૂખમરાથી મરે છે...

આમ અમીરી-ગરીબી વચ્ચેની આવી આર્થિક અસમાનતા કોઈને પણ માત્ર અકળાવનારી જ નહીં, પણ હચમચાવનારી છે.

વિસ્મય જગાડે એવા આ બધા આંકડાની વિગતો પ્રગટ થઈ રહી છે એમાં બીજા એક સમાચારે દુનિયાભરના લોકોને ચોંકાવી દીધા છે અને આર્થિક નિષ્ણાતોને પણ વિચાર કરતાં કરી મૂક્યાં છે.

ખરી આવક છુપાવી પોતાના દેશમાં કરચોરી કરે અને જ્યાં 'ટેક્સ-હેવન'ની સુવિધા એવા દેશમાં પણ આવક રળવા યુક્તિ-પ્રયુક્તિ કરવા માટે મોટાભાગના ધનિકો વગોવાયેલા છે.

જો કે કેટલાક અતિ શ્રીમંતો એવા છે, 'જેમની 'આવક અધધધ છે, છતાં એ લાકો ઘણો ઓછો ટેક્સ ચૂકવે છે' એવી ફરિયાદ અવારનવાર થતી રહે છે. અત્યાર સુધી આવી ફરિયાદના જવાબ કે ખુલાસા મળતા કે થતાં નહોતા, પણ તાજેતરમાં 'ઑકસફામ'ના વિચારમાં મૂકી દે એવાં આર્થિક અસમાનતાના આંકડા પ્રગટ થયા પછી વિશ્વના ટોચના ૧૦૨ અબજોપતિઓએ 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WCF) ને એક પત્ર લખીને એ મતલબની અપીલ કરીને કહ્યું છે : 'હા,અસમાન કર-વ્યવસ્થાને લીધે અમે બીજાંની સરખામણીએ વધુ ધનઉપાર્જન કરીએ છીએ માટે જો અમને વધુ ટેક્સ ચૂકવવા કહેશો તો એ અમે સ્વેછાએ આપવા તૈયાર છીએ..'

૧૦૨ અમીરોની સામેથી વધુ કર ચૂકવવાની આવી બાંહેધરી સહેજે બધાને નવાઈ પમાડે. જો કે આ શ્રીમંતોના આવા વધારાના ટેકસથી શું શું થઈ શકે એની પણ હમણાં ગણત્રી કરવામાં આવી છે. એક અડસટ્ટા મુજબ વધારાના કરવેરા દ્વારા ૨.૫૨ ટ્રિલિયન ડૉલર (આંકડા પર ૧૨ મીંડાવાળી રકમ!) જેટલું ફંડ એકઠું થઈ જશે, જેનાથી દુનિયાની પ્રત્યેક વ્યક્તિને વેક્સિન




આપી શકાશે. એટલું જ નહીં, બે અબજથી વધુ લોકોને ગરીબી રેખામાંથી બહાર કાઢી શકાશે ઉપરાંત અસંખ્યોને ભૂખમરામાંથી ઉગારી શકાશે

નવાઈની વાત એ છે કે સ્વેછાએ વધુ કર ચૂકવવાના આ પત્રમાં અમેરિકા-કેનેડા- બ્રિટન-ફ્રાન્સ- ડેનમાર્ક, ઈત્યાદિ જેવાં અનેક દેશોના શ્રીમંતોએ હસ્તાક્ષર કરી સહમતિ દર્શાવી છે, પરંતુ એમાં આપણા સૌથી અમીર મુકેશ અંબાણી કે ગૌતમ અદાણી કે પછી અન્ય ભારતીય ધનાઢ્ય વ્યક્તિઓનાં નામ સુદ્ધાં નથી.

હકીકતમાં તો સામેથી વધુ કરવેરા ચૂકવવાની વાત સાવ નવી નથી. 'હા, અમારા જેવા શ્રીમંતોએ વધુ ટેક્સ ચૂકવવો જોઈએ અને સરકાર કહેશે તો અમે આવા ટેક્સ આપવા તૈયાર છીએ.' એ પ્રકારની રજૂઆત આજથી ચારેક વર્ષ પહેલાં વિશ્વના પ્રથમ ૧૦ અમીરોમાં આવે એવા અમેરિકાના સૌથી સફળ ઈનવેસ્ટર- રોકાણકાર વોરેન બફેટ સાથે જ 'માઈક્રોસોફ્ટ'ના બિલ ગેટ્સે કરી હતી.

આજની તારીખે ૧૬૦ અબજ ડૉલરને નેટવર્થ ધરાવતા બફેટનું કહેવું અને માનવું છે કે અમીર -ગરીબની આવક- બચત અને રોકાણ વચ્ચેની અસમાનતાને લીધે ગરીબ વધુ ગરીબ અને પૈસાવાળા વધુ ધનવાન થતાં જાય છે. આને રોકવા માટે સરકારે અમારા જેવા 'સુપર રીચ' પાસેથી વધુ ટેક્સ વસૂલ કરવો જોઈએ. ખાસ કરીને, અમારી એસ્ટેટ જાગીરની ખરીદી પર' વોરેન બફેટે તો પોતાની ઑફિસના એક કર્મચારીની તેમજ પોતાની આવક તેમજ બન્નેના ટેક્સ માળખા સરખાવીને બધાને દર્શાવ્યું કે પેલા કર્મચારી કરતાં પોતાને કેટલો ઓછો ટેક્સ ભરવો પડે છે..!

આવા સિનારિયો વચ્ચે ન્યૂયોર્કના મેયર અને કેટલાક જાણીતી હસ્તિઓ એવી વાત લાવ્યા છે કે ૧૦ લાખ ડૉલરથી વધુ આવક ધરાવતા લોકો પર ૨ ટકાથી વધુનો ટેક્સ નાખવો જોઈએ. યુરોપમાં પણ આ રીતનો વધુ ટેક્સ વસૂલ કરવાની ચર્ચા ચાલી રહી છે. કેટલાક શ્રીમંતો સ્વેચ્છાએ વધુ કરવેરા આપવા તૈયાર થયા છે, પણ આર્થિક નિષ્ણાતો કહે છે કે ધનિકો પરનો અધિક ટેક્સ નુકસાનકારક પુરવાર થઈ શકે. એમના મત અનુસાર આ વધારાનાના કરવેરાને કારણે મોટી કંપની નવી રિ-સર્ચ -નવી શોધખોળ ઉપરાંત એમાં વધુ જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો થશે. સરવાળે આર્થિક ક્ષેત્રે વધુ નુકસાન થવાની શક્યતા વધી જશે...!

કોઈ પણ દેશની પ્રજાના સામાજિક-સાંસ્કૃતિક કે તબીબી-વિજ્ઞાન કે પછી કોઈ પણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે પહેલી જરૂર ધનની પડે. આર્થિક રીતે સક્ષમ હો તો જ ઝડપી પ્રગતિ શક્ય છે. જયારે જે તે દેશના સત્તાધીશ આર્થિક રીતે પહોંચી ન શકે ત્યારે દાન તરીકે મળતા ધન પર વિશેષ આધાર રાખવો પડે.

કોવિડ-કાળના અપવાદને બાદ કરતાં એકંદરે આપણો દેશ આર્થિક દ્રષ્ટિએ મજબૂત થતો જાય છે. અબજપતિઓની સંખ્યા વધી રહી છે, છતાં એમના દ્વારા અપાતાં દાનની રકમ બીજા દેશોના શ્રીમંતોની રકમની સરખામણીએ જોઈએ તેટલી જરાય પ્રોત્સાહિત કરે તેટલી નથી.

ગયા વર્ષે ૨૦૨૫માં ભારતીય દાનવીરો વિશે થયેલાં 'હુરુન ઈન્ડિયા'ના એક સર્વે મુજબ શિવ નાદર -મુકેશ અંબાણી- કુમાર મંગલમ -ગૌતમ અદાણી- બજાજ, વગેરેના પરિવાર દાનમાં અગ્રસર રહ્યા. એમની સરખામણીએ તો 'વિપ્રો'ના અઝીમ પ્રેમજી પણ અવ્વલ રહ્યા. આ દિલદાર ઉદ્યોગપતિ પરોપકારનાં કાર્યોમાં રોજના સરેરાશ રૂપિયા ૨૭ કરોડનું દાન કરે છે !

-અને હા, આ બધા વચ્ચે અત્યારે વિશ્વના સૌથી અમીર અને અમેરિકાના ઈલેક્ટ્રીક કાર 'ટેસ્લા' તથા 'સ્પેસડ' કંપનીના સર્વેસર્વા અલગારી ઉદ્યોગપતિ ઈલોન મસ્ક આ વર્ષે આશરે ૫૦૦ અબજ ડૉલર એટલે આશરે ૪૨ હજાર કરોડ રૂપિયાનો ટેક્સ ભરશે. અમેરિકન કૉર્પોરેટ ઈતિહાસમાં સૌથી વધુ ટેકસ ભરવાનો જેમનાં નામે આ રેકોડ સર્જાશે એવા આ ઈલોન કહે છે :

'યેસ, મારા જેવા અલ્ટ્રા રીચ પર સરકાર હજુ સુપર ટેક્સ નાખશે તો એ પણ હું ભરવા તૈયાર છું, બોસ..!' ■

### અબજોપતિઓની આંકડાબાજી...

જગતના આર્થિક સિનારિયો પર નજર રાખતી સંસ્થા 'ઑક્સફામ' કહે છે કે કોવિડ મહામારી પછી વિશ્વમાં અબજોપતિની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. ૨૦૨૫ના છેલ્લામાં છેલ્લાં સર્વેક્ષણ મુજબ ભારતમાં અબજોપતિની સંખ્યા વધીને ૨૮૪ થઈ છે અને એમાંય સૌથી વધુ સંપત્તિ ધરાવતા પ્રથમ ૧૦૦ ભારતીયની કુલ સંપત્તિ મળીને ૧ ટ્રિલિયોનથી વધુ છે (આશરે રૂપિયા ૮૩ લાખ કરોડ ! )

એ બધાની વચ્ચે આપણા મુકેશ અંબાણીની ખુદની રોજિંદી આવક છે ૧૬૩ કરોડ રૂપિયા! ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# ધંધા-વેપારની સફળતા માટે સાંભળવાનું પણ રાખો

આજે એક પ્રોડક્ટ માર્કેટમાં આવે તેની પાછળ બીજી એક સરખી પ્રોડક્ટ પણ આપણને માર્કેટમાં દેખાશે. આમાં મોટેભાગે ઇન્ગ્રેડીએંટના આધારે બનાવેલા પ્રોડક્ટ વધુ જોવા મળશે. ઉદાહરણ તરીકે, ઓનિયન અર્થાત કાંદાને લઈને બનાવેલા માથામાં નાખવાનું તેલ કે પછી મિલેટના આધારે બનાવેલા ખાદ્ય પદાર્થો... અમુક વર્ષો પહેલા લોકો પાસે માહિતી જોઈએ તેટલી ઉપલબ્ધ નહોતી અને તેથી રિસર્ચના આધારે પ્રોડક્ટ બનાવવામાં આવતા. આનો અર્થ તે નથી કે આજે રિસર્ચ નથી થતા, થાય છે અને તે મુજબ પ્રોડક્ટ બને પણ છે. આજે બીજી એક વાત લોકો માટે મહત્ત્વની બની છે અને તે એટલે, કન્ઝ્યુમર પોતે માગે છે તેને શું જોઈએ છે. ઈન્ટરનેટથી દુનિયા નાની થઇ ગઈ છે અને માહિતીઓનો ઢગલો છે ત્યારે લોકોને શું જોઈએ છે તે લોકો શોધે છે, જાણવાની કોશિશ કરે છે કે આજે શું ચાલી રહ્યું છે અને મને શું જોઈએ છે. બસ આ વાત બ્રાન્ડ માટે રિસર્ચનું કામ કરે છે. આ ઉપરાંત લોકો સોશ્યલ મીડિયા પર શું વાતો કરી રહ્યા છે, કઈ રીતે કરી રહ્યા છે અને શા માટે કરી રહ્યા છે તે જાણવું સહેલું થઇ ગયું છે.

આજે બ્રાન્ડ આના આધારે પોતાના પ્રોડક્ટ કે સર્વિસ બનાવે છે. આનો અર્થ તે કે બ્રાન્ડ આજે સતત લોકોને સાંભળતી રહી છે. એક ટર્મિનોલોજી છે કી-વર્ડ. કોઈ પણ પ્રોડક્ટ બનાવતા પહેલા તેનો અભ્યાસ કરવામાં આવે છે કે કયા કી- વર્ડ આજે સર્ચ એન્જિન પર વધુ ટ્રેન્ડ થઇ રહ્યા છે અને તે મુજબ પ્રોડક્ટમાં બદલાવ અથવા નવા પ્રોડક્ટ આવે છે. આ કી-વર્ડ પણ એક પ્રકારનું સાંભળવું છે. લોકોના રિવ્યુસ અને રેટિંગ્સ પણ સાંભળવાનો એક પ્રકાર આજે છે. આ બધી વાતો બ્રાન્ડને સુધારા વધારા કરવા પ્રેરે છે. આવી વ્યવસ્થા અમુક વર્ષો પહેલા નહોતી એટલે ત્યારે લોકોને થોડી નિરાંત હતી. આજે તમે જો આ સાંભળવામાં થોડી ઢીલ છોડી કે તમે રેસમાંથી બહાર ગયા સમજો. આ સાંભળવાની પ્રક્રિયા 'સોશ્યલ લિસનીંગ'ના નામે ઓળખાય છે.





બીજા શબ્દોમાં કહીએ તો કન્ઝ્યુમરને સાંભળવો આજે જરૂરી છે અને તેના થકી તમે તમારી વ્યૂહરચના બનાવી શકશો. બ્રાન્ડને મોટો ફાયદો એ છે કે સોશ્યલ મીડિયા વપરાશકર્તાઓ તમારી કંપની અથવા બ્રાન્ડ વિશે જે વાતચીત કરી રહ્યા છે તે સમજી શકો છો. આના સહારે તમે એમના પ્રશ્નોનો સીધો પ્રતિસાદ આપી શકો છો અથવા વારંવાર આવતા પ્રશ્નો જાણી તેને અનુરૂપ ક્રિએટિવ પોસ્ટ બનાવી શકો. સાંભળશો ત્યારે બ્રાન્ડ અને વેપારને લગતી વિવિધ લાગણીઓ વિષે જાણશો, જેનાથી તમે કોઈપણ ઉભરતા ટ્રેન્ડને જાણી શકો છો.

આના સહારે તમારી વિવિધ ટીમો જેમ કે રિસર્ચ, ડિઝાઇન, માર્કેટિંગ પોતાને અને બ્રાન્ડને તૈયાર કરશે. આમ સાંભળવુ નવા ટ્રેન્ડને જાણવા અને તે મુજબ બદલાવ લાવવા માટે પણ મદદરૂપ થાય છે.

વિવિધ કી- વર્ડ્સનો ઉપયોગ કરીને, જેમ કે સ્પર્ધકનું નામ અથવા તેમના ઉત્પાદનોના નામના સહારે તમે તમારા પ્રતિસ્પર્ધીની આસપાસની વાતચીતને જાણી શકો છો. આ તમને તેમની વ્યૂહરચનાને ઓળખવામાં મદદ કરી શકે છે , જેના થકી તમે તમારી વ્યૂહરચના બનાવી શકો. તેવી જ રીતે, જો એવા વિસ્તારો છે જ્યાં તેઓ તમારા કરતાં વધુ મજબૂત છે તો તમે આ માહિતીનો ઉપયોગ તે વિસ્તારમાં તમારી બ્રાન્ડને વધારવા માટે પણ કરી શકો છો. પ્રતિસ્પર્ધી પર ધ્યાન રાખી પોતાની તરફ ગ્રાહકોને લાવી શકાય છે.

બીજા ફાયદાઓમાં, જો કોઈ કટોકટી સર્જાવાના એંધાણ હોય અથવા કટોકટી બ્રાન્ડ સાથે સર્જાઈ હોય ત્યારે લોકો શું અને કેવી રીતે તે વિષય પર વાતો કરે છે તે જાણી તમારી વ્યૂહરચના તમે બનાવી શકો. લોકોની વાતો અને સમસ્યાઓ જાણી તેને લગતા નવા ઉત્પાદનો કે સેવાઓનું સર્જન થઇ શકે. તમારા કેમ્પેઇનના પર્ફોર્મન્સ પર લોકોની પ્રતિક્રિયા જાણી તે મુજબ તેમાં બદલાવ લાવી શકો. લોકો કોને ફોલો કરી રહ્યા છે તે જાણી તમારી બ્રાન્ડ માટે તે મુજબ ઈનફ્લુએન્સર અને બ્રાન્ડ એમ્બેસેડર નક્કી કરી શકો.

આજે મોટી મોટી કંપનીઓ બીજી કંપનીઓને ખરીદવા વિષે વિચારે છે પોતાનો વ્યવસાય વધારવા. આવા સમયે સોશ્યલ લિસનીંગ મહત્ત્વનો ભાગ ભજવે છે નિગોશિએશનની પ્રક્રિયામાં. લોકો તે બ્રાન્ડ વિષે જે વિચારધારા ધરાવે છે કે પછી તેમનું સ્ટેન્ડિંગ લોકો સમક્ષ શું છે તેનો ઉપયોગ ખરીદી કિંમત નક્કી કરવામાં થઇ શકે છે.

આમ, બ્રાન્ડ માટે આ દેખાતો સરળ ઉપાય અનુસરવો અઘરો છે, પણ જરૂરી છે. કન્ઝ્યુમરને શાંતિથી સાંભળો, તે શું કહેવા માગે છે તે સમજો અને પછી તમારી પ્રતિક્રિયા આપો. આનાથી મુખ્યત્વે બે વાતો થશે, કન્ઝ્યુમરને લાગશે કે મને બ્રાન્ડે સાંભળ્યો અને બીજુ, જયારે તમે સાંભળો છો ત્યારે તેમાંથી તમને ઉકેલો મળી જતા હોય છે. મોટી બ્રાન્ડો આજે આના માટે સ્પેશ્યલ ટુલ્સ વાપરે છે જેના થકી તેઓ આ વાતોને ટ્રેક કરે છે. આજે આના કારણે બ્રાન્ડ માટે સમય ડાયનેમિક છે. હંમેશાં બદલાવ માટે તૈયાર રહેવું પડે છે. આથી સાંભળવું અને સારા શ્રોતા બનવું ઘણુ જરૂરી છે. બીજા શબ્દોમાં ડિજિટલ શ્રોતા બનવાની કોશિશ કરો જે તમારી બ્રાન્ડ અને વેપારને મજબૂત બનાવશે.

-તો ડિજિટલ પ્લેટફોર્મ પર શરૂ કરી દો આંખ અને કાનથી સાંભળવાની... ■


કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# પ્રેમનો રંગ લાલ છે ને લાલ એટલે જોખમ !

પ્રેમ ઓવરરેટેડ ફીનોમેના હોય એવું નથી લાગતું?

બીજા શબ્દોમાં આ એક વધુ પડતી ચગાવેલી ક્રિયા પ્રક્રિયા નથી લાગતી?

સાહિત્યકારો અને ફિલ્મમેકરો અને કલાકારો પ્રેમ ઉપર જ કંઈક ને કંઈક સર્જન કરતા રહેતા હોય છે પણ પ્રેમ એને લાયક છે ખરો? હકીકત તો એ છે કે નફરતે જેટલાં યુદ્ધો નથી આદર્યાં એનાથી વધુ ઘમાસાણ યુદ્ધ પ્રેમે કર્યાં છે-કરાવ્યાં છે! આખી દુનિયાને ભ્રમ છે કે પ્રેમ શાંતિ આપે છે પણ પ્રેમ વિનાશ નોતરે છે. આપણી સોસાયટીના ન લખેલાં પાઠ્યપુસ્તકોમાં સદીઓથી એવું લખાતું આવ્યું છે કે નફરત અશાંતિ લાવે ને પ્રેમ રાહત. ઇતિહાસ આ વાક્યની સતત મશ્કરી કરતું આવ્યું છે. હેલેન ઓફ ટ્રોયની દંતકથા ખ્યાલ છે ને? હોમરના મહાકાવ્ય ઈલિયાડનું મુખ્ય પાત્ર. માનવજાતની કલ્પનાની સૌથી સુંદર સ્ત્રી. એક જ સ્ત્રી. એની અભૂતપૂર્વ સુંદરતાને પુરુષોના દિલમાં ઉમટતો પ્રેમ. પરિણામ? દસ વર્ષ લાંબી ટ્રોજન વોર. શહેરોનાં શહેરો રાખ થઈ ગયાં. લાખો લોકોએ જીવ ગુમાવ્યો. આ દંતકથા છે કે સત્ય



ક્લિયોપેટ્રા-એન્ટોની

વાર્તા, રામ જાણે! પણ માનવ સંસ્કૃતિએ આ વાર્તાને સદીઓ સુધી સાચવી કેમ રાખી છે? આ વાર્તાનો એક જ બોધપાઠઃ અંગત લાગણીનાં જાહેર પરિણામો આવે અને તે બહુ વિનાશક હોય.

દંતકથા છોડો. આગળ વધીએ. ઇતિહાસની વાત કરીએ.

રોમનું પતન કેમ થયું? માર્ક એન્ટોની તો તેની તાકાત અને કુશાગ્ર બુદ્ધિમતા માટે જાણીતો હતો. ક્લિયોપેટ્રાના પ્રેમમાં પડ્યો. એસેટ લાયેબિલિટી બની ગઈ. રોમના પતનનું કારણ પ્રેમ એકલું ન હતું, પણ જે બધા ખોટા નિર્ણયો લેવાયા એ બધા નિર્ણયો પ્રેમના ઓછાયા હેઠળ લેવાયા હતા. જેમ યુદ્ધગ્રસ્ત જમીન હોય એમ પ્રેમગ્રસ્ત નિર્ણયો, જોડાણ, ગૌરવ, અહંકાર અને છેલ્લે યુદ્ધ પણ હોય. એને પ્રેમગ્રસ્ત કહેવું કે ભ્રમગ્રસ્ત એ વિચારવું રહ્યું.

વિદેશની વાત બહુ કરી. તો ચાલો આપણા દેશમાં. કહેવાતા મહાન મુગલ સામ્રાજ્યનો સમય તો બહુ દૂરનો ઇતિહાસ ન કહેવાય. લોકો ભારતમાં પ્રેમના સર્વોચ્ચ પ્રતીક તરીકે શું જોવા આવે? તાજમહેલ. શાહજહાંના શાસનના મુગલ સામ્રાજ્યએ સમગ્ર રાજ્યના બધા રિસોર્સીઝ અને પૈસો લગાવી દીધા, પણ એ જ સામ્રાજ્ય અંદરથી ખોખલું થઈ રહેલું. દુનિયા ચકચૌન્ધ થઈ જાય એવું સ્થાપત્ય ઊભું થઈ રહ્યું હતું અને બીજી બાજુ મુગલ સામ્રાજ્ય પડી રહ્યું હતું. પ્રેમગ્રસ્ત શાહજહાં ચકોર ન રહ્યો. પોતાના જ દીકરા ઔરંગઝેબે બળવો પોકાર્યો. તાજમહેલ બંધાવનાર શાહજહાંએ જિંદગીના છેલ્લા દિવસો આગ્રાના કિલ્લાની જેલમાં પસાર કરવા પડ્યા. પ્રેમમાં જો અજાયબી બનાવવાની તાકાત હોય તો પ્રેમમાં માણસને સાવ કમજોર કરી નાખીને રિબાવવાની પણ તાકાત છે. પ્રેમ ફક્ત બેધારી તલવાર નથી, પ્રેમની તલવારને પકડવાનો હાથો પણ કાંડું કાપી નાખે છે.

રાજા-રજવાડાઓની વાત છોડો. આધુનિક વિશ્વની વાત કરીએ. પ્રથમ વિશ્વયુદ્ધ કેમ શરૂ થયું? યુરોપિયન દેશો વચ્ચે કાકા-ફોઈના સંબંધો હતા અને એકબીજા દેશોના વડાઓ અંદરોઅંદર પરણ્યા હતા. પરિણામ? કોઈ એક દેશ ઉપર હુમલો કરે તો ત્રીજો જ દેશ એ લડાઈમાં ઝંપલાવે. આ સાંકળ ચાલુ રહી અને પહેલા આખું યુરોપ ને પછી આખી દુનિયાને તેની નઠારી અસર થઈ. કારણ? પ્રેમસંબંધો! આ યુદ્ધમાં એટલા માટે લાખો લોકો નથી મર્યા કે તેઓ એકબીજાને નફરત કરતા હતા, પણ એટલા માટે મર્યા કે જે તે દેશના વડાએ બીજા દેશના વડા માટેનો પ્રેમ અને પ્રામાણિકતા સાબિત કરવાના હતા. કહ્યું ને, સ્મોકિંગ એન્ડ લવ, બોથ કીલ.

નફરત બહુ જ સરળ અને સહજ છે. પણ પ્રેમ ઊંડો છે. પ્રેમ બહુપરિમાણીય છે. તેમાં એક કરતાં વધુ સ્તરો છે. ન સમજાય એવી આંટીઘૂંટી છે. પહેલી નજરે ન દેખાય અને દેખાય પછી ન ઉકેલાય એવી અનેક ગાંઠ છે. નફરત મોટા ભાગે નિર્દોષ હોય છે. પ્રેમ પોલિટિક્સ સાથે આવે છે. નફરતની પરાકાષ્ઠામાં દુશ્મનની હત્યા થઈ શકે. પ્રેમ એટલો માયાળુ નથી. પ્રેમ ધરાર જીવાડે છે ને મરવા દેતો નથી. પ્રેમનું દિલ એટલું મોટું નથી કે મૃત્યુની ભેટ મળે. પ્રેમ કોહરા છે એટલે કે ધુમ્મસ. પ્રેમ આંખ આડે ધુમ્મસ બિછાવી દે છે અને સામ્રાજ્ય પડી ભાંગે છે.

પ્રેમ વિઝન છીનવી લે છે. આંધળો પ્રેમ - એ વૈજ્ઞાનિક રીતે પણ ખરો શબ્દપ્રયોગ છે. ન્યુરોસાયન્સ તો આ જ કહે છે. જ્યારે માણસ રોમેન્ટિકલી એન્ગેજ થાય ત્યારે તેના દિમાગની રિવોર્ડ સરકીટ કોકેન રિસ્પોન્સની જેમ જ સ્ટિમ્યુલેટ થાય. ડોપામાઇન વધે. ઓક્સીટોસીન વધે. સ્વતંત્ર બુદ્ધિના બધા માળ પડી ભાંગે. માણસ વધુ ખુશ, વધુ આશાવાદી, વધુ આદર્શવાદી, વધુ દયાળુ, વધુ પક્ષપાતી બની જાય. એ માણસ ભૂલી જાય કે હજુ સુધી તો આ દુનિયામાં રામરાજ્ય સ્થપાયું નથી. મોબાઈલના ચેટબોક્સની બહાર એક વિશાળ ને જાલિમ દુનિયા છે જ્યાં આ પ્રેમના બદલે બે ફૂટેલી કોડી નથી મળતી. પ્રેમ કવિતા નથી. એ રસાયણશાસ્ત્ર છે. કોઈ પણ રસાયણનો અતિરેક મારી નાખે. પાણી પણ એક રસાયણ છે ને અતિમાત્રામાં એ પણ પ્રાણ હરી લે છે.

પ્રેમમાં પડેલા હોશિયાર માણસોની મૂર્ખામીઓ જોવાની અલગ મજા છે. મોટા પદ ઉપર પહોંચેલા સીઇઓ અચાનક રિઝાઇન કરી દે. ખૂબ તેજસ્વી વિદ્યાર્થી બોર્ડમાં માંડ પાસ થાય. કલાકારો અચાનક ગુમ થઈ જાય કે એની કલા ઝાંખી પડવા લાગે. મીઠું કે ખાંડને તો ધીમા ઝેર ઘોષિત કરી દીધા. પ્રેમ સૌથી કાતિલ ઝેર છે એ કેમ કોઈને હજુ સુધી સમજાતું નથી?

પ્રેમમાં અહમ ભળે તો અહંકાર બની જાય. પ્રેમમાં અસુરક્ષા ભળે તો એ કબજો જમાવવાની વાત બની જાય. પ્રેમમાં ભય પ્રવેશે તો એ વળગણ થઈ જાય. પ્રેમી લોયલ હોય પણ પ્રેમ તત્ત્વ પોતે બહુ જ ચરિત્રહીન છે. શુદ્ધ પ્રેમમાં અંગત ઈચ્છા, અંગત મરજીઓ, અંગત આદતો, અંગત ટ્રોમા બધું ભળે જ. પ્રેમને દૂષિત થતા બહુ વાર લાગતી નથી. પ્રેમ અને આધારમાં ફરક છે. સમર્પણ અને જાતને ઘસી નાખવામાં ફરક છે. વફાદારી અને અંધત્વમાં અંતર છે. પ્રેમનું રસાયણ એકલું રહી શકતું નથી માટે વહેલા કે મોડો વિસ્ફોટ થાય એ સ્વાભાવિક છે. પ્રેમ નામની જણસ વિરુદ્ધ હજુ ઘણું કહી શકાય એમ છે. પણ અમુક કડવાણી માપમાં સારી. ■

હાસ્ય વિનોદ

# ભગવાન શ્રીકૃષ્ણ અટલજીના ખૂબ જ અંગત મિત્ર છે...

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

વર્ષો પૂર્વે ગુણવંતરાય આચાર્યની એક વાર્તા વાંચી હતી, જે ખૂબ જ ટૂંકાણમાં ઉતાર્યા પછી મારી વાત કરીશ. કાઠિયાવાડમાં મોરબી નામે રાજ્ય ને મોરબી નામે ગામ. મોરબી રાજ્ય પર જીવાજી ઠાકોરનું શાસન ચાલતું હતું. ઠાકોર જેટલા કાનના કાચા હતા, એટલા જ મગજના તેજ હતા. તેમનો કામદાર નામે જટાશંકર બક્ષી. જટો કોઈ ગુનામાં આવી ગયો. બાપુએ ફરમાન કર્યું: ‘જટિયા, તું મારા રાજ્યમાં નહિ. કાલે સવારે સૂરજ ઊગે ત્યારે જો મારા રાજની હદમાં ભાળીશ તો કાંધે મારીશ. માટે ઉચાળા ભરીને હાલતો થઈ જા.’ પણ જટો જેનું નામ. રાજના કામદારોનાં ઝેર તો પાંચ પેઢીથી એણે પચાવ્યાં હતાં. જટાએ મનમાં ગાંઠ વાળી કે આપણે આ ગામમાંથી જાવુંય નથી, ને કામદારું છોડવુંય નથી.

અને જટાએ મોરબી ગામમાંથી ઉચાળા તો જાણે ભર્યા, પણ ગામથી બે માઈલ દૂર આવેલ નદીકાંઠા પરના એક પડતર મંદિરમાં વાસ કર્યો. રાત તો જેમ તેમ કરીને જટાએ પરિવાર સાથે પૂરી કરી ને વહેલી સવારે ઊઠીને તે મોરબી પહોંચ્યો. જીવાજી ઠાકોર દાંતણ કરતા હતા ત્યાં જ દરવાને તેમને જાણ કરી: ‘બાપુ, આપને જટો કામદાર અબઘડી મળવા માગે છે.’ ગુસ્સામાં બાપુની આંખ લાલઘૂમ થઈ ગઈ. બાપુએ બરાડો પાડ્યો: ‘કેમ રે જટિયા, તારું મોત જ તને અહીં લાવ્યું કે? કીધું નહોતું કે ચોવીસ કલાક પછી મારા રાજ્યમાં ભાળીશ તો કાંધે દઈશ?’ ‘એટલા સારુ તો બાવા, આવ્યો છું.’ ને પછી જટાએ ઘીનો દીવો પ્રગટાવ્યો ને બાવાના પગ આગળ મૂક્યો. નાળિયેર વધેર્યું. શેષની એક કટકી મોંમાં મૂકી. બાવાના પગમાં લાંબાલસ થઈ કહી દીધું: ‘બસ! બાવા, હવે ગરદન મારો.’ પછી બાપુના આગ્રહથી તેણે જણાવ્યું: ‘બાપુ, મારી વાત તમે સાંભળશો તો માનશો નહીં.’ ઉમેર્યું: ‘અમે તો બાવા, પહેરેલે કપડે નીકળ્યાં હતાં. અમારી પાસે પાણીનું સાધન પણ નહીં. રણમાં તો પાણીય ક્યાંથી જડે? મારી ધાવણી છોડીય પાણી માટે જીવ કાઢે. ને બાપુ, ત્યાં જ અંધારા આભમાં તેજનો ગોળો પ્રગટ્યો. એક મૂર્તિ નીચે ઊતરી આવી. હાથમાં ઝારી રહી ગઈ છે. ચાર હાથ છે. એકમાં પદ્મ ને બીજા હાથમાં સુદર્શન ચક્ર, ત્રીજામાં શંખમણિ શોભી રહ્યા છે ને ચોથા હાથમાં પાણીની ઝારીમાંથી આકાશગંગાનાં પાણી રણમાં સમાતાં જાય છે. શું એનું રૂપ બાવા, શું રૂપ! મારી આંખ તો એ રૂપથી ભરેલા ચહેરા પરથી ખસે જ નહીં અને ચહેરો! - મહોરો! ને માનશો બાપુ! અસલ તમારા જેવો જ મહોરો. પછી મેં મનમાં વિચાર કર્યો કે અલ્યા જટિયા! આપણા બાવા પોતે જ ભગવાન કૃષ્ણનો અવતાર છે, તે એના પગ મૂકીને ક્યાં ભટકવા નીકળ્યો? એટલે બાપુ, ઝટ પાછો ફર્યો ને સીધો આપની પાસે આવ્યો. બસ, હવે મને અબઘડી મારી નાખો. તમારા હાથે મારું મોત ક્યાંથી?’ જટિયાની વાત સાંભળીને ઠાકોરે કહ્યું: ‘લે હવે રાખ. ઘેર જા ઘેર. ને પાછો કામે ચડી જા. ને જો જટિયા, આ અવતાર-બવતારની વાત કોઈને કહેતો- બહેતો નહિ હોં! શું સમજ્યો? હું ને તું બે જ જાણીએ - ઈ તો પછી હું હોઉં તો હોઉંયે ખરો હોં!’

અને કશાનો અવતાર હોવું ન હોવું એ શ્રદ્ધાનો વિષય હોવાથી કોઈ એમ કહે કે મને ફલાણા ભગવાન હાજરાહજૂર છે તો એ અંગે હું શંકા કરતો નથી. નવતાડની પોળ, ઘીકાંટા રોડ પર અમે રહેતા હતા ત્યારે નાનપણમાં નવરાત્રિ વખતે મને અને મારા નાના ભાઈ ભરતને માતાજી આવતાં. હું મોટો ભાઈ હોવાને કારણે મને અંબાજી માતા આવતાં ને ભરત નાનો એટલે તેને બહુચરમા આવતાં. અમે ખૂબ ધૂણતા. પછી પાંખડીમાનાં દીકરી પ્રેમીલાફોઈ મારા માથે હાથ મૂકી આજ્ઞાંકિત સ્વરે કહેતાં: ‘શાંત થઈ જા.’ તેમને સૌથી મોટાં અંબાજી મા (આબુ પાસેનાં) આવતાં હશે ને મને ધનાસુથારની પોળનાં. હું તરત જ શાંત થઈ જતો. પછી રડતો. આસપાસના લોકો અમારી સામે શ્રદ્ધાથી જોઈ રહેતા. પછી બીજા દિવસે કોઈ અતિ શ્રદ્ધાળુ ભાઈ યા બહેન અમને તેમને ત્યાં ફરાળ કરવા તેડી જતા.

આચાર્ય રજનીશ પણ અમારી જેમ જ ભગવાન બની ગયા હતા. પ્રવચન વખતે સામે બેઠેલ તમામ શ્રોતાવર્ગને તે ભાવપૂર્વક કહેતા કે તમારામાં બેઠેલા ભગવાનને મારા પ્રણામ. પણ તે ભગવાન થયા ત્યારે કેટલાકે વિરોધ કર્યો. તેમણે વિરોધીઓને જણાવ્યું કે તમારામાં બેઠેલા ભગવાનને મેં વંદન કર્યા, તમને ભગવાનનો દરજ્જો આપ્યો ત્યારે તમે એનો વિરોધ ના કર્યો ને હું ભગવાન બનું એ તમને નથી ગમતું! ત્યાર બાદ તે ભગવાન લેખે સ્વીકારાયા.

એટલે ધારો કે કોઈ એવો દાવો કરે કે તેને ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો છે તો હું એમાં શંકા કરતો નથી. અમદાવાદના જ એક વિવેચકે સાધક પ્રકૃતિના મારા એક લેખક મિત્રને શરમાતાં શરમાતાં એક દિવસે કહ્યું હતું કે ‘મિત્ર, મને પણ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન જુહુના દરિયાકિનારે થઈ ગયાં. તેમણે મને પ્રેમથી નાળિયેરનું પાણી પિવડાવ્યું.’ મારો લેખક મિત્ર સાધુચરિત હોવાથી તેણે એ વિવેચકને નહોતું પૂછ્યું કે પછી નાળિયેરપાણીના પૈસા કોણે ચૂકવેલા? તમે કે શ્રીકૃષ્ણે? જોકે આવો સવાલ તો હું પણ તેમને ન પૂછું, કેમકે મને તેમનો સારો એવો પરિચય છે.

મુનશી, હરીન્દ્ર દવે, ડૉ. સુરેશ દલાલ કે ડૉ. ગુણવંત શાહના શબ્દોમાં તો કૃષ્ણ ઠેર ઠેર વેરાયેલા છે. પણ તે સ્થૂળ દેહે પણ આપણી વચ્ચે છે એવું મને થોડા સમય પહેલાં જાણવા મળ્યું. જેમણે ભૂકંપમાં માર્યા ગયેલા અમદાવાદીઓના આત્મા સાથે તેમનાં સગાં-વહાલાંઓને નિરપેક્ષ ભાવે મફતમાં વાતચીત કરાવેલી એ કાર્તિક ત્રિવેદીએ આશ્ચર્યચકિત કરી દે એવી વાત કરી છે, જે એક રૅશનાલિસ્ટ મિત્રે પોતાના પુસ્તકમાં તેમના જ હસ્તાક્ષરોમાં ઉતારી છે: ‘હાલમાં, ન્યૂ દિલ્હીમાં પ્રાઈમમિનિસ્ટર તરીકે કામ કરતા પૂજ્ય શ્રી અટલબિહારી વાજપેયી અંગે મને એક વિઝન આવેલ છે. આ, પૂજ્ય શ્રી અટલજી ભગવાન શ્રીકૃષ્ણના ખૂબ જ અંગત મિત્ર હતા - છે. મહાભારતના કાળમાં શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે હસ્તિનાપુર આવતા ત્યારે પૂ. શ્રી અટલજીને મળવા જતા અને પાંડવો-કૌરવો અંગેની ચર્ચા થતી. એ વખતે પણ પૂ. શ્રી અટલબિહારી વાજપેયી રાજકારણના જાણકાર હતા, અને ભગવાન શ્રી વાસુદેવના પરમભક્ત હતા.

‘ભગવાન શ્રીકૃષ્ણના કહેવા થકી ફરી જનમ લઈને ન્યૂ દિલ્હી ગયા અને પ્રાઈમ મિનિસ્ટર બન્યા છે.’

મારી જેમ મતદારો ભલે ખાંડ ખાતા હોય કે તેમણે જ બિનસાંપ્રદાયિક એવા અટલજીને દિલ્હીના સિંહાસને બેસાડ્યા છે. પણ હકીકતે તો ભગવાન શ્રીકૃષ્ણે જ તેમને અહીં બેસાડ્યા છે અને અટલજી ગુણગ્રાહી હોવાને લીધે જ શ્રીરામમંદિરની વાત આવે છે ત્યારે આંખ અને કાન બન્ને મીંચી દે છે. પરંતુ શ્રીકૃષ્ણે તેમને ગાદી પર બેસવાનું કહેલું તે શ્રીકૃષ્ણ એમ કહેવાનું ભૂલી ગયા લાગે છે કે ‘અટલજી, હવે સ્વમાનભેર ઊઠી જાવ.’ ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ત્રણ બદામનું ને ત્રણ તેંત્રીસની ગરજ સારે



આજે પહેલી માર્ચ. કેલેન્ડરના ત્રીજા મહિનાનો પ્રારંભ. ગણિત વિશ્વમાં **ત્રણનો મહિમા** જાણવા જેવો છે. આ એકમાત્ર સંખ્યા છે જે એની પહેલા આવતી બે ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર છે (૧ + ૨ = ૩). બીજી કોઈ સંખ્યા આ પ્રકારના મેળથી નથી તૈયાર થતી. ૩ એકી સંખ્યાનો સૌથી નાનો પ્રાઈમ નંબર (એવી સંખ્યા જેને પોતાના તેમજ ૧ વડે જ નિઃશુલ્ક ભાગી શકાય) છે અને આ એકમાત્ર પ્રાઈમ નંબર છે જે વર્ગ સંખ્યા ૪ (૪ = ૨ + ૨)ની પહેલા આવે છે. જોકે, ભાષામાં ત્રણનો મહિમા કભી ખુશી કભી ગમ જેવો છે.

**ત્રિપુટી - ત્રણનું ઝુમખું, ત્રણનો સમૂહ** જેનો મહિમા જાણવા જેવો છે. **ત્રિદેવ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો** મહિમા કેવો અનંત છે એ સમજાવવાની જરૂર ખરી? એક પુરુષ અને એક સ્ત્રી વિવાહબદ્ધ થાય એટલે યુગલ એટલે કે બે થાય અને એમને ત્યાં સંતાનનો જન્મ થાય એટલે **ત્રીજી વ્યક્તિના** આગમન સાથે પરિવાર બને. **ત્રિપુંડ - ત્રિપુંડ** એટલે કપાળમાં કરવામાં આવતી ત્રણ આડી રેખા જેનું ધાર્મિક મહત્ત્વ છે. **ત્રિપુંડધારી** વ્યક્તિ પ્રત્યે વંદનીય ભાવથી જોવામાં આવે છે. **ત્રિકમ અથવા ત્રિકમજી** એટલે વિષ્ણુનો વામન અવતાર. ભોલેનાથ - શંકર ભગવાન **ત્રિનેત્ર - ત્રણ નેત્રવાળા** તરીકે પણ ઓળખાય છે. શિવપુરાણ મુજબ, જ્યારે કામદેવે ભગવાન શિવનું ધ્યાન તોડવાનો પ્રયાસ કર્યો, ત્યારે શિવે **ત્રીજું નેત્ર** ખોલીને કામદેવને ભસ્મ કરી દીધા હતા, જે વાસના પર જ્ઞાનનો વિજય દર્શાવે છે. જૈન ધર્મમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ **ત્રણ રત્ન** ગણાય છે. રામના અનેક અર્થ પૈકી એક અર્થ છે આત્મા કે જીવ. હવે જો બે વાર રામ રામ બોલાય તો એનો અર્થ થાય છે છેવટની સલામ, કાયમ માટે વિખૂટા પડવાની વાત. જો એની સાથે ત્રણ જોડાય તો ત્રણ રામ એટલે પરશુરામ (જમદગ્નિ ઋષિના પુત્ર પરશુરામ ભાર્ગવ) રામચંદ્ર (રાજા દશરથના પુત્ર રામચંદ્ર) અને બલરામ (શ્રીકૃષ્ણના મોટા ભાઈ) એવો અર્થ નીકળે છે. વીજળી - ઈલેક્ટ્રિસિટી વિશે જો તમારી પાસે પાયાની જાણકારી હશે તો તમે ત્રણ ફેઝના ઈલેક્ટ્રિક પાવર વિશે જાણતા હશો કે એના વિશે સાંભળ્યું હશે. એના માટે **ત્રણ તારા પદ્ધતિ** શબ્દનું ચલણ અગાઉ અસ્તિત્વમાં હતું. આ પદ્ધતિમાં ત્રણ તાર ધનતાર, ઋણતાર અને નપુંસકતાર (પોઝિટિવ, નેગેટિવ અને ન્યુટ્રલ)નો વપરાશ થતો હતો. આ પ્રકારે થતો વીજ પુરવઠો ઓછો ખર્ચાળ અને વધુ સુરક્ષિત ગણાયો છે. આમ અહીં ત્રણનો આંકડો સકારાત્મક અર્થમાં હાજર છે. ત્રણ નકારાત્મક અર્થમાં પણ હાજર છે. **ત્રણ ટકાનું - ત્રણ બદામનું** એટલે હલકું, આબરૂ વિનાનું, ગણતરી વિનાનું. હવે વિરોધાભાસ જુઓ, **ત્રણ તેંત્રીસની ગરજ સારે**. મતલબ કે થોડામાં ઘણું કામ થઈ જાય. ત્રેવડ ત્રીજો ભાઈ છે. મતલબ કે કરકસરની એટલે કે ફાયદાની વાત છે. એકદમ સકારાત્મક વાત. જોકે, **તીનપચાશિયું** એટલે દંભી અથવા આડંબર કરનારી વ્યક્તિ. **તીનપાંચ** એટલે અહંકાર, શેખી કે વાઈડાઈ. સારો - નરસો બંને ભાવ વ્યક્ત કરતી કહેવત છે **ત્રણમાં તરાડ પડે અથવા ત્રણમાં રણ પડે**. મતલબ કે ત્રણનો આંકડો કાં તો ટંટો કરાવે અથવા લાભ પણ કરાવે.

## तीनच्या म्हणी

મરાઠીમાં ત્રણ માટે તીન શબ્દ વપરાય છે. અલબત્ત તીન શબ્દ ગુજરાતીમાં પણ ક્યારેક વપરાય છે ખરો. ત્રણ સંબંધિત મરાઠી ભાષાપ્રયોગમાં એ છે ત્રિપદી કવિતા. **त्रिपदी म्हणजे साधारण तीन ओळींचा कडवा। उदाहरण: सांजवेळ ही, पक्षी निजली/झाडांची सावली, लांबत जाती/रात्र आता, निजली धरती। यमक कवितेच्या चरणांच्या शेवटी, मध्ये किंवा ठराविक ठिकाणी उच्चारात समानता असणारे (नादमाधुर्य) शब्द आल्यास यमक अलंकार होतो, ज्यामुळे कवितेला गेयता आणि सौंदर्य प्राप्त होते. निजती, जाती, धरती या शब्दांमुळे नादमधुर्य उतपन्न होतो।** કવિતા ઉપરાંત રૂઢિ પ્રયોગો અથવા કહેવતોમાં પણ તીન શબ્દની હાજરી જોવા મળે છે. **मराठीत ‘तीन’ या अंकाचा वापर करुन किंवा तीनशी संबंधित काही प्रचलित म्हणी : तीन तिघाडा काम बिघाडा : (बहुतेकदा तीन लोक एकत्र आल्यास काम नीट होत नाही, उलट बिघडते.** ગુજરાતીમાં સુદ્ધાં જોવા મળતી આ મરાઠી કહેવત કોઈ નવરી બજારનું ‘સર્જન’ (કે વિસર્જન?) લાગે છે. જો ત્રિદેવ બ્રહ્મા - વિષ્ણુ - મહેશ માટે વપરાતો હોય તો એ એ અશુભ કે કામ બગાડનારું કઈ રીતે હોઈ શકે એ સામાન્ય સમજની બહાર છે. આ મરાઠી કહેવત અનુસાર જો ત્રણ લોકો ભેગા થાય તો કામ સરસ રીતે પાર પડે નહીં, કામ બગડી જાય. **तीन तेरा वाजणे हा मराठी वाक्प्रचार आहे, ज्याचा अर्थ पूर्णपणे नाश होणे, खूप नुकसान होणे किंवा गोंधळ उडणे असा होतो एखाद्या गोष्टीची किंवा कामाची पूरती वाद लागणे, विस्कळीत होणे, किंवा सत्यानाश होणे या अर्थाने हा शब्द प्रयोग वापरला जातो.** तीन तेरा वाઝણે મરાઠી રૂઢિપ્રયોગનો અર્થ કામ સદંતર બગડી જવું, પૂર્ણપણે નાશ થવો કે ધમાલ થવી કે પાયમાલી થવી એવો થાય છે. **तू वेळीच लक्ष दिले नाहीस तर या व्यवसायाचे तीन तेरा वाजतील.** જો સમયસર ધ્યાન નહીં અપાય તો આ વ્યવસાયનો વીંટો વળી જશે.

## हिंग्लिश VINGLISH तीन की कहावतें

ત્રણ મરાઠીની જેમ હિન્દીમાં પણ તીન તરીકે જ ઓળખાય છે. **हिन्दी भाषा में ‘तीन’ अंक से जुडी कहावतों का प्रयोग जीवन की परिस्थितियों और अनुभवों को संक्षेप में समझाने के लिए किया जाता हे। तीन लोक से मथुरा न्यारी : (सबसे निराला या अलग होना)**. કોઈ બાબત અલાયદી હોય - ન્યારી હોય ત્યારે આ કહેવત વપરાય છે. કૃષ્ણનો જન્મ મથુરામાં થયો હોવાથી એ વિશિષ્ટ બન્યું અને આ કહેવત બની હોવી જોઈએ. બીજી કહેવત છે **तीर की मार, तीन दिन (कोई भी सुख या दुख बहुत समय तक नहीं रहता, सिर्फ तीन दिन का प्रभाव.** તીર વાગવાથી પીડા થાય પણ એ પીડા ત્રણ જ દિવસ રહે, યાને કે લાંબો સમય તકલીફ સહન નથી કરવી પડતી એ ભાવાર્થ અહીં છે. **भारतीय चिंतन धारा में तीन का विशेष महत्व है. त्रिदेव, त्रिलोक आदी समूह सभी जानते हैं. दैहिक, दैविक, भौतिक ऐसे तीन प्रकार के कष्ट माने हैं.** ત્રણનો અંક આમ વિશિષ્ટ ભાવ ધરાવે છે તો સાથે સાથે ક્યારેય પૂરી ન થાય એવી ઈચ્છા પણ આ જ અંક દર્શાવે છે. એ ભાવ **तीन खाना और तेरह की भूख बनी रहना द्वारा व्यक्त होता है. यह लोकोक्ति बताती है कि कुछ लोग भरपूर संसाधान होने पर भी असंतुष्ट रहते हैं, या अपनी क्षमता से बहुत अधिक की लालसा रखते हैं।** એકેય વાતે સંતોષ નહીં એ અહીં વ્યક્ત થાય છે. જોકે, ત્રણ સાથે તેર જોડાઈ જતા એક અલગ જ રૂઢિપ્રયોગ તૈયાર થાય છે. **तीन तेरह करना या होना का अर्थ इधर उधर करना या होना अथवा नष्ट होना ।** આઘું પાછું થવું કે નષ્ટ થવું એ ભાવ અહીં વ્યક્ત થાય છે.

## THREE in Idioms




અંગ્રેજીમાં ત્રણ થ્રી કહેવાય છે અને અનેક બાબત શરૂ કરવાની હોય ત્યારે વન, ટુ, થ્રી બોલાતું હોય છે. થ્રી એ શરૂ કરવાનો સંકેત આપતી સંખ્યા છે. થ્રી વિશે પણ રૂઢિપ્રયોગો અને અનેક કહેવતો ચલણમાં છે. એમાંથી સૌથી જાણીતી કહેવત છે Two is a company, Three is a crowd. આ કહેવત ૫૦૦ વર્ષ પહેલા અને ખાસ તો પ્રેમી પંખીડાને ધ્યાનમાં રાખી અસ્તિત્વમાં આવી હતી. Two's company, three's a crowd is an idiom meaning that two people (especially romantic partners or close friends) are comfortable alone together, but a third person makes the situation awkward, crowded, or unwelcome. It is used to suggest that a third person should leave to allow privacy. બે જણ, વિશેષ કરીને પ્રેમી - પ્રેમિકા એકબીજાના સાંનિધ્યમાં હોય એ બહેતર છે. ત્રીજી વ્યક્તિની હાજરી ત્યાં અનિચ્છનીય હોય છે. એનાથી એમના પ્રેમમાં ભંગ પડે છે. ત્રીજી વ્યક્તિને હાજરીથી ભીડ થાય એવું દર્શાવાયું છે. અલબત્ત અન્ય એક ઓછો પ્રચલિત અર્થ એ પણ છે કે બે કરતા એક સાથીનો સથવારો વધુ સારો. આયુષ્યના સંદર્ભમાં પણ એક કહેવત છે Three Scores and Ten. If a person is 70 years old he is referred as three scores which means 20 + 20 + 20 = 60 and plus 10 which is equal to 70. સ્કોર એટલે ૨૦ અને થ્રી સ્કોર એટલે ૬૦ અને એમાં ૧૦ ઉમેરતા ૭૦ થાય. ત્રણ બંદરની વાત બહુ જાણીતી છે જેની હાજરી અંગ્રેજીમાં પણ છે. Three wise monkeys, see no evil, hear no evil and speak no evil. બૂરું જોવું નહીં, બૂરું સાંભળવું નહીં અને બૂરું બોલવું નહીં. જોવું, સાંભળવું અને બોલવું એ ત્રણ મનુષ્ય જીવનમાં મહત્ત્વ ધરાવતી પ્રક્રિયા છે જેમાં સાવચેતી રાખવા બોધ આપવામાં આવ્યો છે. પરિસ્થિતિ વિશે કોઈ વાર ઝાઝું બોલી ન શકાયું હોય કે ટૂંકમાં પતાવી દેવું પડ્યું હોય એને માટે Didn't exchange more than three words કહેવત ઉપયોગમાં લેવાતી હોય છે. I got there late, so I didn't exchange more than three words with the headmaster. મોડા પહોંચવાને કારણે હું હેડમાસ્તર સાથે ઝાઝી વાત ન કરી શક્યો. પરિસ્થિતિ સંદર્ભમાં રજૂ થતી અન્ય કહેવત છે ઝવયિય-શિક્ષલ ભશભિીત. એનો જન્મ ભલે સરકસની પ્રવૃત્તિમાંથી થયો હોય, આધુનિક જમાનામાં એનો ઉપયોગ સર્કસ જેવી મતલબ કે ધમાલ મચી હોય એવા વાતાવરણ માટે વપરાય છે. A chaotic situation, often one in which a lot of activity is occurring simultaneously. એકસાથે ઘણી બધી પ્રવૃત્તિ થાય એ દર્શાવવા એનો ઉપયોગ થાય છે. Without the boss around, the business quickly devolved into a three-ring circus. ઓફિસમાં બોસની હાજરી નહીં હોવાથી ધમાલ મચી ગઇ. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# જીવતા પતિએ પત્નીને વિધવા પેન્શન?




‘સાહેબ, મારે એક અરજી આપવી છે.’ ચંદુ ચૌદસે પેન્શન કચેરીમાં પહોંચ્યો.

‘શેની અરજી આપવાની છે?’ કાગળોમાંથી મોં ઊંચું કર્યા વિના કચેરીના એકાઉન્ટન્ટ ગણપતે પૂછ્યું.

‘પેન્શનની અરજી આપવી છે.’

‘પેન્શન મંજૂર કરાવવાનું છે?’ ગણપતે ચૂંચી આંખ કરી સવાલ કર્યો.

‘નો એટલે ના.’ ચંદુએ હોઠ ભીડ્યા.

‘તો તો સારું. કોઇ ઉપરથી નીચે પછડાય તો પણ અમે વીસ વરસ પહેલાં કોઇનું પેન્શન મંજૂર કરતા નથી. નિયમ એ નિયમ. નિયમમાં અમે બાંધછોડ કરતા નથી.‘

‘મારે તો પેન્શન બંધ કરાવવું છે.’ ચંદુએ ધડાકો કર્યો. પેન્શન ઓફિસમાં સૌ કોઇ પેન્શન મંજૂર કરાવવા ધક્કા ખાતા હોય. રાજુ પહેલો વહેલો માણસ હતો એ જીવતેજીવ પેન્શન બંધ કરાવવા પેન્શન કચેરીએ આવ્યો હતો. બાકી પેન્શનર મરણ પામે એટલે મરણ પ્રમાણપત્રના આધારે પેન્શનનો ધી એન્ડ થાય. સ્વૈચ્છિક પેન્શન બંધ કરાવવાની કદાચ પહેલી રજૂઆત હતી.

‘તમારે કોનું પેન્શન બંધ કરાવવું છે?’ ગણપતને ચંદુ ચક્રમમાં રસ પડ્યો.

‘મારે ફેમિલી પેન્શન!’ ચંદુ ઉવાચ.

‘કેમ, તમે મરી ગયા છો?’ ગણપતે ગભરાઈને પૂછ્યું.

‘ના હું મર્યો નથી, પરંતુ, મારે મારી વિધવા પત્નીને મળતું પેન્શન બંધ કરાવવું છે.’ ચંદુએ દરખાસ્ત કરી.

‘અરે,ભાઇ, તમે શું બકો છો? તમે જીવતા હોવ તો તમારી પત્ની કેવી રીતે વિધવા કહેવાય? તમારી પત્ની વિધવા ન હોય તો તેને વિધવા પેન્શન કેવી રીતે મળે?’ ગણપતે માથું કૂટ્યું.

‘મારી પત્ની વિધવા નથી, અખંડ સૌભાગ્યવતી છે તે મારે સાબિત કરવું છે. મતલબ કે મારે મને જીવતો સાબિત કરવો છે.’

‘હેંએએં હેંએએં તમે શું કહેવા માગો છો? કાન નીચે કોઇએ બોમ્બ ફોડ્યો હોય તેમ ગણપત હચમચી ગયો.

‘હા સાહેબ, મેં જિન્દા હૂં. મારે આ વાત સાબિત કરવી છે.’ ચંદુએ નિર્ધાર વ્યક્ત કર્યો.’ હું જીવતો છું. હું ભૂત નથી.’

‘તો અત્યારે શું છે?’ ગણપત કન્ફયુઝડ થઈ ગયો

‘સાહેબ, સરકારી ચોપડે હું મૃત છું. હું ભૂત છું... - હકીકતમાં જીવિત છું. તમે મને ભૂત માની શકો છો.’ ચંદુએ ચોંકાવનારી સ્પષ્ટતા કરી. સરકારી ચોપડે મૃત જાહેર થયેલ હોય તેવી વ્યક્તિઓને સરકારી ચોપડે પાછા જીવતા થવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું છે. ધમીરા બેગ નામના ૮૦ વરસના માણસને મધ્ય પ્રદેશના એક ગામની પંચાયતે મૃત જાહેર કરેલ. આ વૃદ્ધે મરતા પહેલાં પોતાને જીવતો જાહેર કરવા કલેક્ટર સમક્ષ ધા નાંખવી પડી છે. બનારસમાં પણ યાદદાસ્ત ગુમાવી ચૂકેલ રમાશંકર નામના કર્મચારીને મરણ પામેલો માની પરિવાર પેન્શન ચાલુ કરેલું છે. રમાશંકરે બાર વરસે બાવાની માફક બોલવું પડ્યું કે હું જીવતો છું અને નિવૃત્ત થવાને પાંચ વરસની વાર છે. મારો પગાર ચાલુ કરો! .

‘અમારે ચોપડા મુજબ...’ ગણપત બાકીનું વાક્ય ગળી ગયો.

‘મારા મૃત શરીરનો અગ્નિસંસ્કાર કરી નાંખવામાં આવેલ છે, બરાબર?’ ચંદુએ ગણપતને ભીડવ્યો.

‘હઅમ્’ ગણપત અસ્ફટ અવાજે બબડ્યો. ‘તમારા ચોપડે મારી ઉત્તરક્રિયા થઇ ગઇ છે, બરાબર?’

‘યુ આર રાઇટ.’ ગણપતનો પ્રતિભાવ.

‘મારા અસ્થિનું વિસર્જન થયેલ છે, બરાબર?’ ચંદુનો ત્રીજો સવાલ.

‘યેસ યેસ’ ગણપત ઉવાચ.

‘તમારા ચોપડા મુજબ મને મૃત માની મારી વિધવા પત્નીને પેન્શન ચૂકવવા તમારી ઓફિસે હુકમ કર્યો છે, બરાબર?’ ચંદુએ આખરી સવાલ કર્યો.

‘એ સાચું, પરંતુ, તમારો કેસ ગૂંચવાડાવાળો છે.’

‘મારું એ જ કહેવું છે...’ ચંદુએ કહ્યું.

‘જો તમે ખરેખર જીવતા હોવ તો તમારા બદલે કોનો અગ્નિસંસ્કાર કરાયો? કોનું પિંડદાન કરાયું? કોને શ્રાદ્ધમાં ભેરવ્યા?’ ગણપતના મગજમાં ગેસ સ્ટવ બંધ હોવા છતાં સવાલોની ધાણી ફૂટવા લાગી.

‘હું જીવતો છું એનો પુરાવો આપું?’ ચંદુએ ચોપાટ બિછાવી.

‘આપો.’

‘આ મારું લેટેસ્ટ આધારકાર્ડ.’ ચંદુએ નવુંનક્કોર આધારકાર્ડ ગણપતના હાથમાં થમાવ્યું.

‘આધારકાર્ડ મુજબ તમે ભૂત નથી, પરંતુ, જીવિત છો.’ ગણપતે બે કાન પકડ્યા.

‘આ મારું પાનકાર્ડ.’ ચંદુએ લેટેસ્ટ પાનકાર્ડ આપ્યું.

‘કરેકટ’ ગણપતે ટૂંકો પ્રતિભાવ આપ્યો.

‘આમરણ પ્રમાણપત્ર રદ કરતો નગરપાલિકાનો હુકમ.’ ચંદુએ જિવિત હોવાનો પુરાવો રજૂ કર્યો.

‘મતલબ તમે જીવિત છો?’ ગણપતે શંકા વ્યક્ત કરી .

‘તમને હજી મારા જીવિત હોવાની શંકા છે? તમે એક કામ કરો. તમે મને સ્પર્શ કરો કે ચિંટીયો ભરીને ખાતરી કરો.’ ચંદુએ શંકા નિવારવાનો કિમીયો બતાવ્યો.

ચંદુ જીવિત કે મૃત છે તેનું સસ્પેન્સ કેવી રીતે ઊભું થયું?

વાત એમ હતી કે ચંદુ અને તેની પત્ની કાજલ ઘરકંકાસના કારણે છૂટાં પડી જઈને અલગ અલગ શહેરમાં રહેતા હતા. કાજલ પાસે આવકનું કોઇ સાધન ન હતું. એટલે તેના મગજમાં કાયમી આવક મેળવવા માટે પ્રપંચ કરવાનો પ્રચંડ આઇડિયા આવ્યો. કાજલ જે શહેરમાં રહેતી હતી ત્યાં તેના પતિ એટલે કે ચંદુને કોઇએ જોયો ન હતો. કાજલે પિયરિયાંની મદદથી ચંદુનું ટૂંકી માંદગી બાદ અવસાન થયું હોવાના બોગસ ડોકયુમેન્ટ રજૂ કરી વિધવા પેન્શન મંજૂર કરાવી લીધું. કાજલે દસ વરસ લગી વિધવા પેન્શન લીધું. ચંદુ પાસે ભરણપોષણ મેળવવા એણે કોર્ટમાં પહેલાં અરજી કરેલ. જેમાં બે વરસ પહેલા કોર્ટે દર મહિને રૂપિયા પાંચ હજારનું કાજલને ભરણપોષણ ચૂકવવા ચંદુને ઓર્ડર કર્યો.ચંદુ એ ભરણપોષણની રકમ ચૂકવવા તેની ઓફિસ ગયો. ત્યાં તેને ખબર પડી કે તે તો દસ વરસ પહેલાં રામ નામ સત્ય થઇ ગયેલ અને તેની પત્નીને તો વિધવા પેન્શન મળે છે!

એ પછી અવાક્ થઈ ગયેલા ચંદુએ છ મહિના કોર્ટ કચેરીના ધક્કા ખાધા પછી સરકારી જીવિત થયો. અંતે અખંડ સૌભાગ્યવતી સધવા કાજલનું વિધવા પેન્શન બંધ થયું અને લટકામાં રિકવરી ભરવાની નોબત આવી... ■




# કીટી પાર્ટીનું કલ્ચર ફાયદાકારક કે પછી...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

સાતડ પાંચડ પિંચોતેર ઓહ! અનલકી ફોર સમ, નંબર થર્ટીન અડધી સદી, પચ્ચાસ. ચાલો ચાલો,

બકઅપ ફર્સ્ટ લાઈન, સેકન્ડ લાઈન, થર્ડ લાઈન, ફોર કોર્નર્સ એન્ડ થ્રી ફુલ-હાઉસ!

હા, આ છે મમતાબહેનની કીટી પાર્ટી. મમતાબહેન ચાર કીટીમાં જોડાયા છે, સોસાયટીની, સ્કૂલ ફ્રેન્ડ્સની, કઝીન્સની અને ફેમિલીની.

સોસાયટીની ૨૦૦૦₹ની, કઝીન અને ફેમિલીની ૫૦૦૦ની કીટી દર મહિને હોય. સ્કૂલ ફ્રેન્ડ્સની ૧૨,૦૦૦₹ની કીટી બે મહિને એકવાર આવે. એકેય કીટી ઘેર ના હોય. બધુંય બારોબાર કોઈ સારા કેફે, ક્લબ કે રેસ્ટોરન્ટમાં જ પતાવી દેવાનું.

કીટીવાળી બધી બહેનો કહે કે આખા દિવસનાં વૈતરામાંથી છૂટવા તો કીટીમાં જોડાઈએ છીએ. માટે એ તો ઘેર નહીં જ થાય. આમ ચાર કીટી અને બીજા સામાજિક કાર્યક્રમોનાં કારણે મમતાબહેન ખૂબ વ્યસ્ત રહે. કીટીનાં રૂપિયા પતિ આપે પણ કીટી લાગે એ રૂપિયા પતિ-પત્ની અડધા અડધા વહેંચી લે.

મમતાબહેન સ્વભાવે મળતાવડા અને આનંદી. કીટી પાર્ટીમાં હાઉસી ઉપરાંતની રમતો એવી સરસ રમાડે કે ત્યાં હાજર સહુને મજા પડે. ધીમે ધીમે મમતાબહેનને શહેરનાં વિવિધ ગ્રુપની કીટીમાં જોડાવાનું આમંત્રણ મળવા લાગ્યું.

એક-બેમાં તો એ આંખની શરમે જોડાયા પણ ખરા. પણ બે-ત્રણ મહિનામાં એમને પોતાને ખ્યાલ આવ્યો કે આવા સોશિયલાઈઝિંગનો તો કોઈ અંત જ નથી, કારણ કે પહેલાની ચાર અને બીજી બે એમ છ કીટીમાં મમતાબહેનન ઘર,બાળકો, પતિ, પરિવાર પ્રત્યે બેદરકાર થઈ રહ્યા હતાં. માટે છેવટે થાકીને એ નવી બે કીટીમાંથી નીકળી ગયાં

ભારતનાં નાનાં-મોટાં શહેરોમાં કીટી પાર્ટીનો વ્યાપ વધ્યો છે. મોટભાગની બધી બહેનો વધારે નહીં તો એક કીટીમાં તો જોડાયેલી હોય છે તો આ કીટી પાર્ટી, કીટી કલ્ચર એટલે શું અને એની શરૂઆત કેવી રીતે થઈ હશે એ જાણવાની જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. એવું કહેવાય છે કે ભારતમાં કીટી પાર્ટીની શરૂઆત ૧૯૪૭ના ભાગલા સમયે થઈ હતી. એ એક એવો સમય હતો કે જ્યારે આર્થિક અસ્થિરતા સમાજમાં પ્રવર્તમાન હતી. કોઈની જમીન ગઈ હતી તો કોઈનું ઘર, કોઈએ સગાં ગુમાવ્યા હતાં તો કોઈ પોતાના લોકોથી દૂર થયા હતાં. આવા સમયે સ્ત્રીઓએ નાની નાની બચત કરી આર્થિક સ્થિરતા મેળવવાનાં પ્રયત્નો કર્યા. એમાંનો એક પ્રયત્ન એટલે કીટી પાર્ટી. એમાં જોડાયેલી દરેક સ્ત્રી નક્કી કરેલ રૂપિયા લાવે છે. બધાનાં રૂપિયા ભેગા કરીને દરેકનાં નામની ચિઠ્ઠી બનાવી એક ચિઠ્ઠી ઉપાડવામાં આવે છે. એ ચિઠ્ઠીમાં જેનું નામ આવે એ સ્ત્રી ભેગા થયેલાં બધાં રૂપિયા લઈ જાય છે. આ રીતે એક દરેક સ્ત્રીનો વારો આવે છે. દર મહિને થોડા થોડા રૂપિયા આપી જે સમયે કીટી લાગે એ સમયે બધા રૂપિયા એકસાથે મળે એ બચતનો ભાગ બને.

જો કે બચત એ કીટીનો એકમાત્ર લાભ નથી. કીટી પાર્ટીનાં બહાને સ્ત્રીઓને ઘરની બહારની દુનિયા જોવાનો પણ મોકો મળે છે જેમાં એ પોતે કોઈ પણ પ્રકારની જવાબદારી વિના મરજી મુજબનું હસી બોલી ખાઈ પી શકે છે. સાથે એવી બહેનપણીઓ પણ બનાવી શકે છે જેમની સાથે એ મનની વાત કરી શકે. લગભગ સરખી ઉંમરની સ્ત્રીઓ હોય તો શક્ય છે એમની મુંઝવણ અને મુશ્કેલીઓ પણ સરખા હોય, તો કીટી ગ્રુપમાં મળીને એમને લાગે છે કે સામાજિક, સ્ત્રી લક્ષી કે સ્વાસ્થ્ય લક્ષી સમસ્યાઓ એમને એકલાને નહીં પણ એમના જેવા ઘણા બધાને હોય છે. કીટી પાર્ટીમાં સ્ત્રીઓ છૂટથી બોલી શકે છે અને મુક્ત મને હસી પણ શકે છે, કારણ કે એ જાણે છે કે ત્યાં બીજી સ્ત્રીઓ પણ પોતાના જેવી જ છે. મોકળામને એ પોતાની મુશ્કેલી માટે સલાહ પણ માગી શકે છે, જે એના માટે કોઈ એક થેરાપીથી ઓછું નથી. કીટી પાર્ટીમાં જતી સ્ત્રી પોતાની જાત માટે સમય ફાળવે છે જે દુનિયાનાં સૌથી મોંઘા રોકાણ કરતાં પણ વધુ કીમતી છે.

જો કે કીટી પાર્ટીની શરૂઆત થઈ એ સમય કરતાં અત્યારની કીટી પાર્ટી અલગ છે. કોઈ ઠેકાણે આ પાર્ટીઓનો અતિરેક પણ જોવા મળે છે. પહેલાંનો બચતનો મુદ્દો ગૌણ અને દેખાડો વધી ગયો હોય એમ પણ લાગે છે. કોણે કઈ બ્રાન્ડના કપડાં પહેર્યા છે, કઈ ગાડીમાં આવ્યા, વેકેશનમાં ક્યાં ફરવા જવાના વગેરે વાતો પરથી સામેવાળી સ્ત્રીની આર્થિક પરિસ્થિતિ માપવામાં આવતી હોય છે. આને કારણે એવું કોઈને લઘુતાગ્રંથિ થાય તો કોઈ ખેંચાઈને કે સોશ્યલ-ઈમોશનલ દબાણ હેઠળ કીટીનાં રૂપિયા ભરતું હોય એવું પણ થાય છે. આમ દરેક વ્યવસ્થા દરેક સ્ત્રીને દરેક સ્તરે માફક આવે એ જરૂરી તો નથી તો પછી કીટી પાર્ટી વિશે બોલો,

તમે શું કહો છો? ■

# સંસ્કૃતિ ને રંગોનો તહેવાર

## નંદગામ-બરસાનાની અનોખી લઠમાર હોળી

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com







ભારત દેશ વિશ્વભરમાં ઉત્સવોની ઉજવણીના ઉત્સાહ અને પોતાની સંસ્કૃતિના રંગો માટે જાણીતો છે. અલગ અલગ પ્રાંતોમાં આખા વર્ષ દરમિયાન વિવિધ તહેવારોને અનોખી ઢબે ઉજવવામાં આવે છે. અહીંનું સાંસ્કૃતિક વૈવિધ્ય જ વિશ્વને ભારત તરફ આકર્ષે છે. પશ્ચિમી સંસ્કૃતિનો વ્યક્તિ પણ અહીંના તહેવારોની ઉજવણીનો ભાગ બનવા આતુર રહે છે. ગુજરાતી, પંજાબી, મરાઠી, હિમાચલી કે કાશ્મીરી આપણે સૌ રોજિંદા જીવનમાંથી વિરામ લઈને આનંદ અને ઉલ્લાસ માણીએ છીએ. માનવીના આનંદની અભિવ્યક્તિના જીવંત પ્રતિક આપણા તહેવારો છે.

આ સમગ્ર તહેવારોની હારમાળામાં લોકહૃદય પર રાજ કરતો, દરેક સમુદાયને એકસાથે રંગી દેતો તહેવાર એટલે હોળી. દેશના વિવિધ ભાગોમાં હોળી અલગ અલગ રીતે ઉજવાય છે, પરંતુ ઉત્તર પ્રદેશના બરસાના અને નંદગામની લઠમાર હોળી વિશ્વવિખ્યાત છે. અહીં આશરે ૫૦૦૦ વર્ષથી ચાલતી પરંપરા શ્રીકૃષ્ણ અને રાધાજીના પ્રેમ સાથે જોડાયેલી છે અને આખો અઠવાડિયું રંગો, ગીતો અને ભક્તિભાવથી છલકાય છે.

શ્રીકૃષ્ણ હોળીના પ્રસંગે નંદગામથી ગોવાળો સાથે બરસાના આવતાં અને રાધાજીના ગામની ગોપીઓ લાકડીઓથી તેમને રમૂજી રીતે હાંકી કાઢતી. આ પ્રસંગને જીવંત રાખતી પરંપરા આજે લઠમાર હોળી તરીકે ઉજવાય છે. ગોપાલો ઢાલથી બચાવ કરે છે અને ગોપીઓ લાઠીથી પ્રહાર કરે છે. ગીતો, ફાગ, રંગો અને હાસ્ય વચ્ચે આ ઉત્સવ પ્રેમનો સંદેશ આપે છે.

ફાગણ મહિનામાં સમગ્ર વ્રજધામ રાધાકૃષ્ણના રંગોમાં રંગાઈ જાય છે. બરસાનાની હોળીને ફાગુ ઉત્સવ અથવા હોળી પણ કહેવામાં આવે છે. દેશ વિદેશથી હજારો લોકો આ અનોખી પરંપરા નિહાળવા આવે છે.

લઠમાર હોળી ૨૦૨૬નો વિગતવાર કાર્યક્રમ

વર્ષ ૨૦૨૬માં હોળી ૪ માર્ચે ઉજવાશે (હોલિકા દહન ૩ માર્ચ ૨૦૨૬). બરસાના અને વ્રજક્ષેત્રમાં ઉત્સવોનો આરંભ ફાગણ માસની શરૂઆતથી જ થઈ જાય છે. મુખ્ય કાર્યક્રમોની શરૂઆત થઈ ચૂકી છે જે ૪ માર્ચ સુધી ચાલશે.

**૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ લડ્ડુ હોળી, બરસાના**

**૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ લઠમાર હોળી, રાધારાણી મંદિર, બરસાના (મુખ્ય ઉત્સવ)**

**૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ નંદગામમાં લઠમાર હોળી, નંદભવન**

**૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ વૃંદાવન, બાંકે બિહારી મંદિરમાં ફૂલોની હોળી**

**૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ગોકુલમાં છડી માર હોળી**

**૧ માર્ચ ૨૦૨૬ વૃંદાવનમાં વિધવાઓની હોળી**

**૩ માર્ચ ૨૦૨૬ મથુરામાં હોલિકા દહન**

**૪ માર્ચ ૨૦૨૬ રંગવાળી હોળી (ધુળેટી), મથુરા અને હુરંગા ખાતે સમાપન**

વિધવાઓની હોળી અહીં વિશેષ આકર્ષણ છે. સફેદ વસ્ત્રોમાં સજ્જ વિધવાઓ ફૂલોના રંગોથી હોળી રમે છે જે સમાજમાં સમાનતા અને આનંદનો સંદેશ આપે છે.

બરસાનાનું મુખ્ય રાધારાણી મંદિર ટેકરી પર આવેલું છે, જ્યાં પહોંચવા આશરે ૧૦૦ પગથિયાં ચઢવા પડે છે. મન મંદિર, શંકરી ખોર, મોર કુટીર મંદિર, રંગીલા મહેલ અને નંદભવન જેવા સ્થળો દર્શનીય છે. આસપાસ વૃષભાનુ કુંડ, કીર્તિદા કુંડ, વિહાર કુંડ અને દોહની કુંડ આવેલ છે.

અહીંની અનોખી પરંપરા મુજબ બરસાના અને નંદગામ વચ્ચે લગ્ન વ્યવહાર થતો નથી. શ્રીકૃષ્ણને બરસાનાનો જમાઈ માનવામાં આવે છે અને નંદગામને રાધાનું સાસરું. આ માન્યતા આજે પણ એટલી જ ભાવભીની રીતે નિભાવાય છે.

હોળીના દિવસોમાં મથુરામાં રહેવાની વ્યવસ્થા સરળ છે, પરંતુ બરસાના જવા માટે પૂર્વ બુકિંગ સાથે ટૅક્સી કરવી અનુકૂળ રહે છે. કેસૂડાના કુદરતી રંગો, ઠંડાઈ, ગુજીયા અને ભક્તિભાવથી ભરેલો માહોલ જીવનભર યાદ રહી જાય તેવી અનુભૂતિ આપે છે.

બરસાનાની લઠમાર હોળી માત્ર એક તહેવાર નથી એ પ્રેમ, પરંપરા અને સંસ્કૃતિનો જીવંત ઉત્સવ છે. જીવનમાં એકવાર રાધારાણીના ગામે જઈ આ રંગોત્સવનો અનુભવ અવશ્ય કરવો. અહીં પ્રેમના રંગો મનને નવી તાજગી અને આધ્યાત્મિક આનંદ આપે છે. ■

# લોકોને મોબાઈલથી કેમ છુટકારો મેળવવો છે?

વિશેષ પ્લસ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

સવારે આંખ ખૂલતાની સાથે મોબાઇલ. રાત્રે સૂતા સમયે આંખ મિંચાઇ નહીં ત્યાં સુધી મોબાઇલ. દિવસ દરમિયાન સેંકડો વખત વારંવાર સ્ક્રીન ચેક કરતા રહેવી. આ હવે કોઇની વિશેષ આદત નહીં, પરંતુ મોટાભાગના લોકોની જીવનશૈલી બની ગઇ છે. હવે મોબાઇલમાં નોટિફિકેશન જોવાનું યાદ રાખવું પડતું નથી. આ લોકોની એક આદત બની ગઇ છે, પરંતુ આ સમય દરમિયાન કંઇક બીજું રસપ્રદ અને વિરોધાભાસી પણ બની રહ્યું છે. એક ટ્રેન્ડ ખૂબ ઝડપથી ઊભરી રહ્યો છે- મોબાઇલથી પોતાને દૂર રાખવાનો. લોકો ટેક્નોલોજીનો ત્યાગ નથી કરી રહ્યા, પરંતુ નવી શરતો સાથે તેની સાથે સંબંધ સ્થાપિત કરી રહ્યા છે. કોઇ નોટિફિકેશન બંધ કરી રહ્યા છે તો કોઇ ફોનને ગ્રે સ્કેલ પર મૂકી રહ્યા છે. કોઇ ડમ્બ ફોન ખરીદી રહ્યા છે. તો વળી કેટલાક રવિવારે મોબાઇલ ફોનને કબાટમાં બંધ કરીને તેને તાળું મારી દે છે. મોબાઇલને લઇને તેની તરફેણમાં અને તેના વિરોધમાં એકથી એક ચડિયાતી આદતો વિશ્વનું ધ્યાન ખેંચી રહી છે. તો ચાલો આ બધા પાછળનું કારણ વિગતવાર જાણવાનો પ્રયાસ કરીએ.

**આખરે લોકો પોતાનો ફોન છોડવા કેમ માગે છે?**

તાજેતરનાં વર્ષોમાં એક સામાન્ય અનુભવ સામે આવ્યો છે કે મોબાઇલ લોકોનું ધ્યાન સરળતાથી વિચલિત કરી શકે છે. એ પણ અનુભવાયું છે કે સતત મોબાઇલનો ઉપયોગ કરવાથી અપૂર્ણતાની લાગણી વધે છે. મોબાઇલની લત લાગી જવાથી સમય ક્યાં વીતી જાય છે એનું ભાન રહેતું નથી. આ ઉપરાંત તાજેતરના વર્ષોમાં કેટલાક લોકો એક થાકથી પીડાઇ રહ્યા છે, જે નિષ્ણાતોના મતે મોબાઇલની દેન છે. આવાં જ અનેક કારણો છે જેને કારણે હવે લોકો મોબાઇલથી સંપૂર્ણ નહીં તો વચ્ચે-વચ્ચે ખાસ્સા સમય સુધી છુટકારો મેળવવા માગે છે. તેથી લોકો મોબાઇલથી દૂર રહેવા માટે વિવિધ ઉપાયો અજમાવી રહ્યા છે.

**૧. નોટિફિકેશન મિનિમલિઝમ**

ઘણા લોકો હવે ફક્ત કોલ્સ અને જરૂરી એપ્સના નોટિફિકેશન જ ચાલુ રાખે છે. લોકો વોટ્સએપ ગ્રુપ, સોશ્યલ મીડિયા લાઇક્સ અને ઇમેઇલ એલર્ટ બધું બંધ કરી રહ્યા છે. આથી ફોન હાથમાં લેવાની જરૂરિયાત આપમેળે ઓછી થઇ જાય છે. આ ઉપાય અજમાવનારા લોકો જણાવે છે કે પહેલા તેઓ ૧૨૫ થી ૧૫૦ વખત સુધી સ્ક્રીન અનલોક કરતા હતા, તે હવે નોટિફિકેશન મિનિમલિઝમ લાગુ કર્યા બાદ હવે આ સંખ્યા ઘટીને ૪૦ થી ૫૦ થઇ ગઇ છે.

**૨. ગ્રે સ્કેલ મોડ**

આ મોડનો અર્થ છે કે ફોનની રંગીન દુનિયાને બ્લેક એન્ડ વ્હાઇટમાં ફેરવી નાખવી. ફોનની દુનિયા બ્લેક-વ્હાઇટ થતાં જ રિલ્સમાં લોકોની રુચિ ઓછી થઇ જાય છે. થમ્બ નેલ ઝાંખા લાગવા માંડે છે અને સ્ક્રોલ કરવાનું મન થતું નથી. આ એક નાનકડો ઉપાય છે, પરંતુ તે ખૂબ જ અસરકારક મનોવૈજ્ઞાનિક પરિણામો આપે છે. આ સાથે કેટલાક લોકો તેમના ફોનમાં ડાઉનલોડ કરેલા દરેક મીડિયા એપ માટે દિવસમાં ૨૦ થી ૩૦ મિનિટની લિમિટ નક્કી કરે છે અને લિમિટ



પૂર્ણ થતાંની સાથે જ આ એપ્લિકેશનો આપમેળે લોક થઇ જાય છે. જેથી મોબાઇલથી છુટકારો મળી જાય છે. આ ઉપાય શરૂઆતમાં ત્રાસ ઉપજાવનાર સાબિત થાય છે, પરંતુ ૩-૪ દિવસ પછી તે આદત બની જાય છે.

**૩. ફોન મુક્ત સવારની શરૂઆત**

આજકાલ કેટલાક લોકો સવારે જાગ્યા પછી એક થી બે કલાક સુધી પોતાના મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાનું ટાળે છે. આ દરમિયાન તેમનો મોબાઇલ સ્વિચ ઓફ રહે છે. જ્યાં સુધી મોબાઇલ સ્વિચ ઓફ રહે છે, તેઓ ફ્રેશ થાય છે, ચા પીવે છે, છાપું વાંચે છે, વ્યાયામ કરે છે અથવા આવું કંઇ નથી કરતા તો આ દરમિયાન માત્ર બારીની બહાર જોવાનું કામ કરે છે. જે લોકો આ ઉપાય અજમાવી રહ્યા છે તેનો અનુભવ છે કે આનાથી આખો દિવસ શાંતિનો અનુભવ થાય છે.

**૪. ડમ્બ ફોનનું કમબેક**

ફોન સંબંધિત બધી ચિંતાઓનું મૂળ સ્માર્ટફોન છે. કારણ કે તેમાં જ વિવિધ મીડિયા કોમ્યુનિકેશન શક્ય છે. જેને ધ્યાનમાં રાખીને કેટલાક લોકો મોબાઇલથી બચવા માટે ડમ્બ ફોન તરફ પાછા વળ્યા છે. લોકો પોતાની પાસે એવા ફોન રાખી રહ્યા છે જેનાથી માત્ર કોલ કરી શકાય, કોલ રિસીવ કરી શકાય અને મેસેજ મોકલી અને મેળવી શકાય. જો કે આવા લોકો તેની પાસે બીજો સ્માર્ટફોન પણ રાખે છે, પરંતુ તેનો ઉપયોગ માત્ર સાંજે નવરાશની પળોમાં એક-બે કલાક કરે છે. આ ઉપાય પણ ખૂબ લોકપ્રિય થઇ રહ્યો છે. લોકોના અનુભવ જણાવે છે કે આ ઉપાય અજમાવ્યા બાદ સરળતાથી તેમની સ્ક્રોલ કરવાની આદત નીકળી ગઇ છે. આ સાથે કેટલાક લોકો સોશ્યલ મીડિયા ફાસ્ટિંગનો ઉપાય અજમાવી રહ્યા છે. ફોનથી દૂર રહેવાનો આ એક બીજો ઉપાય છે. જે રીતે કેટલાક લોકો ધાર્મિક રીતે અઠવાડિયામાં એક કે બે દિવસ ઉપવાસ રાખે છે. લગભગ એવી જ આસ્થા સાથે આ ઉપાય અંતર્ગત લોકો અઠવાડિયામાં એક દિવસ કે ૧૫ દિવસમાં એક દિવસ ફોનથી સંપૂર્ણ રીતે દૂર રહેવાનો ઉપાય અજમાવે છે. આ ઉપાય શરૂઆતમાં ભારે મુશ્કેલીથી પૂર્ણ કરી શકાય છે. કારણ કે એક જ ઝાટકે ૨૪ કલાક મોબાઇલથી દૂર રહેવું સરળ નથી, પરંતુ જ્યારે એક વાર કે બે-ત્રણ વાર આ પ્રયોગ કરવો સંભવ બને છે ત્યાર બાદ લોકો હળવાશ અને શાંતિનો અનુભવ કરે છે.

**૫. ફોનને બેડરૂમની બહાર રાખવો**

જેમ કેટલાક લોકો બેડરૂમમાં પ્રવેશતા પહેલા ચપ્પલ બહાર કાઢી નાખે છે. એવી જ રીતે કેટલાક લોકો તેમના ફોનને બેડરૂમની બહાર રાખીને સૂવે છે. આ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે મોટાભાગના લોકો રાત્રે મોબાઇલ તેમના માથા નીચે જ નથી રાખતા પરંતુ ચાર્જિંગની વ્યવસ્થા પણ બાજુમાં જ રાખે છે. આવી સ્થિતિમાં જેઓ આખી રાત પોતાના ફોનને બેડરૂમની બહાર રાખીને તેનાથી દૂર રહેવાની હિંમત દાખવે છે તેમના માટે આ એક મોટી સાધના છે. આના ઘણા ફાયદા છે. બે-ત્રણ દિવસની શરૂઆતની બેચેની પછી ઊંઘમાં સુધારો થવા લાગે છે. રાતનું સ્ક્રોલિંગ સમાપ્ત થાય છે. સવારે અલાર્મ બંધ કરવા માટે સવારે ઊઠવાની જરૂર રહેતી નથી અને આરામદાયક ઊંઘ આવે છે. ■

## આ માત્ર આદત નથી માનસિક સ્વાસ્થ્યની લડાઇ છે

હવે લોકો એ વાત સારી રીતે સમજવા લાગ્યા છે કે ફોનનો વધુ પડતો ઉપયોગ માત્ર તેમની આંખો પર જ નહીં પરંતુ ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા, ભાવનાત્મક સ્થિરતા અને ત્યાં સુધી કે આત્મસંતોષની ભાવના પર પણ ઊંડી અસર કરી રહ્યો છે. પોતાના મોબાઇલ ફોનથી દૂર રહેવું એ પોતાની જાત સાથે સંપર્કમાં રહેવા સમાન છે. જે લોકો ફોનનો વધુ પડતો ઉપયોગ કરે છે તેમના અનુભવો દર્શાવે છે કે તેઓ જેટલો વધુ સમય પોતાના ફોન સાથે ગાળે છે તેટલા જ વધુ તેઓ એકલતાનો અનુભવ કરે છે. આવી સ્થિતિમાં ફોન, ફોન ન રહીને એક એવી પ્રેમિકા બની જાય છે જેનાથી અલગ પણ થઇ શકાતું નથી અને જેની સાથે લોકો શાંતિથી રહી પણ શકતા નથી. ઘણા માતા-પિતા તેમના બાળકોની મોબાઇલની આદત છોડાવવા માટે પોતે તેમની સામે ફોનથી દૂર રહીને ઉદાહરણ બેસાડી રહ્યા છે. આ સમગ્ર કવાયતનો ધ્યેય એ છે કે મોબાઇલ ફોન આપણા માલિક ન બને, આપણે જ તેના માલિક રહીએ.

# આજે ઈડનમાં ભારત-વેસ્ટ ઈન્ડિઝના સિક્સર-સ્પેશ્યાલિસ્ટો વચ્ચે હરીફાઈ

## બેમાંથી જે ટીમ જીતશે એનો પાંચમી માર્ચે વાનખેડેમાં ઈંગ્લૅન્ડ સામે સેમિમાં જંગઃ કૅરિબિયનો ૪૩ વર્ષથી કોલકાતામાં નથી જીત્યા





ગઈ કાલે ઈડનમાં તિલક અને પોવેલ. થોડે દૂર ગૌતમ ગંભીર અને બોલિંગ કોચ મોર્ની મોર્કલ (પીટીઆઈ)

કોલકાતાઃ ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ક્વૉર્ટર ફાઇનલ સમાન સુપર-એઇટ મુકાબલો થશે જેમાં ખાસ કરીને બન્ને દેશના સિક્સ-હિટર્સ વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જોવા મળી શકે. એક ટી-૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ૬૬ સિક્સર ફટકારવાનો વિશ્વવિક્રમ વેસ્ટ ઇન્ડિઝના નામે છે અને ભારત ૬૩ છગ્ગા સાથે એમનાથી માત્ર ત્રણ ડગલાં પાછળ છે. ઇડનની પિચ સૂકી છે અને વરસાદની સંભાવના નથી.

આજે દિલ્હીમાં સાંજે સેમિ ફાઇનલિસ્ટ સાઉથ આફ્રિકા અને વર્લ્ડ કપની બહાર થઈ ગયેલા ઝિમ્બાબ્વે વચ્ચેની ઔપચારિક મૅચ રમાઈ જશે ત્યાર બાદ ભારત-વેસ્ટ ઇન્ડિઝનો નિર્ણાયક મુકાબલો શરૂ થશે. બેમાંથી જે ટીમ જીતશે એ પાંચમી માર્ચે વાનખેડેમાં ઇંગ્લૅન્ડ સામે સેમિ ફાઇનલ રમશે. વેસ્ટ ઇન્ડિયનો ૧૯૮૩ પછી (૪૩ વર્ષથી) ઈડન ગાર્ડન્સમાં ભારત સામે કોઈ જ ફૉર્મેટની મૅચ જીતી નથી શક્યા. બીજું, ૨૦૧૬માં વેસ્ટ ઇન્ડિયનો ચૅમ્પિયન બન્યા ત્યાર બાદ એક પણ આઇસીસી ઇવેન્ટની સેમિ ફાઇનલમાં નથી પહોંચી શક્યા.

કૅરિબિયન બોલર્સ ભારતના આક્રમક બૅટ્સમેનો સામે સાવચેત રહેશે અને તેમને બને એટલા કાબૂમાં રાખવા કોઈ કસર નહીં છોડે. ગુરુવારે ઝિમ્બાબ્વે સામે ભારતના ટોચના તમામ છ બૅટ્સમેને ૨૪-પ્લસ રન કર્યા હતા અને છએ છ બૅટ્સમેનના સ્ટ્રાઇક-રેટ ૧૫૦.૦૦થી વધુ હતા. ટી-૨૦ મૅચમાં ખેલાડીનો ૧૩૦.૦૦થી વધુ સ્ટ્રાઇક-રેટ સારો કહેવાતો હોય છે. કૅરિબિયનોનો આત્મવિશ્વાસ તાજેતરમાં સાઉથ આફ્રિકા સામેના પરાજયથી થોડો ઓસર્યો હશે, જ્યારે ભારતીયોએ ઝિમ્બાબ્વેને ૭૨ રનથી હરાવીને આ ટૂર્નામેન્ટમાં જોરદાર કમબૅક કર્યું છે. રિન્કુ સિંહના પિતા ખાનચંદ સિંહનું શુક્રવારે કૅન્સરની બીમારીને લીધે અવસાન થયું હતું. રિન્કુ પરિવાર પાસે પહોંચી ગયા બાદ ગઈ કાલે કોલકાતામાં ટીમ ઇન્ડિયા સાથે જોડાઈ જશે એવા અહેવાલ હતા. જોકે તેને આજે ઇલેવનની ટીમમાં સમાવાશે કે કેમ એ નક્કી નહોતું.

### બન્ને દેશની સંભવિત ઇલેવન

ભારતઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, ઇશાન કિશન, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ અને વરુણ/કુલદીપ.

વેસ્ટ ઇન્ડિઝઃ શાઇ હોપ (કૅપ્ટન, વિકેટકીપર), બ્રેન્ડન કિંગ, શિમરૉન હેટમાયર, રોમારિયો શેફર્ડ, રૉવમૅન પોવેલ, રૉસ્ટન ચેઝ, શેરફેન રુધરફર્ડ, જેસન હોલ્ડર, મૅથ્યૂ ફૉર્ડે, ગુડાકેશ મૉટી અને શમાર જોસેફ. ■

# પાકિસ્તાન આઉટ, થૅન્ક્યુ શ્રીલંકા

પલ્લેકેલઃ પાકિસ્તાને (૨૦ ઓવરમાં ૮/૨૧૨) શનિવારે અહીં યજમાન શ્રીલંકા (૨૦ ઓવરમાં ૮/૨૦૭)ને દિલધડક મુકાબલામાં પાંચ રનથી હરાવી દીધું હતું, પરંતુ એ પહેલાં જ પાકિસ્તાનનો સેમિ ફાઇનલની રેસમાંથી એકડો નીકળી ગયો હતો એટલે તેમણે સેલિબ્રિશન નહોતું કર્યું. શ્રીલંકાને ૧૪૭ રનની અંદર પાકિસ્તાને સીમિત રાખવાના હતા, પણ ૧૬મી ઓવરમાં શ્રીલંકાનો સ્કોર ૫/૧૪૮ થયો એટલે પાકિસ્તાન સેમિની દોડમાંથી બહાર ફેંકાઈ ગયું અને આપોઆપ ન્યૂ ઝીલૅન્ડે સેમિમાં પ્રવેશ કર્યો હતો.

આડકતરી રીતે શ્રીલંકાના કૅપ્ટન દાસુન શનાકા (૭૬ અણનમ, ૩૧ બૉલ, આઠ સિક્સર, બે ફોર) અને પવન રત્નાયકે (૫૮ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)એ ભારતની તરફેણ કરી હતી. શાહીન આફ્રિદીની ૨૦મી ઓવરમાં શનાકાએ ચોગ્ગા અને હૅટ-ટ્રિક છગ્ગા સાથે જીતની આશા જીવંત રાખી હતી, પણ છેલ્લા બે ડૉટ બૉલને લીધે પાકિસ્તાનને આશ્વાસન વિજય મળી ગયો હતો.

પાકિસ્તાને પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૧૨ રન કર્યા હતા. ઓપનર સાહિબઝાદા (૧૦૦ રન, ૬૦ બૉલ, પાંચ સિક્સર, નવ ફોર) ટી-૨૦ વર્લ્ડ કપના ઇતિહાસમાં બે સેન્ચુરી કરનાર પ્રથમ પ્લેયર બન્યો હતો. દિલશાના મદુશન્કાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ■

# વાનખેડેમાં એક સ્ટૅન્ડ શાસ્ત્રીના નામે ઓળખાશે

## ત્રણ ગેટને મળશે સરદેસાઈ, સોલકર અને ડાયના એદલજીનાં નામ

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ અસોસિયેશને વાનખેડે સ્ટેડિયમમાં પ્રેસ બૉક્સની નીચેના લેવલ-૧ સ્ટૅન્ડને ભૂતપૂર્વ ઑલરાઉન્ડર રવિ શાસ્ત્રીનું નામ આપવાનું નક્કી કર્યું હોવાનું એક જાણીતી વેબસાઈટના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

એમસીએના પ્રમુખ અજિંક્ય નાઈકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'મુંબઈની ક્રિકેટરૂપી ઇમારતનું ચણતર આપણા દિગ્ગજ ખેલાડીઓનાં યોગદાનરૂપે બનેલા સ્તંભ પર થયું છે. આ શહેરને અને રાષ્ટ્રને ગૌરવ અપાવનારાઓનું સન્માન કરવું એ આપણી ફરજ છે. વાનખેડેમાં પ્રેસ બૉક્સની નીચેના લેવલ-૧ સ્ટૅન્ડને રવિ શાસ્ત્રીનું નામ આપવાની દરખાસ્ત એટલે ખેલાડી, લીડર તેમ જ કોચ તરીકે તેમણે આપેલા અમૂલ્ય યોગદાન બદલ તેમનું બહુમાન.'

એમસીએ દ્વારા વાનખેડે સ્ટેડિયમના ત્રણ ગેટને ત્રણ ભૂતપૂર્વ મહાન ખેલાડી દિલીપ સરદેસાઈ, એકનાથ સોલકર તેમ જ ડાયના એદલજીનાં નામ આપવામાં આવશે. ■

# જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના ઓછાયામાં ખીલ્યો ક્રિકેટનો કસબ

## Curfew (C)ના માહોલમાં ક્રિકેટરો આતંકવાદના ઓછાયામાં પણ Cricket (C)ની તાલીમ લેતા રહીને Champion (C) બનીને રહ્યા





**ઈંદ્રસ પાર્ટી ટાઈમઃ** વિજેતા ટ્રોફી સાથે જમ્મુ અને કાશ્મીરના ખેલાડીઓ. રણજી ટ્રોફીની સીઝનમાં સૌથી વધુ ૬૦ વિકેટ લેનાર જમ્મુ-કાશ્મીરનો પેસ બોલર ઑકિબ નબી (જમણે)

***અજય મોતીવાલા***

મન હોય તો માળવે જવાય...હૃદયમાં હામ હોય તો હાર્યા પછી પણ જીતનો જલસો માણી શકાય. જમ્મુ-કાશ્મીરના ક્રિકેટરોએ રણજી ટ્રોફીમાં જે કમાલ કરી દેખાડી છે એ ક્યારેય કોઈ દેશની સ્થાનિક ટીમે નહીં કરી બતાવી હોય. ભારતના આ સ્વર્ગ સમાન અને જગવિખ્યાત રાજ્યની ટીમે રણજી ટ્રોફીના ઇતિહાસમાં પહેલી જ વખત રણજી ટ્રોફીનું ચૅમ્પિયનપદ મેળવીને વર્તમાન પેઢીને પોતાની તાકાતનો પરચો બતાવ્યો છે અને આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની છે.

દાયકાઓથી Curfew (C)નો સામનો કરનાર જમ્મુ-કાશ્મીરના ક્રિકેટરોએ આતંકવાદના ઓછાયામાં પણ Cricket (C)ની ભરપૂર તાલીમ લેતા રહીને અને પ્રૅક્ટિસ કરીને પોતાને અવ્વલ કક્ષાની ટીમ બનાવી અને છેવટે તેઓ Champion (C) બનીને રહ્યા.

૨૦૧૪માં નરેન્દ્ર મોદી સરકાર દેશમાં સત્તારૂઢ થઈ ત્યારથી કાશ્મીરનો આતંકવાદ એના રડારમાં હતો જ. મોદી સરકારના માર્ગદર્શનથી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની દેખરેખમાં કાશ્મીરમાં આતંકવાદીઓનો સફાયો શરૂ થઈ ગયો હતો અને ૨૦૧૯માં સરકારના અભિયાનની ચરમસીમા આવી ગઈ જ્યારે એણે ગજબની હિંમત બતાવીને કલમ ૩૭૦ને કાઢી નાખવાનું અભૂતપૂર્વ પગલું ભર્યું હતું. બસ, એ સાથે જ કાશ્મીરમાં ક્રિકેટનો કસબ ફૂલોની જેમ ખીલવા લાગ્યો. 'સિલસિલા' ફિલ્મના મશહૂર ગીત 'દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ...દૂર તક નિગાહોં મેં હૈ ગુલ ખીલે હુએ.'ની માફક કાશ્મીરમાં ક્રિકેટરો (જે કળીના રૂપમાં હતા તેઓ) ફૂલની જેમ ખીલવા લાગ્યા અને ચૅમ્પિયન બનવા જેટલા સક્ષમ થયા.

ખેલાડીઓએ કેન્દ્ર સરકાર તરફથી ભેટ મળેલા આ સુંદર માહોલમાં ભારતીય ક્રિકેટના સર્વોત્તમ ટાઇટલ (રણજી ટ્રોફી) પર કબજો કરવાનો સંકલ્પ કર્યો હતો. રાજ્યમાં સૈનિકો અને પોલીસો આતંકવાદીઓ સામે લડી રહ્યા હતા ત્યારે ક્રિકેટરોએ ભૂતકાળ ભૂલીને તેમ જ તમામ પ્રકારની નકારાત્મકતાને નજરઅંદાજ કરીને માત્ર ચૅમ્પિયન ક્રિકેટ ટીમ ડેવલપ કરવા પર જ ફૉકસ રાખ્યું હતું. ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન અજય શર્મા જમ્મુ-કાશ્મીરની ટીમના કોચ છે. તેમણે અને કૅપ્ટન પારસ ડોગરાએ ટીમના એકેએક ખેલાડીને મૅચ-વિનર જેવો બનાવ્યો અને જબરદસ્ત ટીમવર્કથી આ રાજ્યની ટીમે ૨૦૨૬ના રણજી ટાઇટલ પર પોતાનું નામ લખાવી દીધું.

૨૦૨૦માં અને ૨૦૨૫ની રણજી ટ્રોફીમાં આ રાજ્યની ટીમ માંડ ક્વૉર્ટર ફાઇનલ સુધી પહોંચી હતી, પણ ૨૦૨૬માં સપાટો બોલાવીને પારસ ડોગરાની સમજબૂઝવાળી કૅપ્ટન્સીમાં આ ટીમે સીધું ટાઇટલ જ કબજે કરી લીધું. ૨૦૨૫ની ૧૮મી ઑક્ટોબરે જમ્મુ-કાશ્મીરની ટીમ શ્રીનગરમાં સીઝનની પ્રથમ મૅચમાં મુંબઈ સામે હારી હતી. જોકે આ ટીમ હારી ખરી, પણ હિંમત નહોતી હારી. એલીટ કૅટેગરીના ગ્રૂપ-ડીમાં આ ટીમ મુંબઈ પછી બીજા નંબરે રહી એમ છતાં નૉકઆઉટમાં એક પછી એક ધમાકા કરીને ભલભલી શક્તિશાળી ટીમોને પાછળ રાખીને છેવટે ચૅમ્પિયન બની ગઈ.

૨૯ વર્ષનો રાઇટ-આર્મ પેસ બોલર ઑકિબ નબી રણજી ટ્રોફીની આ સીઝનમાં સૌથી વધુ ૬૦ વિકેટ લઈને તમામ રાજ્યના બોલર્સમાં સર્વોપરિ રહ્યો. ખુદ ફાઇનલની હરીફ ટીમના કૅપ્ટન દેવદત્ત પડિક્કલે કહ્યું કે 'નબીએ આખી સીઝનમાં ઉત્કૃષ્ટ બોલિંગ કરી અને ફાઇનલમાં અમારા બૅટ્સમેનો પાસે તેની બોલિંગ સામે કોઈ જવાબ નહોતો. કૅપ્ટન તરીકે મેં આનાથી આઘાતજનક હાર અગાઉ ક્યારેય નહોતી અનુભવી.'

જમ્મુ-કાશ્મીરના સુકાની પારસ ડોગરાનો પણ જબરો ડંકો વાગ્યો. રણજી ટ્રોફીમાં તે ૧૦,૦૦૦ રન પૂરા કરનાર વસીમ જાફર પછીનો બીજો ખેલાડી બન્યો અને આ ટીમના ટોપ-ઑર્ડરના ત્રણ બૅટ્સમેને તો કમાલ જ કરી નાખી. પહેલા દાવમાં ઓપનર યાવર હાસને ૮૮ રન કર્યા તો બીજા દાવમાં બીજા ઓપનર કામરાન ઇકબાલે અણનમ ૧૬૦ રન કરીને કર્ણાટક માટે વિજયનો દરવાજો સાવ બંધ જ કરી દીધો. ખાસ તો બોલિંગ માટે મશહૂર આ રાજ્યની ટીમ પાસે સ્ટાર બૅટ્સમેનોની કોઈ તંગી નથી. શુભમ પુંડીરે પ્રથમ દાવમાં ૧૨૧ રન કરીને જીતનો મજબૂત પાયો નાખી આપ્યો હતો, જ્યારે મિડલ-ઑર્ડર બૅટ્સમૅન સાહિલ લૉત્રાએ પ્રથમ દાવમાં ૭૨ રન અને બીજા દાવમાં અણનમ ૧૦૧ રન કરીને જમ્મુ-કાશ્મીરની જીત નિશ્ચિત કરી નાખી.

કાશ્મીર ભારતના શિખરે છે અને આ રાજ્યએ રણજી ટ્રોફીમાં શિખર સર કરીને આખી દુનિયાને મૅસેજ આપી દીધો છે કે 'આતંકવાદ કી ઐસી તૈસી. ચૅમ્પિયન આવી રીતે બનાય. ક્રિકેટની રમતમાં શૂન્યમાંથી સર્જન આ રીતે થાય અને ઝીરોમાંથી હીરો આ રીતે બનાય.' ■

# જમ્મુ-કાશ્મીરે ભારતીય ક્રિકેટમાં રચ્યો ઈતિહાસઃ પહેલી વખત રણજી ટ્રોફીમાં ચૅમ્પિયન




**પહેલી વાર ચૅમ્પિયન બન્યા, પાંચ નવા સ્ટેડિયમ મળશેઃ** શનિવારે કર્ણાટકના હુબલીમાં નવા રણજી ચૅમ્પિયન બન્યા પછી બહુમૂલ્ય અને ઐતિહાસિક ટ્રોફી સાથે જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ. બીસીસીઆઈના પ્રમુખ મિથુન મન્હાસે જાહેરાત કરી છે કે જમ્મુ તથા કાશ્મીરમાં બે મોટાં સ્ટેડિયમો બની રહ્યાં છે તેમ જ રાજૌરી, પૂંચ અને ચેનાબને પણ નવા સ્ટેડિયમ મળશે, કારણકે આ ટીમને રાજ્યમાં ઠેકઠેકાણેથી ચૅમ્પિયન ખેલાડીઓ મળ્યા છે. (પીટીઆઇ)

હુબલીઃ જમ્મુ-કાશ્મીરે પહેલી જ વખત રણજી ટ્રોફી ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું છે. જમ્મુ-કાશ્મીરની ૬૭ વર્ષની ઈન્તેજારીનો અંત આવ્યો છે. આ રાજ્યની ટીમે અનેક સ્ટાર ખેલાડીઓવાળી કર્ણાટકની ટીમને ફાઇનલમાં ઝાંખી પાડી દીધી અને ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી. જમ્મુ-કાશ્મીર રાજ્યની ટીમના કેટલાક ખેલાડીઓ હવે કદાચ ભારતીય ટીમમાં જોવા મળશે.



જમ્મુ-કાશ્મીરનો ચૅમ્પિયન કૅપ્ટન પારસ ડોગરા. તે અગાઉ હિમાચલ વતી રમતો હતો.

### બપોરે ૨.૧૦ વાગ્યે સુવર્ણ અવસર

ગઈ કાલે બપોરે ૨.૧૦ વાગ્યે હુબલી સ્ટેડિયમના નવા રંગરોગાનવાળા ડ્રેસિંગ રૂમમાં બન્ને ટીમના કૅપ્ટન (જમ્મુ-કાશ્મીરનો પારસ ડોગરા અને કર્ણાટકનો દેવદત્ત પડિક્કલ) બેઠા હતા અને વાતચીત દરમ્યાન ફાઇનલને ડ્રૉમાં લઈ જવા સંમત થયા એ સાથે અમ્પાયરોએ મૅચને ડ્રૉ જાહેર કરી હતી અને જમ્મુ-કાશ્મીરને પ્રથમ દાવની સરસાઈને આધારે વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

### જમ્મુ-કાશ્મીર ત્રણ વખત ક્વૉર્ટરમાં આવેલું

જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફીમાં ૬૭ વર્ષ પૂર્વે (૧૯૫૯માં) રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. કર્ણાટકે આઠ વખત રણજી ટ્રોફીનું ટાઇટલ જીત્યું હતું, જ્યારે જમ્મુ-કાશ્મીર માટે ૨૦૨૬નું વર્ષ સુવર્ણ સાબિત થયું છે. કર્ણાટકની ટીમ રનર-અપ રહી છે. જમ્મુ-કાશ્મીરની ટીમ આ પહેલાં ૨૦૧૪, ૨૦૨૦ અને ૨૦૨૫માં ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી હતી અને આ વખતે સીધું ટાઇટલ જ જીતી લીધું.

### મોદી સરકારના મિશનનું પરિણામ



૨૦૧૯ની સાલમાં નરેન્દ્ર મોદી સરકારે કલમ ૩૭૦નો અંત લાવી દીધો ત્યાર બાદ રાજ્યમાં સ્પોર્ટ્સ સહિત ક્રિકેટની રમત પણ ખૂબ ફૂલીફાલી અને છ વર્ષમાં રાજ્યના ખેલાડીઓએ આતંકવાદના ઓછાયા વચ્ચે તાલીમ લેતા રહીને દ્રઢતા અને સંકલ્પ સાથે આ અભૂતપૂર્વ પરાક્રમ કરી દેખાડ્યું છે. એ રીતે, મોદી સરકારનું મિશન સફળ રહ્યું છે. આ સીઝનની પ્રથમ મૅચમાં મુંબઈ સામે જમ્મુ-કાશ્મીરનો પરાજય થયો હતો, પણ છેલ્લે આ રાજ્યએ ચૅમ્પિયનપદ મેળવી લીધું.

### કર્ણાટકને ૬૩૪ રનનો તોતિંગ લક્ષ્યાંક આપેલો

હુબલીમાં પારસ ડોગરાના સુકાનમાં જમ્મુ-કાશ્મીરની ટીમે કર્ણાટક સામેની ફાઇનલનો બીજો દાવ ૪/૩૪૨ના સ્કોર પર ડિક્લેર કર્યો ત્યાર બાદ કર્ણાટકને જીતવા ૬૩૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે ગઈ કાલના અંતિમ દિવસે મેળવવો અશક્ય હતો. જમ્મુ-કાશ્મીરના બીજા દાવમાં ઓપનર કામરાન ઇકબાલ (૧૬૦ અણનમ) અને સાહિલ લોત્રા (૧૦૧ અણનમ)ના યોગદાન હતા. કર્ણાટકની ટીમ ગઈ કાલે એકેય વિકેટ નહોતી લઈ શકી. છેવટે બન્ને ટીમ મૅચને ડ્રો જાહેર કરવા સંમત થઈ હતી અને જમ્મુ-કાશ્મીરને પહેલા દાવની ૨૯૧ રનની સરસાઈને આધારે વિજેતા ઘોષિત કરવામાં આવ્યું હતું. ■

# યુદ્ધ શરૂ થતાં વર્લ્ડ કપના ખેલાડીઓ-સ્ટાફ માટે આઇસીસીના નવા પ્લાન

દુબઈઃ ભારત અને શ્રીલંકામાં ચાલી રહેલા ટી-૨૦ વર્લ્ડ કપની મુખ્ય આયોજક ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ શનિવારે જણાવ્યું હતું કે ઇરાન પરના અમેરિકા તથા ઇઝરાયલના આક્રમણને પગલે ટી-૨૦ વિશ્વ કપમાંથી પાછા આવી રહેલા ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફ સહિતના અધિકારીઓ માટે એ વૈકલ્પિક ફ્લાઇટને લગતી યોજના પર વિચાર કરી રહી છે.

વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીએ શરૂ થયો હતો અને આઠમી માર્ચે ફાઇનલ રમાવાની છે. આ ટૂર્નામેન્ટમાં ૨૦ દેશની ટીમોએ ભાગ લીધો છે અને હવે નૉકઆઉટ રાઉન્ડમાં ભારત સહિત પાંચથી છ ટીમ બાકી રહી હોવાથી આઇસીસીએ એના ખેલાડીઓના વિમાની પ્રવાસને લગતા નવા વિકલ્પો વિચાર્યા છે. મધ્ય પૂર્વના યુદ્ધમાં ઘણા દેશો સામેલ હોવાથી અને કેટલાક દેશોએ પોતાના હવાઈ માર્ગો બંધ કરી દીધા હોવાથી આઇસીસીએ ખેલાડીઓ માટે નવા વિકલ્પો વિચારવા પડી રહ્યા છે.

આઇસીસીના પ્રવક્તાએ એક યાદીમાં જણાવ્યું હતું કે ' આ વર્લ્ડ કપ સાથે સંકળાયેલી દરેક વ્યક્તિની સલામતી અને સુરક્ષા આઇસીસીનો અગ્રક્રમ છે. આમાંની એકેએક વ્યક્તિ હેમખેમ પોતાના નિયત સ્થાને પહોંચી જાય એની અમે પૂરી તકેદારી રાખીશું.'

આઇસીસી બહુ સારી રીતે જાણે છે કે ખેલાડીઓ, ટીમ-મૅનેજમેન્ટના અધિકારીઓ, અમ્પાયર્સ તથા કૉમેન્ટેટર્સ, બ્રૉડકાસ્ટિંગ ટીમના કર્મચારીઓ તેમ જ અન્ય સ્ટાફ મેમ્બર્સ હવાઈ મુસાફરી માટે ગલ્ફ ઍરલાઇન્સો પર તેમ જ દુબઈ સહિતના અખાતના ઍરપોર્ટ પર નિર્ભર રહેતા હોય છે. આ બાબતને ધ્યાનમાં લઈને આઇસીસીએ 'ટ્રાવેલ તથા લૉજિસ્ટિક' ટીમને સતત કાર્યરત રાખી છે અને થોડા થોડા સમયે અપડેટ આપતી રહે છે. ■

# 'ઇન્ડિયા' કે 'ઇન્ડિયન' નામ નહીં વાપરવાનું

## ખેલ મંત્રાલયે ક્રિકેટ સંગઠન સહિત કોને-કોને આવો આદેશ આપ્યો?

નવી દિલ્હીઃ દિવ્યાંગ ખેલાડીઓ અને ઍથ્લીટો માટેની ડિફ્રન્ટલી ઍબલ્ડ ક્રિકેટ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (ડીસીસીઆઇ)ને ખેલકૂદ મંત્રાલયે એના નામમાં કે એની કોઈ પણ પ્રવૃત્તિઓમાં 'ઇન્ડિયા' કે 'ઇન્ડિયન' નામનો ઉપયોગ ન કરવાનો આદેશ આપ્યો છે. સરકારે એ માટેનું એવું કારણ આપ્યું છે કે તમારું આ નૅશનલ ફેડરેશન નથી. મંત્રાલયે અન્ય કેટલાંક ખેલકૂદ સંગઠનોને પણ આવી સૂચના આપી છે. દેશમાં હવે નૅશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ ઍક્ટ લાગુ પડી ગયો છે એટલે દરેક ખેલકૂદ સંગઠને સરકારની ફેડરેશન તરીકેની માન્યતા મેળવવી જ પડે.

મંત્રાલયે ડીસીસીઆઇના સેક્રેટરી રવિકાન્ત ચૌહાણને પત્રમાં લખ્યું છે કે 'સરકારે માન્યતા આપી હોય એવાં જ સંગઠનોને ઇન્ડિયા કે ઇન્ડિયન નામનો ઉપયોગ કરવાની પરવાનગી છે. અમારી મિનિસ્ટ્રી દ્વારા તમારા ફેડરેશનને અમે નૅશનલ સ્પોર્ટ્સ ફેડરેશન તરીકેની માન્યતા નથી આપી એટલે તમારે આ બે નામ નહીં વાપરવાના.'

આવા જ પત્ર વિમેન્સ ફૂટબૉલ ફેડરેશન ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન બૉડી બિલ્ડર્સ ફેડરેશન સહિત કેટલાંક સંગઠનોને પણ મોકલવામાં આવ્યા છે જેમાં જણાવાયું છે કે તમારે તમારા નામમાં કે તમારી પ્રવૃત્તિઓમાં ઇન્ડિયા કે ઇન્ડિયન નામ વાપરવું નહીં અને જો વાપરવામાં આવશે તો કાયદા હેઠળ તમારી વિરુદ્ધ પગલાં ભરવામાં આવશે. ■

## ૬. પરચુરણ

■ શ્રેષ્ઠ કિંમતે જુની પ્રાચીન વસ્તુઓના ખરીદદારો માટે, દરવાજા સેવા પ્રાચીન ઘડિયાળો પેન જરીની સાડી બોડર પેઈન્ટિંગ કેરબા ચાંદી સિક્કા નોટ્સ કોકરી કાર્પેટ જુના, કેમેરા જુના, ફર્નિચર જુના, જરમન વાસન લઈએ છીએ. 9167388771, 7045561663. (૩૨૫)

## ૯. લગ્ન સંબંધી

**કચ્છી યુવક**

**એક જ દિકરો નિર્વ્યસની, 1990 5'1" આવક 70-80K P.M. મુંબઈમાં ઘર મો. 9930001954 / 9867243405. (દહેજ નહીં.). (એસડીબી-૩૧૨૩)**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૮૫૩-એ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (795-B)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

લગ્નપ્રસંગના બોરીવલી/કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ-બાપલી બંગલો. 9821112796. (૮૪૨-ડી)

## ૧૧. પ્રદર્શન

**પુસ્તક મેળો**

**ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનો મહાસાગર**

**તા. ૩-૩-૨૬ સુધી દરરોજ ૧૧ થી ૮**

**સ્થળ: સરદાર પટેલ ભવન, સિટી સેન્ટર મૉલની સામે, જવાહર નગર હૉલ, એસ.વી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, ગોરેગાંવ વેસ્ટ.**

**આયોજક: એન. એમ. ઠક્કરની કંપની**

(૮૫૪/એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ નોકરી, ધંધો, અભ્યાસ, લગ્ન કાયદેસર પાસપોર્ટ + વિઝા સાથે તાત્કાલિક દુનિયાભરમાં જવા TCA - 9377992110, 9867510027. (બી-૧૭૧૬૯)

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૧૮૩)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

## ૧૨. યાત્રા સહેલગાહ

**વિઝા સર્વિસ**

દરેક જાતના વિઝા. દરેક કન્ટ્રી માટે બનાવીને મળશે: 9930344866. (૮૫૭/એ)

**ગાડી ભાડેથી**

નવી ઈનોવા ક્રિસ્ટા, અલ્બેનિયા, ટેમ્પો ટ્રાવેલર ગાડીયો વ્યાજબી ભાવે ભાડેથી મળશે. 9930344866. (૮૫૭/બી)

## ૧૪. નોકરી ખાલી છે

**PT ACCOUNTANT**

Fort Tally Entry, eway Bill, TDS. - alufinns@gmail.com, 8169349803. (JP/4547-C)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહિ તો ક્યારેય નહિ. 3 બેડરૂમ, હોલ, કિચન- 1011' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ- 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન- 900' યુઝેબલ- 1.70 CR, 1.5 બેડરૂમ, હોલ, કિચન- 511' કારપેટ, 1.15 Cr, ૧ બેડરૂમ, હોલ, કિચન- 470' કારપેટ - 1.35 CR. "Home Alone Property" જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/એ)**

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રકશન, લેવા-વેચવા-ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/બી)**

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક- 9930333456. (P51800055546) (એસડીબી-૩૧૧૨)

**દેવાંશુ પ્રોપર્ટી**

કાંદિવલી, બોરીવલી, મલાડ, 1 બેડરૂમ, 2 બેડરૂમ, વેચાણથી, ભાડેથી. 9326529802. (બી-૧૭૧૫૫)

**સાઉથ મુંબઈ**

બ્રીચ કેન્ડી, ૫૫૦ કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોર, એક પાર્કિંગ/તારદેવ આરટીઓ પાસે, 2 BHK, ૯૦૦ કાર્પેટ, એક પાર્કિંગ/ ગ્રાન્ટરોડ (ઈસ્ટ), બે બીએચકે, ૧૦૦૦ કાર્પેટ, બીજે માળે, (લિફ્ટ નથી) એક પાર્કિંગ સંપર્ક: ઠક્કર રિયલ્ટી, રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૧૮૧)

**પાર્લા (ઈસ્ટ/ વેસ્ટ)**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૫૨/એ)

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૮૫૨/બી)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**સીક્કાનગર**

2 બેડરૂમ- 800' કાર્પેટ- ગેરેજ- 4,25,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૫૨૮/બી)

**તારદેવ**

2 બેડરૂમ 752' કારપેટ - પાર્કિંગ - 3,85,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૨૮/એ)

**ઘાટકોપર (વેસ્ટ)**

**એલ. બી. એસ. માર્ગ, બીજે માળે 1 બેડરૂમ હોલ કિચન (1 રૂમ કિચનમાંથી કન્વર્ટ) 424' કારપેટ, (લીફ્ટ) (1.15 Cr.) નેગોશીએબલ. (ઓનર) 99677 94957. (૮૩૬-એ)**

■ દેશ મેં પાંજો ઘર ભુજ - કચ્છમાં ફ્લેટ્સ ૧ BHK, બીજાથી પાંચમાં માળે, ઈન્વેસ્ટમેન્ટ લાયક, સુંદર હમીરસર તળાવનો વ્યુ (5th FLOOR) ભુજ બજાર, બસ સ્ટેશન, મંદિરોની નજીક, છતમાં POP, LED લાઈટ તથા લિફ્ટ-પાણીની સગવડ, રેડી ટુ પઝેશન ઉપલીપાળ રોડ, હાટકેશ્વર મંદિર સામે M. 96625 57757. (બી-૧૭૨૦૦)

**ઘાટકોપર (વેસ્ટ)**

**વેચાણથી ''ન્યુ માણેકલાલ એસ્ટેટ'', 2.5 બીએચકે, 800' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વાઈટ ગુડ્સ સાથે, બિલ્ડિંગમાં દેરાસર, જાગૃતિ નગર મેટ્રો સ્ટેશનની બાજુમાં. સંપર્ક:- ઓનર 9819081909. (૮૪૬-એ)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો. કૌશલ મહેતા. 9323871933. (૮૫૧/ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો. કૌશલ મહેતા - 9323871933. (૮૫૧/ઈ)

**''વાલકેશ્વર / મલબારહિલ''**

**પોશ બિલ્ડીંગ /પોશ ફ્લેટ - 2 BHK/3 બાથરૂમ - એરિયા 1045' યુઝેબલ - સીવ્યુ - વેચાણ માટે. માલિક 8433916262. (૮૬૨-એ)**

**''લોનાવાલા / તુંગારલી''**

**ટચિંગ ફરીયાસ રિસોર્ટ - પોશ વેચાણ માટે 6 BHK વિલા - 7,500 ચોરસ ફૂટ કાર્પેટ - તૈયાર કબજો - નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી 45 મીનીટ - માલિક 8433916262. (૮૬૨-બી)**

**DADAR - MATUNGA WEST**

**Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)**

**WADALA WEST MOST PREMIUM**

**Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)**

**PRABHADEVI:**

For Immediate Sale 3 BHK Well Ventilated, Higher Floor, Ready Possession 5.50 Cr. Call: Veekay Associates 9870042299. (840-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**મુલુંડ વેસ્ટમાં**

1 BHK ફ્લેટ ભાડેથી જોઈએ છે.. - 9619959698. (બી-૧૭૧૮૯)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રૂષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**

(એસડીબી-૩૦૭૭)

**FACTORY BUILDINGS**

Lease/Sale-Charkop Kandivali 2850' Ground, 4500' 1st floor | Goregaon to Andheri & Miraroad 7000' to 13000' Ground floor. Milan Kamdar 9820017603. (KP-2535-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**DAHISAR EAST, S.V. ROAD**
**AVAILABLE COMMERCIAL PREMISES**
**220 Sq. Ft.**
**(1st & 2nd Floor)**
**95 Lacs (All inclusive)**
**READY POSSESSION**
**Aayush - 7718862111**
Brokers welcome

(B-17158)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**કૈલાષ પ્લાઝા, 400 સ્કવેર ફિટ કારપેટ દુકાન, ગ્રાઉન્ડ ફ્લોર, રેમન્ડ શોરૂમની બાજુમાં, ભાડેથી આપવાની છે. ''ઓનર'':- "9821224684". (૮૪૬-સી)**

**દુકાન ભાડેથી આપવી છે**

લક્ષ્મી રોડ પુણે, સોનચાફા અને મલબારની બાજુમાં, ગોખલે હોલની સામે, 300 ચોરસ ફૂટ, બુટીક, ડિઝાઈનર સ્ટુડિયો, સાડીની દુકાન માટે યોગ્ય સ્થાન. સંપર્ક. 94220 80935. (જેપી-૪૫૪૯-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

પંતનગર શુભમમાં ઓફિસો તથા વેસ્ટમાં ઓફિસો વેચાણથી/ ભાડેથી. કૌશલ મહેતા - 9323871933. (૮૫૧/એ)


**2300' શોરૂમ**

રિટેલ ધંધા માટે Shops 630' કાંદિવલી વેસ્ટ સ્વસ્તિક હાઉસ ઓપોઝિટ રેલવે સ્ટેશન, એસવીરોડ, 20' વિશાળ દર્શન, 14' હાઈટ + 300 ઓટલો વેચાણથી રેડી પઝેશન વિથ ઓસી, site 9820866563. (જેપી-૪૫૪૭-એ)

LEASE PREMIUM RETAIL Shops 800 to 4900 sq.ft. Wide Frontage, Goregaon East, Proximity to Major business hubs like Nirlon, NESCO, Hotels "Ginger & Fern ". Ideal for Cafe | Restaurant | 2/4-Wheeler Display Showroom | Diagnostic Centre | Boutiques | Salon | Cloud Kitchen / 24*7 Business. Showroom 2600 sq.ft. / 40' Frontage, Borivali West, LT Road. Milan Kamdar 9820017603. (KP-2535-A)

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



**DELICIOUS FOOD | HERITAGE AMBIENCE**
**HERITAGE ROOMS AVAILABLE**
**Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401**
**Call : 9859639639**
www.thekinaravillage.com

(B-17068)

## ૩૨. જમીન-મિલકત

■ ડોંબિવલી (પૂર્વ) રેલવે સ્ટેશન નજીક ૬,૦૦૦ ચોરસ ફૂટ કોમર્શિયલ જગ્યા (૩જા - ૪થા માળ, ૨ ટેરેસ સહિત) વેચાણ માટે ઉપલબ્ધ - રોકાણની એક ઉત્તમ તક. ઓફિસો, કોચિંગ ક્લાસ અને અન્ય કોમર્શિયલ પ્રવૃત્તિઓ માટે યોગ્ય. ફક્ત જેમની પાસે સાધન છે તેઓએ જ સંપર્ક કરવો જોઈએ. સંપર્ક : 8356053485, 9869129134. (બી-૧૭૧૨૭)

**SCHOOL FOR SALE at NAVSARI (Gujarat)**
**Std. 1 to 8 English Medium with all permissions**
**GENUINE PARTY PLEASE CONTACT 75740 40255**

(B-17173)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**સ્વાદિષ્ટ, સાત્વીક, પૌષ્ટીક**
**હોળી માટે સ્પેશીયલ**
**ઠંડાઈ**
**કેશર ઠંડાઈ**
**શરબત-સીરપ: ડ્રાયફ્રૂટ, રોઝબદામ, કેશર ઈલાયચી, રાજભોગ વગેરે**
**નરમસ્ ફૂડ પ્રોડક્ટ્સ**
**રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી©**
**7977174474/7506953328**
**અગ્રગણ્ય ડ્રાયફ્રૂટ, જનરલ, સુપર સ્ટોરમાં ઉપલબ્ધ**

(એસડીબી-૩૧૨૯)

**પાણીની ટાંકીઓ**

મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ: 9820776583/ 9892298963. (૭૨૦-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમણી જ્યોતિષ**

જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ). (બી-૧૭૧૪૧)

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૧૪૨)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# યુદ્ધ તત્કાળ રોકો: ભારત

નવી દિલ્હી: ઈઝરાયલ અને અમેરિકાએ સંયુક્ત રીતે ઈરાન પર કરેલા હુમલાએ અખાત વિસ્તારમાં ભડકાવેલું યુદ્ધ તાત્કાલિક રોકી દેવાની ભારતે શનિવારે હાકલ કરી હતી.

પ્રત્યેક દેશના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક એકતાનો આદર કરવાનું ભારતે ભારપૂર્વક જણાવ્યું હતું.

અખાતના દેશોમાં વકરી રહેલી યુદ્ધની સ્થિતિને મામલે સૌપ્રથમ પ્રતિક્રિયા આપતા ભારતે કહ્યું હતું કે ઈરાન અને અખાત વિસ્તારમાં આકાર લઈ રહેલી પરિસ્થિતિથી અમે ચિંતિત છીએ.

ઈઝરાયલ અને અમેરિકાએ કરેલા સંયુક્ત હુમલાના જવાબમાં ઈરાને પણ કતાર, કુવૈત અને યુએઈ સહિત અખાત વિસ્તારમાં આવેલા અમેરિકાના ઍરબેઝ અને લશ્કરી થાણાને નિશાન બનાવ્યા હતા.

ભારતના વિદેશ ખાતાએ તમામ પક્ષકારોને યુદ્ધ રોકી દેવાની અને નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવાની વિનંતી કરી હતી.

તણાવ ઘટાડવા રાજદ્વારી માર્ગ અપનાવવો જોઈએ એમ જણાવતાં ભારતે કહ્યું હતું કે પ્રત્યેક દેશના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક એકતાનો આદર કરવો જોઈએ.

અખાતના દેશોમાં વસતા ભારતીયો સાથે સંપર્કમાં હોવાનું જણાવતાં વિદેશ ખાતાએ કહ્યું હતું કે ત્યાં વસતા તમામ ભારતીયોને સાવધાની વર્તવાની અને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાની સલાહ આપી દેવામાં આવી છે. (એજન્સી)■

# અખાતના દેશોમાં પ્રવાસ ટાળો: ભારતીયોને સરકારની સલાહ

તહેરાન: અખાતના દેશોમાંની ભારતીય એલચી કચેરીઓએ દેશના નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને બને ત્યાં સુધી ઘરમાં જ રહેવાની તેમ જ એમ્બસીની વેબસાઇટ પર પોતાના નામની નોંધણી કરાવવાની સલાહ આપી હતી.

સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), સઉદી અરેબિયા, જોર્ડન અને અન્ય કેટલાક દેશમાંની ભારતીય એલચી કચેરીએ પણ પોતાના દેશના નાગરિકોને આવી સલાહ આપવાની સાથે સાવચેત અને સલામત સ્થળે રહેવા અપીલ કરી હતી.

તહેરાનમાંની ભારતીય એલચી કચેરીએ 'એક્સ' પર લખ્યું હતું કે અહીંના ભારતીય નાગરિકોને આગામી સૂચના ન મળે ત્યાં સુધી ઘરમાં જ રહેવાની સૂચના આપીએ છીએ.

જેરુસલેમમાંની એલચી કચેરીએ 'એક્સ' પર જણાવ્યું હતું કે ઇઝરાયલમાંના જે ભારતીય નાગરિકોએ હજી સુધી અમારે ત્યાં નોંધણી નથી કરાવી તેઓને https://indembassyisrael.gov.in/indian nationa ઉપર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતિ કરીએ છીએ કે જેથી તેઓને મુશ્કેલીમાં મદદ મોકલી શકાય.

ઇઝરાયલમાં હાલમાં ૪૦,૦૦૦થી વધારે ભારતીય રહે છે.

અમેરિકા અને ઇઝરાયલે શનિવારે ઇરાન પર મોટા પાયે હુમલા કર્યા હતા અને તહેરાને દુબઇ સહિતના સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), સઉદી આરબ, કુવૈત, ઇરાક તેમ જ અન્ય કેટલીક જગ્યાએ સામા હુમલા કર્યા છે. અનેક દેશે પોતાની હવાઇ-સીમા બંધ કરી દીધી છે. આ લડાઇમાં ઓછામાં ઓછા આઠ દેશ સંડોવાયા છે. (એજન્સી)■

# અમેરિકા-ઈરાન મંત્રણાથી સમસ્યા ઉકેલે: યુરોપ

### ▸ રશિયા સહિતના અમુક દેશે હુમલા વખોડ્યા

બ્રસેલ્સ: બ્રિટન, ફ્રાંસ અને જર્મની સહિતના યુરોપના દેશોએ અમેરિકા અને ઇરાનને શાંતિ જાળવવા અને મંત્રણા નવેસરથી કરીને સમસ્યા ઉકેલવા અપીલ કરી હતી, જ્યારે રશિયા, મલયેશિયા સહિતના કેટલાક દેશે અમેરિકાના આ હુમલાને વખોડ્યો હતો અને તેને લીધે મધ્ય પૂર્વમાં ભારે અંધાધૂંધી ફેલાવાનો ભય વ્યક્ત કર્યો હતો.

રશિયાના વિદેશ મંત્રાલયે અમેરિકાના હુમલાને પૂર્વયોજિત ગણાવ્યો હતો અને તેને તાત્કાલિક રોકવા અપીલ કરતા જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘે જે દેશને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપી છે, તેના પર અણુ-કાર્યક્રમના બહાના હેઠળ હુમલો કરી ન શકાય.

મલયેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમે ઇઝરાયલ દ્વારા અમેરિકાની સાથે મળીને ઇરાન પર કરાયેલા હુમલાથી મધ્ય પૂર્વમાં ભારે અંધાધૂંધી ફેલાવવાનો ભય વ્યક્ત કર્યો હતો.

અણુશસ્ત્રોને નાબૂદ કરવા ઝુંબેશ ચલાવી રહેલાં સંગઠનોએ પણ અમેરિકાના હુમલાની ટીકા કરી હતી.

ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેક્રોને સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિની તાકીદની બેઠક બોલાવવા અનુરોધ કર્યો હતો. આ યુદ્ધ રોકવું બધાના હિતમાં જ છે. (એજન્સી)■

# નિકાસકારોને પરિવહન અને વીમાના દર વધવાનો ડર

નવી દિલ્હી: અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો એને પગલે મિડલ ઈસ્ટમાં મોટી લડાઈ ફાટી નીકળી છે ત્યારે ભારતના નિકાસકારોએ શનિવારે કહ્યું હતું કે આ લડાઈને લીધે પરિવહન અને વીમાના દર ઊંચા જશે અને અમેરિકા અને યુરોપ તરફના શિપમેન્ટમાં વિક્ષેપ આવશે.

નિકાસકારોએ કહ્યું હતું કે રીજનમાં લાંબા સમય સુધી તંગદિલી રહી તો તેલના ભાવ પર એનો પ્રભાવ પડશે. આની અસર કાચામાલના દર પર અને હાલની સ્થિરતા પર પડશે.

અમેરિકા અને ઈઝરાયલના હુમલાને પગલે ઈરાને મિડલ ઈસ્ટના અમેરિકાના લશ્કરી મથકો પર વળતો હુમલો કર્યો હતો. આમાં કતાર, કુવૈત અને યુનાઈટેડ આરબ અમીરાતનાં મથકોનો પણ સમાવેશ થાય છે.

ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ એસ. સી. રાલહને કહ્યું હતું કે ચાલુ થયેલી લડાઈએ સ્થપાયેલી લોજિસ્ટિક્સ ચેનલને ખોરવી નાખી છે. દરેક રૂટ બદલવામાં આવી રહ્યા છે અને રાતા સાગર અને અખાતની સામુદ્રીધુનીમાંથી દરિયાઈ વેપાર કરવો અશક્ય બનશે. જો દરિયાઈ વેપાર લાંબા સમય સુધી બંધ રહેશે તો શિપિંગ જહાજોને કેપ ઑફ ગૂડ વાટે જવું પડશે. આનાથી યુરોપ અને અમેરિકા જવાનો જહાજનો સમય ૧૫-૨૦ દિવસ વધી જશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે તદુપરાંત ભૂરાજકીય જોખમ વધતાં મરીન ઈન્સ્યોરન્સના પ્રિમિયમ વધશે. આથી નિકાસકારો પર બોજો વધશે. લાંબો વિક્ષેપ થયો તો ગ્લોબલ એનર્જીના ભાવમાં ઉછાળો આવશે. આથી રૂપિયા સહિતની કરન્સીની સ્થિરતા દબાણમાં આવશે. ઈન્પુટ કોસ્ટ વધી જશે.

૨૦૨૪માં વણ ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વખતે રાતા સમુદ્રનો પરિવહન અટકી ગયો હતો અને ભારતના શિપર્સને અમેરિકા અને યુરોપ પહોંચવા લાંબો રૂટ લેવો પડ્યો હતો. (એજન્સી)■

# યુએઈના રહેવાસીઓમાં ગભરાટ

દુબઈ: દુબઈની રહેવાસી માયા તનેજાએ મોટા ધડાકાઓ સાંભળ્યા બાદ ગભરાટમાં શનિવારે મિત્રો અને પરિવારજનોને ફોન કરવાનું શરૂ કરી દીધું હતું. લોકોની સ્થિતિ અંગે પૂછપરછ દરમિયાન બાહરિનસ્થિત મારા બનેવીનો ફોન આવ્યો હતો ને તેણે પણ તેનાં આસપાસના પરિસરમાં વિસ્ફોટોનો અવાજ સાંભળ્યો હોવાનું તેણે કહ્યું હતું. તનેજા એકલી નહોતી.

ઈરાને પણ જવાબી કાર્યવાહી કરતા વળતો હુમલો કરતાં યુએઈ, બહેરિન અને કતારના નાગરિકોએ સુરક્ષિત જગ્યાએ આશરો લીધો હતો કે પછી ઘરમાં રહેવાનું પસંદ કર્યું હતું. (એજન્સી)■

# આયુષ્યમાન ભારત અને અન્ય યોજનાઓ હેઠળ કવરેજ વધારવા માટે સરકાર એમએમઆરની હૉસ્પિટલો સાથે બેઠક યોજશે

મુંબઈઃ ઓછા પેનલમેન્ટ અને અપૂરતા વળતર દર અંગે ચિંતા વચ્ચે મહારાષ્ટ્ર સરકારે શનિવારે જણાવ્યું હતું કે તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારની આરોગ્ય યોજનાઓમાં ભાગીદારી વધારવા માટે એક મહિનામાં મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રની મોટી હૉસ્પિટલો સાથે બેઠક કરશે.

રાજ્ય વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવતા, કેટલાક સભ્યોએ જણાવ્યું હતું કે આયુષ્યમાન ભારત અને મહાત્મા ફૂલે જન આરોગ્ય યોજનાઓનો મોટા પાયે પ્રચાર થયો હોવા છતાં, મર્યાદિત સંખ્યામાં પેનલ્ડ હોસ્પિટલોને કારણે તેમના લાભો મુંબઈ અને ઉપનગરીય વિસ્તારોમાં લોકો સુધી પહોંચી રહ્યા નથી.

તેઓએ આરોપ લગાવ્યો હતો કે યોજના હેઠળ નક્કી કરાયેલ વળતર દર મુંબઈ અને એમએમઆરની હોસ્પિટલો માટે ખૂબ ઓછા છે, જે મલ્ટી-સ્પેશિયાલિટી અને પ્રતિષ્ઠિત હોસ્પિટલોને જોડાવાથી નિરાશ કરે છે. સભ્યોએ ઉચ્ચ ઓપરેશનલ ખર્ચને ધ્યાનમાં લેતા મેટ્રો શહેરો માટે અલગ દર માળખું તૈયાર કરવાની માગણી કરી હતી.

ચર્ચાનો જવાબ આપતા, આરોગ્ય રાજ્યમંત્રી મેઘના બોર્ડીકરે જણાવ્યું હતું કે ૧ જુલાઈ, ૨૦૨૪થી, આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મહાત્મા ફૂલે જન આરોગ્ય યોજના એકીકૃત મોડમાં લાગુ કરવામાં આવી રહી છે, જે રાજ્યના લગભગ ૨.૫ કરોડ પરિવારો (લગભગ ૧૨.૫ કરોડ લાભાર્થીઓ) ને રૂ. ૧૦ લાખ સુધીનું વીમા કવચ પૂરું પાડે છે.

યોજના હેઠળ આવરી લેવામાં આવેલા રોગોની સંખ્યા ૧,૩૬૯થી વધીને ૨,૩૯૯ થઈ ગઈ છે, જ્યારે પેનલમાં સમાવિષ્ટ હોસ્પિટલો લગભગ ૨,૦૦૦થી વધીને ૪,૦૦૦થી વધુ થઈ ગઈ છે, જેનો લક્ષ્યાંક વધુ વિસ્તારવાનો છે, એમ તેમણે જણાવ્યું હતું.

મુંબઈ અને તેના મેટ્રોપોલિટન પ્રદેશની મુખ્ય હોસ્પિટલો સાથે યોજનાઓમાં જોડાવા માટે તેમને પ્રોત્સાહિત કરવા માટે બેઠકો ચાલી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું, અને ખાતરી આપી હતી કે પ્રદેશમાં ઊંચા સારવાર ખર્ચ અંગેની ચિંતાઓ પર ચર્ચા કરવામાં આવશે. ■

# એએઆઈબીએ બારામતી વિમાન દુર્ઘટના અંગે પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો

નવી દિલ્હીઃ એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (એએઆઈબી)એ શનિવારે ભલામણ કરી છે કે ઉડ્ડયન નિયમનકાર ડીજીસીએએ અનિયંત્રિત એરફિલ્ડ્સ પર વીએફઆર ઉડાન ભરતા તમામ ઓપરેટરોને નિર્ધારિત માનક સંચાલન પ્રક્રિયાઓનું કડક પાલન કરવા માટે જરૂરી નિર્દેશો જારી કરી શકે છે. જાન્યુઆરીમાં બારામતી નજીક વીએસઆર વેન્ચરના લિયરજેટ વિમાન દુર્ઘટના અંગેના તેના બાવીસ પાનાના પ્રારંભિક અહેવાલમાં, જેમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં મોત થયાં હતાં, વિમાન અકસ્માત તપાસ એજન્સી એએઆઈબીએ એમ પણ કહ્યું હતું કે તથ્યો, મૂળ કારણો અને ફાળો આપનારા પરિબળોને બહાર લાવવા માટે વિમાન દુર્ઘટનાના તમામ પાસાઓની તપાસ કરવામાં આવશે. 'અનિયંત્રિત એરફિલ્ડ્સ પર એરોડ્રોમ સેવાઓનું સંચાલન કરવા માટે જવાબદાર તમામ એરોડ્રોમ ઓપરેટરો/સંસ્થાઓને પણ જરૂરી નિર્દેશો જારી કરી શકાય છે જેથી ખાતરી કરી શકાય કે એરફિલ્ડમાં ઉડ્ડયન કામગીરીને ફક્ત ત્યારે જ મંજૂરી આપવામાં આવે જ્યારે પ્રવર્તમાન હવામાન પરિસ્થિતિઓ સંબંધિત ડીજીસીએના નિયમોમાં નિર્ધારિત માપદંડોની અંદર હોય,' એમ પણ અહેવાલમાં જણાવાયું છે. ■

# મોદી-શાહે કેજરીવાલની માફી માગવી જોઈએઃ સંજય રાઉત

મુંબઈઃ રાઉઝ એવન્યુ સ્પેશિયલ કોર્ટે કથિત દારૂ કૌભાંડ લાંચ કેસમાં દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ સહિત ૨૩ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાને પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. બંને નેતાઓને કોર્ટ તરફથી ક્લીનચીટ મળી છે અને આ બંને નેતાઓ માટે મોટી રાહત છે. કોર્ટે સીબીઆઈની પણ ઝાટકણી કાઢી હતી. આ સમગ્ર મામલા પર ટિપ્પણી કરતા શિવસેના ઠાકરે જૂથના નેતા અને સાંસદ સંજય રાઉતે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરતાં એવી માગણી કરી હતી કે મોદી-શાહે કેજરીવાલની માફી માંગવી જોઈએ. દિલ્હી સરકારની દારૂ નીતિમાં કૌભાંડના આરોપસર અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય ૨૩ લોકોની સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આખા દેશે જોયું કે રાજ્યના મુખ્ય પ્રધાન (કેજરીવાલ) લગભગ ઘસડીને લઈ ગયા હતા. વડા પ્રધાન મોદી, અમિત શાહ, તત્કાલીન ઉપરાજ્યપાલ, આ બધાએ એક મોટું માનહાનિનું અભિયાન ચલાવ્યું હતું. કેજરીવાલ કહી રહ્યા હતા કે દારૂ નીતિમાં કોઈ ગેરરીતિ થઈ નથી. છતાં, પહેલા લોકસભા ચૂંટણી આવી, કેજરીવાલને બેઠકો જીતવા માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ■

# મુંબઈ માટે એઆઈ-સંચાલિત ટ્રાફિક વ્યવસ્થાપન યોજના પર કામ ચાલી રહ્યું છેઃ પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર મુંબઈ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંચાલિત ટ્રાફિક વ્યવસ્થાપન પ્રણાલી માટેની યોજના પર કામ કરી રહી છે અને તેના માળખા અને અમલની સમીક્ષા કરવા માટે ટૂંક સમયમાં એક બેઠક બોલાવવામાં આવશે, એમ રાજ્યના આઈટી ખાતાના પ્રધાન આશિષ શેલારે શનિવારે જાહેરાત કરી હતી.

ભાજપના વિધાનસભ્ય મુરજી પટેલે અંધેરીમાં ગંભીર ટ્રાફિક જામનો મુદ્દો પોઈન્ટ ઓફ ઓર્ડર દ્વારા ઉઠાવ્યા બાદ રાજ્ય વિધાનસભામાં આ મુદ્દો ચર્ચા માટે આવ્યો હતો.

કોંગ્રેસના વિધાનસભ્ય અસલમ શેખે નોંધ્યું હતું કે શહેરમાં નો-એન્ટ્રી રસ્તાઓ પર ખોટી દિશામાં વાહનો ચલાવવાથી ટ્રાફિક જામ અને અકસ્માતોમાં વધારો થયો છે, જ્યારે શિવસેના યુબીટીના વરુણ સરદેસાઈએ ખાસ કરીને બીકેસી, કલા નગર, કુર્લા-સાંતાક્રુઝ લિંક રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે વિસ્તારોમાં ટ્રાફિક જામ અને અકસ્માતોમાં વધારો થયો હોવાનું જણાવ્યું હતું.

આ ચિંતાઓનો જવાબ આપતા, શેલાર, જે મુંબઈના પાલક પ્રધાન પણ છે, તેમણે જણાવ્યું હતું કે તાજેતરની જિલ્લા આયોજન સમિતિની બેઠક દરમિયાન આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી અને તાત્કાલિક કાર્યવાહી માટે સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક)ને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુંબઈમાં ટ્રાફિક પ્રવાહને સુવ્યવસ્થિત કરવા અને અમલીકરણ કરવા માટે એક વ્યાપક એઆઈ-સંચાલિત ટ્રાફિક વ્યવસ્થાપન યોજના તૈયાર કરવામાં આવી રહી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે શહેરના રસ્તાઓ પર પાર્ક કરાયેલા ત્યજી દેવાયેલા અને ભંગાર વાહનોની સમસ્યાને પ્રાથમિકતા તરીકે ઉકેલવામાં આવશે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ પહેલેથી જ કાર્યવાહી શરૂ કરી છે. ■

# મુંબઈ-પુણે ઈ-વે ટ્રાફિક જેમ પછી સરકાર અત્યંત કટોકટીમાં ક્ષતિગ્રસ્ત ટેન્કરોને એરલિફ્ટ કરવાનું વિચારી રહી છે

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર તાજેતરમાં થયેલા ગેસ ટેન્કર અકસ્માતને કારણે ૩૬ કલાક ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, જેના કારણે મહારાષ્ટ્ર સરકાર અત્યંત કટોકટીની સ્થિતિમાં ક્ષતિગ્રસ્ત ટેન્કરોને એરલિફ્ટ કરવાની શક્યતા ચકાસી રહી છે, એમ શનિવારે રાજ્ય વિધાનસભામાં જણાવવામાં આવ્યું હતું.

સરકારે એસઓપી બનાવવા અને કટોકટી પ્રતિભાવ પદ્ધતિઓને મજબૂત બનાવવાનો આદેશ આપ્યો છે, જેમાં હાઇવે પર સમર્પિત જોખમી સામગ્રી પ્રતિભાવ એકમો સ્થાપવા અને અગ્નિશામક પ્રણાલીઓને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે.

ધ્યાનાકર્ષક નોટિસ હેઠળ ઉઠાવવામાં આવેલી ચર્ચાનો જવાબ આપતા, પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું કે અત્યંત જ્વલનશીલ સામગ્રી વહન કરતા ટેન્કર પાસે માન્ય લાઇસન્સ હતું અને તેનું નિયમિત નિરીક્ષણ ચાલી રહ્યું હતું.

૩ ફેબ્રુઆરીના રોજ ખંડાલા ઘાટ વિભાગમાં ડ્રાઇવરે કાબુ ગુમાવ્યા બાદ વાહન પલટી થઈ ગયું હતું, જેના કારણે સેંકડો વાહનો ફસાયા હતા અને પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગેસ લીકેજ અથવા આગને રોકવા માટે અધિકારીઓએ ઝડપથી કાર્યવાહી કરતા મોટી દુર્ઘટના ટળી હતી.

શિવસેના (યુબીટી)ના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ જોખમી સામગ્રીના પરિવહનને સંભાળવા માટેની તૈયારી અંગે ખાસ કરીને મુખ્ય ધોરીમાર્ગો પર એચપીસીએલ અને બીપીસીએલ જેવી કંપનીઓ દ્વારા પેટ્રોલિયમ અને જ્વલનશીલ પદાર્થોની હિલચાલને ધ્યાનમાં રાખીને ચિંતા વ્યક્ત કરી હતી.

જવાબમાં, સરનાઇકે જણાવ્યું હતું કે હાઇવે પર સમર્પિત જોખમી સામગ્રી પ્રતિભાવ એકમો સ્થાપવા અને ફાયર-ફાઇટિંગ સિસ્ટમ્સને મજબૂત બનાવવા માટે સૂચનાઓ જારી કરવામાં આવી છે, જેમાં ફોમ, પાણી અને અન્ય અગ્નિ-નિયંત્રણ પદ્ધતિઓ, ખાસ કરીને ટનલમાં જોગવાઈઓનો સમાવેશ થાય છે.

તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ટ્રાફિક વિક્ષેપના સમયગાળા દરમિયાન વસૂલવામાં આવેલો ટોલ પરત કરવામાં આવશે. જ્યારે મેન્યુઅલ ટોલ રિફંડ તાત્કાલિક પ્રક્રિયા કરવામાં આવી હતી, ત્યારે ૩૬ કલાકના સમયગાળા દરમિયાન ફાસ્ટેગ દ્વારા વસૂલવામાં આવેલા ૫ કરોડ રૂપિયાથી વધુની રકમ પણ વાહન માલિકોને પરત કરવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ચર્ચામાં હસ્તક્ષેપ કરતા કહ્યું કે સરકાર કેટલાક દેશોમાં ચાલતી પ્રથા મુજબ, ભારે કટોકટીની સ્થિતિમાં ક્ષતિગ્રસ્ત ટેન્કરોને એરલિફ્ટ કરવાની શક્યતા ચકાસી રહી છે. ઘણા ટ્રાન્સપોર્ટરો પાસે આવા અકસ્માતોને સંભાળવા માટે સ્પષ્ટ એસઓપીનો અભાવ હોવાનું સ્વીકારતા, તેમણે કહ્યું કે સરકારે જોખમી સામગ્રીનું પરિવહન કરતી કંપનીઓને પૂરતા બચાવ સાધનો રાખવા અને નિર્ધારિત કટોકટી પ્રોટોકોલ સ્થાપિત કરવા નિર્દેશ આપ્યો છે. ■

## સંસ્થા સમાચાર

### વાર્ષિક દિનની ઉજવણી




શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ સંચાલિત શ્રીમતી પ્રાણકુંવર ઉમેદચંદ દોશી નર્સરી અને કે.જી. ક્લાસ (લિટલ સ્ટાર પ્રિ સ્કૂલ)નો વાર્ષિક દિવસ શનિવારે ઉજવવામાં આવ્યો હતો. એ દરમિયાન બાળકોએ ટ્રાફિક નિયમનો તથા સ્વચ્છતા વિશે સુંદર સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લઈને બાળકો પણ પ્રોત્સાહિત થયા હતા.

### ભૂતા હાઈસ્કૂલના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓની પ્રતિભા ઝળકી



શ્રી નાગરદાસ ધારશી ભૂતા હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓને પોતાની ટૅલન્ટ દેખાડવાની તક મળી હતી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર શાળાનું લક્ષ હંમેશાંથી રહ્યું છે. શાળાની સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. લેઝિમ ડાન્સ દ્વારા વિદ્યાર્થીઓએ મુખ્ય અતિથિનું સ્વાગત કર્યું હતું.

### સંસ્કારથી સંસ્કૃતિ સુધી

શ્રી નાગરદાસ ધારશી ભૂતા હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ ભવ્યતા અને ઉત્સાહ સાથે ઉજવ્યો હતો. આ ઉજવણીમાં શાળાનું સમર્પણ અને સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દેખાઈ હતી. આ કાર્યક્રમનો વિષય હતો-'સંસ્કારથી સંસ્કૃતિ સુધી-મૂલ્યોની યાત્રા.' કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી.

### ઈનર વ્હિલ ક્લબ ઓફ બોરીવલીની રજતજયંતી

ઇનર વ્હિલ ક્લબ ઓફ બોરીવલીની રજતજયંતી નિમિત્તે ડાયાલિસીસ સેન્ટરમાં ડાયાલિસીસ મશીન ગોઠવવામાં આવ્યુ હતું. ઇનર વ્હિલ ક્લબ ઓફ બોરીવલી સમાજ કલ્યાણ અને આરોગ્ય સેવા માટે મહત્ત્વનું યોગદાન આપે છે.

### રોટરી ક્લબ ઓફ કાંદિવલીએ આપ્યા બે લેપટોપ

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટ દ્વારા ગાંધી સ્કૂલમાં બે લેપટોપ ડોનેટ કરવામાં આવ્યા છે. એનાથી શાળામાં ભણતાં વિદ્યાર્થીઓને મહદઅંશે લાભ થવાનો છે.

### કાવ્ય પઠન

વડીલોની એકલતાને દૂર કરવા માટે પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) વડલો વિભાગ દ્વારા 'કાવ્ય પઠન'નું આયોજન ૧૬ ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું હતું. એ દરમિયાન હાજર વડીલોએ આ કાર્યક્રમને ખૂબ માણ્યો હતો.

### મળી માતૃભાષા મને ગુજરાતી

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા યશસ્વી ફાઉન્ડેશન, નડિયાદના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા સપ્તાહ' ઉજવવામાં આવ્યો હતો. ૨૦ ફેબ્રુઆરીના રોજ વી.એન. હાઈસ્કૂલ, ધર્મજ ખાતે 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એનો મુખ્ય હેતુ માતૃભાષા ગુજરાતીના મહત્ત્વ તરફ લોકોનું ધ્યાન દોરવાનું હતું. સાથે જ નવી પેઢી આપણી ભાષા પ્રત્યે ગૌરવ, લાગણી તથા જવાબદારીની ભાવના દેખાડે એ પણ છે.

### વસઈમાં શ્રી જલારામ મંદિરનો સોળમો પાટોત્સવ

શ્રી રઘુકુળ યુવક પ્રગતિ મિત્ર મંડળ (રજી.) વસઈમાં સંચાલિત દિનદયાલ નગરમાં આવેલા શ્રી જલારામ મંદિરનો ૧૬મો પાટોત્સવ ૨૫ ફેબ્રુઆરીએ યોજવામાં આવ્યો હતો. સવારે ૯ કલાકે પૂજ્ય જલારામ બાપાની પાદૂકા પૂજન, ધ્વજારોહણ, બપોરના આરતી બાદ સાંજે મહાપ્રસાદનું આયોજન કર્યું હતું.

### સાલગ્રેહ જશન

તારદેવ નજીક શેઠના અગિયારીના મકાનની સાલગ્રેહની ઉજવણી બેહરામ માહ મેહેર સને ૧૩૯૫ ય.ઝ.એટલે કે બીજી માર્ચે કરવામાં આવશે. સવારે સાડાનવ કલાકે જશનની શરૂઆત કરવામાં આવશે. એથી સૌને પધારવા આમંત્રણ.

# આઈઆઈએમ મુંબઈનું પ્લેસમેન્ટઃ ₹ ૭૧.૪ લાખનું ટોચનું સ્થાનિક પેકેજ

## સૌથી મોટું ભરતી ક્ષેત્ર કન્સલ્ટિંગ

મુંબઈઃ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, મુંબઈએ શનિવારે તેના ૨૦૨૪-૨૦૨૬ બેચ માટે મજબૂત પ્લેસમેન્ટ પરિણામો જાહેર કર્યા, જેમાં સૌથી વધુ સ્થાનિક પગાર ઓફર રૂ. ૭૧.૪ લાખ પ્રતિ વર્ષ સુધી પહોંચી અને વિવિધ મેરિટ સેગમેન્ટમાં વળતર વલણો સતત ભરતી ગતિને પ્રતિબિંબિત કરે છે.

કોહોર્ટના ટોચના ૧૦ ટકા લોકોએ વાર્ષિક રૂ. ૪૭.૫ લાખનું સરેરાશ પેકેજ મેળવ્યું, ટોચના ૨૦ ટકાએ સરેરાશ રૂ. ૪૧.૪ લાખ અને ટોચના ૫૦ ટકાએ રૂ. ૩૪.૫ લાખ મેળવ્યા, જે ટોચના પગારના આંકડા ઉપરાંત સતત ભરતી માંગને પ્રતિબિંબિત કરે છે, એમ આઈઆઈએમ મુંબઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

સ્નાતકોને બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા (બીએફએસઆઈ), કન્સલ્ટિંગ, એફએમસીજી, જનરલ મેનેજમેન્ટ, ઇન્ફર્મેશન ટેકનોલોજી, મેન્યુફેક્ચરિંગ, ઓપરેશન્સ, લોજિસ્ટિક્સ, ફાર્મા અને હેલ્થકેર, પ્રોડક્ટ મેનેજમેન્ટ અને સેલ્સ અને માર્કેટિંગમાં ફેલાયેલી વિવિધ ભૂમિકાઓમાં સ્થાન આપવામાં આવ્યું હતું, જે પ્લેસમેન્ટ સીઝનમાં વ્યાપક-આધારિત ઉદ્યોગ ભાગીદારી પર ભાર મૂકે છે, એમ તેમાં જણાવાયું છે.

કન્સલ્ટિંગ એકમાત્ર સૌથી મોટું ભરતી ક્ષેત્ર રહ્યું, જેમાં ૧૨૩ ઓફરો થઈ, જ્યારે બીએફએસઆઈએ વાર્ષિક ધોરણે ભરતીમાં ૩૩ ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે સીઝનનો સૌથી મજબૂત ક્ષેત્રીય ઉછાળો છે. (પીટીઆઈ) ■

# ધનંજય મુંડેના વાળને પણ આંચ આવી તો...

## રાષ્ટ્રવાદી નેતાની પોસ્ટ વાયરલ

બીડઃ મરાઠા અનામત નેતા મનોજ જરાંગે પાટીલ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથના નેતા ધનંજય મુંડે વચ્ચેનું રાજકીય વેર સર્વવિદિત છે. આ દરમિયાન હવે ધનંજય મુંડે વિશે કરવામાં આવેલી એક ફેસબુક પોસ્ટે ભારે ખળભળાટ મચાવ્યો છે. જો ધનંજય મુંડેના વાળને પણ આંચ આવી તો ખેલ ખતમ... ધનંજય મુંડેના નજીકના સહયોગી અને પરલી કૃષિ ઉત્પાદન બજાર સમિતિના ભૂતપૂર્વ ચેરમેન ગોવિંદ ફડ દ્વારા ફેસબુક પર કરાયેલી આ પોસ્ટ પર રાજકીય વર્તુળોમાં તીવ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. એવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે પાટિલ અને ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસને આ પોસ્ટ દ્વારા ધમકીભરી ચેતવણી આપવામાં આવી હતી.

ગોવિંદ ફડે ફેસબુક પોસ્ટમાં સીધા જ જરાંગે પાટિલ અને સુરેશ ધસનું નામ લઈને સંબોધન કર્યું હોવાથી આ વાત વધુ ગંભીર માનવામાં આવી રહી છે. ■

ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ

# દરેકરે મુંબઈની ડેમોગ્રાફી બદલવાનું કાવતરું ગણાવ્યું, કદમે કહ્યું કે ૨૦૦૦થી વધુ લોકોને દેશનિકાલ કરાયા


મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને ટાંકીને, ભાજપના એમએલસી પ્રવીણ દરેકરે શનિવારે આરોપ લગાવ્યો કે મુંબઈને નષ્ટ કરવા, તેની વસ્તીગણતરી બદલવા અને ચોક્કસ સમુદાયની વસ્તી વધારવાનું પૂર્વયોજિત કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. વિધાન પરિષદમાં દરેકરના ધ્યાનાકર્ષક નોટિસનો જવાબ આપતા, ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન યોગેશ કદમે જણાવ્યું હતું કે સરકારે ૨૦૨૫માં રાજ્યમાં ગેરકાયદે રહેતા ૨,૦૦૦ થી વધુ બાંગ્લાદેશીઓને દેશનિકાલ કર્યા હતા.

તેમણે કહ્યું કે ૨૦૨૧માં મહારાષ્ટ્રે ગેરકાયદે રહેતા ૧૦૯ બાંગ્લાદેશીઓને દેશનિકાલ કર્યા, ત્યારબાદ ૨૦૨૨માં ૭૭, ૨૦૨૩માં ૧૨૭ અને ૨૦૨૪માં ૨૦૨. ૨૦૨૫માં, ૨૦૩૭ બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. આ વર્ષે, ભારતમાં ગેરકાયદે રહેતા ૧,૦૦૦થી વધુ બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવામાં આવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

દરેકરે બીએમસીના 'ભ્રષ્ટ ડોકટરો' પર ૨૩૭ બોગસ જન્મ પ્રમાણપત્રો આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે હજારો બાંગ્લાદેશી ફેરિયાઓ છે.

'મુંબઈને નષ્ટ કરવા અને વસ્તી વિષયક સ્થિતિ (ડેમોગ્રાફી) બદલવા અને ચોક્કસ સમુદાયની વસ્તી વધારવાનું પૂર્વયોજિત કાવતરું ઘડવામાં આવી રહ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

દરેકરે ઘણી ઝૂંપડપટ્ટીઓમાં 'લેન્ડ જેહાદ'નો પણ આરોપ લગાવ્યો હતો. ભાજપના નેતા અને એમએલસી ચિત્રા વાઘે એવો દાવો કર્યો હતો કે 'લવ જેહાદ' પણ થઈ રહ્યો છે. કદમે અગાઉ કહ્યું હતું કે, પોલીસ મહારાષ્ટ્રમાં ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશીઓને પકડી લેશે, તેમની પર કેસ ચલાવશે અને તેમને દોષી ઠેરવશે. આ પ્રક્રિયાને અનુસરીને, તેમને દેશનિકાલ કરવામાં આવશે એવી પ્રક્રિયા હતી. ■



### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ |
|---|---|
| ૧) વિપિન | ૫૦,૦૦૦ |
| ૨) દિયા | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૩) મોહિત સંતોષ દીપગયા | ૪,૦૦,૦૦૦ |
| ૪) યોગિતા ગોવિંદ કામ્બલે | ૧,૫૦,૦૦૦ |
| ૫) મામપિ મનોરંજન પોલ | ૧,૦૦,૦૦૦ |
| ૬) અનન્યા અમિતકુમાર ડૂબે | ૩,૫૦,૦૦૦ |
| ૭) સુરેશ સંતોષ પાટેકર | ૪,૦૦,૦૦૦ |
| ૮) નિત્યા નિલેશ ગુપ્તા | ૩,૫૦,૦૦૦ |
| ૯) શિવંશી કારભારી | ૪,૦૦,૦૦૦ |
| ૧૦) જીવિકા માણિકલાલ | ૩,૫૦,૦૦૦ |
| ૧૧) સચિન મધુ રેરિજન | ૭,૫૦,૦૦૦ |
| ૧૨) સોનમ આશિષ મિશ્રા | ૪,૫૦,૦૦૦ |
| ૧૩) પાર્થવી સતીશ મુંડે | ૪,૦૦,૦૦૦ |
| ૧૪) બજરંગકુમાર સંતુ રઝાક | ૪,૫૦,૦૦૦ |
| ૧૫) દેવાંશ અજિક્ય પાટીલ | ૨,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૧૬) ધરીશ | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) રેખામાં પ્રમોદ બરદાદે | ૭,૮૦,૦૦૦ |
| ૧૮) સુપ્રિયો પાલ | ૧૨,૦૦,૦૦૦ |
| ૧૯) વિના તાનાજી ઉતેકર | ૮,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દરદીઓ કેમ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) ગુરુનાથ દ લોકરે | ૩,૪૦,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની જીવન પ્રકાશ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# કોરોનામાં મૃત્યુ પામેલા એસટી કર્મચારીના પત્નીને પાંચ નહીં, પણ ૫૦ લાખનું વળતર આપોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ કોરોના કાળ દરમિયાન ફરજ બજાવતી વખતે કોરોના સંક્રમણને કારણે મૃત્યુ પામેલા એસટી કર્મચારીના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ હાઈ કોર્ટે તાજેતરમાં રાજ્ય સરકારને આપ્યો હતો. કોરોના દરમિયાન એમએસઆરટીસી માટે કામ કરતા ડ્રાઈવર અને કંડક્ટર સહિત સુપરવાઈઝર કર્મચારીઓને પણ સંક્રમણનું ગંભીર જોખમ હતું. તેથી, અરજદારનો પરિવાર પાંચ લાખ નહીં, પરંતુ ૫૦ લાખ રૂપિયાના વળતર માટે પાત્ર છે, તેમ અદાલતે ઉપરોક્ત આદેશ આપતી વખતે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મૃતકના પત્નીએ ૫૦ લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી. પરંતુ મૃતક વ્યક્તિ આંતરરાજ્ય પરિવહનમાં સામેલ નહોતા અથવા અત્યાવશ્યક સેવાઓ પૂરી પાડનારાઓમાં તેમનો સમાવેશ થતો ન હોવાનું કારણ આપીને, એમએસઆરટીસી દ્વારા તેમની પત્નીને માત્ર પાંચ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું હતું. આ નિર્ણયને અરજદારે હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. ન્યાયાધીશ મકરંદ કર્ણિક અને ન્યાયાધીશ શ્રીરામ મોડકની બેન્ચે તેમની અરજીનો નિર્ણય લેતા તેમની અરજીને માન્ય ગણાવી હતી. કોરોના દરમિયાન વડાલા ડેપોમાં ટ્રાફિકની દેખરેખ માટે અરજદારના પતિની નિમણૂક કરવામાં આવી હતી. તેથી ભલે તે ડ્રાઇવર ન હતો, પરંતુ ફરજ બજાવતી વખતે તે ડ્રાઇવર અને કંડક્ટરના સંપર્કમાં આવ્યો. ■

# આ વખતે દેશભરમાં ભયંકર ગરમી પડવાની

નવી દિલ્હીઃ આ વર્ષે દેશના મોટાભાગના ભાગોમાં માર્ચ અને મે વચ્ચે સામાન્ય કરતાં વધુ ગરમીના દિવસોનો સામનો કરવો પડી શકે છે. આ આગાહી ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)એ શનિવારે કરી હતી. આ ભાગોમાં પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વ મહારાષ્ટ્ર, પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, આંધ્ર પ્રદેશ અને ઉત્તર કર્ણાટક અને ઉત્તર તમિળનાડુના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગના ડીજી મૃત્યુંજય મહાપાત્રાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે માર્ચ-એપ્રિલ-મે સીઝન દરમિયાન હીટવેવની વધતી સંભાવનાને કારણે જાહેર આરોગ્ય, જળ સંસાધનો, વીજળીની માંગ અને જરૂરી સેવાઓ માટે ભારે જોખમ ઊભું થઇ શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો, બહાર કામ કરતા લોકો અને પહેલાથી જ કોઇ મેડિકલ કન્ડિશન ધરાવતા સંવેદનશીલ લોકો પર અસર પડી શકે છે.

જો કે માર્ચ દરમિયાન દેશના ઘણા ભાગોમાં, ઉત્તર-પૂર્વ અને પૂર્વ ભારત, પશ્ચિમ હિમાલય પ્રદેશ અને મધ્ય અને દ્વીપકલ્પીય ભારતના ભાગોને બાદ કરતાં મહત્તમ તાપમાન સામાન્ય કે સામાન્ય કરતાં નીચું રહેવાની સંભાવના છે. આ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને પૂર્વ કિનારાના કેટલાક ભાગોને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય લઘુત્તમ તાપમાન રહેવાની સંભાવના છે. જ્યાં માર્ચ દરમિયાન સામાન્ય કે સામાન્ય કરતાં ઓછું લઘુત્તમ તાપમાન રહેવાની સંભાવના છે. ■

# ‘સર’ ઇમ્પેક્ટ : પ. બંગાળમાં ૭.૦૪ કરોડ મતદારો રહ્યા

કોલકાતાઃ ચૂંટણી પંચે શનિવારે પશ્ચિમ બંગાળની સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) પછીની મતદાર યાદી પ્રકાશિત કરી હતી, જે દર્શાવે છે કે ગયા વર્ષે નવેમ્બરમાં શરૂ થયેલી કવાયત પછી લગભગ ૬૩.૬૬ લાખ નામ કાઢી નાખવામાં આવે તેવી શક્યતા છે જ્યારે એપ્રિલમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મતદાર યાદીના મોટા પાયે મંથનમાં બીજા ૬૦ લાખ નામ નજર હેઠળ રાખવામાં આવ્યા છે.

અંતિમ પરંતુ અપૂર્ણ યાદીઓનું તબક્કાવાર પ્રકાશન ૪ નવેમ્બરથી શરૂ થયેલી ૧૧૬ દિવસની રાજ્યવ્યાપી કવાયતનો અંત હતો, જ્યારે બૂથ-સ્તરના અધિકારીઓએ ગણતરી ફોર્મનું વિતરણ શરૂ કર્યું હતું.

૧૬ ડિસેમ્બરે પ્રકાશિત ડ્રાફ્ટ યાદીમાં મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટાડીને ૭.૦૪ કરોડ કરવામાં આવી હતી, જેમાં મૃત્યુ, સ્થળાંતર, ડુપ્લિકેશન અને શોધી ન શકાય તેવા કારણોસર ૫૮ લાખથી વધુ નામ કાઢી નાખવામાં આવ્યા હતા.

સુનાવણી અને ચકાસણી પછી લગભગ આઠ લાખ વધારાના નામ કાઢી નાખવામાં આવ્યા હોવાથી, એસઆઈઆર સાથે સંકળાયેલ નામોની કુલ સંખ્યા હવે વધીને લગભગ ૬૩.૬૬ લાખ થઈ ગઈ છે, એમ વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું.

ફોર્મ ૬ હેઠળ નવા સમાવેશ અને ફોર્મ ૭ હેઠળ વાંધાઓની પ્રક્રિયા કરવામાં આવી હોવાથી અને પૂરક યાદી જારી કરવામાં આવતાં આંકડો હજુ પણ બદલાઈ શકે છે.

લગભગ ૬૦.૦૬ લાખ મતદારને નિર્ણય હેઠળ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જે મુખ્યત્વે તેમના ફોર્મમાં તાર્કિક વિસંગતતાઓના આધારે છે.

આગામી અઠવાડિયામાં ન્યાયિક અધિકારીઓ દ્વારા તેમના ભાવિનો નિર્ણય લેવામાં આવશે, જે સંભવિત રીતે ચૂંટણી ગણિતમાં વધુ ફેરફાર કરશે.

જિલ્લાવાર ડેટાએ આ ફેરફારના સ્કેલને રેખાંકિત કર્યો. બાંગ્લાદેશની સરહદે આવેલા નાદિયામાં, લગભગ ૨.૭૩ લાખ નામ કાઢી નાખવામાં આવ્યા છે, જેમાં પ્રક્રિયાની શરૂઆતમાં મતદારો ૪૪.૧૮ લાખથી ઘટીને ૪૧.૪૫ લાખ થયા છે. ડ્રાફ્ટ યાદીમાં મતદારોની સંખ્યા ઘટીને ૪૨,૦૨,૨૬૧ થઈ ગઈ છે.

બાંકુરામાં લગભગ ૧.૧૮ લાખ નામનો ચોખ્ખો ઘટાડો જોવા મળ્યો. નવેમ્બરમાં શરૂઆતના ૩૦,૩૩,૮૩૦ મતદારમાંથી, ડ્રાફ્ટ યાદીમાં આ સંખ્યા ઘટીને ૨૯,૦૧,૦૦૯ થઈ ગઈ.

વધુ ચકાસણી પછી, લગભગ ૪૦૦૦ વધુ નામ કાઢી નાખવામાં આવ્યા, જે આંશિક રીતે નવા સમાવેશ દ્વારા સરભર કરવામાં આવ્યા, જેના કારણે અંતિમ આંકડો લગભગ ૨૯.૧૫ લાખ રહ્યો. ■

# આંધ્ર પ્રદેશના ફટાકડાના કારખાનામાં થયેલા ભયાનક વિસ્ફોટમાં ૨૧ લોકોનાં મોત



**ધડાકોઃ** આંધ્ર પ્રદેશના કાકિનાડા જિલ્લામાં ફટાકડાના કારખાનામાં થયેલા ધડાકા બાદ નીકળતો ધુમાડો. આ ધડાકામાં ભારે જાનહાનિ થઇ હતી. (પીટીઆઇ)

વેટલાપાલેમ (આંધ્રપ્રદેશ): કાકીનાડા જિલ્લામાં શનિવારે થયેલા ફટાકડા યુનિટ વિસ્ફોટમાં ૨૦ જણ માર્યા ગયા અને છ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતાં, એમ એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

કાકીનાડાના એસપી જી બિંદુ માધવે જણાવ્યું હતું કે, અમારી પાસે માહિતી છે કે આ ઘટનામાં ૨૦ લોકો માર્યા ગયા છે. મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને વરિષ્ઠ અધિકારીઓ અને પ્રધાનોને અકસ્માત સ્થળની મુલાકાત લેવા નિર્દેશ આપ્યો હતો.

આંધ્રપ્રદેશના ગૃહ પ્રધાન વાંગલાપુડી અનિતાએ જણાવ્યું હતું કે ફટાકડા યુનિટ વિસ્ફોટમાં છ જણ ગંભીર રીતે ઘાયલ થયા છે.

પર્યટન પ્રધાન કે દુર્ગેશે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ ઘટનાસ્થળની મુલાકાત લે તેવી અપેક્ષા છે. સમરલકોટા મંડલના વેટલાપાલેમ ગામમાં વિસ્ફોટની તીવ્રતા એટલી જોરદાર હતી કે મૃતદેહો નજીકના ડાંગરના ખેતરોમાં ફેંકાયા હતા. વિસ્ફોટના કારણે લાગેલી આગના કારણની તપાસ ચાલુ છે, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

કાકીનાડા સરકારી જનરલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં ૯૦ થી ૧૦૦ ટકા સુધી દાઝી ગયેલા સાત દર્દી આવ્યા છે. તેઓ સારવાર હેઠળ છે. ■

# બોલિવિયામાં ચલણી નૉટ ભરેલું વિમાન ક્રેશ, ૧૫ મોત

લા પાઝઃ દક્ષિણ અમેરિકાના બોલિવિયા દેશની રાજધાની નજીક ચલણી નોટો લઇ જતું એક કાર્ગો વિમાન શુક્રવારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટનામાં ૧૫ લોકોનાં મોત નીપજ્યા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી એક અધિકારીએ આપી હતી.

વિમાન ક્રેશ થતાં હાઇવે પર લગભગ એક ડઝન વાહનોને નુકસાન થયું હતું. તેમજ નોટો જમીન પર વિખેરાઇ ગઇ હતી. સંરક્ષણ પ્રધાન માર્સેલો સાલિનાસે જણાવ્યું કે હર્ક્યુલસ સી-૧૩૦ વિમાન નવી બોલિવિયન ચલણી નોટો લઇને જઇ રહ્યું હતું. વિમાન રાજધાની લા પાઝ નજીકના શહેર અલ અલ્ટોના એરપોર્ટ પર લૅન્ડ થયું અને રનવે પરથી ઊતરી જઇને નજીકના ખેતરમાં ક્રેશ થયું હતું. અગ્નિશામકોએ વિમાનમાં લાગેલી આગ પર કાબૂ મેળવી લીધો છે.

ફાયર ચીફ પાવેલ ટોવરે જણાવ્યું કે દુર્ઘટનામાં ૧૫ લોકોનાં મોત થયા હતા, પરંતુ મૃતકો વિમાનમાં હતા કે નજીકના હાઇવે પર પાર્ક કરેલી કારમાં હતા તે સ્પષ્ટ કર્યું નથી. તેમજ ઓછામાં ઓછા ૧૫ વાહનોને નુકસાન થયું હોવાનું તેમણે કહ્યું હતું. બોલિવિયન એરફોર્સના જનરલ સર્જિયો લોરાએ જણાવ્યું કે વિમાનના છ ક્રૂ સભ્યોમાંથી બે શુક્રવારે મોડી રાત સુધી મળ્યા ન હતા. વિમાન પૂર્વીય શહેર સૅન્ટા ક્રૂઝથી આવી રહ્યું હતું. સોશ્યલ મીડિયા પરની



તસવીરોમાં વિમાનનો કાટમાળ, ક્ષતિગ્રસ્ત કાર અને રસ્તા પર વિખેરાયેલા મૃતદેહો જોવા મળી રહ્યા છે. તેમજ લોકો ક્રેશ સાઇટ પર વિખેરાયેલા પૈસા લેવા માટે દોડી રહેલા જોવા મળ્યા હતા. આ લોકો બચાવ કાર્યમાં અવરોધ ઊભો કરી રહ્યા હોવાનું ટોવરે જણાવ્યું હતું. ભીડને વિખેરવા માટે ૫૦૦થી વધુ સૈનિકો અને ૧૦૦ પોલીસ અધિકારીઓ તહેનાત કરવામાં આવ્યા હોવાનું એક સત્તાવાર અહેવાલમાં જણાવાયું હતું. ■

# ૩૩૧ તાલિબાનીને હણ્યા : પાકિસ્તાન

## અફઘાનિસ્તાન સાથેનું યુદ્ધ ઉગ્ર બન્યું : ટ્રમ્પે કહ્યું કે પાકિસ્તાન લડાઇમાં સારું કરી રહ્યું છે

ઇસ્લામાબાદ: પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારએ અફઘાન તાલિબાનના નુકસાન અંગે પ્રારંભિક માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૩૩૧ તાલિબાન સૈનિક માર્યા ગયા છે અને ૫૦૦ ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાની દળોએ ઓપરેશન ગઝબ લિલ-હા દરમિયાન ૧૦૪ લશ્કરી ચોકીઓને સંપૂર્ણપણે નાશ કરી દીધી છે, જ્યારે તેઓએ બાવીસ સરહદી ચોકીઓ પર કબજો કર્યો છે. તરારે કહ્યું કે ૧૬૩ ટેન્ક, સશસ્ત્ર વાહનોનો નાશ કરવામાં આવ્યો છે, અને ઉમેર્યું હતું કે પાકિસ્તાને ૩૭ સ્થળોએ પણ હવાઈ હુમલા કર્યો છે.

પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાન સામે ખુલ્લું યુદ્ધ કરવા વિશે અને શું તે લડાઈ રોકવા માટે હસ્તક્ષેપ કરશે કે કેમ તે અંગેના પ્રશ્નનો જવાબ આપતા ટ્રમ્પે જણાવ્યું હતું કે યુદ્ધનો અંત હું ઇચ્છું છું, પરંતુ હું પાકિસ્તાન સાથે ખૂબ સારી રીતે, ખૂબ, ખૂબ સારી રીતે હળીમળી જાઉં છું. તમારા એક મહાન વડા પ્રધાન છે, તમારી પાસે ત્યાં એક મહાન જનરલ છે. બે જણ જેનો હું ખરેખર ખૂબ આદર કરું છું, અને મને લાગે છે કે પાકિસ્તાન ખૂબ જ સારું કરી રહ્યું છે. અફઘાન પક્ષે ૨૬૦૦ કિ.મી.થી વધુ લાંબી સરહદ પર ૫૩ સ્થળોએ એક સાથે હુમલો કર્યા બાદ પાકિસ્તાને ઓપરેશન ગઝબ લિલ હક નામનો મોટો બદલો લેવાનો હુમલો કર્યો. શુક્રવારે સાંજે એક પત્રકાર પરિષદને સંબોધતા, સેનાના પ્રવક્તા, લેફ્ટનન્ટ જનરલ અહમદ શરીફ ચૌધરીએ કહ્યું કે હું એક વાત સ્પષ્ટ કરવા માગુ છુંઃ દમનકારી અફઘાન તાલિબાન શાસને પાકિસ્તાન અને આતંકવાદી સંગઠનો વચ્ચે પસંદગી કરવાની છે. પાકિસ્તાન લાંબા સમયથી અફઘાન તાલિબાન પર આરોપ લગાવી રહ્યું છે કે તેઓ ટીટીપી અને અન્ય આતંકવાદી જૂથોને પાકિસ્તાન વિરુદ્ધ હુમલા કરવા માટે રહેઠાણ, તાલીમ અને લોજિસ્ટિક્સ માટે તેમની જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. ■

# એઆઇ સમિટ વિરોધઃ કોર્ટે યુથ કૉંગ્રેસના પ્રમુખને જામીન આપ્યા

નવી દિલ્હીઃ દિલ્હીની એક કોર્ટે શનિવારે ભારતીય યુવા કોંગ્રેસ(આઇવાયસી)ના પ્રમુખ ઉદય ભાનુ ચિબને જામીન આપ્યા હતા. અત્રે નોંધનીય છે કે તેમની ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી.

આ અંગે કોર્ટે જણાવ્યું કે કોઇપણ વ્યક્તિને અનુમાનના આધારે તેની સ્વતંત્રતાથી વંચિત રાખવામાં નહીં આવે. જો કે ચિબને જામીન આપ્યા પછી કોર્ટે આઇવાયસી વડા દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અને બૉન્ડનું વેરિફિકેશન કરવાનો આદેશ આપ્યો હતો. તેમજ કહ્યું કે તે રવિવાર સવાર સુધી અદાલતી કસ્ટડીમાં રહેશે.

દિલ્હી પોલીસે ચિબની કસ્ટડી વધુ ત્રણ દિવસ લંબાવવાની માંગ કરી હતી. કોર્ટે અરજી ફગાવતા કહ્યું કે જીવન અને સ્વતંત્રતાનો અધિકાર ભારતીય બંધારણનો આત્મા છે. મેજિસ્ટ્રેટે કહ્યું કે એ સ્વીકાર્ય વાત છે કે જામીન એક નિયમ છે અને જેલ એક અપવાદ છે. જીવન અને સ્વતંત્રતાનો અધિકાર ભારતીય બંધારણનો આત્મા છે. કોઇપણ વ્યક્તિને માત્ર અનુમાનના આધારે અથવા માત્ર એટલા માટે તેની સ્વતંત્રતાથી વંચિત રાખી શકાય નહીં કારણ કે સહ-આરોપીઓની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી.

કોર્ટે એમ પણ કહ્યું કે તપાસ અધિકારી(આઇઓ) ચિબને વધુ ત્રણ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રાખવા માટે કોઇ મજબૂત કારણ આપી શક્યા નથી. દોષિત હોવું કે ન હોવું એ ટ્રાયલનો વિષય છે અને કાયદો તેનો નિર્ણય લેવા માટે પોતાનું કામ કરે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. ■

# કૉંગ્રેસ હવે મુસ્લિમ લીગ-માઓવાદી બની ગઈ છે, ગમે ત્યાં દેશને બદનામ કરવાનો પ્રયાસ કરે છેઃ મોદી

જયપુરઃ એઆઈ સમિટમાં કોંગ્રેસની યુવા પાંખના શરમજનક શર્ટલેસ વિરોધ પર પ્રહાર કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસ બની ગઈ છે, જે દેશને બદનામ કરવાની કોઈ તક છોડતી નથી.

મુસ્લિમ લીગનો ભારત પ્રત્યેનો દ્વેષ ભાગલાનું કારણ હતો અને આજે, કોંગ્રેસ પણ એ જ રીતે કાર્ય કરી રહી છે, એમ મોદીએ રાજસ્થાનના અજમેરના કયાડ વિશ્રામ સ્થળ ખાતે એક રેલીમાં જણાવ્યું હતું.

તેઓ ૧૬,૬૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોના શિલાન્યાસ અને ઉદઘાટન માટે અજમેરમાં હતા.

વડા પ્રધાને કહ્યું હતું કે જ્યારે દુનિયા ભારત વિશે સારી વાત કરે છે, ત્યારે દરેક ભારતીય ગર્વ અનુભવે છે. પરંતુ કોંગ્રેસે નાટક રચવાનો અને વિદેશી મહાનુભાવો સમક્ષ દેશને બદનામ કરવાનો પ્રયાસ કર્યો.

કોંગ્રેસ દેશભરમાં સતત (ચૂંટણીઓ) હારી રહી છે, અને તેના ગુસ્સાને કારણે, તે ભારતની છબીને કલંકિત કરીને બદલો લઈ રહી છે, તેવું મોદીએ કહ્યું હતું.

તેમણે કહ્યું કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ હવે તે સ્વરૂપમાં અસ્તિત્વમાં નથી. આજે, તે એમએમસી - મુસ્લિમ લીગ-માઓવાદી કોંગ્રેસ બની ગઈ છે.

ઈતિહાસ સાક્ષી છે કે મુસ્લિમ લીગનો ભારત પ્રત્યેનો દ્વેષ હતો. ભારતના ભાગલા પાછળનું કારણ પણ આ જ હતું. આજે, કોંગ્રેસ પણ એ જ કરી રહી છે, એવું તેમણે કહ્યું.

માઓવાદીઓ પણ ભારતની સમૃદ્ધિ, આપણા બંધારણ અને આપણા સફળ લોકશાહીનો વિરોધ કરે છે. તેઓ ઓચિંતા હુમલા કરે છે. તેવી જ રીતે, કોંગ્રેસ રાષ્ટ્રને બદનામ કરવા માટે ગમે ત્યાં ઘૂસી જાય છે. દેશ કોંગ્રેસના આવા કાર્યોને ક્યારેય માફ કરશે નહીં, એવું તેમણે ઉમેર્યું હતું.

વડા પ્રધાનએ વધુમાં કહ્યું કે કોંગ્રેસે આપણા સૈનિકોને શસ્ત્રો અને ગણવેશ માટે ઝંખતા રાખ્યા હતા. આ એ જ કોંગ્રેસ છે જેણે આપણા સૈનિકોના પરિવારોને વર્ષોથી એક રેન્ક, એક પેન્શનથી વંચિત રાખ્યા હતા, અને જેના કાર્યકાળ દરમિયાન વિદેશી દેશો સાથેના સંરક્ષણ સોદાઓમાં મોટા કૌભાંડો થયા હતા.

મોદીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષોમાં, ભારતના સશસ્ત્ર દળોએ આતંકવાદીઓ અને રાષ્ટ્રના દુશ્મનોને દરેક મોરચે જોરદાર પ્રહારો કર્યા છે.

રાજસ્થાનમાં ભાજપની ડબલ-એન્જિન સરકારે બે વર્ષ પૂર્ણ કર્યા છે અને રાજ્યને વિકાસના નવા માર્ગ પર લઈ જઈ રહી છે.

અજમેરમાં, પીએમએ ૧૬,૬૮૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું અને ૧૪ વર્ષની છોકરીઓ માટે હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) રસીકરણ માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું.

મોદીએ કહ્યું કે આ પ્રોજેક્ટ્સ રાજસ્થાનના વિકાસને વેગ આપશે. સરકાર રાજસ્થાનમાં આધુનિક કનેક્ટિવિટી પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને માળખાગત સુવિધાઓના વિસ્તરણથી રોકાણની તકો વધી રહી છે.

રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડે, મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા, ભાજપના વરિષ્ઠ નેતા વસુધરા રાજે, સહિત અન્ય લોકોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# યુપીમાં યુટ્યૂબર સલીમ વાસ્તિક પર ચાકુ વડે કરાયો હુમલો

## સાત સામે કેસ દાખલ

ગાઝિયાબાદઃ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં લોકપ્રિય યુટ્યુબર સલીમ વાસ્તિક પર ચાકૂ વડે જીવલેણ હુમલો થતા ખળભળાટ મચી ગયો છે. એક ચોક્કસ ધર્મ પરના કથિત વિવાદાસ્પદ વીડિયો માટે જાણીતા આ ૫૦ વર્ષીય યુટ્યુબરને લોની વિસ્તારમાં હેલ્મેટ પહેરેલા બે બાઇક સવારોએ ચાકૂના અનેક ઘા મારતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ મામલે કડક કાર્યવાહીની માંગ કરી હતી. આ શકમંદોને પકડવા માટે ૧૦ વિશેષ ટીમો બનાવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. સલીમ અહેમદ ઉર્ફે સલીમ વાસ્તિક પર સવારની નમાજના તરત પછી અલી ગાર્ડન સ્થિત તેમની ઓફિસમાં હુમલો થયો હતો. હુમલાખોરો સ્થળની આસપાસ ફરતા જોવા મળ્યા હતા.

હોસ્પિટલના એક સૂત્રએ જણાવ્યું કે અહેમદને ગરદન, પેટ અને કાનમાં ગંભીર ઇજાઓ થઇ છે. તેમની હાલત હજુ પણ ગંભીર છે. એસીપી લોની સિદ્ધાર્થ ગૌતમે જણાવ્યું કે સલીમની હાલત ગંભીર હોવાથી તેને દિલ્હીની ગુરુ તેગ બહાદુર(જીટીબી) હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.

અહેમદ 'સલીમ વાસ્તિક' નામની યુટ્યુબ ચેનલ ચલાવે છે અને 'એક્સ-મુસ્લિમ' નામની ઓળખાઇ છે. અધિકારીએ જણાવ્યું કે પ્રારંભિક તપાસમાં મુસ્લિમ સમુદાયના કેટલાક રીત-રિવાજોની ટીકા કરતાં તેના વીડિયોને કારણે તેને નિશાન બનાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગૌતમે જણાવ્યું કે તેના પુત્ર ઉસ્માનની ફરિયાદના આધારે સાત લોકો સામે એફઆઇઆર નોંધવામાં આવી છે. એસીપીએ જણાવ્યું કે હુમલાખોરોની ઓળખ કરવા અને તેની ભાળ મેળવવા માટે વિસ્તારમાંથી સીસીટીવી ફૂટેજ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન આદિત્યનાથે એક નિવેદનમાં કહ્યું કે કાયદો અને વ્યવસ્થા સાથે ચેડા કરનારાઓને બક્ષવામાં નહીં આવે. ઉત્તર પ્રદેશમાં આતંક માટે કોઇ જગ્યા નથી અને કાયદો તેનું કામ કરશે. ■

# ઍન્થ્રોપિકની એઆઈ ટેક વાપરવાનું બંધ કરવાનો એજન્સીઓને ટ્રમ્પનો આદેશ

વૉશિંગ્ટનઃ એઆઈ સુરક્ષાને લઈને વધેલા ઘર્ષણને લઈને ટ્રમ્પ વહીવટીતંત્રએ અમેરિકાની તમામ એજન્સીઓને ઍન્થ્રોપિકની એઆઈ ટૅક્નોલૉજીનો ઉપયોગ ન કરવાનો શુક્રવારે આદેશ આપ્યો હતો અને અન્ય ભારે દંડ લાદ્યો હતો જેને પગલે એઆઈ સુરક્ષાને મામલે સરકાર અને કંપની વચ્ચેનું ઘર્ષણ વધ્યું હતું.

કંપનીના ઉત્પાદનોનો ઉપયોગ સુરક્ષાના નિયમોનો ભંગ કરી શકે એ પ્રકારની કંપનીના સીઈઓ ડારિયો અમોડેઈએ ચિંતા વ્યક્ત કર્યા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રએ કંપની પર રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ ઊભું કરવાનો આક્ષેપ કર્યો હતો.

નિર્ધારિત કરેલી શુક્રવારની સમયમર્યાદામાં લશ્કરને એઆઈ ટૅક્નોલૉજીનો નિરંકુશ ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં કંપનીને મળેલી નિષ્ફળતાની સજા આપવા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ, સંરક્ષણ સચિવ પૅટે હૅગસેઠ અને અન્ય અધિકારીઓએ સોશ્યલ મીડિયા પર આ જાહેરાત કરી હતી.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે અમને ઍન્થ્રોપિકની એઆઈ ટૅક્નોલૉજીની જરૂર નથી, અમે ઍન્થ્રોપિકની એઆઈ ટૅક્નોલૉજી નથી ઈચ્છતા અને અમે ઍન્થ્રોપિક સાથે બિઝનેસ નહીં કરીએ. (એજન્સી)

# યુદ્ધને લીધે ભારત ચાબહાર ગુમાવશે?

નવી દિલ્હીઃ મધ્ય એશિયામાં ફરી એકવાર ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું છે, જેના કારણે વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકા અને ઈઝરાયલ સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો છે, જેમાં અયાતોલ્લાહ અલી ખામનેઈના કાર્યાલય અને નિવાસસ્થાનને નિશાન બનાવવામાં આવ્યા હોવાના અહેવાલો છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનની જનતાને સત્તાની બાગડોર હાથમાં લેવા અપીલ કરી છે, જ્યારે ભારત સરકારે ઈઝરાયલ અને ઈરાનમાં રહેતા પોતાના નાગરિકો માટે તાકીદની એડવાઈઝરી જારી કરી છે. ભારત માટે આ યુદ્ધ વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિએ અત્યંત મહત્વનું છે, કારણ કે ઈરાન અને ઈઝરાયલ બંને ભારતના મિત્ર રાષ્ટ્રો છે. ભારત ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં તેલની આયાત કરે છે અને વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી મોદીની મુલાકાત દરમિયાન ચાબહાર બંદર અંગે ઐતિહાસિક સમજૂતી કરવામાં આવી હતી. જોકે, આ વખતે પ્રથમવાર ચાબહાર માટે બજેટ ફાળવવામાં આવ્યું નથી, જે એક નોંધપાત્ર ઘટના છે. મધ્ય એશિયા સાથે જોડાવા માટે ભારત માટે ઈરાનનો રસ્તો અને ચાબહાર પોર્ટ ચીન-પાકિસ્તાનને જવાબ આપવા માટે ખૂબ જ નિર્ણાયક છે. જો આ યુદ્ધ લાંબુ ખેંચાય તો ચીન અને પાકિસ્તાન તેનો ભરપૂર ફાયદો ઉઠાવવાની કોશિશ કરી શકે છે. ચીન પાકિસ્તાનના ગ્વાદર બંદર દ્વારા પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે અને જો ચાબહારનો માર્ગ અવરોધાય તો મધ્ય એશિયામાં ભારતની પકડ ઢીલી પડી શકે છે. આ સ્થિતિમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના વ્યાપારી સંબંધો પ્રભાવિત થશે, જેનો સીધો લાભ ચીન અને પાકિસ્તાનને મળી શકે તેમ છે. આર્થિક રીતે ભારતને દુર્લભ ખનીજો અને યુરેનિયમ જેવી સામગ્રીની સપ્લાયમાં પણ અવરોધ આવી શકે છે, કારણ કે કઝાકિસ્તાન જેવા દેશો સાથેનો વ્યાપાર ઈરાનના રસ્તે જ થાય છે. આ ઉપરાંત, ઈરાનમાં વસતા ૨૫,૦૦૦ થી વધુ ભારતીયોની સુરક્ષા પણ ભારત માટે એક મોટો પડકાર છે. ■

# ક્રૂડના ભાવ ૧૧૦ ડૉલરે પહોંચી શકે છેઃ મોંઘવારી માઝા મૂકશે

તહેરાનઃ અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલો કર્યો છે. ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલાથી ક્રૂડ ૧૧૦ ડોલરે પહોંચવાની શક્યતા છે. હોર્મુઝની ખાડી વૈશ્વિક ક્રૂડ અને લિક્વિફાઈડ નેચરલ ગેસના પ્રવાહમાં મોટો હિસ્સો ધરાવે છે, જે તેને ઈરાન સાથે સંકળાયેલા કોઈપણ સંઘર્ષમાં એક વ્યૂહાત્મક હથિયાર બનાવે છે. ઈરાન જો હોર્મુઝની ખાડી બંધ કરે તો ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થઈ શકે છે અને ભાવ ૧૧૦ ડોલર પ્રતિ બેલર સુધી પહોંચી શકે છે.

ઈરાન દરરોજનું ૩૩ લાખ બેરલનું ઉત્પાદન કરે છે. જે વૈશ્વિક પુરવઠાના ત્રણ ટકા જેટલું છે. વર્તમાન સ્થિતિને જોતાં જો પુરવઠામાં એક ટકાનો ઘટાડો થાય તો કિંમતમાં ૩ થી ૫ ટકાનો વધારો થઈ શકે છે. ભારત તેની જરૂરિયાતનું ૮૫ ટકા ક્રૂડ આયાત કરે છે. જેમાં ખાડી દેશો સાઉદી અરબ, યુએઈ, ઈરાક સામેલ છે. અહીંથી આવતું ક્રૂડ હોર્મુઝ ખાડીમાંથી પસાર થાય છે. અમેરિકાએ પ્રતિબંધો લગાવ્યા હોવા છતાં ઈરાન આજે પણ વિશ્વના ટોચના ૧૦ ઓઈલ ઉત્પાદક દેશોમાં સામેલ છે. ઓપેકના આંકડા મુજબ, ઈરાન વર્તમાનમાં આશરે ૩૧ લાખ બેરલ પ્રતિદિન ઓઈલનું ઉત્પાદન કરે છે. ૧૯૭૪માં ઈરાન, અમેરિકા અને સઉદી અરેબિયા બાદ વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઓઈલ ઉત્પાદક દેશ હશે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# અમેરિકા-ઈઝરાયલના ઈરાન પર સંયુક્ત હુમલા સોના-ચાંદીને વધુ ઉછાળશે

## સપ્તાહના અંતે વૈશ્વિક સોનું એક મહિનાની ટોચે, ચાંદીમાં માસિક ધોરણે ૧૦ ટકાની તેજી

ઈરાન સાથેની ન્યૂક્લિયર ડીલ બાબતે ગત ગુરુવારે જીનિવા ખાતે અમેરિકા તથા ઈરાનના પ્રતિનિધિઓની બેઠકમાં કોઈ ફળશ્રુતિ ન આવતાં યુદ્ધની ચિંતા સપાટી પર આવવાની સાથે ટ્રમ્પની ટૅરિફની અનિશ્ચિતતાના વાતાવરણમાં વૈશ્વિક અર્થતંત્ર પર માઠી અસર થવાની શક્યતાને ધ્યાનમાં લેતા સપ્તાહના અંતે શુક્રવારે સોના-ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ વધીને એક મહિનાની ઊંચી ઔંસદીઠ ૫૨૭૭.૨૯ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૯૨.૬૦ ડૉલર આસપાસના મથાળે પહોંચ્યા હતા. જોકે ગત શુક્રવારે અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કર્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહના આરંભમાં સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓ અને ક્રૂડતેલના ભાવમાં ઉછાળા જોવા મળે તેવી શક્યતા બજાર વર્તુળોએ ઉમેર્યું હતું કે હાલના તબક્કે વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકા-ઈરાન, રશિયા-યુક્રેન અને અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે ભારે ભૂરાજકીય તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. વધુમાં અમેરિકીય ટૅરિફને ધ્યાનમાં લેતા વૈશ્વિક અર્થતંત્રોમાં પણ અનિશ્ચિતતાનું વલણ હોવાથી આગામી દિવસોમાં સોના-ચાંદી જેવી વ્યાજની ઊપજ ન આપતી કિંમતી અસ્ક્યામતોમાં સલામતી માટેની પ્રબળ માગનો ટેકો મળતો રહેશે.

દરમિયાન સ્થાનિક ઝવેરી બજારમાં પણ વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલો સાથે સોના અને ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે અથવા તો ગત ૨૩મી ફેબ્રુઆરીના રોજ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના અથવા તો ગત ૨૦મી ફેબ્રુઆરીના રૂ. ૧,૫૫,૦૬૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૫૮,૪૨૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૮,૦૨૨ અને ઉપરમાં રૂ. ૧,૫૯,૮૨૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે ૨.૬૦ ટકા અથવા તો રૂ. ૪૦૩૧ વધીને રૂ. ૧,૫૯,૦૯૭ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, બેતરફી વધઘટના માહોલમાં સોનામાં મુખ્યત્વે રોકાણકારોની રોકાણલક્ષી છૂટીછવાઈ માગ રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૫૦,૩૧૪ના બંધ સામે ઉછાળા સાથે રૂ. ૨,૬૫,૫૫૦ની સપાટીએ ખૂલ્યા

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૬૦,૬૬૭ અને ઉપરમાં રૂ. ૨,૬૯,૩૭૬ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૬.૫૪ ટકા અથવા તો કિલોદીઠ રૂ. ૧૬,૩૮૬ વધીને રૂ. ૨,૬૬,૭૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ ઔદ્યોગિક વપરાશકારો અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલીને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

હાલ વૈશ્વિક સ્તરે ખાસ કરીને ટૅરિફને કારણે આર્થિક અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવને કારણે સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે, જ્યારે ચાંદીમાં સલામતી માટેની માગ ઉપરાંત સોલાર પેનલમાં, બેટરીઝમાં, ઈલેક્ટ્રોનિક્સમાં, લાઈટીંગ્સમાં, પેઈન્ટ્સમાં અને ઑટોમેટિવ જેવા ઉદ્યોગોમાં વપરાશ વધી રહ્યો હોવાથી ઔદ્યોગિક માગનો પણ ટેકો મળી રહ્યો છે. તે જ પ્રમાણે સોનામાં આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે સલામતી માટેની માગ ઉપરાંત ડીડૉલરાઈઝેશન અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો પ્રબળ ટેકો મળી રહ્યો છે. એકંદરે ગત સપ્તાહે અમેરિકી ટૅરિફ અંગેની નીતિની અનિશ્ચિતતા, અમેરિકા અને તહેરાન વચ્ચેની વાટાઘાટોમાં ઉકેલ ન આવતા આગામી સપ્તાહે બેઠક થશે કે તે પૂર્વે અમેરિકાની દસ દિવસની મહેતલ પૂરી થતાં ઈરાન પર હુમલો કરવામાં આવશે તેવી ભીતિ સપાટી પર આવતા સાપ્તાહિક ધોરણે વૈશ્વિક સોનામાં અંદાજે બે ટકાની તેજી આવી હતી, જ્યારે ચાંદીમાં નવ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સનાં વિશ્લેષકોના મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન કૉમેક્સ વિભાગ પર સોનામાં ઔંસદીઠ ૫૦૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૫૬૫૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે અને આ સપાટી તૂટતા ભાવ વધીને ૫૮૦૦ ડૉલર સુધી વધી શકે છે. તેમ જ ચાંદીના ભાવ સપ્તાહ દરમિયાન ઔંસદીઠ ૮૪થી ૧૦૫ ડૉલર આસપાસની રેન્જમાં રહી શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૦,૦૦૦થી ૧,૬૫,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૬૦,૦૦૦થી ૨,૯૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. વધુમાં હૉંગકૉંગના સેન્સસ ઍન્ડ સ્ટેટેસ્ટિક્સ વિભાગની આંકડાકીય માહિતી અનુસાર ગત જાન્યુઆરી મહિનામાં ચીનની વાયા હૉંગકૉંગ સોનાની આયાતમાં ૬૮.૭ ટકાનો વધારો થયો હોવાનું જણાવ્યું હતું. ગત સપ્તાહના અંતે અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કરતાં તણાવમાં થયેલા વધારાને કારણે અનિશ્ચિતતામાં વધારો થયો હોવાથી આગામી સપ્તાહના આરંભમાં સોના અને ચાંદીના ભાવ મોટા તફાવત સાથે ખૂલે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. સેબી સાથે રજિસ્ટર્ડ થયેલા વિશ્લેષક અનુજ ગુપ્તાએ જણાવ્યું હતું કે હાલમાં કોમેક્સ ખાતે ભાવ ઔંસદીઠ ૫૩૦૦ ડૉલરની પ્રતિકારક સપાટીનો સામનો કરી રહ્યા છે અને આ સપાટી તૂટતા ભાવ આગળ ધપી શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ વધીને રૂ. ૧,૬૮,૦૦૦થી ૧,૭૦,૦૦૦ આસપાસ પહોંચી શકે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ગત સપ્તાહે કોમેક્સ વિભાગ પર ચાંદીના ભાવ ઔંસદીઠ ૯૫ ડૉલરની પ્રતિકારક સપાટી કુદાવી જશે તો ભાવ વધીને ઔંસદીઠ ૧૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જ્યારે સ્થાનિકમાં ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ લાખ સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. ■

# માર્ચના મુક્ત વેચાણ માટે મહારાષ્ટ્રને ૮.૧૨ લાખ ટનની ફાળવણી

મુંબઈ: આવતીકાલથી શરૂ થઈ રહેલા માર્ચ મહિનામાં ખાંડના મુક્ત વેચાણ માટે અનાજ અને સાર્વજનિક વિતરણ વિભાગ દ્વારા ૨૨.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા છૂટો કરવામાં આવ્યો છે, જેમાં મહારાષ્ટ્રની ખાંડ મિલોને મુક્ત વેચાણ માટે ૮,૧૨,૧૯૮ ટનનો ક્વૉટા ફાળવવામાં આવ્યો છે.

પ્રાપ્ત સરકારી આંકડાકીય માહિતી અનુસાર માર્ચ મહિનાના ક્વૉટા અંતર્ગત આંધ્ર પ્રદેશની ખાંડ મિલોને ૫૫,૨૩૭ ટન, છત્તીસગઢની મિલોને ૫૧૯૬ ટન, ગુજરાતની મિલોને ૫૯,૧૫૧ ટન, હરિયાણાની મિલોને ૩૪,૮૮૧ ટન, કર્ણાટકની મિલોને ૩,૮૩,૦૭૩ ટન, મધ્ય પ્રદેશની મિલોને ૪૭,૭૫૦ ટન, ઓરિસ્સાની મિલોને ૨૪૮૩ ટન, પંજાબની મિલોને ૩૦,૦૧૩ ટન, રાજસ્થાનની મિલોને ૧૧૩૯ ટન, તમિળનાડુની મિલોને ૨૮,૮૯૩ ટન, તેલંગણાની મિલોને ૬૦૧૦ ટન, ઉત્તર પ્રદેશની મિલોને ૭,૫૫,૧૯૬ ટન અને ઉત્તરાખંડની મિલોને ૨૨,૦૭૭ ટનના ક્વૉટાની ફાળવણી કરવામાં આવી છે. ■

# એનટીપીસીની પાવર મંત્રાલયને ડિવિડંડ પેટે ₹ ૨૬૬૬.૫૮ કરોડની ચુકવણી

નવી દિલ્હી જાહેર ક્ષેત્રની ઈલેક્ટ્રિસિટી જનરેટર કંપની એનટીપીસીએ પાવર મંત્રાલયને ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં બીજા વચગાળાના ડિવિડંડ પેટે રૂ. ૨૬૬૬.૫૮ કરોડની ચુકવણી કરી હોવાનું ગત શુક્રવારે એક યાદીમાં જણાવ્યું હતું.

કંપનીની યાદી અનુસાર ગત શુક્રવારે કંપનીના અધિકારીઓ દ્વારા ઔપચારિક રીતે પાવર મિનિસ્ટર મનોહરલાલને આ ચેક સુપરત કરવામાં આવ્યો હતો. એનટીપીસીએ જણાવ્યું હતું કે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા વચગાળાના ડિવિડંડ માટે ભરપાઈ મૂડીનાં ૨૭.૫૦ ટકાના ધોરણે ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ રૂ. ૨૬૬૬.૫૮ કરોડ ચૂકવ્યા છે. આ સાથે જ કંપનીએ સતત ૩૩મા વર્ષમાં ડિવિડંડની ચુકવણી કરી છે. ■

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોના ભાવમાં વધ્યા મથાળેથી ટકેલું વલણ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયા હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે માગ તથા માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૨૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, પરંતુ અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવી હોવાથી ઉપલા મથાળેથી રૂ. પાંચનો ઘટાડો જોવા મળતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૨.૧૧૯ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈ: ગત ૨૦મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૧૧૯ અબજ ડૉલર ઘટીને ૭૨૩.૬૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૮.૬૬૩ અબજ ડૉલર ઉછળીને ૭૨૫.૭૨૭ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૦૩૯ અબજ ડૉલર ઘટીને ૫૭૨.૫૬૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૯૭.૭ કરોડ ડૉલર ઘટીને ૧૨૭.૪૮૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૪ કરોડ ડૉલર ઘટીને ૧૮.૮૪ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૮ કરોડ ડૉલર ઘટીને ૪.૭૧૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# નિરસ કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

## સરકારે આયાતી તેલની ટૅરિફ વૅલ્યુ વધારી

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંત ઉપરાંત બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ભાવ સાંકડી વધઘટે અથડાઈને આગલા બંધની સપાટીએ જ બંધ રહ્યા હોવાને કારણે પણ આયાતી તેલના ભાવ પર તેની કોઈ અસર નહોતી જોવા મળી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે મોડી સાંજે સરકારે આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો કર્યો હોવાથી અસરકારક જકાતમાં વધારો જોવા મળશે. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારે ટનદીઠ ધોરણે ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૮૬ ડૉલર હતી તે વધારીને ૧૧૦૩ ડૉલર, આરબીડી પામ ઑઈલની ટૅરિફ જે ટનદીઠ ૧૦૮૮ ડૉલર હતી તે વધારીને ૧૧૨૨ ડૉલર, આરબીડી પામોલિન પરની ટૅરિફ જે ટનદીઠ ૧૦૯૩ ડૉલર હતી તે વધારીને ૧૧૩૧ ડૉલર અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટૅરિફ જે ટનદીઠ ૧૨૦૨ ડૉલર હતી તે વધારીને ૧૨૧૨ ડૉલર નિર્ધારિત કરી હતી.

વધુમાં આજે ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત ફેબ્રુઆરી મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જાન્યુઆરી મહિનાના ૧૪,૬૩,૦૬૯ ટન સામે ૨૧.૫૦ ટકા ઘટીને ૧૧,૪૯,૦૬૩ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫ અને માર્ચ તથા એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ૧૦ દિવસમાં ડિલિવરી શરતે રૂ. ૧૩૨૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નહોતા.

દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૫૮૫, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે ટકેલા રહ્યાં હતાં. ■

# ટીનમાં નફારૂપી વેચવાલી નીકળતા છ સત્રની તેજીને બ્રેક, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સપ્તાહના અંતે વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ તેમ જ હાજર માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, ટીનમાં સતત છ સત્ર દરમિયાન એકતરફી તેજીનું વલણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૯૫૩નો ઉછાળો નોંધાયા બાદ આજે ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯નો ઘટાડો આવ્યો હતો. તે જ પ્રમાણે કોપર વાયરબારમાં પણ નફારૂપી વેચવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો અને નિરસ માગે ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા. જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૫૩૦૬ અને રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૨૯૪ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૧૨, કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૨૦૩ અને રૂ. ૧૧૯૫ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૩૧૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૦૦, રૂ. ૮૪૫, રૂ. ૭૩૮, રૂ. ૨૪૨, રૂ. ૧૯૧ અને રૂ. ૧૬૪૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જીડીપીની નવી શ્રેણીમાં જીએસટી, ઈ-વેહિકલ અને ઘરગથ્થુ સેવાઓનો સમાવેશ

નવી દિલ્હી: નવાં પાયાકીય વર્ષ (બેઝ યર) ૨૦૨૨-૨૩ની નવી શ્રેણીના ગ્રોસ ડૉમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં ગૂડ્સ અને સર્વિસ ટૅક્સના ડેટા, ઈ-વાહન અને ઘરગથ્થુ સેવાઓનાં રસોયાઓ, ડ્રાઈવર અને સ્થાનિક મદદકર્તાઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી આર્થિક આંકડાઓની સચોટ માહિતી મળે.

નોંધનીય બાબત એ છે કે આજે મોડી સાંજે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં ત્રીજા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટાની જાહેરાત નવી શ્રેણી આધારીત થશે. મિનિસ્ટ્રી ઑફ સ્ટેટેસ્ટિક્સ ઍન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (એમઓએસપીઆઈ)ના જણાવ્યાનુસાર પાછલાં વર્ષોની સરખામણીમાં દેશનો આર્થિક ચિતાર સ્પષ્ટ મળે તે માટે સમયાંતરે આર્થિક ડેટાઓના પાયાકીય વર્ષમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. આમ હવે નેશનલ એકાઉન્ટ્સ માટેનું પાયાકીય વર્ષ જે અગાઉ ૨૦૧૧-૧૨ હતું તેમાં ફેરફાર કરીને ૨૦૨૨-૨૩ નિર્ધારિત કરવામાં આવ્યું છે.

સામાન્યપણે મિનિસ્ટ્રી ઑફ સ્ટેટેસ્ટિક્સ દ્વારા દર પાંચ વર્ષે પાયાકીય વર્ષમાં ફેરફાર કરવામાં આવતા હોય છે, પરંતુ અગાઉ કોવિડ-૧૯ મહામારી અને જીએસટીના અમલીકરણને કારણે ફેરફાર નહોતા થઈ શક્યા. વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે પાછલી શ્રેણીના ડેટાની જાહેરાત ડિસેમ્બર, ૨૦૨૬માં થાય તેવી શક્યતા છે.

નવી શ્રેણીમાં અનઈનકોર્પોરેટેડ સેક્ટર એન્ટરપ્રાઈઝ (એએસયુએસઈ) અને પિરિયોડીક લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ)ને ઉપયોગ કરીને વાસ્તવિક સ્તરના અંદાજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ સર્વેક્ષણો ઘરગથ્થુ ક્ષેત્રમાં ગતિશિલતાને વધુ સચોટ અને નિયમિત રીતે માપશે. તેમ જ તમામ રાજ્યોના ખાનગી કોર્પોરેટ ક્ષેત્ર માટે અખિલ ભારતીય અંદાજોની ફાળવણી માટે અને વાર્ષિક ખાતાઓમાં ક્રોસ વેલિડેશન માટે કરવામાં આવશે.

આ ઉપરાંત ઈ-વાહન પોર્ટલ પરના ડેટાનો ઉપયોગ રોડ ટ્રાન્સપોર્ટ સેવાના ખાનગી અંતિમ વપરાશી ખર્ચ (પ્રાઈવેટ ફાઈનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર) માટે થશે. તેમ જ જીડીપીના અંદાજ મેળવવા ઘરગથ્થુ સેવાઓ માટે રસોઈયા, ડ્રાઈવર, સાફસાઈવાળા વગેરે સ્થાનિક કામદારોનાં ખર્ચનાં ડેટાનો સમાવેશ કરવામાં આવશે, એમ મંત્રાલયે જણાવ્યું હતું. ■


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ વિદ્યુત કાર્યો**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | ઈએમડી રૂ. |
|---|---|---|---|---|
| 1 | BVP-EL-P-41-2025-26 | ભાવનગર મંડળ:- ટ્રેક મશીન સાઈડિંગ પર બેલેન્સ ઈલેક્ટ્રિકલ સુવિધાઓની જોગવાઈ. | 3991105 | 79800 |
| 2 | BVP-EL-P-42-2025-26 | ભાવનગર મંડળ- 1.5/2.0 ટન ક્ષમતાના સ્પ્લિટ/વિન્ડો એર કન્ડીશનીંગ યુનિટનો 3 વર્ષ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC). | 3838134.04 | 76800 |
| 3 | BVP-EL-P-17-2025-26-R2 | ભાવનગર મંડળ:- સલામતી અને વિશ્વસનીયતા વધારવા માટે વય-સહ-સ્થિતિના આધારે ઈલેક્ટ્રિક એસેટમાં વધારો અને ફેરબદલ | 24032232 | 270200 |
| 4 | BVP-EL-P-37-2025-26-R | ભાવનગર મંડળ:- પર સ્ટેશનો પર 150 લિટર ક્ષમતાના 57 વોટર કુલરની જોગવાઈ. | 8928402.31 | 178600 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 06/03/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 20/03/2026 એનઆઈટી ને રેલવે **વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ - 27/02/2026** ના રોજ અપલોડ કરવામાં આવેલ છે

BVP 284

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**મધ્ય રેલવે**

**ઈ-ઓક્શનની નોટિસ**

પ્રિન્સીપલ ચીફ મટેરીઅલ મેનેજર, ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી આપેલા શેડ્યૂલ મુજબ સ્ક્રેપના વેચાણ માટે માર્ચ-૨૦૨૬ દરમિયાન ઈ-ઓક્શન કરશે. **મહત્ત્વની સૂચના:** ભવિષ્યમાં, અખબારોમાં ઈ-ઓક્શન કાર્યક્રમોનું પ્રકાશન બંધ કરવામાં આવશે. ખરીદદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ફક્ત સેન્ટ્રલ રેલવે **IREPS** વેબસાઈટ **www.ireps.gov.in**નો સંદર્ભ લો.

| ઓક્શન સંચાલન કરતા અધિકારીઓ | ઓક્શન તારીખ અને દિવસ | | | | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|
| Sr. DMM/BSL | ૦૫.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૧૦.૦૩.૨૦૨૬ મંગળવાર | ૧૮.૦૩.૨૦૨૬ બુધવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 7219612750 |
| Sr. DMM/NGP With MMR depot | ૦૫.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૧૧.૦૩.૨૦૨૬ બુધવાર | ૧૯.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 7219611751 |
| Sr. DMM/PA | ૦૬.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૧૨.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૨૩.૦૩.૨૦૨૬ સોમવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 7219613750 |
| Sr. DMM/BB | ૦૯.૦૩.૨૦૨૬ સોમવાર | ૧૩.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૨૪.૦૩.૨૦૨૬ મંગળવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 8828119750 |
| Sr. DMM/SUR | ૦૫.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૧૬.૦૩.૨૦૨૬ સોમવાર | ૨૭.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 7219614750 |
| DY. CMM(M) PR For SMM (G) CRD | ૦૬.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૧૨.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૨૩.૦૩.૨૦૨૬ સોમવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 8828119755 |
| DY. CMM(M) PR | ૦૬.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૧૨.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૨૩.૦૩.૨૦૨૬ સોમવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 8828119755 |
| DY. CMM(CWE) MTN | ૦૫.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૧૧.૦૩.૨૦૨૬ બુધવાર | ૧૯.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 8828119770 |
| Sr. DMM/BB For AMM/HBHR | ૦૯.૦૩.૨૦૨૬ સોમવાર | ૧૩.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૨૪.૦૩.૨૦૨૬ મંગળવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 8828119750 |
| DY. CMM [ACL] BSL | ૦૫.૦૩.૨૦૨૬ ગુરુવાર | ૧૬.૦૩.૨૦૨૬ સોમવાર | ૨૭.૦૩.૨૦૨૬ શુક્રવાર | ૩૦.૦૩.૨૦૨૬ સોમવાર | 7219611750 |


**નોંધ:** જો જરૂરી હોય તો, લાયક લોટ માટે ઓક્શનની મૂળ તારીખ અને સમય પછીના કાર્યકારી દિવસે પૂરક ઓક્શન હાથ ધરવામાં આવશે. રેલવે વહીવટી તંત્ર પોતાની વિવેકબુદ્ધિથી કોઈપણ પૂરક ઓક્શન રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

**નોંધ:** એ) રેલવે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ પાછો ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈપણ ડેપો/ડિવિઝનના કોઈપણ લોટને કોઈપણ યોગ્ય રીતે પછીની ઓક્શન કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. કોઈપણ ડેપો/ડિવિઝનના ન વેચાયેલા લોટને મધ્ય રેલવેના અન્ય ડેપો/ડિવિઝનની ઓક્શનમાં પણ વેચી શકાય છે. બી) સરકારની નીતિ મુજબ, જ્યાં સ્ક્રેપ મટેરિઅલના રિસાયકલિંગમાં પર્યાવરણ અને પ્રદૂષણના મુદ્દાઓ સામેલ હોય, ત્યાં આવા લોટ ફક્ત કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)/રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (SPCB) દ્વારા ઈશ્યૂ કરાયેલ માન્ય લાઈસન્સ ધરાવતા અધિકૃત બિડર્સને જ વેચવામાં આવશે. સી) ઈ-ઓક્શન કેટલોગ વેબસાઈટ- **www.ireps.gov.in** પર ઉપલબ્ધ રહેશે. ડી) ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષરો, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી વગેરે અંગે કોઈ આસિસ્ટન્ટની જરૂર હોય, તો કૃપા કરીને ઉપરોક્ત સંબંધિત ઓક્શન સંચાલક અધિકારીઓનો અથવા DY.CMM/Sales/HQ, મોબાઈલ નં. ૮૮૨૮૧૧૦૭૬૧, ઈ-મેલ સરનામું- **dycmm.s.cstm@gmail.com** અથવા **dycmms@cr.railnet.gov.in** પર સંપર્ક કરો.

પ્રિન્સિપલ ચીફ મટેરિઅલ્સ મેનેજર

AK-948

**સુરક્ષિત મુસાફરી કરો, ફૂટબોર્ડ પર મુસાફરી ટાળો**




# મુંબઈગરાએ એક વર્ષ બાદ ચોખ્ખી હવા શ્વાસમાં લીધી

## ▸ બોરીવલીમાં સૌથી ચોખ્ખી હવા: એક્યુઆઈ ૧૯

## ▸ મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૫૮

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં છેલ્લા ત્રણ દિવસથી પ્રદૂષણનું પ્રમાણ ઘટીને હવા ચોખ્ખી થઈ છે. વાતાવરણમાંથી પ્રદૂષણ ઘટતા આકાશ એકદમ ચોખ્ખુ થઈને બ્લુ કલરનું જોવા મળ્યું હતું. એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ સરેરાશ ૫૮ નોંધાયો હતો, જે સમાધાનકાર શ્રેણીમાં આવે છે. તો મુંબઈમાં સૌથી ચોખ્ખું વાતાવરણ બોરીવલી પૂર્વમાં રહ્યું હતું. અહીં સરેરાશ એક્યુઆઈ ૧૯ નોંધાયો હતો. છેલ્લે મુંબઈમાં ગયા વર્ષે ત્રણ નવેમ્બરના એકયુઆઈ આટલો નીચો નોંધાયો હતો.

મુંબઈમાં છેલ્લા અનેક દિવસોથી પ્રદૂષણનું પ્રમાણ વધી ગયું હતું અને તેને કારણે દિવસભર વિઝિબિલિટી પણ ઓછી રહેતી હતી. એર ક્વોલિટી ઈન્ડેક્સ પણ અનેક વિસ્તારોમાં જોખમી શ્રેણીમાં નોંધાઈ રહ્યો હતો, જેમાં ગયા અઠવાડિયામાં એક્યુઆઈ ૧૪૫ સુધી પહોંચી ગયો હતો. જોકે આ અઠવાડિયાની શરૂઆતમાં હવાની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો હતો અને બુધવારે સરેરાશ એક્યુઆઈ ૯૩ નોંધાયો હતો. ગુરુવારથી શનિવાર સુધીમાં હવાની ગુણવત્તામાં હજી સુધારો જણાયો હતો એ એક્યુઆઈ ગુરુવારે ૬૩, શુક્રવારે ૫૪ અને શનિવારે ૫૮ નોંધાયો હતો.

મુંબઈમાં મોટા પ્રમાણમાં ચાલી રહેલા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટની સાથે જ રિડેવલપમેન્ટનું પ્રમાણ વધી જવાથી સતત વાયુ પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકો પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે અનેક ઉપાયયોજના પણ અમલમાં મૂકી

(જુઓ પાનું ૪) ▸▸

# ચેમ્બુરમાં અંડરકન્સ્ટ્રકશન બિલ્ડિંગમાં આઠમા માળથી છ મજૂર પડ્યા

## એકનું મોત, એકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચેમ્બુરમાં સુભાષ નગર પરિસરમાં અંડર કન્સ્ટ્રકસન બિલ્ડિંગના આઠમા માળા પરથી પડીને છ મજૂરો ગંભીર રીતે જખમી થયા હોવાની દુર્ઘટના શનિવારે બની હતી. તમામ મજૂરોને ઘાટકોપરની રાજવાડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી એકનું મૃત્યુ થયું હતું. તો એકની હાલ ગંભીર હોઈ બાકીના જખમી પર સારવાર ચાલી રહી છે.

ચેમ્બુરના સુભાષ નગરમાં છેલ્લા અનેક વર્ષોથી જૂની બિલ્ડિંગોનું રિડેવલપમેન્ટનું કામ મોટા પાયા પર ચાલી રહ્યું છે. બિલ્ડિંગ નંબર ૩૬નું પણ રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું હોઈ શનિવારે સવારના મજૂરો આઠમા માળા પર કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક છ મજૂર ઉપરથી નીચે પડયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પોલીસે જખમી મજૂરોને રાજવાડી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. જોકે સારવાર અગાઉ જ રામલલ્લૂ નામના મજૂરનું મૃત્યુ

(જુઓ પાનું ૪) ▸▸



# આજે રેલવેની ત્રણેય લાઇનમાં બ્લોક

મુંબઈ: મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનના ટ્રેન અને સિગ્નલ સિસ્ટમની જાળવણી માટે રવિવારે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

પ્રમાણે પહેલી માર્ચ, ૨૦૨૬ના રોજ રેલવેની ત્રણેય લાઈન પર 'મેગા બ્લોક' હાથ ધરવામાં આવશે, જેને કારણે રવિવારે રજાના દિવસે પણ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રવિવારે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી માટુંગા અને મુલુંડ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકને કારણે માટુંગા અને મુલુંડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. જેને

(જુઓ પાનું ૪) ▸▸

# શિવડી-વરલી બ્રિજ પાસે લોખંડનો સળિયો પડતાં યુવક જખમી

## પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને પ્રોજેક્ટ કૉન્ટ્રેક્ટરેને કારણદર્શાવો નોટિસ

## બેદરકારી બદલ જવાબદાર સામે કડક પગલાં લેવામાં આવશે: એમએમઆરડીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંલુડમાં ઓટોરિક્ષા પર મેટ્રો લાઈન-ચારનો સ્લેબ તૂટીને એકનું મૃત્યુ થયું હોવાની દુર્ઘટના હજી તાજી છે ત્યાં શુક્રવારે ફરી એક વખત બ્રિજના કામ દરમ્યાન લોખંડનો સળિયો નીચે પડતા એક યુવક જખમી થયો હોવાની દુર્ઘટના બની હતી. આ દુર્ઘટના બાદ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) તપાસનો આદેશ આપીને કૉન્ટ્રેક્ટર અને કન્સલટન્ટને કારણ દર્શાવો નોટિસ ફટકારી હતી.

એમએમઆરડીએ દ્વારા શિવડી-વરલી એલિવેટેડ બ્રિજનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શુક્રવાર સાંજના ૬.૩૦ વાગ્યાની

(જુઓ પાનું ૪) ▸▸

# પ્રદૂષણ માટે જવાબદાર ૯૩ કન્સ્ટ્રકશન સાઈટને સ્ટોપ વર્કની નોટિસ

## ફેબ્રુઆરીમાં ૧,૦૮૦ જગ્યાએ ઈન્સ્પેકશન અને ૧૩૫ કન્સ્ટ્રકશન સાઈટને કારણદર્શક નોટિસ ફટકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પ્રદૂષણને રોકવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનનું યોગ્ય રીતે પાલન થાય છે કે તપાસવા માટે ફેબ્રુઆરી મહિનામાં ઝુંબેશ હાથ ધરાઈ હતી, જે હેઠળ ૧,૦૮૨ સ્થળોએ ઈન્સ્પેકશન કર્યા બાદ વિજિલન્સ ટીમને તપાસમાં ૯૩ ઠેકાણે નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાઈ આવતા તાત્કાલિક ધોરણે સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી છે.

મુંબઈમાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા અને હવાની ગુણવત્તા ટકાવી રાખવા અનેક ઉપાયયોજનાની સાથે ગાઈડલાઈનને અમલમાં મૂકવામાં આવી છે. પ્રદૂષણ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતી કન્સ્ટ્રકશન સાઈટ પર ખાસ નજર રાખવા પાલિકાના વોર્ડ સ્તરે વિજિલન્સ ટીમ પણ બનાવવામાં આવી છે અને તેમના દ્વારા મુંબઈમાં જુદી જુદી કન્સ્ટ્રકશન

(જુઓ પાનું ૪) ▸▸

# મરીન ડ્રાઈવ પર 'ગોળીબાર'ની ધમકી આપતો વીડિયો બનાવી અપલોડ કર્યો: યુવક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મરીન ડ્રાઇવ પર ફરવા આવ્યા બાદ 'ગોળીબાર' કરવાની ધમકી આપતો વીડિયો બનાવીને તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવા બદલ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૨૬ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. ગયા વર્ષે જમીનના વિવાદને લઇ પિતાની થયેલી હત્યાને પગલે બદલો લેવાને ઇરાદે તેણે આ વીડિયો બનાવ્યો હોવાની પોલીસને શંકા છે.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ ધરપકડ કરેલા યુવકની ઓળખ ચંદ્રેશ ઉપાધ્યાય તરીકે થઇ હતી, જે

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**